'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર કર્મનો અધિકાર

|| ૯ ||



પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

૧૮ પાપ - ૯ પુણ્યનું રહસ્ય, કર્મબંધના પ્રકાર-કારણો-ફળ

## કર્મક્ષયનો અમોઘ ઉપાય

પાપ એ પરપીડારૂપ છે, તેથી તેને નિંદવું.
સુકૃત એ પરને ઉપકારરૂપ છે, માટે તેને અનુમોદવું.
પાપની નિંદા અને સુકૃતની અનુમોદના વડે
જીવતત્ત્વ સાથે ઉચિત વ્યવહારનું જે પાલન થાય છે,
તેના પાયા ઉપર શુદ્ધ જીવતત્ત્વનું શરણ - સ્મરણ
અને સમર્પણ એ કર્મક્ષયનો અમોઘ ઉપાય બને છે.
પાપ કરતાં સુકૃતની શક્તિ અધિક છે,
તેમ ન હોય, તો કોઈની પણ મુક્તિ થાય નહીં.

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી
**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત
**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ
**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી
**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रूपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સંવત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)












આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ
આપને 'હસ્તાક્ષર થીમ સૉંગ' સાંભળવા મળશે.

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર કર્મનો અધિકાર

|| ૯ ||




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય * આચાર્ય હેમપ્રભસૂરિ


૧૮ પાપ - ૯ પુણ્યનું રહસ્ય, કર્મબંધના પ્રકાર-કારણો-ફળ

- **PARAM BHADRANKAR PAAP-PUNYA KARM NO ADHIKAR**

  Personal Diaries comprising of Divine thoughts regarding the Paap-Punya Karm by Pujya Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

- **VOLUME - 9**

  Year 2025 • સંવત્ ૨૦૮૧ • 500 Copies / 278 Pages • For Private Circulation only.

---

- **PUBLISHER**

  © Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust - Rajkot

  team@mindfiesta.com

---

- **SPONSOR**

  Smt. Jayaben Chunilal Dodhia (Parasbhai)
  Halar | London

---

- **ENHANCED & DESIGNED BY**

  Bharti Deepak Mehta
  Fiesta Studios
  Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
  bharti@mindfiesta.com
  +91 98252 15500

- **eBOOKS AVAILABLE AT**

  www.bhadrankar.com
  www.navkarday.com
  Amazon Kindle
  Telegram : HastaksharNuAkshayPatra



# ૮૪ જીવાયોનિમાં જીવને ફેરવનાર કર્મરાજાની કરીએ ઓળખાણ!



પ.પૂજ્ય અધ્યાત્મયોગસંપન્ન પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીની અસ્ખલિત ચાલેલી કલમની ભાવધારા એટલે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'માંથી નીકળેલ અર્ક એટલે આપણા હાથમાં રહેલ આ પાપ-પુણ્ય તથા કર્મનો વિષયવાર ગ્રંથ. બે ચિંતન જોઈએ:

'હિંસાથી દુર્ગતિ, દાનથી સદ્ગતિ'-કર્મનો આ નિયમ એક કાયદો હોવાથી નિષ્પક્ષ છે. તેને બુદ્ધિ, લાગણી કે દિલ નથી કે તે સમજી શકે, ક્ષમા કરે યા પ્રેમ ધરાવે. કર્મનો સિદ્ધાંત, વિશ્વનું નિયંત્રણ અને આત્માનું જ્ઞાન - એ ત્રણમાં દ્રઢ નિષ્ઠા સમાધાનકારક સુખ આપે છે. ૧૮ પાપમાં મુખ્ય મોટું પાપ જો કોઈ હોય તો તે મિથ્યાત્વશલ્ય છે, કારણકે બાકીના ૧૭ પાપ ક્રિયારૂપે છે, જ્યારે આમાં પાપક્રિયા નથી, તેની અનુમતિ છે. વળી મોટામાં મોટું પુણ્ય નમસ્કારપુણ્ય છે. તેમાં સાક્ષાત્ પુણ્યક્રિયા નથી, પરંતુ સર્વ પુણ્યક્રિયાનું તથા પવિત્ર વર્તન-વિચારોનું અનુમોદન છે. પહેલા પાંચ પુણ્યોમાં અન્ન-જલ-વસ્ત્ર-પાત્ર-શયન જેવા પદાર્થોનું દાન છે, પછી મનપુણ્યમાં શુભ વિચારોનું દાન છે, વચનપુણ્યમાં શીલધર્મનું પાલન છે તથા કાયપુણ્યમાં તપધર્મનું સેવન છે.

આવા ચિંતનોનો ખજાનો આપણને પહોંચતો કરવામાં અમારા રાજકોટના સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**નો અથાક પુરૂષાર્થ તેમ જ સુશ્રાવિકા માતુશ્રી **જયાબેન ચુનીલાલ દોઢીયા** પરિવારના સુપુત્રરત્ન **પારસભાઈ**નો માતા-પિતાના સ્મરણાર્થે આપેલ સહયોગ મુખ્ય છે, અનુમોદના. આ. મનમોહનસૂરિ

હેમપ્રભ વિ.

## મારા ઉપકારીના ઉપકારીનો
## કરૂં હું ઋણસ્વીકાર,
## કરી નતમસ્તકે નમસ્કાર!



પ.પૂ. અધ્યાત્મયોગી દાદાગુરૂદેવ પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીગણિવર્યના જીવન અને જ્ઞાન વિશે મોટાગુરૂદેવ પં.વજ્રસેનવિજયજી મહારાજ ઘણી વાતો કરતા. અમને પૂજ્યશ્રીનાં દર્શન-વંદન-વાણીનો લાભ તો નથી મલ્યો, કિન્તુ ગુરૂદેવ પૂ.હેમપ્રભસૂરિજી મહારાજે જણાવેલ વાતો સુણી 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નું વાંચન થતું, એટલે એ લેખિત હિતશિક્ષા ઉપર અહોભાવ તથા બહુમાન વધતાં જ ગયાં.' તેમાં પૂજ્ય ગુરૂદેવે વાત કરી કે: 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ૬૮ ગ્રંથોમાંથી હવે વિષયવાર શ્રેણીઓ પ્રકાશિત થનાર છે, તેમાં લાભ લેવા જેવો છે. મને તત્ત્વજ્ઞાનથી ભરેલા સાહિત્ય માટે તો ખૂબ જ ભાવ, તેથી પૂર્વે 'આત્મસાધના માર્ગ', ૪૫ આગમ પેટી, ગુજરાતી 'શ્રી ઉપમિતિપ્રપંચ કથા' તથા મંત્રના ૭ ભાગનો લાભ મળેલ છે, તેમાં આ અંતિમ ૧૪ ભાગનો લાભ કેમ જતો કરાય?

પરમ દાદાગુરૂદેવ મારા ઉપકારીના ઉપકારી છે. તેઓની ઉત્તમ વાણી અનેકનું કલ્યાણ કરી રહી છે. આપણને ગમતી વાણી વધુમાં વધુ આત્માઓ સુધી પહોંચે, તેનો અનહદ આનંદ આનંદ છે. પરમાત્મા, પૂજ્ય દાદાગુરૂદેવ, પૂજ્ય મોટાગુરૂદેવ અને પૂજ્ય ગુરૂદેવના ઉપકારોમાં આ એક બહુ જ મોટા ઉપકારનો ઉમેરો થયો છે. આ ગ્રંથના વાંચન દ્વારા સૌને સમકિતની પ્રાપ્તિ થઈ આત્મવિકાસ થાય, તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

લંડન / હાલાર

પારસભાઈ ચુનીલાલ હોદીયા

જેનાથી પરનું હિત થાય - સુખ થાય, તે 'પુણ્ય' છે.
જેનાથી પરને અહિત થાય - દુઃખ થાય, તે 'પાપ' છે.

જૈન દર્શનમાં ધર્મપ્રવૃત્તિ ગૌણ કરે છે,
પરન્તુ પાપનિવૃત્તિ પ્રધાન કરે છે.

'પુણ્યતત્ત્વ' એટલે...

જે તત્ત્વ દુઃખપૂર્વક બંધાય અને સુખપૂર્વક ભોગવાય.
તે ૯ પ્રકારે બંધાય અને ૪૨ પ્રકારે ભોગવાય છે.

'પાપતત્ત્વ' એટલે...

જે તત્ત્વ દુઃખપૂર્વક ભોગવાય અને સુખપૂર્વક બંધાય.
તે ૧૮ પ્રકારે બંધાય અને ૮૨ પ્રકારે ભોગવાય છે.

પાપનિવૃત્તિનો કોઈ સહજ ઉપાય હોઈ શકતો જ નથી.
પ્રત્યેક ઉપાય પ્રયત્નસાધ્ય અને સમયસાપેક્ષ હોય છે.
પ્રારંભમાંથી જ ઘણું ધ્યાન સાધકને માટે
કઠિન બને છે અને કોઈ ઉચ્ચ - પરમ પવિત્ર શક્તિનું
ધ્યાન કર્યા વિના પાપમોચન થઈ શકતું નથી.
પાપનાશક - ઇષ્ટસાધક પુનિત શક્તિ પરમાત્મપદ છે.

## ત્રણ માનસ પાપ

પરધન ચાહવું, બીજાનું બુરું ઈચ્છવું અને નાસ્તિક બુદ્ધિ.

## ચાર વાણીના પાપ

વ્યર્થ બકવાદ, કટુ ભાષણ, ચુગલખોરી અને અસત્ય.

## ત્રણ શરીરના પાપ

હિંસા, ચોરી, પરસ્ત્રીગમન - તેને સર્વદા ત્યાગવા જોઈએ.

એક એક બુંદથી પાપનો ઘડો ભરાઈ જાય છે.

એક વખત કરેલા વધ, મારણ, અભ્યાખ્યાન, પરધન વિલોપન વગેરે પાપોનો જઘન્ય ઉદય દશ ગણો હોય છે.

ભૂતકાળમાં થયેલા સંતોના ચરિત્રોનો અભ્યાસ કરતાં અમને લાગતું નથી કે આધ્યાત્મિક પ્રગતિ કરનાર માટે પાપાચાર હંમેશા બાધક નીવડ્યો હોય!

એક દૃષ્ટિએ પાપ અંતરાય છે, તેમ સહાયક પણ છે.

સંતોના જીવનનો અભ્યાસ કરતાં અમને જણાશે કે: તેમાંના ઘણાંઓના જીવનના આરંભ અથવા મધ્યમાં પાપાચાર હતો, પરન્તુ પછી મોટાં સંત બન્યાં.

જેમ અગ્નિને ઘાસમાં અથવા રૂને અંગારામાં છૂપાવવું અશક્ય છે, તેમ પાપને પણ લોકોની દૃષ્ટિથી ઢાંકી રાખવું અશક્ય છે. ગંદી વસ્તુને છૂપાવવાથી વસ્તુ વધારે દુર્ગન્ધી બને, કિન્તુ સૂર્યપ્રકાશની સામે રાખવાથી તે દુર્ગન્ધ દૂર થાય છે. ભૂલ રૂપી દુર્ગન્ધને પ્રગટ કરી દેવાથી આત્માનો ભાર દૂર થઈ માનસિક મુંઝવણ ટળે છે.

પ્રત્યેક છૂપાવેલું પાપ મનના ગુપ્ત પ્રદેશમાં રહી જીવનને દંભપૂર્ણ બનાવે છે, ઉપરાંત મનમાં ગ્રન્થિરૂપે કાયમ રહે છે અને જીવનના વિચિત્ર અનિયંત્રિત વ્યવહારોનું કારણ બને છે. એથી જ અધિકાંશ માનસિક રોગ, નાસૂર, ભગંદર, દમ, ખાંસી, સંગ્રહણી ઇત્યાદિ થઈ જાય છે. ચિરસ્થાયી રોગ પ્રાયઃ છૂપાવવાની ગોપનીય મનોવૃત્તિનું પરિણામ જ હોય છે.

અભિમાન પણ મસ્તકમાં વાયુ, પિત્ત તથા કફ-ત્રિદોષમાં એટલી સુધી ઉત્પાત મચાવે છે અને એ ત્રણેથી જનિત નાની-મોટી વ્યાધિઓથી પીડાતો રહે છે.

## પુણ્ય નવ પ્રકારે

અન્ન, જળ, લયણ(મકાન), શયન, વસ્ત્ર,
મન, વચન, કાયા અને નમસ્કારના દાનનું નવધું પુણ્ય.
પહેલું પુણ્ય અન્ન પુણ્ય, છેલ્લું પુણ્ય નમસ્કાર પુણ્ય, એ
જો પુણ્ય ચાલુ હશે, તો વચલા સાત પુણ્ય આપોઆપ થશે.
પ્રથમના પાંચ પ્રકારના પુણ્ય દ્રવ્ય દ્વારા થાય છે, તેથી
તે દ્રવ્યસ્વરૂપ છે, તેથી તે દ્રવ્યોની શુદ્ધિ જળવાય છે.
છેલ્લાં ચાર પ્રકારનાં પુણ્ય મન, વચન, કાયા - ત્રણેના
સમુચ્ચયરૂપ નમસ્કાર વડે થાય છે, તેથી ભાવસ્વરૂપ છે.
પ્રથમના પાંચ પુણ્ય બાહ્ય અને છેલ્લાં ચાર આંતર છે.
બાહ્યને દ્રવ્ય કર્તવ્ય, આંતરને અધ્યાત્મ કર્તવ્ય.
શુદ્ધ અધ્યાત્મ તે પાપરહિત થવાનો માર્ગ છે.
પુણ્યની પણ પેલે પાર તેનાથી જ જવાય છે.
'પાણીથી પાતળા ન જનો' તેનો અર્થ તમે જો અન્ન ન
દઈ શકાય, તો હરકત નહીં પણ જળ તો અવશ્ય આપો.
જળ આપવાથી પાતળા નહીં જનો, પુણ્યથી પુષ્ટ થશો.

અન્ન, પાન, વસન, આસન, શયન, મન, વચન, તન, નમન.

ઉપરના ૯ પ્રકારના પુન્યથી ૧૮ પાપનો પ્રલય થાય છે.

એક પુન્ય બે પ્રકારના પાપનો નાશ કરે છે.

જેના અંતે નવ 'ન'કાર છે, તેવા દાનથી શું થાય ?

અન્નદાનથી હિંસા અને મૃષાવાદનો ત્યાગ.

જલદાનથી ચોરી અને મૈથુનનો નાશ.

વસ્ત્રદાનથી પરિગ્રહ અને ક્રોધનો અભાવ.

આસનદાનથી માન અને માયાનો અભાવ.

શયનદાનથી લોભ અને રાગનો અભાવ.

મનપુન્યથી દ્વેષ અને કલહનો અભાવ.

વચનપુન્યથી અભ્યાખ્યાન અને પૈશુન્યનો અભાવ.

કાયપુન્યથી રતિ, અરતિ તથા પરપરિવાદના પાપનો નાશ.

નમસ્કારપુન્યથી માયા-મૃષાવાદ, મિથ્યાત્વશલ્યનો નાશ.

પુન્યરૂચિથી પાપરૂચિનો અંત આવે છે.

પાપ આત્માને મલીન, પુન્ય આત્માને નિર્મલ કરે છે.

પાપ એ મલ છે, એને ધોવા માટે પુન્ય એ જલ છે.

ગુરુની વ્યાખ્યા - નવમું ગુરુ પંચપરમેષ્ઠિ નમસ્કાર.
નવમું ગુરુ એટલે પંચ પરમેષ્ઠિ ભગવંતોને પ્રણામ,
તેમનો આદર અને તેમના પ્રત્યે હાર્દિક ભક્તિ.

પ્રથમના ૮ ગુરુ પરિમિત છે,
૯મું ગુરુ પોતે અપરિમિત છે તથા
બાકીનાં ૮ ગુરુને પણ અપરિમિત બનાવનારું છે.
આઠ પ્રકારના ગુરુથી પરંતુ જે હિત થાય છે,
તે અલ્પ તથા અલ્પકાળ માટે હોય છે,
અનલ્પ અને સર્વકાલીન હિત તો
પંચ પરમેષ્ઠિ ભગવંતો જ કરી રહ્યાં છે.

નવમા ગુરુનું સ્મરણ સૌથી મોટું સુકૃત છે. એની
ઉપેક્ષા કરનાર બાકીનાં સર્વ પ્રકારનાં ગુરુકાર્ય કરે, તો
પણ તે પરમ સુકૃતવંતની ઉપેક્ષારૂપ મોટું પાપ કરે છે,
તેથી બાજી દુઃખ અને પાપના દરવાજા ખુલ્લાં જેવું થાય છે.
તેનાથી બચવા માટે અને સુકૃતમય બનવા માટે
નવમું નમસ્કાર રૂપી ગુરુ અનિવાર્ય છે.

## નવમું લોભ અને અઢારમું મિથ્યાત્વશલ્ય પાપ

નવકારથી નવમું પાપસ્થાન લોભ
અને અઢારમું મિથ્યાત્વશલ્ય નાશ પામે છે,
નવકાર એ દુન્યવી લોભનો શત્રુ છે તથા
મુક્તિસુખનો લોભ પેદા કરે છે.
નવકાર એ પાપમાં પાપબુદ્ધિ અને
પુણ્યમાં ધર્મબુદ્ધિ પેદા કરનાર હોવાથી
મિથ્યાત્વ રૂપી શલ્યનો નાશક છે.

નવ પ્રકારના પુણ્યને જણાવનાર શ્લોક

'बुद्धेः फलं तत्त्वविचारणं च,
देहस्य सारं व्रतधारणं च ।
अर्थस्य सारं किल पात्रदानं,
वाचः फलं प्रीतिकरं नराणां ॥'

આ શ્લોકમાં મન, વચન તથા કાયપુણ્યની સાથે ધનપુણ્ય પણ કહેલું જ છે. ધનપુણ્યમાં અન્નપુણ્ય, જલપુણ્ય, વસ્ત્રપુણ્ય, લેણપુણ્ય શયનપુણ્ય સમાય છે.

નવમાંથી ગમે તે એક પ્રકારના પુણ્યમાં
ગૌણપણે બાકી આઠે ય પુણ્યનો સમાવેશ છે.
બાકી પુણ્યને છોડી કોઈપણ
એક પુણ્ય સાચું પુણ્ય બની ન શકે.
ભૂમિકાને જીવ જ્યારે સ્પર્શે છે,
ત્યારે ત્યાં પણ મન - વચન - કાયા અને
નમસ્કારના પુણ્ય ભલે અંશે અંશે પણ રહેલ જ છે.
જો અંશે અંશે પણ ન રહે,
તો તે ધર્મસ્વરૂપ બની શકતું નહિ અને
અધર્મનો ક્ષય કરી શકતું નહિ.
પુણ્ય એ સ્નેહનો અને પાપ એ દ્વેષનો પરિણામ છે.
જેઓ નવ પ્રકારના પુણ્ય વડે
અઢાર પ્રકારના પાપોનું પ્રક્ષાલન કરીને
પરમ પવિત્ર અંતઃકરણવાળા બને છે,
ફક્ત તેવા સાધકોના હૃદયમાં જ
પરમાત્માની અનંત કરુણાની ઝાંખી થઈ શકે છે.

## કર્મક્ષયનો અમોઘ ઉપાય

પાપ એ પરપીડારૂપ છે, તેથી તેને નિંદવું.
પુણ્ય એ પરને ઉપકારરૂપ છે, માટે તેને અનુમોદવું.
પાપની નિંદા અને પુણ્યની અનુમોદના વડે
જીવતત્ત્વ સાથે ઉચિત વ્યવહારનું જે પાલન થાય છે,
તેના પાયા ઉપર શુદ્ધ જીવતત્ત્વનું શરણ - સ્મરણ
અને સમર્પણ એ કર્મક્ષયનો અમોઘ ઉપાય બને છે.
પાપ કરતાં પુણ્યની શક્તિ અધિક છે,
તેમ ન હોય, તો કોઈની પણ મુક્તિ થાય નહીં.
પાપ અને પુણ્ય આસ્રવ તત્ત્વથી ભિન્ન છે.
પાપનો નાશ પુણ્યથી થાય છે, માટે પુણ્ય ઉપાદેય છે.
આસ્રવ હેય છે, કારણ કે તે બંધનો હેતુ છે.
પુણ્યની આશંસા એ આસ્રવ છે, તેથી સોનાની બેડી છે.
પુણ્યનાં કાર્ય એ તો પાપનો ઇલાજ છે, ઔષધિ છે.
રોગ હોય, ત્યાં સુધી ઔષધ લેવું જ જોઈએ.
ઔષધનું અભિમાન ન હોય, માત્ર સેવન હોય.

## પાપ - પુણ્યમાં સૌથી ભારે કોણ ?

અઢારમું મિથ્યાત્વશલ્ય એ સૌથી મોટું પાપ છે.
બાકીના સત્તર પાપથી પણ તે ભારે છે, કેમકે
તેમાં પાપક્રિયા નહિ પણ પાપક્રિયાની અનુમતિ છે.
નવમું નમસ્કાર એ સૌથી મોટું પુણ્ય છે.
બાકીના નવ પ્રકારના પુણ્યમાં તે શ્રેષ્ઠ છે, કેમકે
તેમાં સાક્ષાત્ પુણ્ય ક્રિયા નહિ, પરન્તુ
બધા પ્રકારની પુણ્ય ક્રિયાઓનું, પવિત્ર વર્તનોનું તથા
પવિત્ર વિચારોનું અનુમોદન છે.
પહેલાં પાંચ પુણ્યોમાં અન્ન - જળ - વસ્ત્ર - પાત્ર
તથા શયન જેવા પદાર્થોનું દાન છે, એ પછી...
મનપુણ્યમાં શુભ વિચારોનું દાન છે,
વચનપુણ્યમાં શબ્દધર્મનું પાલન છે.
પવિત્ર - સત્ય - પ્રિય - હિતકર વાણી
એ સર્વ પ્રકારના શબ્દ અને સદાચારમાં પ્રધાન છે.
અંતિમ કાયપુણ્યમાં તપધર્મનું સેવન છે.

## પાપથી દૂર રહેવાના સામાન્ય ઉપાયો

(૧) કેટલાક પાપ વસ્તુને જોવા અને સાંભળવાથી આવે છે. ખરાબ વસ્તુઓને જોવા, સાંભળવા કે અનુભવવા જ નહીં.

(૨) અતિ ઉત્કટ પાપ ત્યજવા જ, કેમકે તેના ફળ આ જન્મમાં જ મળે છે. પછી ભલે તે થોડા દિવસ, પક્ષ, માસ અથવા વર્ષે મળે. નિન્દા, વ્યાધિ, અપકીર્તિ અને દુર્ગતિ ઇત્યાદિ પાપના ફળના પરિણામો છે.

(3) પાપના વિચારો અને પાપકર્મોને જીતી ગયેલાના જીવનોનો અભ્યાસ કરવો અને જેઓ અત્યારે પાપને જીતવા પ્રયત્ન કરતાં હોય, તેમનો સંસર્ગ કરવો. તીર્થંકરો, ગણધરો, મુનીન્દ્રો અને સત્પુરુષોનો સંગ, તેમની સાથે વાર્તાલાપ, ધાર્મિક વિષયોની ચર્ચા અથવા દૂર રહેલા એવા સત્પુરુષો અને તેમની સત્પ્રવૃત્તિઓનું મનથી પણ ચિંતન, પાપ અને તેના વિચારથી દૂર રાખે છે. ઉત્તમ પુરુષો સાથે ગાઢ મૈત્રી એ પણ પરમ ઉપાય છે. મૈત્રી અને પ્રેમ પણ પાપ કરતાં અટકાવે છે.

(૪) મૃત્યુનો નિરંતર વિચાર કરવો. જેના વચન ઉપર વિશ્વાસ હોય, તેવો મહાપુરુષ કહે કે 'તું થોડાં જ કલાકમાં મરવાનો છે' તો પાપ કરવાની હિંમત ન ચાલે!

(૫) ઈશ્વરના ગુણોનું ધ્યાન અને પ્રાર્થના જરૂરી છે. આપણો એકેક દુર્ગુણ કે પાપ લઈને પરમાત્માના પ્રતિપક્ષ ગુણને વિચારવાથી અને તે મેળવવા માટે સાચી પ્રાર્થના કરવાથી દુર્ગુણો જલ્દી દૂર થાય છે.

(૬) સર્વત્ર પ્રભુના જ્ઞાનની હાજરીનો વિચાર કરવો. પ્રભુના જ્ઞાનથી પોતાની જાતને સંતાડી શકાતી નથી.

મનમાં થતાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિચાર પણ
સર્વ ક્રિયાઓ ભગવાન પ્રત્યક્ષ છે, તેમ વિચારવું.

(૭) આત્મશક્તિનો વિચાર કરવો. આત્મબળ આગળ પાપબળ પામર છે. પાપ = દેડકું, આત્મશક્તિ = સર્પ. 'હૃદયમાં દિવ્ય શક્તિ હાજર છે' એ જાણનાર નિર્ભય છે. પરને મારવાના ભાવ તે અશુભ યા પાપભાવ છે અને બચાવવાના ભાવ તે શુભ યા પુણ્યભાવ છે.

## આત્મા પોતાના શુદ્ધ જ્ઞાયક સ્વરૂપે

પુણ્ય-પાપની વૃત્તિ વિનાનો ચૈતન્ય જ્ઞાનમૂર્તિ છે.

તેવા સ્વરૂપને ન માનતાં પુણ્ય-પાપને પોતાના માન્યા,
તેણે ચૈતન્ય આત્માને તેના જ્ઞાયક શરીરથી
જુદો પાડ્યો - જુદો માન્યો અથવા પોતાને ભૂલી,
પરમાં સુખબુદ્ધિ માની, તેટલી સ્વહિંસા જ છે.
આત્માના જ્ઞાયક સ્વભાવને ન માનવો અને
પુણ્ય-પાપ કે રાગાદિને પોતાના માનવા,
તે જ સ્વભાવનો ઘાત છે - તે જ સાચી હિંસા છે.
સ્વભાવથી ખસી પર ઉપર લક્ષ કરવાથી જ જીવને
પુણ્ય-પાપની વૃત્તિ થાય. તેને પુણ્ય-પાપરહિતતામાં
ખતવવા કે તેનાથી સ્વભાવનો કાંઈપણ લાભ માનવો;
તે જ ચૈતન્યના સ્વભાવનું ખૂન છે.
તે પુણ્ય અથવા પાપને પોતાના ન માનતાં
માત્ર જ્ઞાયકપણે જુદો રાખ્યો અથવા
'છે તેવા સ્વભાવે' રાખ્યો, તે જ સાચી અહિંસા છે.

# રોગ પ્રત્યે ઉચિત સંવેદન

'રોગ શરીરમાં થાય. શરીર જડ રજકણોનું બનેલું છે.
હું જીવ છું, શરીર જડ અને પર હોવાથી બગડે- સુધરે,
તેથી મારું કાંઈ બગડે- સુધરે નહીં.

જીવનું શરીર તો જ્ઞાનશરીર છે. તે સદા અચળ -
નિરાકુળ છે, તેથી રોગની વેદના મને હોઈ શકે નહીં.
જ્ઞાનસ્વભાવવાળા રૂપનો જ હું ભોગવટો કરનારો છું.
પુદ્ગલથી થયેલા રોગરૂપ અવસ્થા તે વેદતો જ નથી.
આવા સાચા સમજણ કરનારને વેદનાનો ત્રાસ નથી.
અજ્ઞાનીનો કુટુંબનો ભાવ 'પરથી પોતાને સગવડ થાય'
એ માન્યતા ઉપર રચાયેલો છે.

જીવોને કુટુંબનો પક્ષ તો અનાદિ કાળથી જ છે. કુટુંબ
પુદ્ગલ છે. તે પુરાય છે, ગળે છે, વધે છે, ઘટે છે.
તેનું રૂપ ક્ષણિક અથવા ઉત્પન્નધ્વંસી છે. પુદ્ગલનો
સંયોગ - વિયોગ છે, તેનાથી સાચું સુખ હોય નહીં.
સ્વસ્વરૂપની અણસમજણ જ મોટું પાપ - દુષ્કૃત છે.

# આત્મસ્વરૂપનું અજ્ઞાન

જેને આત્મસ્વરૂપનું જ્ઞાન ન હોય, તેનું સાચું જ્ઞાન,
સાચી પ્રતીતિ, સાચું ચારિત્ર અને વીર્ય હણાય છે,
તેના આવરણ બંધાય છે, તે ઘાતિકર્મ છે, તે પાપ છે.
આત્મસ્વરૂપના અજાણને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર,
વીર્ય વગેરેને હણનારા પાપકર્મ બંધાય જ છે.
સમ્યગ્દર્શન થાય એટલે કે મિથ્યાત્વ અને અનંત સંસારને
વધારનારા ક્રોધ-માન-માયા-લોભ બંધાતા જ નથી અને
બીજા પાપ ક્રમે-ક્રમે તેને નહીં બંધાતા
છેવટે તે પાપબંધથી રહિત થઈ શકે છે.
જેને આત્મસ્વરૂપનું ભાન નથી,
તેનું કષાયચક્ર ચાલુ જ રહે છે. શુભ પછી તેને તુરંત
જ અશુભ આવે. અશુભની માફક શુભ ભાવ ક્ષણિક છે,
ઉત્પન્નધ્વંસી છે, વિનાશી છે. બંને મોહરાજાની ફોજના
સરદાર છે. પ્રાણી જીવે કે મરે, તેની સાથે પુણ્ય-પાપને
સંબંધ નથી, પોતાના ભાવની સાથે તેનો સંબંધ છે.

જીવ શુભ ભાવ કરે, પછી આખા પ્રાણીને લાભ-નુકસાન થાય તે કાર્ય તો પુણ્ય અને અશુભ ભાવ કરે, પછી આખા પ્રાણીને લાભ-નુકસાન થાય તે કાર્ય કે ન કાર્ય, તો પણ તે પાપ જ ગણાય.

શુભ ભાવ કરતાં એમ પુણ્યનો બંધ છે, તેમ આત્મ-સ્વરૂપથી અજાણ્યા જીવોને સાથે જ પાપનો બંધ છે. અજ્ઞાન જીવ માને છે કે : 'હું બીજાને મારું કે જીવાડું, સુખ અથવા દુઃખી કરું' પણ તે સત્ય નથી. પરવસ્તુનું પરિણમન જીવને આધીન નથી અને પર ઉપર કોઈનો અધિકાર ચાલતો નથી, તેથી પિતા-પુત્ર, શિક્ષક-વિદ્યાર્થી, તીર્થંકર કે કેવળી બીજાનું કાંઈ કરી શકતાં નથી, માત્ર પોતે જ પોતાના ભાવ ફેરવવાનો પુરુષાર્થ કરી શકે.

લૌકિક પુણ્યની માન્યતામાં
ખોટી માન્યતાનું પાપ સાથે જ રહેલ છે, એટલે
ખોટી માન્યતા એ બધા દુઃખો અને
રાગ-દ્વેષોનું મૂળ હોવાથી મહાપાપ ગણાયું છે.

## પુણ્યાનુબંધી પુણ્યની ચતુર્ભંગી

(૧) ઉત્તમ પુરુષ દ્રાક્ષ જેવા છે.

(૨) મધ્યમ પુરુષ નારીયેલ જેવા છે.

(૩) અધમ પુરુષ બોર જેવા છે.

(૪) અધમાધમ પુરુષ સોપારી જેવા છે.

## પાપ - પુણ્યનું સંક્રમણ

(૧) એક શય્યા પર સુવાથી (૨) એક જ પાત્રમાં ખાવાથી
(૩) એક આસન પર બેસવાથી (૪) એક પંક્તિમાં ચાલવાથી
(૫) યાજન (રસ), અધ્યાપન, યૌનસંબંધ, સહભોજનાદિ.

## પાપનો પશ્ચાતાપ અને પુણ્યનો પ્રમોદ

પાપકાર્ય કરીને જેને ખરેખર પસ્તાવો થાય,
તેનું એ પાપ જરૂરથી વધતું અટકી જાય છે અને
ધર્મકાર્ય કરીને જેને ગર્વ ન થાય,
તેનું એ પુણ્ય પણ જરૂરથી વધતું અટકી જાય છે.
પાપ કરનારો કદી સુખી થશે નહિ - બચવાનો પણ નહિ.
પાપ-પુણ્યનો બદલો કાળાંતરે ય મળ્યા વગર રહે નહીં.

## પુણ્ય - પાપસિદ્ધિ માટેના અનુમાનો

(1) પુણ્ય - પાપ તેના કારણ અને કાર્યથી પ્રત્યક્ષ છે.
કારણ દાન - હિંસાદિ છે અને કાર્ય સુખ - દુઃખાદિ છે.
કારણ અને કાર્ય એક જ નામથી સંબોધાય છે.

(2) પુણ્ય - પાપ સ્વતંત્ર છે.
તેનાં ફળભૂત સુખ-દુઃખાદિ એકસાથે અનુભવાતા નથી
અને કારણભૂત યોગ એક સમયે શુભાશુભ હોતાં નથી.

(3) દૃષ્ટહેતુ માતા - પિતાદિ સમાન હોવા છતાં
ભાઈભાંડુમાં સુરૂપ - કુરૂપ આદિ રૂપે શરીરની વિચિત્રતા
પુણ્ય - પાપ અદૃષ્ટ કર્મ વિના ઘટે નહીં.

દુઃખને કોઈ પાપનું અને સુખને કોઈ પુણ્યનું અનુમાન,
પુણ્ય - પાપને આવતાં કોઈને આશ્રવનું અનુમાન,
તે બન્નેને રોકતાં અંદરની ક્રિયા તે સંવર એવું અનુમાન,
પુણ્ય-પાપરૂપ ફળને આપનાર કર્મ ખરી પડે, તે નિર્જરા,
પાપ - પુણ્ય બંધાય તે બંધ અને
પાપ - પુણ્યાદિ સર્વકર્મનો કુલ ક્ષય, તે મોક્ષ.

પાપ દુઃખદાયી છે, પુણ્ય પરિણામે દુઃખદાયી છે.

જેમ કસાઈ ઘેટાં - બકરાંને ખવરાવી, પીવરાવીને પાળે
અને મસ્ત કરે, તેમ કષાયશિરોમણિ મોહ,
પાંચે ઇંદ્રિયોનાં હળાહળ વિષ જેવા અને
ઉપર ઉપરથી સ્વાદિષ્ટ અને મનોહર
સદા ચારો આપી તેનો વધ કરે છે.
લોખંડની બેડી કોઈ બીજો નાંખે છે,
સોનાની બેડી તો પોતાને હાથે પોતે જ નાંખે છે.

સાધાયેલું તે પુણ્ય, વાંકાયેલું તે પાપ.

પાંચ વિષયો ઇચ્છા પ્રમાણે અનુકૂળ વર્તે,
તે પુણ્યનો ઉદય છે, તેથી રતિ થાય.
પાંચ વિષયો ઇચ્છાથી વિપરીત વર્તે,
તે પાપનો ઉદય છે, તેથી અરતિ થાય.
પાપ કરવા કરતાં, પાપ કરવા છતાં તેનો સ્વીકાર ન
કરનારને અનંતગણો દોષ, મૂળ દોષનો ગુણાકાર થાય છે.
ઈશ્વરસ્વરૂપયુક્ત પાપની સાથે લડતાં રહેવું જોઈએ.

## ગુરુ શાને આવશ્યક? ✲ Dt: 23/6/1961

ગુરુદેવ આત્મા ઉપર કાબુ આવવા કરે છે,

સાધની મુક્તિ આપોઆપ આવે છે.

ગુરુ એ પાંગળાને લાકડીનો ટેકો, સંસારસાગરમાં પાટીયું, જ્ઞાન કાંટાને કાઢનાર કાંટો, અટવી ઉલ્લંઘવા માટે અશ્વ, ડાંગરને રહેવાના ફોતરાં, અટવીને પાર ઉતારનાર ભોમિયો અને ગુરુકુળ એ ઘાસ છે, તે રહેવ પછી જ અનાજ પાકે છે. આમ ગુરુ અતિઆવશ્યક છે.

પાપ દુઃખ લાવે છે માટે નિંદ્ય છે એમ નથી,

પરન્તુ તે પ્રભુથી વિખુટા પાડે છે, માટે નિંદ્ય છે.

તમારા પાપકર્મોની ઓથ ગુરુકર્મો વડે ઢાંકો.

ગુરુ એ અગ્નિ શોધક પાપને બાળે છે.

નિષ્કૃતિ = પાપોની નિવૃત્તિ માટેનું પ્રાયશ્ચિત.

આપણા ઉપકારોને ભૂલી જઈ તેને, તેના કાર્યને જે હણે,

એવા પાપીને માટે કોઈ પ્રાયશ્ચિત જ નથી.

તે સર્વથી અધિક પાપી છે.

આત્મસમદર્શિત્વમાં

સર્વ પાપોનો નાશ કરવાની તાકાત છે.

આત્મસમદર્શિત્વ આવ્યા પછી

પરમાત્મભાવ તરફ જવા માટે જીવ અધિકારી બને છે.

જે પરમાત્મભાવ જીવમાં છૂપાયેલો છે,

તેને પ્રગટ કરવા માટે પાપના આવરણોથી છૂટવું જોઈએ.

સર્વ પાપનું મૂળ અનાત્મદર્શિત્વ છે.

સર્વ અમંગળનું મૂળ પરમાત્મઅસમદર્શિત્વ છે.

એ બંનેનો નાશ કરવાનું સામર્થ્ય પરમેષ્ઠિનમસ્કારમાં છે.

સર્વ પાપનું કારણ અનાત્મસમદર્શિત્વ તથા

સર્વ ધર્મનું મૂળ પરમાત્મસમદર્શિત્વ છે.

'પાપ' એટલે પરને પીડા, ધર્મ એટલે પરને ઉપકાર.

જીવ પરનો ઉપકાર લઈ બદલામાં પરને પીડા આપે છે.

તે વડે તે પાપથી ભારે થઈ ધર્મથી વંચિત રહે છે.

અનાત્મસમદર્શિત્વ રૂપી પાપનો

આત્મસમદર્શિત્વ રૂપી ભાવથી વિલય થાય છે.

## બે પ્રકારે પાપ

શ્વેતામ્બર = 'પાપયતિ મલિનયતિ ।'

દિગામ્બર = 'પાતિ ઇતિ પાપં ।'

શ્વેતામ્બર પાપનો નાશ કરવા જીવના જીવત્વમાં નહીં પણ કર્મના કર્મત્વમાં દોષદૃષ્ટિ જગવી જોઈએ. દુઃખ દેનાર કોઈ જીવ નહિ પણ પૂર્વે બાંધેલું પોતાનું જ કર્મ છે, તેથી પૂર્વ કર્મ અરિ વૈરી છે.

પુણ્યકર્મથી આત્મા પવિત્ર, પાપકર્મથી મલિન થાય છે. પાપ-પુણ્ય બંને પુદ્ગલ છે, છતાં બેડી સમાન સ્થૂલ કે પરમાણુ સમ સૂક્ષ્મ નહિ. 'પુણ્યમ્ ઉવેદં' એ પુણ્ય અથવા પાપના નિષેધપરક નહિ, કિન્તુ અર્થવાદરૂપ છે.

## પાપનો બાપ કોણ?

પાપ પ્રત્યે જુગુપ્સા જેટલા પ્રમાણમાં જાગે, તેટલા પ્રમાણમાં જ પાપનો નાશ કરનાર નમસ્કારમાં રસ આવે છે. પાપનો બાપ 'આપ' છે. 'આપ'નો લોભ પાપનો બાપ છે. 'આપ'નો રાગ એ પાપના બાપરૂપ લોભનો મોટો દીકરો છે.

## મન - વચન - કાયાના યોગો અને પાપ

કાયાના પાપને પાપ માનીએ છીએ,
પરંતુ વધુ પાપ તો મનથી જ થાય છે.
મનમાં ખરાબ વિચાર આવ્યા તો સમજો કે બાર વાગી જશે,
પરન્તુ મનના પાપને આપણે પાપ માનતાં જ નથી!
જીવસૃષ્ટિમાં પાપ છે, ઈશસૃષ્ટિમાં નહિ.
'ઈશસૃષ્ટિ' યાને સર્વ કાળે શુભ અને કલ્યાણનું સર્જન.
પાપરહિત થવા માટે ઈશસૃષ્ટિનું શરણું સ્વીકારવું જોઈએ.
'ઈશસૃષ્ટિનું શરણું' એટલે અહંકારનું વિસર્જન
અથવા ઈશસૃષ્ટિમાં અહંકારનું વિલોપન.
જ્યારે જીવનાં મન - વચન - કાયાના યોગો
સર્વના શુભને અને કલ્યાણને
કરવા, કરાવવા અને અનુમોદવામાં વ્યાપ્ત થાય છે,
ત્યારે જીવ જીવ રહેતો નથી પરંતુ ઈશ બને છે.
ત્યારે તેના માટે કોઈ અશુભ કે પાપની સત્તા રહેતી નથી,
પરંતુ સર્વત્ર એક જ તત્ત્વ - શુભ તત્ત્વ રહે છે.

## ત્રણ જાતના પાપો

કાયિક પાપો, માનસિક પાપો અને વાચિક પાપો.

(a) કાયિક પાપો = શરીર દ્વારા થતાં હિંસા, ચોરી, જારી.

(b) માનસિક પાપો = મન દ્વારા થતાં કદાગ્રહ, લોભ, મોહ.

(c) વાચિક પાપો = અસત્ય, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરૂષભાષણ.

## વાચિક અને કાયિક પાપના ૪ દોષ

મિથ્યાત્વ, આશાતના, અનવસ્થા અને વિરાધના -

આ ચાર દોષો વાચિક અને કાયિક પાપમાં રહેલાં છે,

તેથી તે પ્રયત્નપૂર્વક વર્જવા યોગ્ય છે.

નહીં આલોચેલું, નહીં નિંદેલું, નહીં ગર્હેલું,

નહીં પ્રાયશ્ચિત લીધેલું પાપ, તે 'શલ્ય' છે.

કંટકાદિની જેમ અતિચારાદિ શલ્યથી રહિત થવું.

નિંદા-ગર્હાથી પાપનો ઘાત અને કાયોત્સર્ગથી નિર્ઘાતન થાય.

એ માટે સર્વની પર અથવા સર્વથી શ્રેષ્ઠ સ્થાન ઉપર

રહેલા પરમાત્માનું ધ્યાન કરવું.

નવકારનો જાપ પાપના ક્ષય માટે જ કરવાનો છે.

પુણ્ય = પવિત્ર ભાવના, પવિત્ર કાર્ય, તેથી પાપ શોષાય.

માનસિક પાપ હોય, ત્યાં વાચિક કે કાયિક હોય કે ન હોય,
પરંતુ જ્યાં વાચિક કે કાયિક પાપ હોય,
ત્યાં માનસિક પાપ પણ મોટે ભાગે હોય જ.

માટે એ જૈન સિદ્ધાંત છે કે:

મનનું પાપ ક્ષંતવ્ય છે, બાહ્ય કૈંકાયાનું તેટલું ક્ષંતવ્ય નહિ.
વચન અને કાયા પાપમાં પ્રવર્તે છતાં મન નિર્મળ છે,
તેમ કહેવું એ માયા છે.
વચન અને કાયા નિર્મળ હોય, તો મનમાં ક્વચિત્
પાપનો વિચાર આવે, તો પણ સફળ થઈ શકતાં નહિ,
પરંતુ તે નિષ્ફળપ્રાય બની જાય છે,
તેથી વચન અને કાયાને દૃઢ રીતે ગોપવવા જોઈએ.
વળી મનનું પાપ અનવસ્થા-અબોધિનું કારણ થતું નહિ.
મિથ્યાત્વ અને વિરાધનાનો હેતુ પણ બનતું નહિ.
વ્રત દ્વારા વાચિક અને કાયિક પાપ દૂર થાય છે તથા
સમ્યક્ત્વ અને જ્ઞાન વડે માનસિક પાપ જણાય છે.

સંસારી જીવ જે પાપમાં જોડેલો છે, તે બે પ્રકારનું છે:
એક મિથ્યાત્વ અને બીજું સ્વાર્થ.

મિથ્યાત્વ = આત્માને સ્વરૂપથી પરમાત્મસમ ન માનવો.

સ્વાર્થ = પોતાને બધા સર્વથી અધિક જોવો.

પાપનું આચિન્તન પાપ છે જ પણ તેનું ચિંતન નિષિદ્ધ છે.

તેના ચિંતનથી પ્રથમ માનસ સ્પર્શે, પછી સ્થૂલમાં ઉતરે અને પછી એ સ્વભાવમાં રૂઢ થઈ જાય, આથી પાપ છે,

(a) અભક્ષ્યસેવનાદિ પાપોમાં અત્યક્ષ નિયમ એટલે તે પાપ જીવનમાં કદી ન કરવાની પ્રતિજ્ઞા લેવી તે.

(b) ગ્રન્થિભેદ પછી પુનઃ એ પાપ ન થવારૂપ અત્યક્ષ નિયમ.

(c) દેશવિરતિ અને સર્વવિરતિ - બન્ને ગુણસ્થાનકે પાપ અત્યક્ષ નિયમ વિશિષ્ટ - વિશિષ્ટતર હોય છે.

(d) પાપાત્યક્ષ નિયમવાળાને માટે ક્ષયરોગનું દૃષ્ટાંત છે.

નિરોગીને દુષ્કાળાદિમાં તથાપ્રકારનું ભોજન ન મળવાથી થયેલ દેહની દુર્બલતા સામગ્રીયોગે પુનઃ પુષ્ટિ કરનારી હોવાથી તે નિરનુબંધ છે.

જગતમાં કર્મ છે, તો તેના પ્રતિકાર રૂપ ધર્મ પણ છે,
જગતમાં પાપ છે, તો તેનું નિવારણ પુણ્ય પણ છે.
પુણ્યના અનુમોદન વડે પાપનું નિવારણ થાય છે અને
ધર્મના સેવન વડે સકલ કર્મનો ક્ષય થાય છે.

પાપમય સંસારમાં નિષ્પાપ જીવન બનાવવા માટે
પ્રથમ સાધન પુણ્યનું આચરણ છે.
પરપીડાથી બચવા - પરહિત સાથે સ્વહિત સાધવા માટે
અનન્ય ઉપાય પુણ્યનું આચરણ છે.

## એક સામાયિકનું પુણ્યફળ

૯૫ અબજ ડોલરનું સોનું અત્યારે વિશ્વની તિજોરીઓમાં
મોજુદ છે. એક ઔંસ સોનાની કીંમત - ૩૫ ડોલર છે.
દેશ ગણિતમાં એક લાખ ખાંડી રત્નવાળું દુનિયામાં છે,
તે એક સામાયિકના ફળને પણ પહોંચી શકતું નથી.

## એક સામાયિક કરનારને કેટલું ફળ છે?

એક લાખ ખાંડી રત્નવાળાને ૭ ક્ષેત્રોમાં વાપરવાથી
જે પુણ્ય બંધાય, તેથી પણ અધિક ફળ છે.

## પાપ અને પુણ્યનું રહસ્ય શું છે?

પોતાના દુઃખ ઉપરનો દ્વેષ બીજાનાં દુઃખ ઉપર અને પોતાના સુખ ઉપરનો રાગ બીજાનાં સુખ ઉપર વાળવો તે.

પાપ ત્યાજ્ય છે, કેમકે તે બીજાને દુઃખરૂપ છે.

ધર્મ આદરણીય છે, કેમકે તે બીજાને સુખરૂપ છે.

પાપ ઉપર દ્વેષ અને ધર્મ ઉપર રાગ કેળવવા માટેનું સર્વશ્રેષ્ઠ સાધન શ્રી નવકાર છે. દુઃખ ઉપરનો દ્વેષ પલટીને તેનાં કારણભૂત પાપ ઉપર અને સુખ ઉપરનો રાગ તેનાં કારણભૂત ધર્મ ઉપર લઈ જવો, તે તેનું કાર્ય છે.

મોહ = જેનાથી પોતાને સુખ થાય, તેના ઉપર રાગ કીધો.

દુઃખ એ પોતાને અને પાપ બીજાને અણગમતી વસ્તુ છે.

સુખ એ પોતાને અને ધર્મ એ બીજાને ગમતી વસ્તુ છે.

ધર્મધ્યાન = બીજાના સુખ-દુઃખનો વિચાર કરવો તે.

આર્તધ્યાન = પોતાના સુખ-દુઃખનો વિચાર કરવો તે.

રૌદ્રધ્યાન = પોતાના સુખ માટે બીજાને દુઃખ આપવું અને પોતાના દુઃખની માટે બીજાનું સુખ લઈ લેવું તે.

## પાપ કરવામાં શરમ છે, પરન્તુ
## પાપ કબુલ કરવામાં બહાદુરી છે.

કોઈને 'પાપી' કહેવો, એ પણ પાપ છે,

અરે... માનવસ્વભાવનું તે સદાનું અપમાન છે.

અન્ય પ્રત્યે દાખવેલો સદ્ભાવ આપણો જ સ્વાર્થ છે.

પાપનો સંબંધ હિંસાદિ દોષો સાથે છે.

દોષોનો સંબંધ પ્રત્યપરાધ સાથે છે. તેને નિવારવા

મૈત્ર્યાદિ ભાવનાઓનો અભ્યાસ સર્વોત્તમ સાધન છે.

પ્રતિક્રમણ = પાછા ફરવું, ભાવોમાં પરિવર્તન લાવવું.

ભાવશલ્ય = જેની નિંદા, ગર્હા કે આલોચના થઈ નથી કે જેનું ગુરુ પાસેથી પ્રાયશ્ચિત લીધું નથી, તેવું પાપ.

પડિક્કમામિ = દિશા ફેરવવી, આત્માભિમુખ કરવી.

નિંદામિ = અનુશાસન, ઠપકો - આત્માની ઝાટકણી.

ગરિહામિ = નિંદનીય કાર્ય ભોગરૂપ લાગતું નથી, ટળકા થવાથી ગુરુ સમક્ષ પ્રગટ કરવું.

વોસિરામિ = કષાયવાળા આત્માનો ત્યાગ કરવો.

સર્વ પાપનો પ્રકાશ એટલે પાપના કારણરૂપ મનનો નાશ.
મન એ જ શત્રુ છે, કેમકે તે અવિદ્યાથી અર્જિત તથા
મિથ્યાત્વથી ભરપૂર છે, તેથી તેનો નાશ એટલે પાપ-
પ્રકૃતિજનિત ગુણોનો નાશ. સજ્જનના કારણે આપણે
જીવ હંમેશાં પાપપરાઙ્મુખ અને પ્રકૃતિપરાઙ્મુખ રહે છે.
કરુણા એ સ્વ-પર દુ:ખ અને પાપનો ધ્વંસ કરનારી છે,
પોતાની માટે પાપાકરણ નિયમનો ટેક છે.
'પાપ ન કરવું' એટલે બીજાને પીડાકારક ન થવું અને
પોતાના આત્માને પણ દુર્ગતિપાતથી બચાવી લેવો.
આ જાતિની સ્વ-પર ઉભય પ્રત્યેની કરુણાવૃત્તિ
બીજાના અપરાધોની પણ નિવૃત્તિ કરાવનાર થાય છે.
જ્યારે આપણા હૃદયમાં યથાર્થ ભાવપૂર્વકની
ભાવકરુણા ઉત્પન્ન થાય છે, ત્યારે
તે વડે ઘણું જીવો તે તે પાપસ્થાનોને સેવતાં અટકે છે.
આજે આપણે કોઈ પાપસ્થાનકથી વિરમ્યા હોઈએ, તેમાં
પ્રધાન કારણ અન્ય મહાસત્ત્વોની કરુણા ભાવનું સામર્થ્ય છે.

પુણ્યથી મળેલી વસ્તુને પુણ્યના માર્ગે વાપરવી,
તે પુણ્યાનુબંધી પુણ્યની નિશાની છે.

મન મેળવવા માટે સૌથી અધિક પુણ્ય આવશ્યક છે.
હવે તેને જો 'નમન' ક્રિયા માટે વાપરવામાં ન આવે,
તો તે પુણ્ય પાપાનુબંધી બની જાય છે.

ખણખોદ કરવાથી કે દોષારોપણ કરવાથી
આપણું જ પુણ્ય ઘટે, સામાને કોઈ નુકસાન થતું નથી.

પાપની સમ્યક્ ઉપેક્ષા આવશ્યક છે. તે જગતમાં રહેશે જ,
તેથી તેનું ચિન્તન કે આચરણ કરવાની શી જરૂર છે ?
માનવને વિવેક મળ્યો, તે પાપ-પુણ્યનું પૃથક્કરણ કરવા,
પાપની ઉપેક્ષા અને પુણ્યનું અનુમોદન કરવા.

પાપીને ધર્મ એ યમરાજ જેવો અને
પુણ્યવાનને તે પરમ બંધુ સમાન લાગે છે.
શાસ્ત્રોમાં ધર્મને 'યમરાજ'ની ઉપમા આ જ દૃષ્ટિએ છે.

નવકારશીથી ૧૦૦ વર્ષનું પાપ કપે છે.
નવકારથી ૫૦૦ સાગરોપમનું પાપ જાય છે.

## પાપનું પ્રાયશ્ચિત કરવું, દુઃખથી હતાશ થવું નહીં, ઉપરાંત તિતિક્ષાવૃત્તિ કેળવવી.

પાપને ખુલ્લા કરવા તથા પુણ્યને ઢાંકવા.

ગુપ્તદાન - સુપાત્રદાન પુણ્યલક્ષ્મીને સદા ટકાવનાર છે.

દુઃખને એકલા સહો, કેમકે તે એકલાએ કરેલા પાપનું ફળ છે.

સુખને બધામાં વહેંચો, કેમકે તે પુણ્યનું ફળ છે અને એ શુભ કર્મબંધ - પુણ્ય કરવામાં બધાનો ય ફાળો છે.

## જીવો ઉપરની દયાથી પુણ્યબંધ થાય.

અરિહંતનું ધ્યાન એ દયા અને પુણ્યબંધને પુષ્ટ કરે છે.
સિદ્ધોનું ધ્યાન એ ધર્મ અને નિર્જરાને પુષ્ટિકારક છે.
જેટલા પ્રમાણમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ દયાનાં પરિણામ આવે, તેટલા પ્રમાણમાં પુણ્યબંધ થાય છે.

પુણ્યના અસંખ્ય અધ્યવસાયોના કારણે અસંખ્ય ભેદ પડે, છતાં ક્રોડમાં ક્રોડ ભેદ સમાઈ જાય છે, તેમ તીર્થંકર નામકર્મમાં ૬૭ પુણ્યપ્રકૃતિ સમાય છે.

## પાપપ્રતિઘાત - ગુણબીજાધાન

અધ્યારોપ = વિધાન } તત્ત્વનિર્ણય
અપવાદ = નિષેધ }

પાપપ્રતિઘાત માટે સર્વ જીવને જાણવું જોઈએ.

અપરાધની ક્ષમાપના દ્વારા પાપનો પ્રતિઘાત થાય છે.

પાપ એટલે અમૈત્રી.

પાપનો પ્રતિઘાત = અમૈત્રીનો અભાવ અર્થાત્ મૈત્રી.

ખમવા માટે જાણવું અનિવાર્ય છે.

પૂર્વકૃત કર્મના અનુબંધનો વિચ્છેદ કરવા માટે
અપરાધની ક્ષમાપના એ જ એક સાધન છે.

સર્વ જીવના નમસ્કારનો અવચ્છેદક અપરાધની ક્ષામણા છે.

તે વડે પૂર્વકૃત પાપનો પ્રતિઘાત થાય છે અને
નવીન અપરાધના અનુબંધનો વિચ્છેદ થાય છે.

પાપ-પુણ્યની જોડ પવિત્રતા અને પામરતાને વિરોધે છે.

મનુષ્યની મૂળ પ્રકૃતિ પાપ છે, તેથી
તેનામાં પાપ જોઈને ખીજ નહીં, પુણ્ય જોઈને રાજી થા.

મરણનું સદા સ્મરણ રાખવું.

પાપથી મુક્ત થવાનો એ જ સૌથી સરળ ઉપાય છે.

'મૃત્યુની વેદના ભયંકર છે'

તેથી વિચાર નિત્ય કરો, તો પાપ નહીં થાય.

પાપના સંસ્કારો જલ્દી છૂટતાં નથી, માટે વારંવાર
જન્મ - મૃત્યુ - જરા - વ્યાધિ - વેદનાનો વિચાર કરો.

સાચું સુખ મોક્ષમાં છે.

આપણા બધાં જ દુ:ખનું મૂળ
પાપ પ્રત્યે પક્ષપાત અને પુણ્ય પ્રત્યે અણગમો છે.

જૈન થવાનું કારણ કાર્ય - કારણભાવનું આરાધન છે.

કારણને અનુરૂપ કાર્ય હોય છે.

પાપ પરમ દુ:ખસ્વરૂપ છે, તેથી પાપ દુ:ખમાં ડૂબે છે.
પુણ્ય પરમ સુખસ્વરૂપ છે, માટે તે સુખમાં ડૂબે છે.

ક્યારે પાપ ટળે અને રૂદન મટે ?

મનની આંખ ઉઘડે, બુદ્ધિ ઉપરથી અજ્ઞાનનો પડદો ટળે,
સત્નો માર્ગ પકડે અને ભગવાનનું સ્મરણ કરે ત્યારે.

સુખેચ્છાના સ્થાને ધર્મેચ્છા અને
દુઃખદ્વેષના સ્થાને પાપદ્વેષ માનવમાત્રનું પરમ કર્તવ્ય છે.

મનુષ્યજન્મ રૂપી વૃક્ષમાં સુકૃતને ન ઉગાડે,
તે મનુષ્યનો જન્મ નિષ્ફળ જાય.

પાપ આચરે, તેનો જન્મ વિષફળ ગણાય,
પાપાનુબંધી પુણ્ય આચરે, તેનો કિંપાક ફળ સમાન અને
પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરે, તેનો કલ્પવૃક્ષ સમ ગણાય.
પાપેચ્છાનો પરિત્યાગ અને પુણ્યેચ્છાનો આવિર્ભાવ એ શમ પદાર્થ છે. સ્વસંબંધિત સુખરાગના સ્થાને સર્વ સંબંધી સુખરાગ એ પુણ્યેચ્છા છે. સ્વસંબંધી દુઃખદ્વેષના સ્થાને સર્વ સંબંધી દુઃખદ્વેષ એ પાપ પરિહારેચ્છા છે. સર્વવિષયક સુખેચ્છા એ ધર્મપુણ્ય અને સ્વવિષયક સુખરાગ એ પાપ છે. સર્વવિષયક દુઃખદ્વેષ એ ધર્મ-પુણ્ય છે, સ્વવિષયક દુઃખદ્વેષ એ અધર્મ - પાપ છે.

પુણ્યેચ્છા અને પાપદ્વેષ -
એ શાંતિ અને સુખનાં આસ્વાદનના બે ઉપાયો છે.

પાપથી બચવા કઠોર - દયા કરવા કોમળ બનવું જોઈએ.
પોતાના દુઃખને સહવા માટે કઠોર બનવું અને બીજાના
દુઃખ નિવારવા કોમળ બનવું. દુઃખ પ્રત્યે કોમળ અને
પાપ પ્રત્યે કઠોર બનવું, એ બુડથલપણાંની નિશાની છે.

પાપનો પથારો સંકેલવો, તે સદ્ગતિ માટે થાય છે.
પાપનો પથારો વિસ્તારવો, તે દુર્ગતિ માટે થાય છે.

નવકારજાપથી પાપનાશ એ ફૂલ છે, જે પહેલું મંગલ છે.
પહેલાં ૫ - છેલ્લા ૪ પદોને ફૂલ - સુગંધ જેવો સંબંધ છે.

'યજ્ઞશિષ્ટાશિનઃ સન્તો મુચ્યન્તે સર્વ કિલ્બિષૈઃ ।'
યજ્ઞશેષ = યજ્ઞીય કાર્યથી મળતી પવિત્રતા. તેને ભોગવનારા
સંતો બને છે અને સમસ્ત પાપોથી મુક્ત થાય છે.
તેઓને પાપ સ્વયં છોડી જાય છે.
તેમણે પાપ છોડવા પાપનું ચિન્તન પણ કરવું પડતું નથી.
એમની પવિત્રતા જ એવા આસન બને છે,
કે પાપપ્રેરક મતિ જ તેમનામાં પ્રવેશી શકતી નથી.
યજ્ઞીય જીવન ગાળે એટલે પવિત્રતાનો સંચય થાય જ.

## ૮ વિચારકણિકાઓ

(૧) પાપ જો સુલભ છે,
તો પાપનું પ્રાયશ્ચિત્ત પણ વધારે સુલભ હોવું જોઈએ.

(૨) પાપ જો સૌને નડે છે, તો તેને ધોવાનો ઉપાય પણ સૌની પહોંચમાં આવે, એવો જ સરળ હોવો જોઈએ.

(૩) પાપ જો જબરું છે, તો તેને ધોવાનો ઉપાય પણ તેના કરતાં કરોડો ગુણો વધારે જબરો હોવો જોઈએ.

(૪) પાપ જો પ્રતિપળ થતું હોય,
તો તે ઉપાય પણ એવો હોય કે જે પ્રતિપળ કામ આવે.

(૫) પાપની સજા હોય, તો તેની દયા પણ હોય જ. જો તે ન હોય, તો જગતની અવસ્થા અશાંત બને.

(૬) પાપપ્રક્ષાલનનો વિધિ કે નિષેધ વિનાનો ઉપાય પણ હોવો જોઈએ, જેને આજના મનુષ્યો સરળતાથી આચરી શકે.

(૭) 'વિશ્વમાં ભગવાનનું શાસન ચાલી રહ્યું છે' એટલે પાપની શિક્ષા અને પુણ્યનું ફળ અહીં પ્રત્યક્ષ મળે છે.

(૮) 'પાપપ્રણાશ' એટલે પાપનાં બીજનો જ નાશ.

# પાપવૃત્તિ કઈ રીતે દૂર થાય?

પાપકર્મ કરતી વખતે વ્યક્તિવાદી બનવું જોઈએ અને
પુણ્યકર્મ કરતી વખતે સમુદાયવાદી થવું જોઈએ.
બીજાને દુઃખ ન આપવાથી પોતાનું દુઃખ જાય છે.
'બીજા પાપ ન કરો' એવી ભાવના રાખવાથી
પોતાની પાપ કરવાની વૃત્તિ દૂર થાય છે.
'બીજા સૌ જીવો કર્મબંધનથી છૂટો' એવી ભાવનાથી
પોતાના સંવેગ કે મોક્ષાભિલાષા સુદૃઢ થાય છે.
પોતાના દુઃખ, પાપ અને કર્મનો નાશ જેઓને ઇષ્ટ છે,
તેઓએ બીજાનાં પણ કર્મ નાશ પામે, એ ઇચ્છા રાખવી.
એવી ઇચ્છા જો ન હોય, તો
'दुःखत्वेन दुःख, पापत्वेन पाप, कर्मत्वेन कर्म ।' હેય છે
એવી બુદ્ધિ કે સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું ગણાય નહીં.
'પાપ, દુઃખ ને કર્મ હેય છે'
એવી શ્રદ્ધા તો જ સત્ય ગણાય, કે જો
ત્રણે કાળ અને ત્રણે લોક માટે તે સ્થિર થયેલ હોય.

પુણ્ય સદા સુમધુર ફળ આપે અને
પાપીનો પાપ ઝેરા નાશ પામે, એ નિશ્ચિત છે.

કોઈ પર્વતની ટોચ ઉપર જઈને પાપ કરે કે
ગુપ્તપણે દાન કે પુણ્ય કરે, બન્નેને તેનું ફળ મળે છે.
સદાચારીઓના પુણ્યકાર્યોથી જ આ પૃથ્વી ટકી રહી છે.

પ્રભુના શાસનમાં સર્વત્ર ન્યાય છે.

અંતમાં સદાચારનું, ભલમનસાઈનું, ઈમાનદારીનું, ન્યાય
અને નિષ્પક્ષપાતનું, કર્તવ્યપાલનનું શ્રેષ્ઠ ફળ મળે જ છે.
એથી વિરુદ્ધ પાપનું ગમે તેવું કાર્ય હોય,
પછી તે ગુપ્તમાં ગુપ્ત રીતે કર્યું હોય, તેને પણ ઈશ્વર
દેખે છે અને વહેલા કે મોડી સજા અવશ્ય કરે છે.
'પુણ્યથી નિશ્ચિત સુખ - પાપથી નિશ્ચિત દુઃખ' એ વિશ્વનો
અટલ નિયમ છે, કેમકે તે પ્રભુનું શાસન, કથન, વચન,
ઉપદેશ છે. જ્યાં બે વ્યક્તિ બેસીને વાત કરે છે અને
સમજે છે કે અહીં કોઈ સાંભળી રહ્યું નથી, ત્યાં પણ
ભગવાન ત્રીજા તરીકે સામેલ રહેતાં જ હોય છે.

## પાંચ મહાવ્રત લેવા એટલે...

અઢારમાંથી પ્રથમ પાંચ મોટા પાપથી સાવધ, અટકવું.

ગુરુ - પાપ કદી છૂપાં રહી શકતાં નથી.

કોઈ આદમી પાપ, ચોરી, હિંસા, પક્ષપાત, વ્યભિચાર,
મદ્યપાન, જૂઠ કે કપટ કરી તેને છૂપાવવા માટે
આકાશની ય પેલે પાર જવા પ્રયત્ન કરે, તો પણ
ઈશ્વરીય શાસનની બહાર જવું, તેને માટે અશક્ય છે.

ગુરુઆત્મા પ્રત્યેની પ્રીતિ

ગુરુ પ્રત્યે પ્રીતિ પેદા કરે તથા
અનેક વિઘ્નો વચ્ચે ય ગુરુકાર્ય કરવાનું બળ સમર્પે.
પાપી પ્રત્યે ઉપેક્ષાબુદ્ધિ પાપ પ્રત્યે પણ ઉપેક્ષા થવાની જ,
તેથી 'મેં કેમ પાપ કર્યું?' અને
'મેં ગુરુ કેમ ન કર્યું?' એવો
પશ્ચાત્તાપનો વખત આવતો નથી, કેમકે તેથી પાપના
ફળરૂપ દુઃખ અને દુર્ગતિથી બચી જવાય, ગુરુના
ફળરૂપ સુખ અને સદ્ગતિના ભાગી થવાય છે.

જીવને દુઃખનો દ્વેષ છે પણ દુઃખના કારણભૂત પાપનો
કંટાળો નથી. પાપી પ્રત્યે ઉદાસીન વૃત્તિ કેળવવાથી પાપ
તરફ પણ પરાઙ્મુખતા આવે છે અને પાપ નહીં કરવાનું
બળ વધતું જાય છે. દુઃખનો દ્વેષ હતો, તે પાપના દ્વેષમાં
પરિણમે છે અને પાપ પ્રત્યેની અરૂચિ વધવાથી જીવન
નિષ્પાપ અને પરિણામે નિર્દ્વન્દ્વ અને નિર્દુઃખ બને છે.

સુખ પ્રત્યે રાગની તીવ્રતા હોવાથી પણ
પુણ્ય પ્રત્યે અરૂચિ પેદા થાય છે, કારણકે
પુણ્યનાં પ્રત્યેક કાર્ય સુખનો ત્યાગ માંગે છે.
તે કરવાની વૃત્તિ થતી નથી, તેથી
પુણ્યવાનો પ્રત્યે પ્રીતિ કેળવવી આવશ્યક બને છે.
એ પ્રીતિ સુખ પ્રત્યે તીવ્ર રાગની પ્રતિપક્ષી હોવાથી
રાગવૃત્તિથી થતું ચિત્તનું ડોળાણ ઓછું થઈ જાય છે.
દુઃખ પ્રત્યે દ્વેષની તીવ્રતા હોવાથી તે પાપ પ્રત્યે આકર્ષણ
પેદા કરે છે, કેમકે પ્રત્યેક પાપનાં કાર્ય પ્રારંભમાં મધુર
અને અંતે કટુ ફળવાળાં હોય છે.

# પ્રત્યેક ધર્મનાં મૂળ - મંગલ કાર્ય

પ્રારંભે કડવાં, કિન્તુ અંતે મધુરાં ફળ આપે; તેથી
દુઃખ પ્રત્યેનો દ્વેષ પાપ પ્રત્યેના દ્વેષમાં પરિણામ પામે,
ત્યારે દુઃખ પ્રત્યેના દ્વેષની વાસનામાં મંદતા આવે અને
એ મંદતાથી ચિત્તવૃત્તિનું ડોળાણ ઘટી જાય છે.
તેથી જ સુખના રાગને સુખના હેતુભૂત ધર્મના રાગમાં
અને દુઃખના દ્વેષને તેના હેતુભૂત પાપના દ્વેષમાં વાળો.
એ વાળવા માટે ગુણવાન પ્રત્યે પ્રીતિ અને
પાપી પ્રત્યે ઉપેક્ષા કરવી એ સાધકને માટે પ્રથમ કર્તવ્ય છે.

## મનુષ્ય અને કરુણાશક્તિ

આપણે સૌ જાણીએ છીએ કે નવ પ્રકારના પુણ્ય છે.
અન્ય પુણ્ય સહિત મનુષ્યપુણ્યથી પવિત્ર અંતઃકરણવાળો
બનેલો જીવ પ્રભુની કરુણાશક્તિને ઝીલવાની શક્તિ છે.
'પ્રભુકરુણા જીવોના દુઃખોનો ઉચ્છેદ કરવા સમર્થ છે'
એવું ભાન પવિત્ર અંતઃકરણવાળા જીવોને જ થઈ શકે.
પાપકર્મથી મુક્તિનો નથી, અનુતાપથી પાપનો નાશ થાય.

## બે પ્રકારના પાપ

એક દુઃખ આપનારા - અશુભ/અઘાતી છે અને
બીજા પાપ કરાવનારા - ઘાતી છે.

## પ્રાયશ્ચિતનો મુખ્ય હેતુ શો?

કરેલા પાપનું પ્રાયશ્ચિત કરવું અને
ભવિષ્યમાં તે પાપ ન થાય એવો દૃઢ નિશ્ચય કરવો,
એ જ પ્રાયશ્ચિતનો મુખ્ય હેતુ છે.
પાપમાં નિષ્પાપતાની બુદ્ધિ અને
ધર્મમાં પાપપણાની કે અકર્તવ્યતાની બુદ્ધિ દૂર થવાથી
પાપમાં પ્રવર્તન અને ધર્મ કરવામાં પ્રમાદ દૂર થાય.
અપ્રમત્તપણે ધર્મનું સેવન કરવાથી અને
પાપનું પરિવર્જન કરવાથી મોહદોષનો ક્ષય થાય છે.
આત્મધર્મદ્વેષી મહારાજના સામ્રાજ્યમાં
વફાદાર સેવક બની મોહમહારાજાના સુખને પામે છે.
તમારી કોઈ નિંદા કરે અને સહન કરશો, તો
તમારું પાપ તેના માથે જશે - તેનું પુણ્ય તમને મળશે.

## પાપ ખપાવવાના ત્રણ માર્ગ

(૧) પ્રતિક્રમણ (૨) વેદન (૩) તપશ્ચરણ.

આ ભવમાં કરેલાં પાપનું પ્રાયશ્ચિત નથી,

પ્રતિક્રમણ ન કરનારને જે દોષ પોષાય:

પાપને ન માનવા રૂપ મિથ્યાત્વ અને માનકષાય.

પૂર્વે કરેલાં પાપનાં ફળને સમતાભાવે ન વેદનાર અને

તેને ખપાવવા માટે તપ ન કરનારને

અશાતા અને મોહની વૃદ્ધિ થાય છે.

જેમ અશુભ ભાવોમાં પાપ બંધાવવાની તાકાત છે, તેમ

શુભ ભાવોમાં પાપ ખપાવવાની તાકાત છે.

પાપની સજ્જડ ઉપેક્ષા આવશ્યક છે.

પાપ તો જગતમાં રહેશે જ,

તેનું ચિન્તન કે આક્રમણ કરવાની શી જરૂર છે?

માનવને વિવેક મળ્યો છે, તે પાપ-પુણ્યનું પૃથક્કરણ

કરવા, પાપની ઉપેક્ષા અને પુણ્યનું અનુમોદન કરવા.

આ વૈરાગ્યની પ્રાથમિક સાધના છે.

# એક ખાસ મહત્વની વાત

નારકી તથા તિર્યંચ દુઃખ ભોગવીને પાપનો નાશ કરે,
દેવો સુખને ભોગવીને પુણ્યનો નાશ કરે છે, માત્ર
મનુષ્ય યોનિમાં જ પાપ અને પુણ્ય ઉત્પન્ન થાય છે.

'પાપ' એટલે પ્રભુની આજ્ઞાનું અપમાન.

પાપ કરવાની શક્તિ માનવની - માફ કરવાની પ્રભુની.

પુણ્ય - પાપરહિત નિર્વિકલ્પ સ્વરૂપવાળા

શુદ્ધ પ્રભુનું ધ્યાન કરવું, સ્તુતિ કરવી.

નામથી પાપ જાય છે, સ્થાપનાથી પાપ જાય છે તથા
પ્રભુના દ્રવ્ય-ભાવનિક્ષેપના આરાધનથી પણ પાપ જાય છે.

પ્રભુનું નામગ્રહણ તે પાપનું પ્રાયશ્ચિત છે.

નામગ્રહણથી પાપનાશ અને પાપ જવાથી દુઃખ જાય છે.
જન્માદિ આપનાર પુણ્યમાં સુખની ભ્રાંતિ અજ્ઞાનીને જ
થાય છે. પુણ્યોદયથી જીવ વિવિધ પ્રકારના વિષયોને
ભોગવે, કિન્તુ તેના પરિણામ રૂપે દારૂણ દશા અનુભવે છે.
ખોટકાની - જળોની કે સોજાની પુષ્ટિ અધિક દુઃખરૂપ જ છે.

## પુણ્ય કે પાપ ત્રણ રીતે થાય...
## કરવા, કરાવવા અને અનુમોદવાથી.

આમાં ઉત્તમ અનુષ્ઠાનોની અનુમોદના
એ જ પુણ્યકાર્ય છે, તેથી હૃદયમાં વિશુદ્ધ ભાવો જાગે છે.
પુણ્ય સુખ આપે છે, પાપ દુઃખ આપે છે,
આમ ફળભેદ છતાં પરાધીનતા બંનેમાં સરખી છે,
તેથી પાપની જેમ પુણ્યનું ફળ પણ દુઃખરૂપ જ છે.
પરમાત્માનું ધ્યાન, સ્મરણ કે ભક્તિ તે જ છે કે જેમાં
પુણ્ય-પાપરહિત શુદ્ધ સ્વરૂપનું હૃદયમાં ચિંતન થાય છે.
પાપ અને પાપનાં સાધનો - નિમિત્તો જેમ વર્જ્ય છે,
ગર્હણીય - નિંદનીય છે, તેમ સુકૃત, પુણ્ય, ધર્મ અને
તેનાં સાધનો તથા નિમિત્તો પ્રશંસનીય - ઉપાદેય છે.
પાપની ઉત્પત્તિ પુદ્ગલના રાગથી અને
પુણ્યની ઉત્પત્તિ ચૈતન્યના બહુમાનથી છે.
પુદ્ગલનો અનુરાગ કામ - ક્રોધ - લોભને વરે છે,
ચૈતન્યનો અનુરાગ શમ - દમ - સંતોષને આપે છે.

## પાપ અને ધર્મની વિરુદ્ધતા

પાપ એટલે પુદ્ગલનો રાગ, ધર્મ એટલે ચૈતન્યનો પ્રેમ.
પાપ એટલે વિ-ભાવ, ધર્મ એટલે સ્વ-ભાવ.

## વાસ્તવિક પુણ્ય શામાં ?

વિશુદ્ધિ પ્રયત્ન, જે સૂક્ષ્મ-પૂર્ણ અને શાંત છે, જે ધર્મરાગ અને મનનો સાર છે, તે જ વાસ્તવિક પુણ્ય છે. બાહ્ય પુણ્ય ઔપચારિક છે, પુણ્યનાં નામ રૂપે છે.

વાસ્તવિક પુણ્ય મહાશૂન્યતામાં છે અને તેની ઉપલબ્ધિ સાપેક્ષ જગતમાં અસંભવિત છે. શૂન્યતા એટલે ધર્મરાગ, એ જ મનનો સાર અને એ જ મહાપુણ્ય અર્થાત્ આત્માને નિર્મળ કરવાનું પરમ સાધન.

લોકો પુણ્યના ફળને ઇચ્છે છે પણ પુણ્ય કરતાં નથી.
લોકો પાપનાં ફળને ઇચ્છતાં નથી છતાં પાપ કરે છે.

પુણ્ય કરનાર જનો વિષે પ્રીતિની ભાવના અને પાપ કરનાર જનો પ્રત્યે ઉદાસીન વૃત્તિ ધારણ કરવાથી પુણ્યમાં પ્રીતિ અને પાપમાં ઉપેક્ષા સધાય છે.

## પાપનાશ ચરણ...

મોહ, અજ્ઞાન, અવિદ્યા, તૃષ્ણા તથા
રાગ-દ્વેષાદિ દોષોનો નાશ, વળી તે ઉપરાંત
પુદ્ગલ પ્રત્યેના મોહનો પણ નાશ.

## પાપનાશ માટે શું જોઈએ?

પાપનાશ માટે પાંચ કારણોનો સમવાય અથવા
અનુકૂળ સંયોગ જોઈએ: સ્વભાવ (તથાભવ્યત્વ), કાળ,
નિયતિ (ભવિતવ્યતા), કર્મ - પુણ્યકર્મ અને પુરુષાર્થ.

પાપનો નાશ = પુદ્ગલ પ્રત્યેના મોહનો નાશ.

કરોડ વર્ષના પુણ્યના સુખ પણ નાશવંત છે,
તેમાં રતિ દૂર કરીને નિજાનંદમાં રમણતા કરવી.
પુણ્ય પણ શરીરનો મેલ છે, તેમ ધર્મધ્યાન દ્વારા
તેને ધોઈ, શુક્લધ્યાન વડે નિજ સ્વરૂપમાં
પ્રવેશ કરી ધ્યાનાતીત અવસ્થાને પામવાની છે.

## મંગળનું આગમન ચરણ...

જીવોના જીવત્વ પ્રત્યે સ્નેહનું આકર્ષણ.

## પાપ કે પુણ્યનો ઉદય ભોગવતી વખતે થતાં
## લાભ - નુકસાનનો વિચાર

(૧) એકનો પુણ્યોદય બીજાના પાપોદયને સાપેક્ષ હોય.

ગરમ રસોઈ મળવાનો પુણ્યોદય

રસોઈ થતાં અસંખ્ય જીવોની હાનિ ઉપર છે, તેથી તે જીવોનો પાપોદય ભોજન કરનારના પુણ્યોદયમાં કારણ છે. એમ ભોજન, તેમ વેપાર આદિ માટે પણ સમજવું.

(૨) દીનતા દુઃખમાં સુખનો સંકેત હોય જ છે. એક દુઃખ બીજા અનેક દુઃખ અને પાપબંધ ઉગારી લે છે. ગરીબાઈનું દુઃખ અનેક પાપોબંધ બચાવે છે અને નમ્રતાદિ અનેક સદ્ગુણોને વિકસાવે છે.

(3) દુઃખ એ પૂર્વનાં પાપ લઈ જાય છે અને ધર્મમતિ વિકસાવે છે, જ્યારે સુખ એ જાતિ, કુળ, લાભ, ઐશ્વર્ય આદિના મદનું કારણ બનીને અધિક દુઃખમાં ધકેલે છે અને તે ઉપરાંત જગત્સ્વભાવનો વિચાર કરાવી સંવેગ-નિર્વેદ વિકસાવે છે.

## ચાર ભાંગાઓ

(1) પુણ્યાનુબંધી પાપ: ધર્મસ્થાન આદિના આરંભમાં ઘણું પાપ, જે ધર્મસ્થાન દ્વારા થતાં પુણ્ય વડે છેદાય છે.

(2) પાપાનુબંધી પુણ્ય: વિદ્યા, રૂપ, બળ, ઐશ્વર્યનો ગર્વ કરનાર સઘળાં સુખ ભોગવે અનીતિ તથા અન્યાયના આચરણ રૂપી પાપ વડે પુણ્યનો છેદ કરે છે.

(3) પાપાનુબંધી પાપ: જંતુઘાતક, ક્રૂર અને દ્વેષની ખાણ જેવા આ ભવમાં દુઃખી પરભવે પણ દુઃખી થાય છે.

(4) પુણ્યાનુબંધી પુણ્ય: સત્ય-શૌચમાં તત્પર, દેવ-ગુરુ બહુમાની આ પુણ્ય ભોગવતાં નવું પુણ્ય ઉપાર્જન કરે છે.

જેમ કૂપને ખોદનારી ધૂળ દ્વારા મલિન થાય છે, કિન્તુ જળ નીકળવાથી તે કૂપના જળ વડે જ શુદ્ધ થાય છે, તેમ ભવના હિત માટે આપણે પ્રાર્થના કરીએ, તેથી ઉચ્ચ અને શુભ ભાવનાઓના બળે ઉગ્ર પુણ્યાનુબંધી પુણ્ય બંધાય, જેના પ્રભાવે પરહિત માટેના સાધનો આપોઆપ મળી આવે છે.

## પાપાનુબંધી પુણ્ય

પાપ = મિથ્યાત્વ, મોહ આદિ. પુણ્ય = શાતાવેદનીયાદિ.
સ્વયં પરને અલગ પાડતી હિંસાદિ પ્રવૃત્તિ, તે પાપ.
એવી પ્રવૃત્તિના મૂળમાં રહેલું મિથ્યાત્વ, તે પાપનું ઘર.
પાપાનુબંધી પુણ્યના ઉદયકાળમાં જીવ મૂઢતાને પામેલો
રાગાદિ હિતાહિત કાર્યોમાં મિથ્યાત્વનું જોર વધારે રહે,
તે મલિન કર્મને ફરનાર બને છે અને પૂર્વે પેદા કરેલ
પુણ્યકર્મ ખલાસ થાય, ત્યારે નરકાદિ દુઃખોનો ભોક્તા બને.

## ત્રિશલ્ય અને પાપનો ટૂંક પરિચય

માયાશલ્ય = પાપને પ્રગટ ન કરવું.
મિથ્યાત્વશલ્ય = પાપને પાપ ન માનવું.
નિદાનશલ્ય = ધર્મના બદલામાં પાપને માંગવું.
બાળ જીવોને અવગાહવા, તે પ્રથમ પાપ છે,
પોતાના આત્માને અવગાહવો, તે દ્વિતીય પાપ છે.
ધર્મમાં પાપ ત્યાજ્ય છે, પુણ્ય ગ્રાહ્ય છે નહીં
દરેક ધર્મમાં આત્મતત્ત્વ ઉપાદેય છે.

## મહાપાપ શું? એનો પ્રતિકાર કઈ રીતે?

આપણને નમસ્કાર કરવાની સામગ્રી મળી છે,
તેનો આભાર ન માનવો, એ મહાપાપ છે.
તેનો પ્રતિકાર ભાવનમસ્કાર વડે જ શક્ય છે.
માનવજન્મ કે જે વડે ભાવનમસ્કાર શક્ય છે,
તેની પ્રાપ્તિ થવી, એ જ મોટામાં મોટું ભાગ્ય છે.
'પાપ' એ મૃગલું છે, 'આત્મશક્તિ' એ સિંહ છે.
આઠે પ્રકારનાં કર્મ 'પાપ' કહેવાય છે.
'पातयति, हितं पीबति इति पापं ।'
અરિહંતને કરેલો નમસ્કાર તે પાપોનો નાશ કરે છે.
નમસ્કારમંત્રમાં પાપનો પશ્ચાત્તાપ - પુણ્યનો પ્રમોદ છે.
પાપનો પશ્ચાત્તાપ એ દુષ્કૃતગર્હાનું જ બીજું નામ છે.
પુણ્યનો પ્રમોદ એ સુકૃતાનુમોદનાનો પર્યાય શબ્દ છે.
શ્રી નમસ્કારમંત્રની આરાધના પાપથી પાછા ફરવાની અને
પુણ્યમાં આગળ વધવાની પ્રેરણા આપે છે, તેથી પાપ
નિરનુબંધ બને છે અને પુણ્ય સાનુબંધ થાય છે.

પંચપરમેષ્ઠિને નમસ્કારથી અનાદિ કાળથી
અંતરની સ્વાર્થભાવ રૂપ પાપબુદ્ધિ વિસર્જિત થાય.

સ્વાર્થભાવ રહિત પુરુષોને કરેલ નમસ્કારનો પ્રભાવે
પાપ જવાથી સુરગતિ - સદ્ગતિ - સિદ્ધિગતિ મળે છે.

કુકર્મો ઇચ્છે છે કે ઈશ્વર ન હોય!

દિલમાં દુરાચારનું જોર વધતાં ઈશ્વરસ્મરણ ભૂલાય છે,
એ વિસ્મરણ જ પાપનું મૂળ છે.

સ્વાર્થ એ મહાપાપ છે, પાપની સજા એ પાપ કરનારે
હાથે કરીને વહોરેલો ભગવાનનો વિયોગ છે.

'નરક' એટલે ભગવાનનો વિયોગ.

પાપ વિરુદ્ધ કોઈથી પણ ડરવાની જરૂર નથી.
કોઈ મહાસત્તા પ્રભુની એટલે કે કર્મની ઇચ્છા વિરુદ્ધ
તમારો વાળ પણ કોઈ વાંકો કરી શકનાર નથી.

પાપ = ભગવાનનું અપમાન, પ્રભુના નિયમનો અનાદર.

પાપનું ફળ દુઃખ છે અને પુણ્યનું ફળ સુખ છે.
દુઃખ આવે, ત્યારે રામનામ રૂપી અમૃતનું પાન કરજો.

પાપ ન કરે તે દેવ, પાપ કરી પ્રાયશ્ચિત કરે તે માનવ,
પાપ કરી તેને છૂપાવવા જાણ અનેક પાપ કરે તે દાનવ.

ભૂલથી પાપમાં પડે તે માનવ,
પશ્ચાતાપ કરે તે દેવ અને આનંદ માને તે દાનવ.

ભૂલ થવી તે સ્વાભાવિક છે, પરન્તુ
થયેલી ભૂલનું પ્રાયશ્ચિત ન કરવું, તે અસ્વાભાવિક છે.

પાપમાં પડવું એ મનુષ્યનો સ્વભાવ છે,
પાપમાં ડૂબ્યા રહેવું એ શેતાનનો સ્વભાવ છે,
પાપથી ડરવું એ સંતોનો સ્વભાવ છે તથા
સર્વ પાપથી મુક્ત થવું, એ મહાપુરુષોનું કામ છે.

'To err is human' એટલે
પાપ કરી બેસવું, તે મનુષ્યને સહજ છે.
પાપ ન થાય તે માટે પ્રયત્ન કરવો, તે માનવતા છે.
પાપ થઈ ગયાં પછી પશ્ચાતાપ કરવો, તે સાધુતા છે.
પાપ કર્યા પછી તેની પ્રશંસા કરવી - ગર્વ લેવો,
તે શેતાનીયત છે, ક્રૂરતા છે અને દુર્જનતા છે.

પુણ્યોદય અને પાપોદય ૐ ૨૭-૩-૯૨

(૧) ધન મેળવવાની ઇચ્છા પાપોદયથી થાય છે.
(૨) ધન મેળવવા અનુકૂળ સંયોગ મળે, તે પુણ્યોદય છે.
(૩) અનુકૂળ સંયોગ મળતાં જ ધન મેળવવાને માટે
જે કાંઈ પ્રવૃત્તિ થાય, તેને 'પાપોદય' કહે છે.
(૪) પ્રવૃત્તિ કરતાં ધન મળે, તે પુણ્યોદય છે.
(૫) ધનનો સ્વીકાર કરવાની ઇચ્છા, તે પાપોદય છે.
(૬) ધન મળ્યાં પછી રાખવાનું મન થાય, તે પાપોદય છે.
(૭) ધન મળે ભોગવવાનું મન થાય, તે પાપોદય છે.
(૮) ધન ભોગવવાની અનુકૂળતા મળે, તે પુણ્યોદય છે.
(૯) તે અનુકૂળતાઓને ભોગવે, તેને 'પાપોદય' કહે છે.
(૧૦) ભોગને છોડવાની ઇચ્છા કે પ્રવૃત્તિ, તે પુણ્યોદય છે.

ભલાઈથી પુણ્યની કમાણી

જેમ અસત્ય કરતાં સત્ય અનંતગણું જોરદાર રહે,
તેમ જ રીતે પાપ કરતાં પુણ્યનું બળ અને
બુરાઈ કરતાં ભલાઈનું બળ અધિક રહે છે.

# સર્વ દુઃખનું મૂળ છે પાપબંધ.

પાપબંધ ન થાય એ માટે પાપની સામગ્રીથી દૂર રહેવું,
એ પ્રથમ કર્તવ્ય છે અને પાપબંધની પરિણતિના માર્ગનો
નાશ કરવા માટે શુદ્ધ ધર્મનું સેવન એ હિતાવહ છે.
પાપબંધની પરિણતિનો મૂળમાંથી ઉચ્છેદ કરવાનું
સામર્થ્ય શુદ્ધ ધર્મની ભાવના અને તેના ધ્યાનમાં છે.
'વચનારાધનયા ધર્મઃ । વચનવિરાધનયાઽધર્મઃ ।'
સૂક્તિઃ ધર્મ નહીં કોઈ જગમાં સૂત્ર સરીખો અને
પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસો.
સર્વ ધર્મો સામાયિક ધર્મમાં સમાવિષ્ટ થઈ જાય છે.
જે પાપ કરે છે, તે પુણ્ય કરતો નથી અને
જે પુણ્ય કરે છે, તે પાપ કરતો નથી. પાપ ન કરવું,
તે જેમ પુણ્ય છે, તેમ પુણ્ય ન કરવું, તે પાપ છે.
પાપ અને પુણ્યના કર્મો પરસ્પર અનુવિદ્ધ છે.
અનુચિત કર્મ કરવું, તે જેમ પાપ છે,
તેમ ઉચિત કર્મને ન કરવું, તે પણ પાપ જ છે.

## પ્રમાદ ઉપરાંત પાપના ૪ પ્રકાર

આચરણનું પાપ તે મન-વચન-કાયાના યોગનું પાપ,
પાપનો અનિયમ તે અવિરતિનું પાપ,
પાપમાં વાંધો ન લાગે, તે મિથ્યાત્વનું પાપ અને
પાપ સાથે માન, મદ, માયા વગેરે ભળે, તે કષાયનું પાપ.
'પાપ એ ત્યાજ્ય છે' એ ભાવ ટકાવવા માટે સમ્યક્ત્વ,
વિરતિ, અપ્રમાદ, અકષાય, યોગ વગેરે ભાવો જરૂરી છે.
શરીરનો રાગ એ મોટું પાપ છે,
એ પાપની ઓળખ, એનો પશ્ચાત્તાપ,
એને નામશેષ કરવાનો પ્રયત્ન - એ ભદ્રદર્શિતા છે.
પાપ વેચીને અઢળક પુણ્ય ખરીદાય છે,
તો પછી વાહ દુઃખને શા સારૂ રોવાનું ?
દુઃખમાં આર્તધ્યાન નહીં - સુખમાં અભિમાન નહીં પણ
બંનેમાં પુણ્ય-પાપ અને એનાં વિપાકનાં દર્શન કરવા.
આપનાર મેળવે છે, જ્યારે લેનાર ગુમાવે છે.
આપવાથી પુણ્ય મળે છે, લેવાથી પુણ્ય જાય છે.

ખાલી આવ્યો પાપથી અને ભરાઈ ગયો પુણ્યથી !

પર આવ્યો પાપ અને પુણ્ય - ઉભયથી.

પાપનું કારણ સ્વાર્થાંધતા છે અને
પુણ્યનું કારણ પરાર્થપરાયણતા છે.
સ્વાર્થવૃત્તિનું કારણ અજ્ઞાન છે અને
તેનો ત્રાસ પાપની ગર્તા, પુણ્યની સ્પૃહા અને
પુણ્ય - પાપથી પર એવા આત્મતત્ત્વની જિજ્ઞાસા છે.
પાપકર્મમાં નિદાન - નિયાણું સંભવે નહીં,
પુણ્યકર્મમાં નિદાન - નિયાણું સંભવે છે.

કરેલું પુણ્ય ભગવાન તો જાણે જ છે,
પછી દુનિયાને જણાવવાનો ધખારો શા માટે?

જગતને સુધારવા હોય, તો સૌ પ્રથમ જાતને સુધારો.
જે પરમાત્માને ચાહે, તેને સમસ્ત જગત ચાહે છે.
પુણ્યકર્મ પણ પાપકર્મની જેમ બંધન - બેડી છે,
પુણ્યનું ફળ સુખ પણ એક પ્રકારનું દુઃખ જ છે.
પાપની જેમ પુણ્ય પણ કર્મોદયકૃત જ છે.

'પાવં = પાંસુઅઇ, અવગુંઠઇ જીવં તેણ અઞ્ઞઇ પાવં ।'
અર્થાત્: આત્માને મલિન કરે છે, માટે 'પાપ' કહેવાય છે.
પુણ્યના માલિક પરમેશ્વર પરમેષ્ઠિ છે, તેથી પુણ્યમાં
તેઓ પુષ્ટ નિમિત્ત છે. પાપના માલિક આપણે છીએ,
કેમકે આપણે અજ્ઞાનથી બંધાયેલા છીએ.

આપણું આલંબન અશુદ્ધ છે અને
તે પાપમાં બાહ્યને નિમિત્ત બનાવે છે,
તેથી અપરાધ નિમિત્તો નહિ પણ પોતે છે.

પુણ્યમાં આલંબન પોતાનું કર્તૃત્વ હોવા છતાં તેનો
પરિપાક ચતુઃશરણાદિ નિમિત્તો સિવાય થતો નથી,
તેથી ત્યાં પ્રધાનતા પુષ્ટ નિમિત્તોની છે.

પાપ અને પુણ્ય પ્રકટ કરવાથી
નાશ પામે છે અથવા ઓછાં થાય છે.
ઢંઢેરો પીટવો હોય, તો પોતાના પાપનો પીટવો જોઈએ,
જેથી પાપ નાશ પામે કે ઓછું થાય.
પુણ્ય તો જેટલું ગુપ્ત રહે, તેટલું તીવ્ર બને.

પુણ્યથી પાપ બળે છે, પાપ બળવાથી જ્ઞાન ખીલી જાય છે.

જ્ઞાનાવરણીયાદિ કર્મ જ કહે છે કે:

સત્તાથી આત્મા અનંત જ્ઞાની - અનંત બળી છે.

પુણ્યની પુષ્ટિ બળને સહાય કરવાથી જ થાય,
બળને વિઘ્ન કરવાથી પાપની પુષ્ટિ થાય.

પાપ એ કાંટો છે, પ્રાયશ્ચિત વડે તેને કાઢી શકાય છે.

સંત કવિ તુલસીદાસજી કહે છે કે:

'તુલસી કાયા ખેત હૈ, મન સા ભયો કિસાન,
પાપ-પુણ્ય દોઉ બીજ હૈ, બુવૈ સો લુને નિદાન.'

કાયા ખેતર - મન ખેડૂત છે, પાપ - પુણ્ય બીજ છે,
પુણ્યથી સુખ છે અને પાપથી દુઃખ છે.

મનરૂપી ખેડૂત તનરૂપી ખેતરમાં
પાપ વાવશે, તો પાપ ઉગશે અને
મનરૂપી ખેડૂત જો પુણ્ય વાવશે, તો પુણ્ય ઉગશે.

સુખના અર્થીએ પુણ્યની વાવણી કરવી જોઈએ અર્થાત્
કાયા પાસે પુણ્યના કાર્યો કરાવવા જોઈએ, પાપના નહીં.

## નિશ્ચય મતની સમજણ

મોક્ષતત્ત્વ ધ્યેય છે, અન્ય ૮ તત્ત્વો પરસ્પર વિરોધી છે.
જીવ-અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ-સંવર, બંધ-નિર્જરા
- આમાં ધર્મ નામે કોઈ તત્ત્વ નથી.

પાપનું વિરોધિ હોવાથી પુણ્ય જ ધર્મનું કારણ બને છે.
'પુણ્ય' શબ્દનો અર્થ જ 'પવિત્ર' એવો થાય છે.
પવિત્ર કર્મ કરતાં કરતાં ધર્મ પ્રગટ થાય જ.
પુણ્ય સ્વયં ધર્મ નથી પણ ધર્મ માટે જરૂરી છે.
જીવનનાવને મોક્ષકિનારે લાવવા પુણ્ય અનુકૂળ પવન છે,
પાપ પ્રતિકૂળ પવન છે, આસ્રવ એ નાવનાં છિદ્રો છે,
છિદ્રોને પૂરવા તે સંવર છે, નાવમાં પાણી ભરાવું તે બંધ,
બહાર કાઢવું તે નિર્જરા, નાવને કિનારે લાવવા તે મોક્ષ
અને સમુદ્રમાં ફેરવવા તે સંસાર છે.

પુણ્ય અને પાપને એકાંતે આસ્રવમાં ગણી
હેય બતાવવા, તે વિવેક વિનાનો દુરાગ્રહ છે.
'परस्परोपग्रहो जीवानां । अधिकरणं जीवाजीवाः ॥'

## પાપકર્મનો વિપાક રૌદ્ર છે, કિન્તુ પુણ્યને વિષ સમાન લેખીને પાપની પંક્તિમાં ન મૂકવું.

જમીન પર ચાલતાં કોઈ પડી જાય, તો તે જમીનનો જ ટેકો લઈને ઉભો થાય છે, તેમ કર્મ (પાપ) વડે જીવ પડે, તો તે કર્મ (પુણ્ય)ની સહાયથી જ પાછો ચડે છે.

પાપનો બાપ લોભ, લોભનો બાપ મોહ, મોહનું મૂળ અજ્ઞાન.

પુણ્યમાં ભગવાનનો સ્પર્શ, પાપમાં શેતાનનો સ્પર્શ છે.

## સંસારમાં રહેવાથી પાપ થતું નથી, પરન્તુ મન જો વિષયોનું ચિંતન કરે, તો જ પાપ થાય છે.

અસાવધાનતાથી થયેલું રાત્રિનું પાપ પ્રાતઃસન્ધ્યા દ્વારા, દિવસે અસાવધાનતાથી થયેલું પાપ સાયંસન્ધ્યા દ્વારા, જાણી - જોઈને થયેલું પાપ પ્રાયશ્ચિત દ્વારા દૂર થાય અને પુણ્યને દ્રવ્યદાન વગેરે વડે પાપની શુદ્ધિ થાય.

પાપ દૂર થવાથી મન પ્રસન્ન - શરીર નિરોગી થાય છે.

આ અવસ્થા પ્રાપ્ત થવાથી વિષયભોગથી વૈરાગ્ય અને સદ્‌ગુરુ મેળવવાની - ગુરુપ્રાપ્તિની ઇચ્છા જાગે છે.

'યાદૃશી ભાવના યસ્ય, સિદ્ધિર્ભવતિ તાદૃશી ।'

આસ્થા, શ્રદ્ધા કે ભાવના હોય, તેવી જ સિદ્ધિ મળે.

## પુણ્ય - પાપની સાચી કસોટી

કેવળ શુભ અથવા અશુભ ક્રિયા નહીં, પરન્તુ
ક્રિયા પાછળ કર્તાના શુભાશુભ આશય ઉપર અવલંબે છે.
સારા આશયથી જે કાર્ય થાય, તે પુણ્યનું નિમિત્ત તથા
ખરાબ આશયથી જે કાર્ય થાય, તે પાપનું નિમિત્ત છે.
પુણ્ય-પાપબંધની કસોટી કેવળ સારી નરસી દેખાતી બાહ્ય
ક્રિયા નહિ, કિન્તુ તેની પાછળ રહેલો કર્તાનો આશય છે.

પુણ્ય - પાપની આ કસોટી સર્વમાન્ય છે.

જે કર્મથી ઈશ્વરનું મહત્ત્વ વધે, તે પુણ્યકર્મ છે.

કર્મનો વિચાર પાપનું પ્રાયશ્ચિત કરાવે છે અને
ધર્મનો વિચાર પુણ્યનું ભાથું બને છે.

પાપ - પુણ્યનો બંધ રાગથી નહીં પણ ભાવથી થાય છે.
એ દૃષ્ટિએ રાગ કરતાં પણ ઈચ્છાશક્તિ બળવાન છે.
રાગ તો ઈચ્છા પેદા કરવાનું એક સાધન છે.

## કર્મ સર્જે જીવ અને ધર્મ સર્જે શિવ.

પાપની સજા કરવાની શક્તિ કર્મમાં છે અને
પાપીને માફ કરવાની શક્તિ ધર્મમાં છે.

પુણ્યના ફળની ઇચ્છાથી થતું પુણ્ય પાપાનુબંધી છે,
કર્મક્ષયના હેતુથી થતું પુણ્ય પુણ્યાનુબંધી પુણ્ય છે.

નિર્જરા = પુણ્ય અને પાપ - ઉભયનું દૂર થવું તે.

પુણ્યનો પ્રકાશ જ પરંપરાએ આપણને
નિર્જરાનું કારણ બનીને મોક્ષ અપાવે છે.

## : પાપ - પુણ્યને ખપાવવા રોજ કરો :

'પ્રભો ! હું તમારી પાસેથી કાંઈ પણ ચાહતો નથી. મારું
સર્વ કાંઈ તમોને અર્પિત કરવાને તૈયાર છું - ચાહું છું.'

પરમાત્મપદના અનવરત ચિન્તનથી મુમુક્ષુઓના
અંતસ્તલમાં પ્રસુપ્ત પાપસંસ્કાર અને પ્રકટ પાપપુંજ
થોડાં જ સમયમાં ઉપશમિત થઈ જાય છે.

અધિક ગુણવાનને નમવાની વૃત્તિ પાત્રતા પ્રકટાવે છે
અને સમગ્ર પાપરાશિને ખપાવે છે.

## ષડ્દર્શનમાં 'કર્મ' શબ્દના વિભિન્ન અર્થ

લૌકિકમાં કર્મ એટલે હાલવું - ચાલવું.
નૈયાયિક પ્રમાણે કર્મ એટલે ઉત્ક્ષેપણ, કંપનાદિ.
મીમાંસક પ્રમાણે કર્મ એટલે યજ્ઞ - યાગાદિ કરવા તે.
સ્માર્ત પ્રમાણે કર્મ = વર્ણાશ્રમની ક્રિયાઓ કરવી તે.
પૌરાણિક પ્રમાણે વ્રત - નિયમાદિ ધાર્મિક ક્રિયા કરવી તે.
વૈયાકરણ પ્રમાણે કર્તાની અભિપ્રેત કૃતિનું ફળ.

## અધ્યાત્મશાસ્ત્રમાં 'કર્મ' શબ્દના બે અર્થ

(૧) રાગદ્વેષાત્મક પરિણામ તે કષાય એ ભાવકર્મ છે.
વેદાંતમાન્ય માયા, અવિદ્યા, પ્રકૃતિ - એ 3 ભાવકર્મ છે.
(૨) કાર્મણજાતિના પુદ્ગલવિશેષ, કે જે કષાય નિમિત્તે આત્માની સાથે મળી જાય છે, તે દ્રવ્યકર્મ છે.

## ષડ્દર્શનમાં 'કર્મ' શબ્દના પર્યાય શબ્દો

માયા, અવિદ્યા, પ્રકૃતિ, અપૂર્વ, વાસના, આશય, અદૃષ્ટ, ધર્માધર્મ, સંસ્કાર, દૈવ, ભાગ્ય, વિધિ, વિધાતા, દૈવ, કર્મ, પુરાકૃત, સૃષ્ટા, ઈશ્વર વગેરે કર્મના પર્યાય શબ્દો છે.

## જૈન દૃષ્ટિએ કર્મ એટલે...

વિચિત્ર પ્રકારના સ્વભાવવાળા પુદ્ગલના અણુઓ.

ભૂતકાળની જીવ કર્મ સાથે પણ અનાદિ સંબંધ છે.

કર્મની વ્યાખ્યા : કર્તાને જે ઇષ્ટ હોય, તે કર્મ.

જ્ઞાની પુરુષો સ્વભાવમાં લેશમાત્ર ક્રિયા કરતાં નહિ પણ કર્મ પાર વગરનું એટલે કે અનંત કરે છે. તેની માત્ર જાતિ જ પાર વગરનો ભેદસંગ્રહ - ભેદાનુગ્રહ કરે છે. ક્રિયા જેમજેમ સૂક્ષ્મ થતી જાય છે, તેમ કર્મ વધે છે.

જ્યારે ચિત્ત પરિપૂર્ણ શુદ્ધ થાય છે,

ત્યારે ક્રિયા શૂન્યરૂપ થઈને કર્મ અનંત ઘટ્યું રહે છે.

પહેલાં તીવ્ર, પછી સૌમ્ય, પછી સૂક્ષ્મ અને
સૂક્ષ્મમાંથી છેવટે શૂન્ય થઈ રહે છે.

ક્રિયામાં જ્યારે આપણે શૂન્યત્વ આવે,
ત્યારે કર્મ અનંત તથા આપોઆપ જ ઘટ્યું રહે છે.

'હું ચેતન છું, અંશે પણ જડ નહિ'
એમ સમજતાં જ કર્મ ભરી ગઈ ભ્રાંતિ મટી જાય છે.

જીવના સંબંધમાં આવતાં પરમાણુને 'કર્મ' કહેવાય છે,
કેમકે તેનું આવવું કાયા - વચન - મનની ક્રિયાથી થાય છે.

કર્મેન્દ્રિયોને કર્મ કરતાં અટકાવીને જે
મનથી વિષયોનું ચિંતન કરે, તે ઢોંગી તથા
બહારથી ત્યાગી અને અંદરથી વાસનાગ્રસ્ત મિથ્યાચારી છે.

કર્મ એ ભવિષ્યનું વર્તમાન છે.

કર્મ એ અંતરની શુદ્ધિ - ઉપલબ્ધિનું પ્રદર્શન છે.

કર્મ વડે ભવિષ્યની અંતિમ કસોટી છે.

અનંત કર્મોની પક્કડમાંથી છૂટવા માટે
સૌને અનંત જીવોની સહાયની જરૂર છે.

કર્મ, કર્મફળ, કર્મભોગ અને કર્મકર્તા, એ બધું જુદું છે.

દર્શનશક્તિ = પોતાની સત્તાનું અનુભવન - સ્વસંવેદન.

જ્ઞાનશક્તિ = બાહ્યપદાર્થોને જાણવાની શક્તિ - પરસંવેદન.

આત્મચેતના = ઉપયોગશક્તિ, કર્તૃત્વ - ભોક્તૃત્વશક્તિ.

તત્ત્વજ્ઞાન = જીવ - અજીવ, કર્મસિદ્ધાંત = આશ્રવ - બંધ.

આચારશાસ્ત્ર = સંવર - નિર્જરા, અંતિમ ફળ = મોક્ષતત્ત્વ.

## ઈષ્ટાનિષ્ટ, મિશ્ર અને શુભાશુભ આદિ કર્મ

શુભ કર્મથી દેવનો દેહ, અશુભ કર્મથી તિર્યંચનો દેહ
અને મિશ્ર કર્મથી મનુષ્યનો દેહ પ્રાપ્ત થાય છે.
પાપ + સત્ય સંયોગથી મળે, ત્યારે 'મિશ્ર' કર્મ બને.
ચિત્તપ્રસાદ આદિ તૌષ્ટિક કર્મ છે,
વ્યાધિનું નિવારણ તે શાંતિક કર્મ તથા
ઐશ્વર્ય-કીર્તિ-સંપત્તિ આદિનો લાભ તે પૌષ્ટિક કર્મ છે.
તદ્ ઉપરાંત બીજાને નુકસાનનો હેતુ હોય અને
જેમાં અજ્ઞાન - મોહ વગેરે હોય, તે તામસી કર્મ.
જેમાં દંભ, માન, સ્વાર્થ કે અહંકાર હોય, તે રાજસી
અને ભગવત્ પ્રીત્યર્થે નિર્હેતુક, સ્વાર્થરહિત અને
સ્વધર્માચરણ રૂપ કર્મ હોય, તે સાત્ત્વિક કર્મ છે.
સાત્ત્વિક કર્મો જ અંતઃકરણની શુદ્ધિ કરે છે.
જે કર્મની પછવાડે 'હું કરું છું' એ અભિમાન ન હોય,
'કર્તા - હર્તા ભગવાન છે, હું તો નિમિત્તમાત્ર છું' એ
ભાનપૂર્વક જે સત્કર્મ થાય, તે શુદ્ધ કર્મ કહેવાય છે.

કર્મના ત્રણ પ્રકાર: સંચિત, પ્રારબ્ધ તથા ક્રિયમાણ.

સંચિત: જન્મ-જન્માંતરના ભેગા થયેલ સત્તામાં રહેલ કર્મો.

પ્રારબ્ધ: જેનાં ફળ મળવા માંડ્યાં છે, તે ઉદયમાં આવેલ કર્મો.

ક્રિયમાણ: જીવનનું કાર્ય કરતાં ચાલુ બંધાતા નવા કર્મો.

પ્રારબ્ધ કર્મ ભોગ દ્વારા જ ક્ષય પામે છે.
તે દ્વારા પાછલાં કરજ ચૂકવાય છે.

## સંચિત, પ્રારબ્ધ તથા ક્રિયમાણ કર્મનું દૃષ્ટાંત

ધનુર્ધરની પીઠ ઉપર ભાથામાં બાણોનો સમૂહ ભર્યો છે, તે એનાં સંચિત કર્મ છે, તેમાંથી એક બાણ છોડ્યું છે, તે તેના હાથમાંથી છૂટી ગયું છે અને પાછું બોલાવી શકે તેમ નથી.

આ છોડેલું બાણ તે પ્રારબ્ધ કર્મ અને બીજું બાણ છોડવાની તૈયારીમાં છે, તે ક્રિયમાણ કે આગામી કર્મ છે.

આમાંથી સંચિત કે ક્રિયમાણ ઉપર પૂરો અધિકાર છે, પરન્તુ પ્રારબ્ધ એટલે કે જે ભૂતકાળના કર્મોનું પરિણામ આવવા માંડ્યું છે, તે તો એને ભોગવવું જ રહ્યું.

## સંચિત, પ્રારબ્ધ, ક્રિયમાણ કર્મની સરળ સમજૂતી

પૂર્વજન્મોના કર્મોનો સમૂહ તે સંચિત કર્મ. ઇચ્છાઓ, વૃત્તિઓ, શક્તિઓ વગેરે સર્વમાં સંચિત કામ કરે છે. બીજું પ્રારબ્ધ કર્મ છે, એ પણ સંચિતનો જ અંશ છે. આ જન્મના દશા કે અપદશાનું કારણ પ્રારબ્ધ છે. જન્મ આપનાર પણ એ છે અને એના ધોરણે જ જીવન ચાલે છે. સંચિતનો જ પાક પાકીને તૈયાર થયો હોય, તે મુજબ જન્મ મળે છે તથા જીવન વીતે છે, એમાંથી નથી છૂટાતું, નથી બદલી શકાતું. બીજું પ્રારબ્ધ એ તેણે ગત જન્મમાં કરેલાં કર્મોનો ફળ સ્વરૂપે છે, જે ભોગવવાથી જ છૂટે. સુખ-દુઃખ પ્રારબ્ધ કર્મનાં ફળ છે. તે ભોગવવા માટે જ આ દેહ બંધાયો - જન્મ થયો છે.

પ્રારબ્ધ કર્મનાં ફળનો ભોગ પૂરો થાય,
ત્યારે જ આ દેહની સાથે જ તેનો અંત થાય છે.
પ્રારબ્ધ કોઈ સ્વતંત્રપણે ઉત્પન્ન થતું નથી.
તેને મનુષ્ય પોતાનાં કર્મ કે પુરુષાર્થથી ઉત્પન્ન કરે છે.

## જ્ઞાની - અજ્ઞાની સર્વને પોતાના

પ્રારબ્ધ મુજબ જીવને સારાં-માઠાં ફળો ભોગવવા જ પડે,
તેમાં પુરુષપ્રયત્નનો કોઈ અવકાશ જ નથી.
ત્રીજું જે ક્રિયમાણ કર્મ - એ ભાવિને સર્જે છે.
કર્મના આ ચક્રને પણ ભેદી શકાય છે.
ક્રિયમાણ કર્મની નિર્જરા માટે પ્રાયશ્ચિત્તો કરવાં,
નિમિત્ત ભાવે ભોગવવાનું યંત્ર બની રહેવું અથવા
સાક્ષીભાવ રાખી મન તથા ઇંદ્રિયોના વ્યવહાર પ્રત્યે
ઉદાસીન રહેવું, કુદરતે મનુષ્યને ક્રિયાસ્વાતંત્ર્ય છે.
ક્રિયમાણ કર્મ કાં તો સંચિત કર્મમાં કે પછી
પ્રારબ્ધ કર્મમાં મળી જાય છે, તેથી જુદા કહ્યાં નથી.
પોતાનાં કર્મ અને પુરુષકારથી જ પ્રારબ્ધ બંધાય છે.
પ્રારબ્ધ સ્વયં પાંગળું છે, તેને કર્મ + પુરુષાર્થ ચલાવે છે.
ક્રિયમાણ કર્મ કર્તાપણાં અને ભોક્તાપણાંના
અભિમાનથી રહિત થઈ કરવામાં આવે,
તો તે ક્રિયમાણ કર્મ બંધનકર્તા થતાં નથી.

પ્રારબ્ધ અને પુરૂષાર્થ - બન્ને સત્ય છે.

કર્મ એ પ્રારબ્ધવાદ નહીં, ખરા અર્થમાં પુરૂષાર્થવાદ છે.

કર્મ બાંધનાર અને ખપાવનાર જીવ પોતે છે.

પૂર્વે કરેલાં કર્મના ફળ રૂપે જીવનમાં જે જે
સુખ - દુઃખના પ્રસંગો આવે, તે 'પ્રારબ્ધ' કહેવાય છે,
આ જન્મમાં જે કરવામાં આવે, તે 'પુરૂષાર્થ' ગણાય છે.
પુરૂષાર્થ કર્યા વિના કોઈપણ વસ્તુની સિદ્ધિ ન થાય.
દૈવ, ભાગ્ય - પ્રારબ્ધ વગેરે શબ્દોને આગળ કરીને
જેઓ પુરૂષાર્થની અવગણના કરે છે,
તેઓ આત્મવાદી નહીં પણ અનાત્મવાદી છે.

જેમ નાસ્તિકોને પ્રારબ્ધ કર્મ પ્રબળ છે,
તે રીતે પ્રારબ્ધ કર્મથી યોગાભ્યાસ અધિક બળવાન છે.

કર્મ પોતે અદૃષ્ટ હોવાથી દૃષ્ટ - પ્રત્યક્ષ સાધનસંપત્તિ
વિના ફળ આપવાને અસમર્થ છે. માટે જ અન્નાદિ
ફળ મેળવવા કૃષિ આદિ અને ધનાદિ ફળ મેળવવા માટે
અદૃષ્ટની સાથે વાણિજ્યાદિ દૃષ્ટ સામગ્રીની જરૂર છે.

સાધનાથી સંચિત અને ક્રિયમાણ કર્મનો નાશ થઈ શકે છે,
પરન્તુ પ્રારબ્ધ કર્મનાં ફળ ભોગવવાં જ પડે છે.

ભોગ વિના તેનો નાશ થતો જ નથી.

સંચિત અને ક્રિયમાણ (આગામી) કર્મનો
નાશ કરવાના અખત્યારો સાધનાથી હાથ છે.

'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।'

આ જન્મની ક્રિયા = ક્રિયમાણ કર્મ વડે પ્રકૃતિ પાકા શકાય છે. સંકલ્પો અને ઇચ્છાઓ બદલી શકાય છે. મનુષ્ય ધારે તો વાસનાઓથી છૂટી શકે છે, સંકલ્પોને શુદ્ધ કરી શકે છે, વર્તનને સાત્ત્વિક બનાવી શકે છે.

નવનિર્માણનું મુહૂર્ત અત્યારે જ છે.

જુદી જુદી નીચ યોનિઓમાં ભટકતો જન્મ
અંતઃકરણના મળ ધોવાનાં સાધનો પૂરાં પાડે છે.

કર્મમાં મુખ્ય પ્રેરણા મનોવૃત્તિની છે, તેથી જ શરીર તથા ઇંદ્રિયોમાં ક્રિયા થઈને વાસનાઓના સંસ્કાર પડે છે. કર્મથી વાસના - વાસનાથી કર્મનું ચક્ર ચાલ્યાં જ કરે છે.

વર્તમાનનું પ્રારબ્ધ તે ભૂતકાળનો પુરુષાર્થ અને
વર્તમાનનો પુરુષાર્થ તે ભવિષ્યનું પ્રારબ્ધ છે.
એમ વર્તમાનકાળ એ ભૂતકાળ બને છે અને
ભવિષ્યકાળ એ વર્તમાનકાળ બને છે,
પરન્તુ કાળ તો એક જ અને તે વર્તમાન જ છે, તેમ
પુરુષાર્થ સિવાય બીજું કંઈ જ નથી. જ્યારે મનુષ્ય
કામ કરે, ત્યારે પ્રભુ સ્વયં તે પુરુષાર્થનું રૂપ લે છે.
પ્રારબ્ધનો સંબંધ ભૂતકાળ સાથે છે, જ્યારે
ભવિષ્ય મનુષ્યના પોતાના હાથમાં છે.
કર્મનો નિયમ અટલ હોવા છતાં એમાં માત્ર પરમાત્માની
કૃપાને અવકાશ છે, જે પ્રાયશ્ચિત અને તપથી મળે છે.
પશ્ચાત્તાપ એ પણ એક પ્રકારની ક્રિયા જ છે,
તેથી બીજી ક્રિયાઓની જેમ એનું પણ ફળ મળે છે.
જે પાક લણવાનો છે, તેમાં પરિવર્તન થઈ શકતું નથી,
કિન્તુ એનું પુનરાવર્તન સ્વપુરુષાર્થ વડે રોકી શકાય છે.
સ્વપ્રયત્નથી એવું દૃઢ ન બને, એમ કરી શકાય.

બધ્યમાન કે ક્રિયમાણ, સત્તા કે સંચિત, ઉદીયમાન કે પ્રારબ્ધ-

તેને જ જૈનદર્શનમાં બંધ, સત્તા અને ઉદય -

નામે કર્મની ત્રણ અવસ્થાઓ કહી છે.

કર્મ ગમે તેટલું બળવાન કેમ ન હોય પણ આત્માના
શુદ્ધ પરિણામોથી એ વિપાકને રોકી શકાય છે.

સંચિતમાંથી ઉદયમાં આવવા સન્મુખ થયેલાં કર્મમાં
વર્તમાનના શુભાશુભ ભાવથી ફેરફાર થઈ શકે છે.
શુભ ભાવથી કર્મની સ્થિતિ + અશુભ રસ ઘટે, શુભ રસ
વધે અને ઉદયાગત કર્મનું સમતા ભાવે વેદન થઈ
જતું હોવાથી તે કર્મનો નિરનુબંધ ક્ષય થઈ જાય છે.

સંચિત તો ભસ્મ થઈ શકે, ક્રિયમાણથી અસ્પૃષ્ટ રહી શકાય,
પરન્તુ પ્રારબ્ધ કર્મ તો ભોગવવું જ પડે.

જગતમાં જગતબુદ્ધિ ન રહે, તો મૂળમાં જ
એ આત્મરૂપ હોઈને સતત સ્વરૂપદૃષ્ટિ સ્થિર રહે છે
અને તેથી સંચિત કર્મોની અંકુરિત, પુષ્પિત, પલ્લવિત
અને ફલિત થવાની શક્તિ નાશ પામે છે.

પ્રારબ્ધ કર્મ સંકલ્પ દ્વારા જ ક્રિયમાણ બને છે.

સંકલ્પને વિશુદ્ધ રાખવાથી વિપત્તિ દૂર રહે છે.

પ્રારબ્ધ કર્મના પ્રવાહમાં તણાતાં જીવને એ સંતસમાગમથી
કાંઈ ભાન થાય છે, માટે તે કરવા યોગ્ય ગણાય છે.

પ્રારબ્ધ કર્મના સંસ્કારો ભોગવાઈ ગયાં બાદ
તેનું શુદ્ધ સ્વરૂપ જણાય છે.

પાપનાશથી કેવળજ્ઞાન અને કર્મનાશથી નિર્વાણ થાય.

ગંગાજળથી સંકલ્પ-વિકલ્પરૂપ પાપ જાય છે અને
ગંગાસ્નાનથી પૂર્વનું સંચિત કર્મ જાય છે.

એથી કેવળજ્ઞાન અને બાણથી નિર્વાણગમન થાય છે.

પાપ એટલે રાગ-દ્વેષ અને કર્મ એટલે રાગ-દ્વેષ વડે થતો
અને પૂર્વે થયેલો કર્મનો કચરો.

રાગ-દ્વેષ ટળી, સંકલ્પ-વિકલ્પથી મુક્ત થવાય,
તો નવીન કર્મબંધ થતો નથી અને
પૂર્વના કર્મ નિર્જરા થઈ પરિણામે કેવળજ્ઞાન અને
પ્રાંતે નિર્વાણસુખની પ્રાપ્તિ થાય છે.

સંચિત કર્મોના સંસ્કારોને ઉપસર્જન, અનિયતવિપાક,
અદૃષ્ટજન્ય વેદનીય અને પ્રારબ્ધ કર્મોને
પ્રધાન, નિયતવિપાક અને દૃષ્ટજન્ય વેદનીય કહ્યાં છે.

કર્મોના વળી બે ભેદ છે: નિષિદ્ધ અને વિહિત.
નિષિદ્ધ કરેલ પાપકર્મ તો કદી કરવાનાં છે જ નહીં.
વિહિતના ૪ ભેદ: નિત્ય, નૈમિત્તિક, કામ્ય તથા પ્રાયશ્ચિત.
તનમાં લોહી ફરે, શ્વાસોચ્છ્વાસ લઈએ, તે સૌ નિત્ય કર્મ.
પગે કાંટો વાગે કે માંદા પડીએ, એ સૌ નૈમિત્તિક કર્મ.
શરીર સુધારવા કસરત કે યોગાસન, તે સર્વ કામ્ય કર્મ.
ભૂલ સમજાય પછી ક્ષમા માંગે, તે પ્રાયશ્ચિત કર્મ છે.
વિહિત કર્મમાં યજ્ઞ (પૂજા), દાન અને તપ મુખ્ય છે.
તે કર્મો ફલેચ્છારહિત, નિષ્કામપણે તથા ઈશ્વરાર્પણ બુદ્ધિ
અંતઃકરણની શુદ્ધિ થતાં સુધી નિત્ય અવશ્ય કરવા,
એમ 'ગીતા'ના ૧૮મા અધ્યાયમાં બોધ કર્યો છે.

સકામ કર્મ એ બંધનનાં હેતુ છે,
તેથી જન્મ-મરણ વધે છે, માટે ત્યાજ્ય છે.

તીર્થંકરપણાનું ઐશ્વર્ય ભોગવવા નહિ, પરંતુ
કર્મપીડિત જગતનો ઉદ્ધાર કરવા માટે ઈચ્છવાનું છે.

કર્મ પ્રત્યે કઠોર અને જીવ પ્રત્યે કોમળ,
તેનું જ નામ 'જૈનશાસન' છે.

મહાવીર પ્રભુ ૨૫૦૦ વર્ષ પહેલાં થઈ ગયા,
ક્ષત્રિયકુંડમાં જન્મ્યા, દીક્ષા લઈને બહુ કષ્ટ વેઠ્યા,
કેવળજ્ઞાન પામ્યા શાસન સ્થાપ્યું, નિર્વાણ પામ્યા વિગેરે
અને હવે તો ભગવાન નથી, માટે તેમની મૂર્તિનું જ
આલંબન લઈને તેમણે બતાવેલ આરાધના કરીને
આપણે આપણાં કર્મ ખપાવવાના છે, વિગેરે વિષયક
વિચારોથી પ્રભુ સાથે પરોક્ષ સંબંધ જોડીએ છીએ.

વાસ્તવમાં તો આરાધના એ
ભગવાન સાથે પ્રત્યક્ષ સંબંધ જોડવાની વાત છે.

વાસ્તવમાં તો આરાધના એ
આપણા સંચિત, પ્રારબ્ધ તથા ક્રિયમાણ કર્મ સાથેના
ભવોભવના બંધન તોડવાની વાત છે.

## કર્મબંધના મુખ્ય ૫ કારણ

મિથ્યાત્વ = અનાત્મભાવને આત્મભાવ માનવો.

મિથ્યાત્વના ત્યાગને માટે આત્મામાં આત્મભાવની બુદ્ધિ અને અનાત્મામાં અનાત્મભાવની બુદ્ધિ સ્થિર કરવી.

અવિરતિ = આત્માના સુખ માટે અનાત્મભાવનો સંગ કરવો.

અવિરતિના ત્યાગને માટે અનાત્મભાવનો અને તેના વૃદ્ધિમાં હેતુભૂત જડ વસ્તુઓનો સંગ વર્જવો.

પ્રમાદ = અનાત્મભાવમાં આસક્ત રહેવું.

પ્રમાદના ત્યાગ માટે અનાત્મામાં અનાસક્તભાવ કેળવવો.

કષાય = અનાત્મભાવને ઈચ્છવો.

કષાયના ત્યાગ માટે અનાત્મભાવની ઈચ્છાને રોકવી.

યોગ = મન - વચન - કાયાને અનાત્મભાવમાં પરોવવા.

યોગનિરોધ માટે સત્ક્રિયામાં સતત પ્રવૃત્તિશીલ રહેવું.

આત્માને પરમાત્મરૂપ બનવામાં અંતરાયભૂત એવા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ અને તેથી થતાં કર્મબંધનું સ્વરૂપ જાણવું, જોવું અને વર્જવું.

## કર્મબંધના મુખ્ય ૫ કારણોની ટૂંકી વ્યાખ્યા

(૧) વિપરીત દૃષ્ટિ તે મિથ્યાત્વ.

(૨) ઇચ્છા અને પ્રવૃત્તિનો અનિરોધ તે અવિરતિ.

અવિરતિ = દોષોથી ન વિરમવાની વૃત્તિ.

(3) સદ્કાર્યોમાં આળસ કે જાગૃતતાનો અભાવ તે પ્રમાદ.

પ્રમાદ = કુશળમાં પ્રવૃત્ત ન થવાની વૃત્તિ.

(૪) ક્રોધાદિ પરિણામ તે કષાય.

(૫) મન-વચન-કાયાનો વ્યાપાર તે યોગ.

કર્મબંધનું મુખ્ય કારણ અવિરતિ અને
કર્મના અનુબંધનું કારણ મિથ્યાત્વ છે.

અવિરતિ, કષાય, પ્રમાદ અને યોગથી કર્મ બંધાય છે,
પરંતુ મિથ્યાત્વ ભળે, તો જ અનુબંધ પડે.

કર્મબંધના સામાન્ય કારણ : ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યા.

મુખ્ય : મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ.

જીવ બંધાતો નથી, કર્મ બંધાય છે. બાંધનારો બંધાય નહીં.

બંધાય તે બાંધનારો કહેવાય નહીં.

'યોગઃ कर्मसु कौशलात्मनाद्धाति - स्थापयति ।' આ સૂત્ર કર્મબંધન ન થાય, તે રીતે કર્મ કરતાં શીખવાડે છે.

<u>કર્મબંધના ૫ હેતુઓમાં સ્થિત ૫ ભય</u>

<u>મિથ્યાત્વ</u> - અનાત્મભય, <u>અવિરતિ</u> - અત્યાગભય,
<u>પ્રમાદ</u> - અજાગૃતભય, <u>કષાય</u> - અક્ષમાભય,
<u>યોગ</u> - અસ્થિરતાભય.

મિથ્યાત્વ, કષાયાદિ કારણો જીવ દ્વારા જે કરાય, તે કર્મ. આ લક્ષણોમાં ભય તથા દ્રવ્યકર્મ બંને ઘટી જાય છે.

<u>કર્મઉદયના બે પ્રકાર</u> : ૧૨ રસોદય, ૨ પ્રદેશોદય.

<u>કર્મના આસ્રવના પ્રકારો</u> (૧) હિંસા આદિ ૫ આસ્રવો.
(૨) ઇંદ્રિય, કષાય, અવ્રત, યોગ અને પચીસ ક્રિયા.
(3) મિથ્યાત્વ, વિરતિ, પ્રમાદ, કષાય અને અશુભ યોગ.
હિંસાદિ ૫ અવ્રત, ૫ ઇંદ્રિયો, ૪ કષાયો અને 3 યોગ મળીને ૧૭, મિથ્યાત્વ ૨૧ તથા અવિરતિ ૧૨ પ્રકારે, પ્રમાદ ૫ અથવા ૮ પ્રકારે, કષાય ૪ પ્રકારે અને યોગ 3 પ્રકારે = કુલ પ્રકાર ૪૫ અથવા ૪૮ થાય.

કર્મ ૪ પ્રકારે બંધાય : બદ્ધ, સ્પૃષ્ટ, નિધત્ત, નિકાચિત.

(૧) સ્પૃષ્ટ = વિષયોના મળવામાં ઇચ્છા હોવા તે.
સ્પૃષ્ટ કર્મ ભીના કપડાં ઉપર લાગેલી રજ સમાન હોય છે.

(૨) બદ્ધ = ઇચ્છાના મળવામાં વિષયો હોવા તે.
બદ્ધ કર્મ સુકા કપડાં ઉપર ચોંટેલી રજ સમાન હોય છે.

(3) નિધત્ત = ૫ વિષયોને ભોગવવાની ઇચ્છા હોવા.
નિધત્ત કર્મ ચીકણા કપડાં ઉપર લાગેલી રજ સમાન હોય છે.

(૪) નિકાચિત = ૫ વિષયોને ભોગવવાની તીવ્ર ઇચ્છા.
તે અતિ ચીકાશથી તાંતણે-તાંતણે લાગેલી રજ સમાન હોય.

નિકાચિત કર્મનો અન્ય પ્રકૃતિમાં સંક્રમ કે
પોતાનામાં ઉદ્વર્તના - અપવર્તના થઈ શકતાં નથી.

નિધત્ત કર્મનો પરપ્રકૃતિમાં સંક્રમ થતો નથી પણ
પોતામાં ઉદ્વર્તના - અપવર્તના (વધારો - ઘટાડો) થઈ શકે છે.

બદ્ધ = દોરાથી બાંધેલી સોયો, સ્પૃષ્ટ = કાટથી ચોંટેલી સોયો,
નિધત્ત = ઘણાથી કૂટેલી સોયો,
નિકાચિત = અગ્નિથી તપવી, ઘનથી કૂટી એકમેક કરેલી સોયો.

બદ્ધ, સ્પૃષ્ટ, નિધત્ત અને નિકાચિત -
એ ચારે કર્મ જવાના ચાર ઉપાયો:
સત્ય વાણી, ૧૨ પ્રકારના તપ, સદ્ભાવ અને બ્રહ્મચર્ય.
ચારે પ્રકારના કર્મબંધના હેતુ
(૧) અનિચ્છાએ વિષયોનો સ્પર્શ - સ્પૃષ્ટ કર્મ.
(૨) ઇચ્છા સાથે વિષયોનો સ્પર્શ - બદ્ધ કર્મ.
(3) વિષયનો રસપૂર્વક કરેલ ભોગ - નિધત્ત કર્મ.
(૪) વિષયનો તીવ્ર રસપૂર્વક ઉપભોગ - નિકાચિત કર્મ.
એ રીતે કર્મબંધનું સ્વરૂપ અને
પ્રતિપક્ષ કર્મક્ષયના ઉપાયનું સ્વરૂપ જાણવું જરૂરી છે.
કર્મક્ષય એ ઉપેય છે, સામાયિકની ક્રિયા તે ઉપાય છે.
શું કરવાથી દુર્ગતિ મળે, તે જાણી ત્યજવું જ જોઇએ.
કર્મબંધનના (૫૭) હેતુ છે.
3 કાળ સંબંધી 3 કરણ, 3 યોગ - જ્ઞપરિજ્ઞાથી સમજી
પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેનો ત્યાગ કરવો. મુનિ એટલે એ
ભેદોને સારી રીતે સમજી તેના કારણોથી દૂર રહેનાર.

## નિધત્ત - નિકાચિત કર્મોનો છેદ શેનાથી થાય ?

ઉપચાર કાર્યનો કારણમાં - ત્રણ રત્ન ઉપરાંત અન્ય
સાધનની જરૂર, તે તપ, તેનાથી ચિરકાલીન સંચિત
નિધત્ત તથા નિકાચિત કર્મોનો છેદ થઈને
અવ્યાબાધ સુખસ્વરૂપ મોક્ષસુખની લીલા પ્રાપ્ત થાય છે.
કર્મનો બંધ રાગ-દ્વેષના તારતમ્ય ઉપર આધાર રાખે છે.
રસના આદિનું દુર્જયપણું તપ આડે આવે છે.
પ્રત્યાખ્યાનથી તૃષ્ણાનો છેદ, તૃષ્ણાછેદથી અનુપમ શાંતિ,
અનુપમ શાંતિથી અપૂર્વ નિર્જરા, તેથી અપૂર્વ પ્રત્યાખ્યાન.

ભગવાનની આજ્ઞા મુજબનું મુનિપણું
એ અરિહંતે કહેલું અનુપમ સાધન છે.

એ સાધન પામ્યા પછી જો આસનાદિને વશ થવાય,
તો એ આપણી જ પામરતા અને
તીવ્ર કર્મનો પાપોદય સિવાય બીજું કંઈ જ નથી.
આપણે આપણી પામરતા ખંખેરી નાખીએ, તો મોટે
ભાગે તો બિચારી કર્મસત્તા પણ રંક બની જાય છે.

કાઉસ્સગ્ગ પૂર્વે બોલાતાં શબ્દોથી ચારે કર્મનો ક્ષય

'પ્રતિક્રમામિ'થી સ્પૃષ્ટ કર્મબંધનો ક્ષય થાય છે.

'નિંદામિ'થી બદ્ધ કર્મબંધનો ક્ષય થાય છે.

'ગરિહામિ'થી નિધત્ત કર્મબંધનો ક્ષય થાય છે.

'અપ્પાણં વોસિરામિ'થી નિકાચિત કર્મનો પણ ક્ષય થાય છે.

'નિંદામિ - ગરિહામિ' એ આપધ્ના ત્યાગરૂપ છે અને

'અપ્પાણં વોસિરામિ' એ રસાયણના સેવનરૂપ છે.

કર્મક્ષયથી સિદ્ધને ૩૧ ગુણ પ્રગટે છે.

(૧) ૪ દર્શનાવરણીય + ૫ નિદ્રાના ક્ષયથી ૯ ગુણ પ્રગટે.

(૨) આયુકર્મના ક્ષયથી ૪ ગુણ પ્રગટે.

(૩) જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી પાંચ ગુણ પ્રગટે.

(૪) અંતરાય કર્મના ક્ષયથી પાંચ ગુણ પ્રગટે.

(૫) વેદનીયના ક્ષયથી ૨ ગુણ (૬) મોહનીયના ક્ષયથી ૨ ગુણ

(૭) નામકર્મના ક્ષયથી ૨ ગુણ (૮) ગોત્રકર્મના ક્ષયથી ૨ ગુણ.

કુલ = ૯ + ૪ + ૫ + ૫ + ૨ + ૨ + ૨ + ૨ = ૩૧.

કર્મના ક્ષયથી મોક્ષ મળે, કર્મનો ક્ષય આત્મજ્ઞાનથી થાય.

'કર્મકૃત અવસ્થાઓ ખરી રીતે જીવની નહિ'
એમ માનવું, એ સમ્યગ્દર્શન છે.

જીવ સચેતન છે - કર્મ અચેતન છે, છતાં વિશ્વની
અવસ્થા, ઈશ્વરને કારણે નહીં, કર્મના જ કારણે છે.
સાધનાનો પ્રારંભ સમ્યગ્દર્શન ના વિવેકમાંથી થાય છે.

કર્મફળેચ્છા અને કર્તૃત્વાભિમાનનો ત્યાગ
મનુષ્યમાત્ર કરે છે, કિન્તુ તે તો
પાપકર્મ કરતી વખતે અથવા કોઈપણ કાર્યમાં થયેલ
પોતાની ભૂલનો બચાવ કરતી વખતે કરે છે.
ત્યાં અનાસક્તિ યોગ નહિ, કિન્તુ કર્મફળમાં અને
કર્મના અહંકારમાં ભારોભાર આસક્તિ છે, કારણકે
પાપકર્મ કરીને ય તેના દુષ્ટ વિપાકમાંથી
બચી જવાની લાલસા ત્યાં રહેલી છે.
ભૂલવાળા કર્મનો ભાર પોતાની ઉપર ભલે ન લે,
કિન્તુ જે જે કર્મથી લાભ થયો હોય,
તે કર્મનો અહંકાર તેના દિલમાં ઠાંસીને રહેલો છે.

## કર્મના અહંકારનો ત્યાગ કોણ કરી શકે ?

કર્મ ફલાકાંક્ષા અને કર્મના અહંકારનો ત્યાગ
તે જ કરી શકે કે જે સ્યાદ્વાદ ન્યાયપૂર્વક કર્મ અને
તેના ફલનો સંબંધ કરાવનાર જેટલાં નિમિત્તો છે,
તેને અને પોતાને - ઉપાદાનને યથાસ્થાને યોજી શકે.
સમ્યગ્ જ્ઞાનપૂર્વકની અનાસક્તિ એ જ ખરો કર્મયોગ.

દુઃખની ઇચ્છા લેશમાત્ર ન હોવા છતાં
જીવ જ્યારે પાપકર્મ કરે છે, ત્યારે
ફલેચ્છાના ત્યાગપૂર્વકનો એ સાચો કર્મયોગ જ નથી.

કર્મ એ સાધન છે, સાધ્ય નથી.

કોઈપણ કર્મની કિંમત તેની પાછળ રહેલી કે તેના દ્વારા
પ્રગટ થવા મથતી ચૈતન્ય અવસ્થા પર આધાર રાખે છે.
કર્મની કિંમત માનવના આંતરચૈતન્યને
મૂર્ત સ્વરૂપ આપવા પૂરતી હોઈ શકે.
જે કર્મ કેવળ યાંત્રિક છે, જેની પાછળ ચૈતન્યની વિશિષ્ટ
અવસ્થા નથી, તે કર્મની કિંમત નહીં જેવી જ ગણાય.

## કર્મ હોવાના સાબિતી શું ?

આત્મા આત્મત્વેન - બધા આત્મા સમાન છતાં ય
મનુષ્ય - દેવ આદિ વિચિત્રતાનું કારણ કર્મ છે.
મનુષ્યત્વેન - સર્વ મનુષ્યો સમાન છતાં ય
રાજા - રંકાદિ વૈચિત્ર્યનું કારણ કર્મ છે.
બાળક નિર્દોષ છતાં રોગી થવાનું કારણ કર્મ છે,
સાધુ નિર્દોષ હોવા છતાં ઉપસર્ગોનું કારણ કર્મ છે.
જીવ પૂર્વ ભવના સંસ્કારો લઈને જન્મે છે,
તેથી નક્કી થાય છે કે કર્મ છે અને પરલોક પણ છે.
સુખ - દુઃખાનુભવ કાર્ય છે, તેનું કારણ હોવું જ જોઈએ.
વિષકંટકાદિ દૃષ્ટ કારણો દ્વારા ફળની તરતમતા જણાય,
તે તારતમ્ય રૂપી કાર્યનું કારણ પણ કર્મ છે.
એક જ ક્રિયાથી દૃષ્ટ ફળની તરતમતામાં કારણ કર્મ છે.
કર્મની વિચિત્રતા મિથ્યાત્વાદિ હેતુની વિચિત્રતાથી છે
અને હેતુની વિચિત્રતા ક્રિયાની વિચિત્રતાથી છે.
વળી ક્રિયાની વિચિત્રતા તો પ્રત્યક્ષ સિદ્ધ પણ છે.

૧૨ કર્મોદય અને તેના ૧૨ કારણો નીચે મુજબ છે:

(૧) મદાદિ મદોદર (૨) વિષયના સેવનાદિ પ્રલીન બંધુવર્ગ (૩) કષાયસેવનાદિ દુષ્ટ બુદ્ધિ આવે (૪) વિકથા શ્રવણાદિ દારિદ્ર્યોપહત (૫) નિદ્રાસંશય થકી પૌરુષવિકલતા જન્મે (૬) વિપર્યયને કારણે ભવને કુલક્ષણ શરીર મળે (૭) અનધ્યવસાયાદિ અનાથપણું (૮) રાગાદિ દુષ્ટ પાર્શ્વવર્તિક (૯) દ્વેષાદિ વિઘાટન (૧૦) સ્મૃતિભ્રંશ - દુર્દાન્તાડિંભ સંઘાત (૧૧) ધર્મના અનાદરાદિ ચિરભવિકાભાવિતપણું અને (૧૨) યોગદુષ્પ્રણિધાનાદિ ભિલત્વ દર્શન થાય. - ઉપમિતિ

'કર્મનો આશય પણ કર્મ છે અને
કર્મ, કર્મનું ફળ, કર્તા તથા કર્મનો પ્રેરક પણ તે જ છે'
એ વિચારને સુસ્થિર કરીને પરમાત્માનું સ્મરણ કરવું, તેની સાથે પોતાના સ્વભાવ અને સ્વધર્મ અનુસાર વ્યવહારપરાયણ રહેવું. આસક્તિ જ કર્તવ્યપણું છે.

મનાદિ ઇંદ્રિયોને સંયમમાં રાખી સ્વધર્માનુસાર
કર્મમાં જ પ્રવૃત્ત રહે, તે જ મનુષ્ય શ્રેષ્ઠ છે.

'હું એ જ જીવ' એવો અનાદિ કાળથી
આપણો જે ભ્રમ છે, તેનું નિવારણ
કરવાનો અભ્યાસ દીર્ઘ-કાળ સુધી કરવો જ જોઈએ.
જૈન દૃષ્ટિએ ભ્રમનું કારણ કર્મનો સંબંધ છે, એ સંબંધ પણ ઉપાદાનની યોગ્યતાના કારણે છે. જીવનો ભવ્યત્વ સ્વભાવ અનાદિ પારિણામિકભાવ છે, તેથી તેનામાં કર્મના સંબંધમાં આવવાની તથા કર્મમાં જીવની સાથે ભળી જવાની યોગ્યતા છે, જેનો નાશ ચતુઃશરણાદિ ઉપાયથી છે.

નિત્યમુક્ત આત્મામાં બંધનો ભ્રમ થવાના કારણો:

• ઈશ્વરીય માયા. • અવિદ્યા - મૂલાવિદ્યા, તુલાવિદ્યા.
• અભાન - સ્વરૂપનું અભાન, સ્વરૂપનું વિસ્મરણ.
• સ્વભાવ - આત્માનો દુર્ગમ સ્વભાવ.
• લીલા - ઈશ્વરેચ્છા. ભ્રમ થયો, એ પ્રત્યક્ષસિદ્ધ છે.

ભ્રમનિવૃત્તિ થાય છે, એ વાત એથી ય અધિક નિશ્ચિત છે. તીવ્ર મુમુક્ષાવાન આત્મા ભ્રમનું કારણ શોધવા જેટલી મહેનત નથી કરતો, જેટલી ભ્રમનિવારણ કરવાના સાધનમાં.

ક્રિયા એક જ, પરન્તુ કર્તાની ભાવના ભિન્ન ભિન્ન હોવાથી તેથી થતાં કર્મબંધનોમાં મોટો ફેર પડી જાય છે.

ક્રિયા તો પ્રાણીમાત્ર કરે છે, પરન્તુ જ્યારે તે કોઈ વિશિષ્ટ ઉદ્દેશથી કરવામાં આવે, ત્યારે તે કર્મ બને તથા વિશુદ્ધ ઉદ્દેશથી કરવામાં આવે, ત્યારે તે સત્કર્મ બને છે.

શુદ્ધિમાં શક્તિ છે, તેથી અધિક શક્તિ સંગઠનમાં છે. સંગઠન સાથે મળેલી શુદ્ધિ મહાન શક્તિનું પ્રદર્શન કરાવે છે.

બીજાના સુખની ભાવનાથી થતું કોઈપણ કર્મ
એ શુભ - પુણ્યકર્મ છે, તેનું ફળ સુખ છે.
બીજાને દુઃખ આપવાની ભાવનાથી થતું કર્મ
તે અશુભ - પાપકર્મ છે, તેનું ફળ દુઃખ છે.
આસક્તિરહિત સહજ ભાવે થતું કોઈપણ કર્મ
તે શુદ્ધ - ધર્મ છે, તેનું ફળ શાંતિ છે.
શુદ્ધ - ધર્મના અભ્યાસથી અકર્માવસ્થા થાય છે અને
અકર્માવસ્થાનું ફળ મુક્તિ છે.

સમગ્ર સાર્થક કર્મ યાત્રા એ પુરુષાર્થને માટે હોય.

કર્મ જ જ્ઞાનનું નિયંત્રણ કરે છે.

જ્ઞાનવિહીન કર્મ આંધળાની દોટ છે અને

કર્મવિહીન જ્ઞાન લંગડાની ચાલ છે.

આંધળું કર્મ પાંગળા જ્ઞાનને જો ખાંધે બેસાડીને ચાલે,

તો તે અંતિમ લક્ષ્યની પ્રાપ્તિ જરૂર કરી શકે.

જીવ તૈજસ તથા કાર્મણ શરીર દ્વારા

કર્મ તથા આહારાદિ પુદ્ગલોનું ગ્રહણ કરે છે.

જીવ અને કર્મનો સંયોગ-સંબંધ પ્રવાહથી અનાદિ છે,

એમ માનવું એ યુક્તિસંગત છે, જેમ

અજ્ઞાનતિમિર તથા ભાસ્કરનો સંબંધ અનાદિસંસિદ્ધ છે.

માટીમાં સોનું, અરણિના કાષ્ઠમાં અગ્નિ,

દૂધમાં ઘી, સૂર્યકાન્ત મણિમાં અગ્નિ અને ચંદ્રકાન્ત મણિમાં

અમૃતનો યોગ સ્વતસિદ્ધ છે, તેમ જીવ અને કર્મનો

યોગ અનાદિસંસિદ્ધ છે, એમ જ્ઞાનીઓ કહે છે.

જ્ઞાનનું ધ્યાન ધરનારને

ઇન્દ્રિયાદિની મદદ વિના જ્ઞાનતત્ત્વની પ્રાપ્તિ થાય છે.

## પિંડ, પદ, રૂપ અને ગુહ્ય -

ધ્યાનના વિષય રૂપે જગમાત્રને આ ૪ વસ્તુ
પ્રતિક્ષણ ચાલુ રહે છે અને એ ચારના મમત્વના
કારણે જ જીવ પ્રતિક્ષણ નવા નવા કર્મો બાંધાય છે.

આત્મહિતને અંગે જાગવું જોઈએ કે...
જીવનના કોઈપણ અનુભવ કે પરિસ્થિતિ કરતાં
આપણે મહાન છીએ અધિક
સંજોગો કરતાં આપણે વધારે શક્તિશાળી છીએ.

શુભાસ્રવ, સંવર તથા નિર્જરા - એ
લોકસ્વરૂપ, બોધિદુર્લભ તથા ધર્મદુર્લભ છે.

અનાશ્રવાદિ પગથિયાં એ તજ્જન્ય માધ્યસ્થ્યની સિદ્ધિ છે.
કર્મ પ્રમાણે ફળ મળે, માટે કર્મ ઉપર ખુબ ધ્યાન આપવું.
મનુષ્ય વિચારે તેટલી ઉન્નતિ કે અવનતિ કરી શકે છે.
સમ્યક્‌ક્રિયામાં મનોનિગ્રહ - ઈન્દ્રિયજયાદિ સાત્ત્વિક કર્મો છે.
જ્ઞાન અને ક્રિયાથી રાગ-દ્વેષ ઓછા થતાં કર્મ ઘટે છે,
કેમકે તે મિથ્યાત્વ અને અસત્પ્રવૃત્તિના પ્રતિપક્ષી છે.

## કર્મ સાથે વ્યવહાર અને નિશ્ચય

વ્યવહારથી જોઈએ તો કર્મ સૌ જીવને બાંધે છે તથા
નિશ્ચયથી જોઈએ તો સૌ જીવ કર્મને બાંધે છે.
કર્મ ધર્મને અનુસરે છે પણ ધર્મ કર્મને અનુસરે નહીં.
'કર્મના નિયમથી વિશ્વસંચાલન થઈ રહ્યું છે' એ વ્યવહાર.
'કર્મનો નિયમ પણ જીવના ધર્મને એટલે કે જીવના શુભ
અને અશુભ અધ્યવસાયને આધીન છે' એ નિશ્ચય.

## નિશ્ચયદૃષ્ટિ કોને કહેવાય ?

પ્રયત્નના ફળરૂપે તૃષ્ણાનું નિમિત્ત તું ન થા,
તેમ જ કર્મનો ત્યાગ પણ ન કર. આ નિશ્ચયદૃષ્ટિ છે.
કર્મયોગમાં પ્રારંભેલ પ્રયત્નનો નાશ નથી,
તેમાં પ્રત્યવાય કે અંતરાય પણ નથી.
'કર્મ કરવાથી ફળ છે' એમ લોકો કહે છે. જો કર્મ ન
કરવાથી પ્રત્યવાય થતો હોય, તો કર્મ જ કર્તવ્ય બને.
જો કર્મ ચલિત કે ક્ષીણ થતું હોય, આત્માથી જુદું પડતું હોય,
તે આત્માથી મુક્ત થયું કહેવાય. એ નિશ્ચયદૃષ્ટિ છે.

અપરાવિદ્યા = કર્મનું જ્ઞાન. પરાવિદ્યા = આત્માનું જ્ઞાન.

'વિદ્યા' એટલે ઉપાસના અને કર્મ નહીં,

'અવિદ્યા' એટલે અજ્ઞાન કર્મ.

કર્મ અને ઉપાસનાની સાથે તત્ત્વવિચાર ઉમેરવામાં આવે, તો ધારેલો હેતુ પાર પાડવાનું સુગમ બને છે.

ન્યાય-વૈશેષિક જેને મિથ્યાજ્ઞાન, વેદાંત જેને અવિદ્યા, યોગ-સાંખ્ય જેને પ્રકૃતિ-પુરુષનું અભેદ જ્ઞાન કહે છે,

તેને જૈન દર્શન 'મિથ્યાત્વ' કહે છે.

અહીં કર્મની બંધકતા, કર્મલેપ પેદા કરવાની શક્તિ તો

ફક્ત રાગ-દ્વેષના કારણે જ આવે છે.

રાગ-દ્વેષનો ઘટાડો યા અભાવ થતાં જ મિથ્યાજ્ઞાન, અજ્ઞાનતાદિ ઘટવા લાગી, સંપૂર્ણ નાશ પણ પામે છે.

રાગ-દ્વેષનો નાશ કરવાનાં ઉપાયો બે અથવા ત્રણ છે:

જ્ઞાન-ક્રિયા અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર.

તેમાં જ કર્મ, ભક્તિ, જ્ઞાન અને યોગ -

એ ચારે માર્ગ સમાઈ જાય છે.

જગતમાં આટલી જુદાઈ દેખાય છે, તે કર્મને આધીન છે.

એક શ્રીમંત, એક નિર્ધન, એક સંસ્કારી, એક અસંસ્કારી,
એક બુદ્ધિમાન, એક સામાન્ય વગેરે કર્મનાં જ કારણો છે.
આ સિદ્ધાંત બરાબર સમજી લઈએ, તો વર્તમાનની
આપણી પરિસ્થિતિ અંગે સરસ સમાધાન સાંપડે છે.

કર્મબંધના ત્રણ કારણો: રાગ - દ્વેષ - અજ્ઞાન.

આત્મજ્ઞાનથી આ ત્રણેનો સંપૂર્ણ નાશ કરી શકાય છે.

કર્મનાં મૂળ કારણ રાગ અને દ્વેષ છે.

રાગ-દ્વેષના કારણોમાં મુખ્ય ભાગ શરીર ભજવે છે.

જીવ કર્મથી બંધાય છે = જીવ રાગ-દ્વેષથી બંધાય છે.

જીવો ઉપરનો દ્વેષ કર્મ બંધાવે - પ્રેમ કર્મથી છોડાવે છે.

પુદ્ગલનો રાગ કર્મ બંધાવે - જીવનો રાગ કર્મ છોડાવે.

રાગ - દ્વેષાદિ ક્લેશો એ કર્મની બીજશક્તિ છે.

સર્વ બંધનો ચક્રવર્તી મોહ અથવા અજ્ઞાન છે.

મોહકર્મનો ક્ષય થવાથી બધાં કર્મો નાશ પામે છે.

ચારે કષાયો અને રાગ-દ્વેષ એ કર્મ ઉપરનો લેપ છે.

રાગ-દ્વેષ એ જ બધા પાપોનું મૂળ-મહાપાપ છે.
એમ રાગ-દ્વેષાદિ પરિણામોના નિમિત્તે
જડપુદ્ગલ એ કર્મનું રૂપ ધારણ કરે છે,
એ જ જડપુદ્ગલ કર્મના નિમિત્ત પામીને
જીવ રાગ-દ્વેષાદિ પરિણામને ધારણ કરે છે.
કર્મથી જન્મ-જન્મથી કર્મ, એમ અનાદિ ચક્ર ચાલ્યા કરે છે.
કર્મના આવરણે આત્માનું દ્રવ્ય બગાડ્યું છે.
રાગ-દ્વેષના વિભાવ વડે આત્માના ગુણ બગાડ્યા છે.
મન-વચન-કાયાના યોગવિકારે આત્મપર્યાય બગાડ્યા છે.

ધર્માત્મા થવા માટે શું ટાળવું?

કર્મ અને પુનર્જન્મનો વિચાર
જીવને સમદર્શી થવામાં ખૂબ જ સહાયક છે.
કર્મ એ જન્મ-મરણનું મૂળ છે અને
જન્મ-મરણ એ દુઃખનાં મૂળ છે, તેથી જ...
પરમાત્મા થવા પહેલાં ધર્માત્મા થવું જોઈએ અને
ધર્માત્મા થવા માટે રાગ-દ્વેષ ટાળવાં જોઈએ.

સંસારનું મૂળ કર્મ, તેનું મૂળ અહંકાર.
અહંકારનું મૂળ મમકાર, તેનું મૂળ રાગ - દ્વેષ.
આ સૌ રોગોને મૂળમાંથી નાશ કરવાની દવા નમસ્કાર.
વૃક્ષને અહંકાર નથી, જેથી માથું નીચે છે.
મનુષ્યને અહંકાર છે, જેથી માથું ઊંચે છે, તેથી
અહંકાર હઠાવવા માથું અને મન બંને નમાવવા જોઈએ.

અંતર્મુહૂર્તમાં ઘાતીકર્મ ખપાવી શકાય ? હા જી.
કેમકે કર્મસત્તા કરતાં આત્મસત્તા વધુ બળવાન છે.
ચિત્તશુદ્ધિ કરીને પછી જે આત્મધ્યાન થાય છે,
દેહ - વચન - મન - બુદ્ધિ - બાહ્ય પુદ્ગલ કર્મકૃત ભાવોથી
ભિન્ન એવું આત્મસ્વરૂપનું ભાન થાય છે, તે જો
તીવ્ર બને તો અંતર્મુહૂર્તમાં ઘાતીકર્મ ખપાવી કેવળજ્ઞાન
અને મુક્તિનાં અવ્યાબાધ સુખને આપનાર થાય છે.
પોતાની જાત જ્યાં સુધી ઘાતીકર્મરહિત ન બને,
ત્યાં સુધી તેને નિર્ગુણી માનવી, બીજાના બધા
ગુણને પ્રભુ મોટા માનવા, તે ઉચિત વ્યવહાર છે.

## મોહ અને તેનું શાસન એટલે...

દ્રવ્યથી ઘાતી કર્મો અને ભાવથી અંતરંગ શત્રુઓ.
તેનાથી બચાવવા માટે અઘાતી કર્મોનું શુભાશુભ બળ છે.
અઘાતી કર્મો એટલે જાણે જિનેશ્વરોની માલાટરા અને
ઘાતીકર્મો એટલે જાણે મોહની માલાટરા.
મોહરાજાની સેનાથી છોડાવવા માટે
અઘાતી કર્મો રૂપ જિનેશ્વરોની સેના છે.
આમ ન હોય, તો અઘાતી કર્મોદયજન્ય ભાવોથી
વિરુદ્ધ વિચાર કરવો, તેને 'આર્તધ્યાન' ન કહી શકાય
અને એનાથી દુર્ગતિ થાય છે, એમ પણ ન કહેવાય.

### આર્ત - રૌદ્ર ધ્યાનનો તાત્વિક અર્થ
### અઘાતી કર્મોની આજ્ઞાને તોડવા તે છે.

તે ધ્યાન કરવાની આજ્ઞા જિનેશ્વરની સેનાની હોવાથી
એ જિનાજ્ઞાને તોડવા રૂપ છે, તેથી પાપ છે.
આમ અઘાતીકર્મોનો નિગ્રહ પણ આત્મોપકારક હોવાથી
તેના વિરુદ્ધ ધ્યાનને આર્તરૌદ્રરૂપ - ભેદ કહેલ છે.

ધર્મ આવશ્યક છે, કેમકે...

કર્મોથી પાપબુદ્ધિ મટી અંતઃકરણ શુદ્ધ થાય છે.

દેહ માટે ધર્મ અને ધર્મ માટે આત્મા.

એ રીતે વિષયોનો કર્તા પણ આત્મા જ છે.

'આત્માનું પરમાત્મામાં મળી જવું' એટલે...

કર્મોથી ઢંકાયેલ પોતાના પરમાત્મભાવને પ્રકટ કરી

આત્માનું પરમાત્મ રૂપ બની જવું.

સંક્લેશરૂપ પરિણામ પોતાની આત્મિક શક્તિથી

આત્મા ઉપર અનેક પ્રકારે સૂક્ષ્મ રજનું આચ્છાદન કરે છે

અને આત્મા વીર્યશક્તિને પ્રગટાવી,

એ સૂક્ષ્મ રજના આચ્છાદનને ફગાવી પણ દે છે.

આત્મા પોતામાં રહેલા પરમાત્મભાવનાં દર્શન કરવા માટે

જ્યારે ઉત્સુક થાય, ત્યારે વીર્યવાન આત્મા પોતાના

પરિણામોથી બળવાન એવાં કર્મોને પણ કમજોર કરી દે છે

અને શુદ્ધ પરિણામોની પરંપરારૂપ વિજળીક શક્તિથી

કર્મરૂપી પહાડોના પહાડોને પણ ચૂરેચૂરા કરી નાંખે છે.

## પાપથી કર્મબંધ અને કર્મબંધથી દુર્ગતિના દુઃખો.

સાધક આ નિયમ સમજી લઈ પોતાને કર્મબંધથી અને
બાળ જીવોને પીડાથી બચાવી લેવાની ભાવના કરે જ છે.
સુખ-દુઃખ આપણા જ કર્મે આવેલા ન્યાયયુક્ત વસ્તુ છે,
એમ માની સમતાથી તે બંનેને ભોગવી લેવા, તે યુક્તિ છે.
તે ઉદયને કર્મનું ફળ માનો અથવા કાર્ય-કારણભાવથી
સર્જાતી પરિસ્થિતિ માનો, તેમાં કશો ફેર પડતો નથી.

કર્મનો નિયમ સંવાદિતાનો નિયમ છે.

કર્મનો નિયમ ઋત, સત્ય અને અટલ છે.

કર્મનો નિયમ અટલ, અફર, શાશ્વત, ધ્રુવ અને નિત્ય છે.
તેને વશ સમગ્ર વિશ્વ છે અને એ નિયમ ધર્મને વશ છે.

વિશ્વનિયમન સદા ન્યારી છે,
કર્મ પૂર્વના કારણનું કાર્ય - પછીના કાર્યનું કારણ છે.
કારણો જીવને સમજાતાં ન હતાં, ત્યારે
કર્મો જીવને વશ રાખતાં હતાં, હવે એ સાધનો જાણીને
તે મુજબ વર્તનારો જીવ કર્મને વશ રાખે છે.

કર્મનો નિયમ એમ જ કહે છે કે:

જીવની હિંસાથી કર્મબંધ, અહિંસાથી કર્મક્ષય થાય છે.

ઇચ્છાનુસાર પરિણામ લાવવામાં

મુખ્ય જરૂર કર્મના નિયમોના જ્ઞાનની છે.

આ જગત કર્મના નિયમને અનુસરીને છે અને

કર્મનો નિયમ ધર્મના નિયમને અનુસરે છે.

તેના નિયમ મુજબ ચાલવા જગતનો ઉદ્યોગ કરવાનો છે,
કિન્તુ તેના ઉપર મમતા કરવા માટે નથી, એવું જેને જ્ઞાન
થાય છે, તેનો અવિદ્યારૂપી ચિત્તનો ક્લેશ શમી જાય છે.

પૂર્વનું ભોગવતાં નવીન ન બાંધવું, એ ખરો પુરુષાર્થ છે.

જે પ્રસંગ આવી પડે, તે આપણા કરેલ કર્મનો બદલો છે.

કર્યા સિવાય કાંઈ આવતું જ નથી.

કર્મના નિયમનો વિચાર જીવને નમ્ર બનાવે છે,

ધર્મના નિયમનો વિચાર જીવને નિર્ભય બનાવે છે.

ભગવાનના નિયમમાં દયા છે,

કર્મના નિયમમાં ન્યાય છે, ધર્મના નિયમમાં પ્રેમ છે.

ધર્મ ઉપર પ્રભુત્વ મેળવવાથી કર્મ અને
કર્મજનિત સમગ્ર વિશ્વ ઉપર પ્રભુત્વ મેળવી શકાય છે.

## <u>ધર્મનો નિયમ અર્થાત Cosmic Law શું છે ?</u>

બીજાને પીડા કરવાથી આપણને પીડા થાય છે અને
બીજાને સુખ કરવાથી આપણને સુખ થાય છે,
એ રીતનો અટલ નિયમ જ બીજાઓની સાથેનો
આપણા આત્માનો નિત્ય સંબંધ સૂચિત કરે છે.
આ નિત્ય સંબંધના અસ્વીકાર રૂપી
ઉદાસીનતા પણ અજ્ઞાન અને મોહના ઘરની વસ્તુ છે.
ધર્મનો નિયમ Cosmic Law છે,
Individual and collective છે.
પુણ્ય અને પાપકર્મની કસોટી કેવળ
શુભ અથવા અશુભ ક્રિયા જ નહીં,
કિન્તુ કર્તાનો માનસિક ઇરાદો પણ છે, તેથી
કર્મના નિયમને જાણવો, જોવો અને સદ્દહવો રહ્યો.
કર્મબંધના હેતુઓના પરિહારમાં પ્રયત્નશીલ રહેવું.

કર્મનો નિયમ: હિંસાથી દુર્ગતિ, દાનથી સદ્ગતિ.

કર્મ જીવતાં જીવમાં જીવને ઊંચે ચઢાવવામાં અને
નીચે પાડવામાં રહેલા બળની સાબિતી છે.

કર્મનો સ્વભાવ જીવને દુર્ગતિમાં લઈ જવાનો છે.
તેમાંથી છૂટવા ધર્મનો આશ્રય લેવાનો છે.

કર્મનો નિયમ એક કાયદો હોવાથી નિસ્પૃહ છે.
તેને બુદ્ધિ નથી કે તે સમજી શકે,
તેને લાગણી નથી કે તે ક્ષમા કરે તથા
તેને દિલ પણ નથી કે તે પ્રેમ ધરાવે!

કર્મનો નિયમ: Sin of Commission એટલે...
નિર્ગુણનો સત્કાર, અપૂજ્યનું પૂજન.

આત્માની પ્રામાણિકતાનું ભાન એ સત્યભાન છે.
કર્મના નિયમ, વિશ્વનું નિયંત્રણ અને આત્માનું ભાન
- એ ત્રણમાં દૃઢ નિષ્ઠા સંતોષને જન્માવે છે અને
સંતોષજન્ય તથા સમાધાનકારક સુખને આપે છે.
...અને સુખ તો કોને ગમતું નથી?

## કર્મ - કાર્ય અને કારણ બંને ? જી હા.

કાર્યમાત્રને કારણ હોવું જોઈએ.

દરેક કાર્ય ભૂતકાળમાં થયેલા કારણનું કાર્ય છે અને તે જ કાર્ય ભવિષ્યમાં થવાના કાર્યનું પાછું કારણ થાય છે.

આ રીતે દરેક કર્મ એક રીતે કાર્ય છે અને બીજી રીતે કારણ પણ છે.

એટલે કાર્યમાત્રને કાર્ય - કારણ સંબંધ છે.

વિશ્વમાં સર્વત્ર આ કાર્ય-કારણનો નિયમ પ્રવર્તી રહ્યો છે, તેમાં અકસ્માત જેવું કાંઈ સંભવતું નથી.

ક્રિયાઓનું પરિણામ શું આવશે, તે જાણીને જીવ પોતાની મરજી હોય, ત્યારે ક્રિયા કરવાને સ્વતંત્ર છે. જ્ઞાન એક પ્રકારની સત્તા છે. જ્ઞાનવાન વ્યક્તિના કાર્ય-કારણના નિયમોને જાણી લઈ તે વડે પોતાને ઇષ્ટ હોય, તેની સિદ્ધિ કરી શકે છે. આ જ્ઞાન ન હોય, ત્યારે કર્મો જીવોને વશ રાખે છે, એ જ્ઞાન થયાં પછી જીવ કર્મને વશ રાખે છે. તેથી જ્ઞાન એક પ્રકારે શક્તિ પણ છે.

કર્મનો નિયમ કઠોર તથા ક્રૂર છે,

તેમાં ક્ષમા કે લાગવગશાહીને સ્થાન નથી, જ્યારે

ધર્મનો નિયમ કોમળ, દયાપ્રધાન તથા અનુગ્રહકારક છે.

પાપકર્મની ગર્હા કરવાથી દયા મળે છે અને

ધર્મકર્મની અનુમોદના કરવાથી અનુગ્રહ પ્રાપ્ત થાય છે.

કર્મયોગમાં પ ઈંદ્રિયોના રાગ અને દ્વેષ અંતરાયરૂપ છે.

પ્રકૃતિનો એવો અટલ નિયમ છે કે:

જે કર્મ પાછળ સર્વના હિતનો આશય હોય, તે કર્મ

કરે એક જ જણ, કિન્તુ લાભ પહોંચે છે સર્વ જણને.

એકનું કર્મ સર્વ જીવોનો હિત કેવી રીતે પહોંચાડે?

એનો ઉત્તર છે: આશય.

કર્માશય એ વૃક્ષ છે અને જાતિ આયુભોગાદિ ફળ છે.

વાસ્તવમાં કોઈ કોઈને સુખ કે દુઃખ આપી શકતું નથી,

પરંતુ બાળને સુખ અથવા દુઃખ પહોંચાડવાની બુદ્ધિથી

જે કાંઈ કર્મ કરવામાં આવે, તે પોતાની અંદર જ

સુખ-દુઃખ પામવાના કર્માશયને એકઠું કરે છે.

કર્મનો નિયમ ન્યાયપૂર્ણ છે, ધર્મનો નિયમ દયાપૂર્ણ છે.

આત્મા સર્જનહાર છે, પરમાત્મા રક્ષણહાર છે.

એક ન્યાયી છે, બીજો દયાળુ છે.

વિશ્વ ઉપર પ્રભુત્વ કર્મસત્તાનું છે, કેમકે ન્યાયપૂર્ણ છે.

કર્મસત્તા ઉપર પ્રભુત્વ ધર્મસત્તાનું છે, કેમકે દયાપૂર્ણ છે.

પ્રકૃતિ જગતમાં કર્મનો નિયમ કામ કરે છે,

દૈવી જગતમાં અનુગ્રહનો સિદ્ધાંત કામ કરે છે.

કર્મનો નિયમ પણ માનવો જોઈએ અને

આત્મામાં રહેવાનો અભ્યાસ પણ કેળવવો જોઈએ.

વિશ્વનિયમ અનુસાર જે પોતાનું જીવન વ્યતીત કરે,

તે મનુષ્યનું ભવિષ્ય ઉજળું બને છે.

આ નિયમ સમજીને જીવન જીવનારા મનુષ્યો ધન્ય છે.

તે સત્વરે પરમાત્મઅવસ્થાને અનુભવતો

આ નિયમના સૂક્ષ્માની સાથે એકરૂપ બની જશે,

પછી તેના ઉપર કોઈ નિયમ કાર્ય કરી શકશે નહીં,

તે નિયમનું કાંઈ નહીં ચાલે, તે મુક્ત બનશે.

કર્મ પોતાના નિયમ મુજબ ફળ આપે છે.

એમાં પોતાને દુઃખ કે શોક કરવાનું રહે છે જ ક્યાં?

માત્ર એ નિયમનું જ્ઞાન કરવાનું રહે છે અને

એની અદ્ભુતતાના આશ્ચર્યનો રસ અનુભવવાનો રહે છે.

રાગ-દ્વેષ કરે, તો જ પોતાને કર્મફળનો ભોગવટો થાય.

કર્મ ઉપર જ તારો અધિકાર છે, ફળ ઉપર કદી નહીં.

કરેલાં કર્મોનું ફળ અવશ્ય ભોગવવું જ પડે છે.

આપણે પૂર્વજન્મમાં જે કાંઈ કર્યું,

તેના જ લીધે આપણે આ જન્મ પામ્યાં છીએ.

જન્મનું ફળ અજન્મા થવું તે છે.

હવે આ જન્મમાં એવાં કામ કરવાં જોઈએ,

કે જેથી વધારે સારું જીવન પામીએ.

કર્મના નિયમનો ઉદ્દેશ એ જ કે...

જેવાં કારણ તેવાં ફળ, જેવા કરેલા તેવા ભરેલા - ભલે

પછી તે ઉદયમાં આવે આ ભવે કે આવતાં ભવમાં.

કર્મનો નિયમ સ્વીકારવાથી સંકટ સહવાની શક્તિ મળે.

'કર્મમાં અધિકાર છે, ફળમાં નહીં' તેનો અર્થ:

પોતાને માટેના ફળ માટે કર્મ નહિ પણ જગત અને
તેના નિયંતા એવા ઈશ્વર માટે જ કર્મ કરવાનું છે.
'જગત અને ઈશ્વરનું ઋણ ઉતારવા કર્મ કરવાનું છે'
એ વિચારે ફળાશંસા રહેતી નથી.

કર્મનાં ફળ ભોગવવાનાં જ છે, એમાં દોષ કોને દેવાનો?
દાંત તળે જીભ કચરાય, તો દંડ કોને આપશો?

કર્મ કે કર્મફળમાં સ્વાત્મા પણ ન લેપાઈ જતાં,
સ્વરૂપમાં જ રહેવાને માટે શાસ્ત્રો ઉપદેશ કરે છે.
કર્મમાં ફળવાની તાકાત ત્રણ ગુણોથી આગળ વધીને નથી.
જન્મીને જે કાંઈ કર્મ થાય, તેનું પરિણામ ત્રિગુણ જ હોય.

ફળ તરફ ધ્યાન રાખીને કર્મ કરનારને
ફળનો આનંદ મળે છે, પરન્તુ કર્મનો નહીં.

કર્મફળના આનંદ કરતાં પણ
કર્મનો પોતાનો આનંદ અધિક છે, સ્વતંત્ર છે.
ફળ તરફથી નજર હટે, ત્યારે કર્મમાં તન્મયતા વધે છે.

## કર્મ અને કર્મફળનું અર્પણ

કર્મયજ્ઞને બ્રહ્મયજ્ઞમાં અંતર્ભાવનું કારણ બ્રહ્મરૂપ અગ્નિમાં 'પોતે કરેલું છે' એવા કર્તાપણાંના અહંકારને હોમવાથી કર્મનું બ્રહ્માર્પણ પણ યુક્ત છે. ગીતા અ.૪, શ્લોક ૨૪ પ્રમાણે:
(૧) હોમવાની વસ્તુ બ્રહ્મ (૨) અર્પણ કરવાની ક્રિયા બ્રહ્મ
(3) બ્રહ્મરૂપ અગ્નિમાં બ્રહ્મરૂપ હોમનારે હોમેલું બ્રહ્મ છે.
(૪) બ્રહ્મરૂપ કર્મસમાધિવાળાએ પ્રાપ્તવ્ય પણ બ્રહ્મ જ છે.

નિત્યગાયત્રીક બાલાવબોધ, શ્લો.૬માં કહ્યું છે:

'कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः।
स बुद्धिमान् मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत्॥'

અર્થ: નિષ્કામ કર્મમાં અકર્મને અને અજ્ઞાનપૂર્વક અકર્મમાં કર્મને જે જુએ છે, તે મનુષ્યોમાં બુદ્ધિમાન, યોગી, સર્વ કર્મનો કર્તા છે. 'ગીતા'માં કહેલ આ અધ્યયનનો સર્વ સાધનને આત્માની તત્પરતાએ જાણવું પણ નિરંજન બ્રહ્મને કર્મ, તત્ફલાર્પણ તથા કૃતને એકાન્તે અકર્તૃત્વબુદ્ધિ તે તો મિથ્યાત્વ વાસનાથી વિલસિત જ કહેલા છે.

હજારો ગાયોમાં વાછરડો પોતાની માતા પાસે જ જાય,
તે રીતે કર્મ હંમેશા કર્તાને અનુસરે છે.

કર્મ જડ છે પણ કર્મને બાંધનારી ચેતના છે.

'અહંતા' એટલે 'કર્મનો કર્તા હું છું' એવી બુદ્ધિ.

'મમતા' એટલે 'કર્મફળનો અધિકારી હું છું' એવી બુદ્ધિ.

નમસ્કારના આરાધક પોતાના સઘળાં કર્મ અને એનાં ફળ, જેને નમસ્કાર કરે છે, તે નમસ્કાર્યને સમર્પિત કરવા, કેમકે મુખ્ય ક અધિષ્ઠાન કર્તૃત્વ તેમનું જ છે. તેમના આલંબનને કર્મ - ફળ શ્રેષ્ઠ બને છે અને તેથી પ્રત્યેક શુભ કર્મ અને તેનું શ્રેષ્ઠ ફળ, જેના આલંબનથી તે કર્મ શુભ અને ફળ શ્રેષ્ઠ બન્યું છે, તેના માલિકીનું છે.

અહંતા - મમતાને નિવારવા તેમ વિચારવું કે:

કર્મનો કર્તા કેવળ હું નહિ. કાળ, સ્વભાવ, અધિષ્ઠાન, પ્રકૃતિ અને ભવિતવ્યતાની સહાયથી કર્મ થાય છે. કર્મફળ પણ તે બધાની કૃતિનું પરિણામ હોવાથી તેના ઉપર મારાં એકલાનો અધિકાર નહિ પણ બધાનો છે.

કર્મચેતના = પુદ્ગલલક્ષ, ત્યાં
અહં-મમ, રાગ-દ્વેષ તથા કર્તૃત્વબુદ્ધિનું સંવેદન હોય.
કર્મચેતના ભાવચેતનાથી જણાય છે.

કર્મફળચેતના = પુદ્ગલલક્ષ, ત્યાં સુખ-દુઃખ સાથે
ભોગોપભોગનું સંવેદન ઉપરાંત ભોક્તૃત્વભાવ થાય છે.
કર્મફળચેતના જ્ઞાનચેતનાથી જણાય છે.

## કર્મ અને કર્મફળચેતના

આત્માની આરાધના વડે ઇચ્છાનો વિજય છે.
આત્માની આરાધના કરવાનું કાર્ય જ્ઞાનચેતનાનું છે,
બીજું બાજુ કાર્ય કર્મચેતના ઉપર વિજય મેળવવાનું છે.
કર્મ ઉપર શત્રુભાવ અને સર્વ જીવો ઉપર
મિત્રભાવ કેળવવાથી કર્મચેતનાનો વિજય થાય છે.
કર્મફળચેતના ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે સુખમાં
વૈરાગ અને દુઃખમાં તપ-ત્યાગ-તિતિક્ષા કેળવવા.
કર્મયોગ આ ધર્મનું થોડું પણ આચરણ
તેના આચરનારને મોટા ભયથી બચાવી લે છે.

## કર્મસંન્યાસ એટલે શું?

'આપણાથી જાણતાં કે અજાણતાં જે જે કર્મ થાય છે,
તે તે સર્વ પરમાત્માની પ્રેરણા યા સત્તાથી જ થાય છે'
એ પ્રકારે ચિંતન કરી જે કર્મ કરવામાં આવે છે,
તેને જ 'કર્મસંન્યાસ લીધો' કહી શકાય છે.

## ફલસંન્યાસ એટલે શું?

કર્મફલ એ પોતે જ વાવેલું બીજ ઊગ્યું છે,
પોતે જ નિમંત્રણ કરેલા અતિથિ આવેલ છે.
તેને કાપવા વખતે ઈર્ષ્યા કે શોક કરવાની શી જરૂર છે?
હસીને કે રોઈને કાપવા કરતાં
નિર્લિપ્ત-નિર્વિકારીભાવથી ખપાવી દેવું, તે જ શ્રેષ્ઠમાર્ગ છે
અને તેને જ 'ફલસંન્યાસ' કહેવાય છે.
'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ॥'
કર્મના ફલનો ઉપભોગ રોકી શકાતો જ નથી.
તેનાથી ભાગી છૂટવાની ચેષ્ટા કરવી, તે વ્યર્થ જ છે.

## કર્મફળની સાથે ઝઘડો ન કરો.

આત્માને બંધનમાં નાખનાર બાહ્ય પદાર્થ નથી,
સુખ વખતે રાગ કે દુઃખ વખતે દ્વેષ કરવાથી બંધનમાં
જકડાઈ રહેવાય, તેથી રાગ-દ્વેષના બંધનથી રહિત થવું,
એજ મુક્તિનો ઉપાય છે.

જીવનમાં પ્રારબ્ધ સાથે નવીન ક્રિયાઓનો બંધ પડે છે.

વનમાં રહો યા ભવનમાં, કિન્તુ મનને શુદ્ધ રાખો.

કર્મનું શુભાશુભ ફળ પ્રેમથી ભોગવવું અને
એ ભોગવતી વખતે હૃદયપૂર્વક ઈશ્વરસ્મરણ કરવું,
એથી દુઃખનો અનુભવ નહીંવત બને છે.

સાત્ત્વિક કર્મનું ફળ લાભ છે,
રજોગુણી-તૃષ્ણાયુક્ત કર્મનું ફળ દુઃખ છે અને
મોહમાં ફસાયેલા તમોગુણી કર્મનું ફળ અજ્ઞાન છે.

શું કરવાથી સદ્ગતિ મળે, તે જ બુદ્ધિ કરવું જોઈએ.

કર્મફળ ઉપર પ્રભુત્વ ધર્મનું છે અને
ધર્મનો આધાર પ્રભુના વચનની આરાધના છે.

જગતમાં પ્રભુકૃપા સિવાય કોઈ એવી શક્તિ નથી,
જે કર્મનું ફળ અપાવતાં રોકી શકે.

આ જન્મમાં ગરીબને ભિક્ષા આપવાથી
બીજા જન્મમાં અન્નની વિપુલતા થાય છે.

ધર્મશાળા બંધાવવાથી મકાનોના માલિક થવાશે. બીજાની આંખને ઈજા પહોંચાડવાથી તમારી આંખને ઈજા પહોંચશે.

તમે અત્યારે જે કરી રહ્યાં છો અને ભવિષ્યમાં જે બનશે,
તેના વચ્ચે ચોક્કસ અને નિશ્ચિત સંબંધ છે.

મધુર ફળ મળે, તેવા બીજ કર્મો આજે જ વાવો, તો જ તમને અહીં અને હવે પછી સુખી બનાવશે.

ધર્મના ફળનો મોહ છોડવા માટે કર્મફળત્યાગનો આશ્રય અનિવાર્ય છે. કર્મફળત્યાગનો અહંકાર છોડવાને માટે ઈશ્વરાર્પણ બુદ્ધિ અનિવાર્ય છે અને છેલ્લે અદ્વૈતાનુભવ માટે ઈશ્વરને પૂર્ણ હૃદયમાં સમાવા દેવો અનિવાર્ય છે.

ઉદયાગત કર્મ સમ પરિણામે ભોગવવું,
એમાં પ્રભુની આજ્ઞાનું જ પાલન છે.

'વાવે તેવું લણે' એવો કર્મનો અકાટ્ય નિયમ છે.

જે જીવ દેહવાસનાના ક્ષેત્રમાં વાવે, તે વાસનામાંથી વિનાશને લણે. જે જીવ આત્માના ક્ષેત્રમાં વાવે છે, તે આત્મામાંથી શાશ્વત જીવન લણે છે.

મનુષ્યને કર્મ નહીં, તેના ફળની વાસના જ વળગે છે.

'સત્કર્મોનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે' એવો અડગ વિશ્વાસ રાખનારને કોઈ જાતનો ભય કે શોક હોતો નથી.

અન્યનું ભલું ઇચ્છવાથી આપણું ભલું જ થાય છે.

કર્મ જડ છે, મનુષ્ય ચેતન છે. તે કઈ રીતે વળગે ?

મનુષ્ય કર્મને વળગે છે, કર્મ મનુષ્યને નહીં.

'પ્રણિધાન' એટલે એકાગ્રતા કે કર્તવ્યતાનો નિશ્ચય.

પ્રણિધાનથી કરેલું કર્મ ઉત્કટ ફળ આપે છે, કેમકે તેથી અવશ્ય અનુબંધ પડે છે.

તાત્ત્વિકસામાન્યનો બોધ એક બાજુ ભવનિર્વેદ જગાડી મોક્ષાભિલાષા પેદા કરે છે અને બીજી બાજુ અનુકંપા અને દાનાદિ શુભ ભાવોને જગાડે છે.

કર્મફળની ઇચ્છા એ ભક્તિભાવની ચોરી છે.

'ક્રિયા પ્રત્યે કર્મ યોગ્ય હોવું જોઇએ' એનો અર્થ ક્રિયા દ્વારા ફળ પ્રાપ્ત કરવાની અપેક્ષાના સ્વભાવથી જ કર્મો હોવા જોઇએ, અન્યથા કાંગડું ભગ્ન, દુષ્ટ અશ્વ અને કપાસને રંગ વગેરે ક્રિયા પણ ફલીભૂત થવા જોઈએ.

દરેક જૈન પર્વ જીવના કર્મના મર્મને ભેદે છે.

કર્મમાં સૌથી બળવાન મોહનીય કર્મ છે,

મિથ્યાભિમાન વગેરે મોહનીય કર્મના સુલટો છે.

શુભ - અશુભ કર્મના વિપાકોનું ચિન્તન વિશેષ કરવું.

કર્મના વિપાક આપણા ટાળ્યાં નહીં ટળે, ભોગવવાથી ટળશે.

પ્રતિકૂળતા એ તો માત્ર કર્મવિપાકનું - ઉદયમાં આવેલાં કર્મનું ફળ હોય છે, તેને સહન કરવામાં ઇચ્છાનિરોધ રૂપ ઉત્કૃષ્ટ તપનું ફળ મળે, પરમ નિર્જરા થાય છે.

જ્યાં ઉપાસના ભક્તિદાયક નહિ, ત્યાં

સત્યનું ભાન પણ નહિ અને શુભ કર્મ પણ નહિ.

વચનાનુષ્ઠાનમાં બાહ્ય દૃષ્ટિએ કર્મયોગ રહેલો છે.

## સર્વ તીર્થંકરો કહે છે...

'આત્મપરિણામની સહજસ્વરૂપે પરિણતિ થવી, તે ધર્મ છે
તથા આત્મપરિણામની ચપળ પરિણતિ થવી, તે કર્મ છે.
માટે ધર્મ આદરવો અને કર્મથી દૂર રહેવું.'

કર્મવિજ્ઞાન ન્યાય શીખવે છે અને
ધર્મવિજ્ઞાન ન્યાયના પાયા ઉપર ટકેલ છે, તેથી
મનુષ્યજન્મનું કોઈપણ વિશિષ્ટ ફળ હોય, તો તે છે
ન્યાયબુદ્ધિ કે બોધિ, તેના જ પાલનનું ફળ સમાધિ છે.
બોધિ-સમાધિ જ અંતે સિદ્ધિગતિમાં પર્યવસાન પામે છે.

## રજોગુણ અને તમોગુણ સાથે કર્મની મૈત્રી

રજોગુણમાં કર્મ અને કર્મફળ પ્રત્યે આસક્તિ હોય છે.
રજોગુણનું ધ્યેય ધન અને ભોગ હોય છે.
તે દુઃખને સુખ, સંતાપને આનંદ, શોકને હર્ષ સમજે છે.
તમોગુણ વિચારશૂન્ય અને અજ્ઞાની હોય છે,
દુરાચાર તેનું ફળ છે. માટે જ શાસ્ત્રોમાં કહ્યું છે કે:
'કર્મના ખરાબ ફળથી બચવા સત્ત્વગુણ બનવું.'

ધર્મ = જે કર્મ કરવાથી ગતિ સ્થિર થાય, શાંત થાય તે.

અધર્મ = જે કર્મ કરવાથી શ્વાસ-પ્રશ્વાસની ગતિ વધે તે.

ધર્મ તે કર્મને કહેવાય છે કે જે કર્મ કલ્યાણસૂચક હોય.

જે અકલ્યાણનું સૂચક હોય, તે અધર્મ છે.

કર્મના સ્વરૂપનો વિચાર કરવાથી નમ્રતા આવે છે,

ધર્મના સ્વરૂપનો વિચાર કરવાથી નિર્ભયતા પ્રાપ્ત થાય છે.

કર્મની ગતિ અત્યંત ગહન છે. કર્મ-અકર્મ-સત્કર્મ તથા

અસત્કર્મના વિચારમાં કવિઓ પણ મૂંઝાય છે.

પોતાનો પૂરો વિકાસ કરવો હોય, તેણે

જડ એવા મનનો, તૃષ્ણાનો કે કર્મનો દોષ ન કાઢતાં

દોષ પોતાનો જ છે, તેને કબૂલ કરી-પ્રતિજ્ઞા

અને પછી સામાયિક દ્વારા શુદ્ધ થવું જોઈએ.

જે અજ્ઞાન વધેલા મનને કે કર્મને દોષ આપે છે, તે

પ્રતિક્રમણ કરતાં નથી. મન તેના માલિકની આજ્ઞા વિના

કાંઈ કરતું નથી, કર્મ પણ જીવના અધ્યવસાય વિના

બંધાતા નથી. કર્મરાજા તો નિષ્પક્ષપાત ન્યાયાધીશ છે.

## કર્મ - અકર્મ - નિષ્કામકર્મ : 'कार्यमात्रैकं अकार्य !'

સાધના તથા અંતિમ અકર્મ પણ કર્મજન્ય છે,
અર્થાત્ તે કર્મનું સંતાન છે. આત્મયોગની સિદ્ધિને માટે
કર્મના વિસ્તારને ટાળવાનો નથી હોતો,
પરંતુ એનું સાંગોપાંગ આચરણ કરવાનું હોય છે.
કર્મમાં અકર્મ - અકર્મમાં કર્મને જુએ, તે જ જોનારો છે.
નિષ્કામ કર્મમાં અકર્મ અને
અજ્ઞાનપૂર્વક અકર્મમાં જે કર્મને જુએ છે, તે
મનુષ્યોમાં બુદ્ધિમાન, યોગી અને સર્વ કર્મનો કર્તા છે.
કોઈપણ કર્મને વિશુદ્ધ કરવા જ્ઞાનપૂર્વક ભક્તિપ્રધાન
નિષ્કામ કર્મ એ સાધન છે, તેને ધારણ કરવું જરૂરી છે.
કર્મ ટાળવાથી અકર્મ અવસ્થા મળતું નથી.
તે કર્મને નિષ્કામ કર્મ બનાવવું અને પછી તેને
અમૃતમય તથા ગુણમય બનાવવું, તેમાં નિવૃત્તિની ખૂબી છે.
અકર્મ સ્થિતિની ઈચ્છા રાખ્યા વગર માત્ર અને માત્ર
સાધના ઉપર પ્રેમ રાખો, અંતે સિદ્ધિ અચૂક મળશે.

## 'અકર્મમાં કર્મ' કોને કહેવાય ?

સાધક ભૂતદયાને કારણે કર્મયોગમાં પ્રવૃત્ત થયો હોય છે. એની સર્વ પ્રવૃત્તિ પ્રાણીમાત્રની દયાથી પ્રેરાયેલી હોય છે. જેમ જેમ એ દયા વ્યાપક અને ઊંડી થતી જાય છે, તેમ તેમ એનું અને ઇતર જીવો વચ્ચેનું અંતર ઘટતું જાય છે અને આખરે તેને 'સૌ જીવ અને હું એક જ, સહુનું સુખ, તે જ મારું સુખ' એવી પ્રતીતિ થાય છે.

તે જાણે પ્રાણીમાત્રનો આત્મા જ થઈ જાય છે. આટલી અનુભૂતિ પછી સ્થૂલ ક્રિયા આપોઆપ ઓછી થાય અને કાંઈ ન કરવા છતાં બધું સિદ્ધ કરવાની શક્તિ હાથમાં આવે છે, તેને જ 'અકર્મમાં કર્મ' કહે છે. આ જ્ઞાન દૃઢ સિદ્ધિથી સર્વ કાર્ય સિદ્ધ થાય. – વિનોબા

'जं अन्नाणी कम्मं, खवेहि बहुआइं वासकोडीहिं ।
तं नाणी तिहिं गुत्तो, खवेइ ऊसासमित्तेण ।' અર્થાત્:
અજ્ઞાની ઘણાં ક્રોડો વર્ષ સુધી જે કર્મ ખપાવે છે, તેને ત્રણ ગુપ્તિવાળો જ્ઞાની શ્વાસોશ્વાસમાત્રમાં ખપાવે છે.

નિષ્કામ ભાવથી કરેલું કર્મ પાપને બાળે છે,
સકામ ભાવથી કરેલું કર્મ સ્વર્ગ અપાવે છે.
સકામ કર્મથી ફળ મળશે પરંતુ શાંતિ નહીં મળે.
અહીં ફળ મળશે કે નહીં અને મળશે તો રહેશે કે નહીં,
એવી અશાંતિ અને ચિંતા તો રહેશે જ.
વળી ફળ મળશે, તો અહંકાર થશે.
નિષ્કામ કર્મ માટે સામાયિક સર્વશ્રેષ્ઠ સાધન છે.
આત્મજ્ઞાનનાં સંસ્કારોથી પૂર્વ સંસ્કારોનો નાશ કરી શકાય.
નિષ્કામ કર્મ દ્વારા નવા સંસ્કારોની ઉત્પત્તિને રોકી શકાય.
નિષ્કામ કર્મ એટલે પ્રભુ માટે,
પ્રભુના કાર્ય માટે, સર્વ જીવોના હિત માટે કરેલું કર્મ.
કર્મ કરવા છતાં જે રાગ-દ્વેષથી લિપ્ત થતો નથી,
તે સાધક જ કર્મ કરવાનું કૌશલ્ય ધરાવે છે.
દરેક વિચાર એ કર્મ છે,
માત્ર તેની પાછળથી સ્વાર્થને ખેંચી લેવો જોઈએ.
નિરસ આહારની જેમ નિઃસ્વાર્થ કર્મ આરોગ્યનું કારણ છે.

## નિષ્કામ - અનાસક્ત ભાવે લોકહિતનાં કર્મ કરવા.

પોતાની જાતને જાણવું,
પોતાની જાતમાં નિરંતર રહેતાં પરમાત્માને જાણવું અને
જાતને વિસરવાની જરૂર રૂપી જગતને જાણવું
ભાન મેળવી તેને અનુરૂપ રીતે કર્મ કરવાથી જ
નિઃસ્વાર્થતા, અનાસક્તિ અને ત્યાગશીલતા ફૂલે છે.

'સ્વલ્પમસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્ ।' અર્થાત્:
નિષ્કામ કર્મ થોડું હોય, તો પણ મહાન ભયથી તારે છે.

## ધાર્મિક અને અધાર્મિક કર્મો

જે કર્મથી આપણા ચિત્તની શુદ્ધિ થાય, તે કર્મ ધાર્મિક
તથા જે ચિત્તની અધોગતિ કરે, તે અધાર્મિક ગણાય છે.

સકામ બુદ્ધિથી કરેલા સર્વ કર્મો અધાર્મિક અને
નિષ્કામ બુદ્ધિથી કરેલા દરેક કર્મો ધાર્મિક છે.

આનો આધાર કર્મના પ્રકાર ઉપર નહિ પણ હેતુ ઉપર છે.
નિષ્કામ કર્મ, અનાસક્તિ યોગ, સમત્વમયી બુદ્ધિ વગેરે
ધર્મના જ પર્યાયવાચક નામો છે.

ઉત્તમ કર્મ છે પ્રભુની ભેટ અને અધર્મ છે શિક્ષા.

ઉત્તમ કર્મ કરતી વખતે અંદરથી જે
આનંદ, ઉત્સાહ અને આભાર પ્રાપ્ત થાય છે તથા
અધર્મ કર્મ કરતી વખતે ભય, શંકા અને લજ્જા થાય છે,
તે અંતર્યામી પરમાત્માની અનુક્રમે ભેટ અને શિક્ષા છે.

## વિદેહ થવાની સીડી

આકાર - આસન - અનુચ્છ્વાસ - અકર્મ બની શકાય છે.

વિદેહનો દેહ, આકારની વાત, આસનનું મન,
અનુચ્છ્વાસનો શ્વાસ, અકર્મનું કર્મમાં
આદિ બિંદુ છે વિદેહ અને અંતિમ બિંદુ છે અકર્મ.
અકર્મની નિષ્પત્તિથી અધિક કર્મ સર્જાય છે.
કર્તવ્યકર્મ કર્યા વિના ક્રિયાશક્તિનો વેગ શાંત થતો
નથી તથા કર્મ કરવાની આસક્તિનો ય નાશ થતો નથી.
નિષ્કામતા એ કર્મને વિશિષ્ટ કર્મ બનાવે છે અને
વિશિષ્ટ કર્મ તેના પરિણામે અકર્મ બની જાય છે.
નિષ્કામકર્મ વિશિષ્ટકર્મ બની અકર્મની ભૂમિકાએ પહોંચે છે.

સત્કર્મમાં નિષ્કામપૂર્વકતા અને ઈશ્વરાર્પણતા હોય છે.

કર્તૃત્વાહંકાર ઈશ્વરાર્પણ બુદ્ધિથી જાય છે અને
કર્મફલાશંસા નિષ્કામ બુદ્ધિથી જાય છે.
ઈશ્વરાર્પણ બુદ્ધિ જો નિષ્કામ કર્મથી સહચરિત હોય,
તો ત્યારે તે કર્મ શુદ્ધ બને છે.
દમ-દાન-દયાત્મક ત્રિવિધ કર્મ કરનારો જન્મ-મૃત્યુને
તરી જાય છે. શાંતિ પ્રાપ્ત કર્યા પછી કે શાંતિ પ્રાપ્ત
કરવા માટે કર્મ અવશ્ય જોઈએ, તેથી કર્મશૂન્ય શાંતિની
કલ્પના ઋષિ-મુનિઓ પણ કદી ય કરી શકતાં નથી.
શાંતિને પાપકર્મનો નહીં, પાપકર્મને શાંતિનો ભય લાગે.
સત્કર્મ સત્ત્વગુણથી ભરપૂર હોય અને
અસત્કર્મ નિર્લેપ ન હોય, પરન્તુ
અસત્વૃત્તિ નિર્લેપ હોઈ શકે. કર્મ એ વર્તનરૂપ છે.
વૃત્તિ તે વર્તન નથી પણ વર્તનની પૂર્વભૂમિકા છે.
આથી નિર્લેપતા ક્રિયા ન કરવામાં નહીં, કિન્તુ કષાય
ન કરવામાં રહેલી છે. લેપ = કષાય, માનસિક કુટેવ.

ક્રિયા પાછળ રહેલા મન વડે કર્મ - અકર્મની ઓળખ છે.

છરી ચલાવવાની ક્રિયા એક કસાઈ કરે છે,

શાકસુધારણ ક્રિયા એક સતી કરે છે,

વાઢકાપ ક્રિયા એક ડૉક્ટર કરે છે,

તે ક્રિયા એક કલમ ઘડનાર કે શાક સમારનાર પણ કરે છે.

'નિષ્કામ કર્મ જ સ્વધર્મ છે.

કર્તવ્યકર્મ કરવું, પરન્તુ તેમાં લિપ્ત ન થવું જોઈએ'

અહિં માનનારને કર્તવ્યકર્મ જ ધર્મ બની જાય છે.

જે લાભપૂર્વક કર્મ કરાય અને લાભ માટે જે

સત્કર્મો ઉપર આશ્રિત રહેવાય, તો કાર્યસિદ્ધિ થાય.

જે જીવ ઇચ્છાપૂર્વક સત્કર્મ કરતો નથી,

તેને વિષયવાસના બળાત્કારે અસત્કર્મ કરાવે છે.

સત્કર્મથી મૃત્યુનો ભય પણ જીતાય છે.

પૂર્વ સંસ્કાર યા મોહને વશ જે કર્મ કરવામાં આવે છે,

તેમાં અહંકાર અને ફળાકાંક્ષા રહેલી હોવાથી

તે કર્મ બંધનકારક બને છે.

'સત્કર્મ' એટલે સારા કર્મ કે સારી વસ્તુ.
મનુષ્યજીવન સત્કર્મનું ફળ છે અને સાધન પણ છે.

'સત્કર્મ' એ છે જે કર્મમાં કૌશલ લાવે,
જ્ઞાનમાં સમત્વ ઉપજાવે તથા ભક્તિમાં શ્રેષ્ઠતા પ્રગટાવે.

જ્યાં કર્મ છે, પરન્તુ તેના ફળનો ત્યાગ છે,
ત્યાં તો પછીથી પરમ શાંતિ છે.
ફળાકાંક્ષાનો ત્યાગ તે શાંતિનું બીજ છે.

કર્મ કરનાર પોતાને કર્મથી અલગ માને,
તો જ શાંતિનો અનુભવ કરી શકે.

શુભ કર્મ એ કર્મ છે, અશુભ કર્મ વિકર્મ - દુષ્ટ કર્મ છે.
અશુભ કર્મ ફળાશંસા વિના થઈ શકતું જ નથી.
શુભ કર્મ જ નિરાશંસ ભાવવાળું બની શકે છે.
મનથી કર્મનો મોહ છોડી દે, તો કર્મમાં લિપ્ત નહીં થવાય.

સર્વ જીવના હિત માટે નિષ્કામ ભાવથી
પરાર્થ કર્મ કરવા, તેમાં કર્તૃત્વનું અભિમાન અને
કર્મની ફળેચ્છાનો અભાવ સાથે હોવા જોઈએ.

પોતાને માટે કરવામાં આવે, તે સકામ કર્મ અને
બીજાને માટે કરવામાં આવે, તે નિષ્કામ કર્મ.

પોતા કે બીજા માટે કશું માંગવું, તે નિષ્કામ કર્મ નહિ.

પ્રભુની આજ્ઞાપાલનના અધ્યવસાયથી થતું કર્મ
એ નિષ્કામ કર્મ છે, સર્વનું કલ્યાણ કરનારું કર્મ છે.

સાધન કર્યા પછી સત્કર્મ કરવાની અને
અસત્કર્મ છોડવાની ઇચ્છા ન થાય, તો તે સાધન બંધન છે.

ચિત્તશુદ્ધિ દ્વારા નિષ્કામ કર્મ મોક્ષનો હેતુ બને છે.

કર્મ મુક્તિમાં બાધક છે પણ નિરર્થક નહિ,
તે પરંપરાએ મુક્તિનો જ પરમ હેતુ છે.

અંતઃકરણની શુદ્ધિ માટે કર્મ આવશ્યક છે અને
આત્મબોધ માટે ચિત્તશુદ્ધિની જરૂર છે.

જેનું ચિત્ત શુદ્ધ છે, તેમાં જ તે પ્રતિબિંબિત થાય છે.

કર્મનું વિજ્ઞાન કહે છે કે:

કર્મ કરવા છતાં જો તે નિષ્કામભાવથી હોય, તો કર્મ-
બંધ થતો નહિ, કિન્તુ થાય તો તે પુણ્યાનુબંધી હોય છે.

નિઃસ્વાર્થ કર્મ ઈશ્વરને દેણદાર બનાવે છે.

'કેવળ કર્મ અગર મારો અને સૌ કોઈનો દુશ્મન છે
અને ધર્મ અગર મારો અને સૌ કોઈનો મિત્ર છે,
મારાં સુખ-દુઃખ એ મારાં જ કર્મનાં ફળ છે'
એ શ્રદ્ધા વડે સૌ કોઈ સુખ પામો, ન્યાયથી જીવો
અને કલ્યાણના માર્ગને અનુસરો, એ મંગલભાવ છે.

કર્માનુસાર જ અનુકૂળતા - પ્રતિકૂળતા પ્રાપ્ત થાય.

સદ્બુદ્ધિનું દાન ભગવાન કરે છે, તેથી
સત્કર્મ કરતી વખતે વિચારવું કે:
સત્કર્મ કરવાની બુદ્ધિ ભગવાન જ આપે છે,
નહીં તો સત્કર્મ કર્યા પછી અહં વધી જાય.
ભગવાન ભૂલાય તો સમજી લેવું કે સત્કર્મ થયું નથી.

નૈષ્કર્મ્ય સિદ્ધિ = કર્મો કરવા છતાં નિર્લેપ રહેવાની શક્તિ.

સંન્યાસ યા કર્મયોગનું અંતિમ લક્ષ્ય બ્રહ્મસાક્ષાત્કાર છે
અને એ માટેનો ઉપાય ઈશ્વરની અનન્ય ભક્તિ છે.
મનથી સર્વ કર્મનું ફળ ભગવાનને અર્પણ કરી દેવું.

# નિઃસ્વાર્થ કર્મ કરો.

સ્વાર્થ માટે નહીં, સર્વ કર્મો ઈશ્વર અર્થે કરવા.

જગતની બાબત બધી વસ્તુઓમાં જેટલો લક્ષ રાખો છો,
તે કરતાં વધુ લક્ષ પ્રભુમાં રાખતાં શીખો.
પ્રભુને લક્ષ આપવાથી નિઃસ્વાર્થ કર્મનું મન થાય છે,
અભિમાન ગળી જાય તથા ઈચ્છાઓ નાશ પામે છે.
જ્યારે જીવભાવમાં કર્મભાવ અદંતર ઊડી જાય,
ત્યારે શુદ્ધ આત્મા પ્રકૃતિનો પ્રકાશ કરે છે.
મનુષ્યાદિ પર્યાયો નામકર્મના છે, જીવ સિદ્ધસ્વરૂપ છે.
સિદ્ધસ્વરૂપ એ જીવનું સાચું સ્વરૂપ છે.

પ્રકૃતિમાં પોતાનું જ ધારાધોરણ છે,
પોતાની જ વ્યવસ્થા અને પોતાનું જ સ્વશાસન છે.

આ છે પ્રકૃતિની સત્તા. પ્રકૃતિના પ્રત્યેક કર્મ ન્યાયી છે.
સ્વભાવ અને કર્મ - એ બે શક્તિઓને છોડી
જગતના કર્તારૂપ અન્ય ઈશ્વર આદિની
સત્તા કલ્પવી, તે વ્યર્થ છે.

પ્રશ્ન : દુર્ભાગ્યને કેવી રીતે નિવારી શકાય ?

ઉત્તર : સત્કાર્યો અને ઉત્તમ વિચારોના સેવન દ્વારા.

પ્રથમ વિચારોમાં પરિવર્તન આણવું જોઈએ. નાના-મોટાં કર્મોના પ્રભાવ એકત્ર થવાથી વૃત્તિઓ ઘડાય છે. જીવનના ભાગ્યનો સ્વામી મનુષ્ય પોતે જ છે અને પ્રત્યેક કાર્યનું મોડું કે વહેલું ફળ મળે જ છે.

પૂર્વના નિઃસ્વાર્થ કર્મો આ જન્મમાં વિવેક - નિષ્કામતા અને મહેચ્છાઓ ઉત્પન્ન કરે છે.

આપણા જીવને દુષ્કર્મ છોડવાનું અને સત્કર્મ કરવાનું મન કરાવનાર પ્રભુકૃપા જ છે.

'કૃપા'નો અર્થ પ્રભુનો આદર્શ, આલંબન અને ઉપદેશ.

વિશ્વમાં જે કાંઈ સત્કર્મ થયાં છે, થાય છે અને થશે, તેમાં મુખ્ય આલંબન પ્રભુ જ છે, કેમકે એક પ્રભુ જ સર્વ દોષરહિત - સર્વ ગુણસંપન્ન છે, તેથી દોષને છોડવાની - ગુણને મેળવવાની બુદ્ધિમાં આલંબન પ્રભુ છે, આદર્શ પણ પ્રભુ, સૌ સદુપદેશોના મૂળમાં ય પ્રભુ છે.

## સકામ પુરુષ - નિષ્કામ પુરુષ

સકામ પુરુષ કર્મ તરફ સ્વાર્થની દ્રષ્ટિથી જોતો હોવાથી જો એમાં થોડો પ્રમાદ થાય, તો નૈતિક દોષ માનતો નથી પણ એમાં તે અણઆવડતપણાંનો જ દોષ માને છે, જ્યારે નિષ્કામ પુરુષ સ્વકર્મમાં નૈતિક કર્તવ્યબુદ્ધિ રાખતો હોવાથી તેમાં જરાયે ખામી અથવા અપૂર્ણતા ન રહે, તેના પૂરતી કાળજી રાખતો હોવાથી એનું કર્મ વધુ ખામી વગરનું નીવડે છે.

'એકનો ધર્મ એકને લાભ કરે છે'

એ માન્યતાથી જે કર્મ કે સત્કર્મ થાય છે, તેના કરતાં

'એકનો ધર્મ સર્વને લાભ કરે છે'

એ માન્યતાથી થતું સત્કર્મ વધારે ચીવટવાળું હોય છે.

પાપકર્મ કે પુણ્યકર્મ કરે છે એક,
પરંતુ તેથી લાભ-હાનિ અનેકને થાય છે.

પાપકર્મની જવાબદારી પોતાની - પુણ્યકર્મની ઉપદેષ્ટાની. જેમ, એટલે જ બન્ને જાતના કર્મમાં ફરક છે પણ બંનેનું પરિણામ અનેકને ભોગવવું પડે છે, એ સત્ય છે.

નિશ્ચયનયથી આત્મા લેપાયેલો કે કર્મથી બંધાયેલો નથી,
વ્યવહારનયથી લેપાયેલો આત્મા કર્મથી બંધાયેલો છે.

'અકૃત્સ્નકર્મક્ષયે કૈવલ્યાભાવાત્ |' અર્થાત્:
સંપૂર્ણ કર્મક્ષયના અભાવમાં કેવળજ્ઞાનનો અભાવ છે.

કર્મમાં અનુકૂળતા નથી, કિન્તુ
તેને કરવાની ભાવનામાં અનુકૂળતા છે, તેથી
તેને વિધિસર સારી પેઠે કરવા જોઈએ.

જ્ઞાનદૃષ્ટિએ અકર્તૃત્વ, ભાવદૃષ્ટિએ એકત્વ અને
ક્રિયાદૃષ્ટિએ ભિન્નત્વનો સ્વીકાર કરીને ઘણું કર્મ
એક શરીરભોક્તા કર્મ છે, એક બુદ્ધિદાયક કર્મ છે.

વિહિત કર્મ નિષ્કામ ભાવથી થઈ શકે છે, પરન્તુ
નિષિદ્ધ કર્મ ઉદ્દેશ્ય જાતની કામના, ભોગાભિલાષા કે
'આ કર્મથી મને આ સુખ મળશે'
એવી આશા વિના કદી પણ થઈ શકતું નથી.

કર્તૃત્વરહિત પ્રવૃત્તિમાં જીવ ન મરે,
તો પણ હિંસકભાવ છે, તેથી ક્ષણે ક્ષણે કર્મબંધ છે.

# દ્રવ્યકર્મ, નોકર્મ તથા ભાવકર્મ

દ્રવ્યકર્મ = પૌદ્ગલિક. નોકર્મ = ઔદારિકાદિ પાંચ શરીર.
ભાવકર્મ = રાગ-દ્વેષાદિ અશુદ્ધ વિભાવપરિણતિ કરાવે તે.
દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ એ ૩ રોગ છે, જ્યારે
યથાર્થવાદ, વિધિવાદ તથા ચરિતાનુવાદ ૩ પરમ ઔષધ છે.
દ્રવ્યકર્મની વિશ્વ પર, ભાવકર્મની દ્રવ્યકર્મ પર સત્તા છે
અર્થાત્ વિશ્વ ઉપર જીવના શુભાશુભભાવનું પ્રભુત્વ છે.
દ્રવ્યકર્મનું સામર્થ્ય એ પણ ખરી રીતે આત્માનું જ
સામર્થ્ય છે, તેથી દિવ્ય છે, ઈશ્વરીય છે, Divine છે.
ભાવકર્મનું સામર્થ્ય પણ આત્માનું જ છે અને તે દ્રવ્ય
કરતાં વિશિષ્ટ છે, તેથી તે પણ Divine છે. આ રીતે
Divine (દિવ્ય)નો વિચાર કરવાથી human (મનુજ) બનાય.
વાસના એ ભાવકર્મરૂપ અને કર્મ એ દ્રવ્યકર્મરૂપ છે.

જૈન પરંપરા સ્પષ્ટ રૂપથી જડ કર્મ માને છે.
ભાવકર્મ કે રાગદ્વેષાત્મક પરિણામ, જે દ્રવ્યકર્મના કાર્ય
અને કારણ છે, તે બૌદ્ધ મતાનુસાર સંસ્કાર રૂપ છે.

મિથ્યાત્વ, ત્રિયોગ અને કષાયાદિથી પ્રેરાઈને
જીવ જે પ્રવૃત્તિ કરે, તે દ્રવ્ય-ભાવ ઉભય કર્મ.
બંનેને કાર્ય-કારણ ભાવનો સંબંધ છે.
બીજાંકુર ન્યાયે દ્રવ્ય અને ભાવકર્મ પરસ્પર કારણ છે.
ભાવકર્મ જીવનો વૈભાવિક પરિણામ છે, તેથી
જીવ તેનો ઉપાદાનરૂપ કર્તા છે.
દ્રવ્યકર્મ પુદ્ગલોનો સૂક્ષ્મ વિકાર છે, તેથી
જીવ તેનો નિમિત્તરૂપ કર્તા છે.
ભાવકર્મ રાગદ્વેષાત્મક પરિણામરૂપ છે, જ્યારે
દ્રવ્યકર્મ કાર્મણ જાતિના પુદ્ગલવિશેષ છે,
જે ભાવકર્મના નિમિત્તે આત્માની સાથે ચોંટે છે.
'આ જીવ એ શરીર નહિ, કર્મ નહિ, કષાય નહિ,
મનુષ્ય, તિર્યંચ કે દેવ નહિ, પરન્તુ આત્મા છે' એમ
વિચારતાં જ રાગ-દ્વેષ-ભેદ-આસક્તિ ચાલ્યાં જાય
અને પોતાના શુદ્ધ સ્વભાવમાં સર્વ આત્માઓ સાથે
સમભાવે રહી અનંત આનંદને અનુભવે છે.

## દ્રવ્યકર્મ - ભાવકર્મ ઉદયને દુઃખનું કારણ સમજવું.

પ્રત્યેક પ્રતિકૂળ પ્રસંગે દોષ તે પ્રસંગનો કે તેમાં
નિમિત્ત બનનાર કોઈ જીવનો નહીં - પોતાનો જ જોવો.
પોતાના જ દુષ્પ્રવૃત્ત યોગોનો, અનાદરનો દોષ જોવો,
એ એમ શીખવે છે કે દોષ જોવો,
તો કર્મનો જોવો, પછી તે દ્રવ્યકર્મ હો કે ભાવકર્મ!
'બંનેને કરનારો પોતે જ છે' એમ માની સ્વદોષ જોવો.
વિદ્યાનો લાભ ભાવકર્મના નાશથી શક્ય છે.
ભાવકર્મના નાશ સાથે દ્રવ્યકર્મનો નાશ અવશ્યંભાવી છે.
ભાવકર્મ એ જીવનો વૈભાવિક પરિણામ છે,
તેનો ઉપાદાન કર્તા જીવ છે.
દ્રવ્યકર્મ એ કાર્મણ જાતિના સૂક્ષ્મ પુદ્ગલોનો વિકાર છે.
તેનો કર્તા પણ નિમિત્ત રૂપથી જીવ છે.
ભાવકર્મ થવામાં દ્રવ્યકર્મ નિમિત્ત છે અને
દ્રવ્યકર્મ થવામાં ભાવકર્મ નિમિત્ત છે.
આમ બંનેમાં પરસ્પર બીજાંકુર ન્યાયે કાર્ય-કારણ ભાવ છે.

કર્મ કાં તો સ્વાર્થે, કાં તો પરાર્થે થાય.

ભગવાન પોતાનું કર્મ નિરંતર કરે છે અને પોતાના કર્મરૂપ જગત તમામ જીવોને આપી દે છે. તે જ મુજબ ભક્ત પણ કર્મો કરે અને તેને ભગવાનને સોંપી દે છે.

કર્મના ફળનું સમર્પણ ન કરનારો ભાવચોર છે.

દ્રવ્યથી ભક્તિ કરવા છતાં ભાવથી એ ભક્ત નહિ.

જે કર્મ કરવાનું સામર્થ્ય કે સામગ્રી ન હોય, તે સહજ કર્મ નહિ, તેથી તે કદાપિ કર્તવ્યરૂપ બનતું નહિ.

પતિતના આદરમાત્રથી જીવની ઊર્ધ્વગતિ થાય છે અને સર્વ પતિતનો અનાદર કરવાથી અધોગતિ થાય છે.

ધર્મની સાથે સંબંધ થવાથી સમત્વ વધે છે અને કર્મની સાથે સંબંધ થવાથી મમત્વ વધે છે.

કર્મનું કારણ સહજમલ અને ધર્મનું કારણ તથાભવ્યત્વ છે. એ બંને ગુણો જીવમાં અનાદિકાલીન યોગ્યતાથી રહેલા છે. ભવ્યત્વ સ્વભાવ ધર્મની સાથે સંબંધ કરી આપે છે, સહજમલ જીવને કર્મની સાથે સંબંધ કરી આપે છે.

## 'પ્રભુપ્રીત્યર્થ કર્મ' એટલે...

હૃદયશુદ્ધિ માટે નિઃસ્વાર્થ કે પરમાર્થ ભાવે થતાં કર્મ.

જે કર્મોથી અંતરાત્મા રૂપ પરમાત્મા પ્રસન્ન થાય, તે મુક્તિમાં પરિણમે છે, તેને જ 'પ્રભુપ્રીત્યર્થ કર્મ' કહે છે. કર્મની ગતિ ગહન છે. જેનાથી પ્રભુ પ્રસન્ન રહે, તે કર્મ.

કર્મથી જન્મ, જન્મથી ક્લેશ, ક્લેશથી કર્મ...

એ પ્રમાણે સંસારચક્ર ચાલે છે.

શરીર દ્વારા સત્કર્મ અને ઈશ્વરભજન એ નફા ખાતું,

બાકી બધું ખોટ અથવા ઘસારા ખાતું છે.

'સ્વેસ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિં લભતે નરઃ ।।'

પોતાના કર્મથી ભાગનારને નહીં, પરન્તુ પ્રેમથી કર્મોને પૂરાં કરનારને જ સિદ્ધિ સાંપડે છે, એ શાસ્ત્રનો બોલ છે. મનુષ્યજન્મરૂપી વૃક્ષમાં સુકૃતને ન આચરે, તેનો જન્મ નિષ્ફળ જાય. પાપ આચરે, તેનો જન્મ વિષફળ ગણાય, પાપાનુબંધી પુણ્ય આચરે, તેનો જન્મ કિંપાક ફળ અને પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરે, તેનો કલ્પવૃક્ષ સમાન ગણાય.

કર્મના સ્વરૂપને જાણવું, એ ધર્મની મૂળ ચાવી છે.

જે જાણશે, તે ઈશ્વરને ગમશે.

અભિમાન એવી વસ્તુ છે, જે સહેલાઈથી છૂટી શકતું નથી.
એ માટે પોતાની દીન, અસહાય અવસ્થા ઓળખવી જોઈએ.
કર્મનો નિયમ યથાર્થપણે સમજવાથી જ તે બની શકે છે.

જે જે વસ્તુ, કુળ, રૂપ, બળ, બુદ્ધિ -

વગેરેનું આપણને અભિમાન છે, એ સૌ તો કર્મજનિત છે,
પોતાની દીનતા અને ભગવાનની અધિકતા જે રીતે
ગૌતમગણધર જાણતાં હતાં, તેવી રીતે કર્મ સ્વરૂપના
ચિંતનથી જાણવા, એ સાચા ભાવનમસ્કારનું કારણ છે.
પોતાની સાચી ઓળખાણ કર્મસ્વરૂપના ચિંતનથી થાય,
પછી અભિમાન ગળી જાય છે. કર્મનું બળવત્તરપણું અને
ધર્મની અગાધ પ્રભાવનાનું બળવત્તરપણું - બંને સાચી
રીતે જાણ્યા પછી સાચી દીનતા, નમ્રતા, લઘુતા આવે છે.
કર્મવિપાકનું વારંવાર ચિંતન સાચી દીનતા ભાવ આપીને
પોતાના અભિમાનને છોડાવી આપે છે.

## 'કર્મનો નાશ' એટલે...

કર્મના સંબંધમાં આવવાની જીવની યોગ્યતાનો નાશ.
તે માટે મુક્તિના સંબંધમાં આવવાની જીવની યોગ્યતાનો
વિકાસ થવો જોઈએ. તેના મુખ્યત્વે ત્રણ સાધન છે:
દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદન અને ચતુઃશરણગમન.
જીવ અને કર્મનો સંબંધ અનાદિ સંતતિગત હોવા છતાં
શ્રદ્ધાદિ રત્નત્રય દ્વારા તેનો નાશ કરી જ શકાય છે.
કર્મને કોઈની શર્મ નથી, કર્મ આગળ સર્વ સમાન છે.
ક્લેશાત્મક પાપનો નાશ કરવા જીવના જીવત્વમાં નહીં,
કર્મના કર્મત્વમાં દોષદ્રષ્ટિ જવી જોઈએ.

## જીવન્મુક્તિ માટે શેનો પ્રયત્ન કરવો ?

કર્મ એ બંધન છે પણ તેનાથી મુક્ત થઈ શકાય છે.
ભૂતકાળે બાંધ્યા છે, પરન્તુ ભવિષ્ય માટે તમે મુક્ત છો.
જીવન્મુક્તિ માટે વાસનાક્ષય અને મનોનાશનો યુગપત્
પ્રયત્ન કરવો. વાસનાશૂન્ય થવાથી મન શાંત થાય તથા
શાન્ત મન સ્વસ્વરૂપ અધિષ્ઠાનમાં પ્રતિષ્ઠિત થાય છે.

## ધ્યાનથી થાય કર્મનાશ.

(૧) મેલ કાપવા જલની જેમ ધ્યાન કર્મમેલને ધુએ છે.

(૨) ભવ રૂપી રજવલ્લીઓથી કર્મકલંકને દૂર કરવા માટે ધ્યાન એ વહ્નિ કે અગ્નિનું કાર્ય કરે છે.

(૩) કર્મરોગાનિવારણ માટે તે ઔષધની જેમ લંઘનથી આપણા દોષોને પચવે છે, વિરેચનથી દૂર કરે છે અને અન્ય ઔષધિઓથી રોગનું સર્વથા, નિવારણ કરે છે. ધ્યાન એ કર્મરોગનું પચન - શમન - નિવારણ કરી આત્માને ભાવઆરોગ્ય આપે છે.

(૪) કર્મરૂપી ઇંધનતૃણને બાળવા તે અગ્નિનું કાર્ય કરે છે.

(૫) ધ્યાન રૂપી અનુકૂળ પવનથી કર્મબાદળ વિખરી જાય છે તથા રાગ આદિ દોષોનો ક્ષય થાય છે.

(૬) ભવ ઉપર ચોંટેલ કર્મપંકને શોષવાનું કાર્ય ધ્યાનરૂપી સૂર્ય દ્વારા થાય છે.

(૭) ધ્યાનના બળે ઇર્ષા - વિષાદ - શોક આદિ માનસિક કર્મો પણ નાશ પામે છે.

કર્મચક્ર અથવા કર્મબંધનને તોડવા માટે

પહેલો ઉપાય છે નિષ્કામ કર્મ.

તેથી સંસ્કાર પડતાં નથી અને કર્મનું ચક્ર તૂટી જાય છે.
બીજો ઉપાય યોગાભ્યાસ છે, તેથી બુદ્ધિ નિર્મળ બને છે
અને નિર્મળ બુદ્ધિ અતીન્દ્રિય જ્ઞાનને મેળવે છે.
તે ઇંદ્રિયજ્ઞાનથી અતિરિક્ત વસ્તુને પણ દેખવા લાગે,
તેથી કર્મ લોકોત્તર બને છે અને
કર્મનો ઉદ્દેશ - અધિષ્ઠાન પણ બદલાઈ જાય છે.
ત્રીજો ઉપાય રૂપે ઈશ્વરભક્તિ પણ બંધનને તોડે છે.
આ ત્રણે ઉપાય લેનાર કોઈપણ વ્યક્તિ
મોક્ષને પ્રાપ્ત કરી શકે છે - એ 'ગીતા'નો અભિપ્રાય છે.
કર્મના ભેદથી જીવો જુદા - જુદા લાગે છે, પરન્તુ
આત્મદૃષ્ટિએ સર્વ જીવ સમાન છે.
આત્મપ્રદેશ સંકુચિત - વિકસિત થાય છે, પરન્તુ તેમાં
એક પણ પ્રદેશ ઓછો ઘટતો નથી, તેમ વધતો પણ નથી.
દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી કે ભાવથી સર્વ જીવ સમાન છે.

કર્મબંધન મન - વચન - કાયા વડે થાય છે.

મન - વચન - કાયા વડે દેવ અને ગુરૂને નમસ્કારરૂપી
મહામંત્રનું આરાધન ત્રણે પ્રકારના કર્મોનો નાશ કરે છે.

મનથી બંધાયેલું કર્મ મનથી નાશ પામે છે,
વચનથી બંધાયેલું કર્મ વચનથી નાશ પામે છે અને
કાયાથી બંધાયેલું કર્મ કાયાથી નાશ પામે છે.

પ્રભુવંદન દ્વારા કાયાથી બંધાયેલાં કર્મ નાશ પામે છે,
સ્તુતિ દ્વારા વચનથી બંધાયેલાં કર્મ નાશ પામે છે
અને સ્મરણ દ્વારા મનથી બંધાયેલાં કર્મ નાશ પામે છે.

આપણે કેવા નગુણા છીએ કે...

ઈશ્વરે સોના જેવું જીવન આપ્યું અને
આપણે જગતને કબર આપીએ છીએ!
અહીં ઈશ્વર = સત્કર્મ, કબર = અસત્કર્મ.
સત્કર્મ = ઈશ્વરની આજ્ઞાપાલનરૂપ = ઈશ્વરસ્વરૂપ.
અસત્કર્મ = ઈશ્વરની આજ્ઞાના ભંગરૂપ = કબર.

કરથી કર્મ કરો તથા મન પ્રભુને સોંપો.

## પ્રકૃતિ કર્મ ઉપર કોપ ક્યારે થાય ?

હવે સાચી સમજણને તોડી જીવો સાચી સમજણ મેળવશે,
ત્યારે સર્વ જીવો પ્રત્યે આત્મીયતા પ્રગટે છે,
પછી અપરાધી ઉપર કોપ થતો નહિ પણ
પ્રકૃતિ કર્મ ઉપર કોપ થાય છે, જે ધર્મધ્યાનસ્વરૂપ છે.
પ્રકૃતિ કર્મ જે માંગે, તે આપીને છૂટા થાઓ.
ના ન પાડો. ના પાડવાથી ઋણ છૂટતું નહિ પણ વધે છે.
કરજ આપો અને હસીને આપો.
કર્મ દ્વારા જીવ શરીરને ઉત્પન્ન કરે છે, એથી જીવ
શરીરનો કર્તા છે અને શરીર દ્વારા કર્મને ઉત્પન્ન કરે છે,
માટે કર્મનો ય કર્તા છે. કર્મ અતીન્દ્રિય છે, અરૂપી નહિ.
કાર્ય દ્વારા તેની સિદ્ધિ થાય છે.
કર્મના કરજમાંથી મુક્ત થવાનો પ્રયત્ન, તે જ 'ધર્મ.'

## અગ્નિ સાથે ધુમાડાની જેમ

દરેક કર્મની સાથે કંઈક દોષ જોડાયેલો હોય જ છે.
જોવાનું એટલું જ છે કે અગ્નિ ઝાઝો છે કે ધુમાડો ?

# સાધનાનું માળખું એટલે જ કર્મ.

જ્યાં સુધી દેહ છે, સાધકને સાથે કર્મ ઘણું જ રહેશે.
શરીરનું અસ્તિત્વ કર્મની જરૂરિયાત બતાવે છે.
કર્મની જરૂરિયાત નહીં રહે, ત્યારે દેહ જ પડી જશે.
કર્મબંધનો આધાર શો? કાર્ય કરતી વેળાના સંયોગો -
પરિણામ ઉપર, તેમાં રસ વધારા - ઘટાડાનો આધાર કાર્ય
કર્યા પછીના એટલે કે પશ્ચાતાપવાળા અધ્યવસાય ઉપર છે.

## શ્રી પંચસૂત્રમાં કહ્યું છે કે...

દુષ્કૃતગર્હાથી અશુભ કર્મના અનુબંધો
મંદવિપાક વડે શિથિલ થાય (અલ્પ વિપાકી),
પુદ્ગલ દૂર થવા વડે ક્ષીણ થાય (સુખાપનેય) તથા
મૂળથી નાશ, ક્ષય થાય છે (અપુનર્ભાવિ).
જે નિરનુબંધ અશુભ કર્મ અવશેષ રહે છે,
તે ભગ્ન સામર્થ્યવાળું અને સુખાપનેય બનીને
કટકબદ્ધ વિષની જેમ અલ્પવિપાકવાળું તથા
અપુનર્ભાવવાળું ઘણું હોવાથી ફરી તેનો બંધ થતો નથી.

દુષ્કૃતગર્હાનું અંતિમ તાત્પર્ય સ્વકૃત દુષ્કૃતની ગર્હા છે.
દુઃખ એટલે સ્વકૃતકર્મનો વિપાક સમજી તેને સમભાવે ભોગવવાથી અશુભ કર્મ ખપે છે, દુઃખમાં નિમિત્તભૂત બનનાર જીવ ઉપર સંક્લેશનો પરિણામ થતો નથી. અશુભ કર્મ અશુભ ઉપયોગથી બંધાય છે અને ઉપયોગ શુભ કે અશુભ કરવો, તેમાં જીવને સંપૂર્ણ સ્વાતંત્ર્ય છે.

ઉપયોગો-લહેરોમાં, જીવની તે વિષયમાં
સંપૂર્ણ સ્વતંત્રતાનું બોધક છે.

સુખ એટલે શુભ કર્મનો વિપાકોદય છે અને
શુભ કર્મનો બંધ શુભોપયોગ દ્વારા થયો છે.
તે શુભ ઉપયોગમાં નિમિત્ત થઈને
કોઈને કોઈ જીવ રહેલ છે, તેનો ઉપકાર માનવો,
તે અંતિમ સુકૃતાનુમોદનનું તાત્પર્ય છે.

○

Sin of omission = મિથ્યાત્વ - નિગોદરૂપ.
Sin of commission = અવિરતિ - નરકરૂપ.

જીવ અનાદિ છે, જીવનો સંસાર પણ અનાદિ છે.

સંસાર કર્મના સંબંધથી ચાલે છે.

એ સંસારનો નાશ શુદ્ધ ધર્મથી થાય છે અને શુદ્ધ
ધર્મની પ્રાપ્તિ મિથ્યાત્વાદિ પાપકર્મોના નાશથી થાય છે.
ભાવકર્મ રાગાદિરૂપ અને દ્રવ્યકર્મ જ્ઞાનાવરણીયાદિરૂપ
દુઃખરૂપ - દુઃખફલક તથા દુઃખની પરંપરા વધારનારા છે.

પાપકર્મોનો નાશ આત્માની યોગ્યતા વિકસવાથી થાય છે,
તેના 3 સાધન: દુષ્કૃતગર્હા, સુકૃતસેવન, ચતુઃશરણગમન.

દુષ્કૃતગર્હાથી દુઃખ ટળે, સુકૃતના સેવનથી
દુર્ગતિ ટળે અને ચતુઃશરણગમનથી દુર્બુદ્ધિ ટળે છે.
શરણાગમનથી એવી સદ્બુદ્ધિ જાગે છે કે:
'દુષ્કૃત હેય છે, સુકૃત ઉપાદેય છે.'

મિથ્યાત્વની નિબિડ ગાંઠ અનાદિકાળની છે,
તે તૂટે નહીં, ત્યાં સુધી સંસારનું પરિભ્રમણ મટે નહીં.

સુખમાં વિરાગ - દુઃખમાં સમાધિ ટકવાથી મિથ્યાત્વ,
અવિરતિ, કષાય, પ્રમાદ અને દુષ્ટ યોગો પણ ટળે છે.

## કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગનો સમન્વય

કર્મ અને જ્ઞાન વિના કેવળ ભક્તિ પણ દીન, દુ:ખી અને રડતી જ છે. કેવળ જ્ઞાનમાં શુષ્કતા છે, કેવળ કર્મમાં તોફાની આશા છે. જ્ઞાનમાં તો એ ફળની આશા જ નથી, તેથી અતિ શુષ્ક છે. કર્મને પણ ભક્તિનો ટેકો જોઈએ. ભક્તિ વિનાના કર્માદિ ગુરુગ્રન્થિ અને લઘુગ્રન્થિ સર્જે.

## જ્ઞાન અને કર્મની જુગલબંદી

તે જ જ્ઞાન સફળ છે કે જે શુભ કર્મમાં કારણ બને,
તે જ કર્મ કલ્યાણકારી છે કે જે બુદ્ધિપૂર્વક કરવામાં આવે.
જ્ઞાન વિના કર્મ અંધ છે તથા કર્મ વિના જ્ઞાન પંગુ છે.
જ્ઞાનહીન કર્મને ખર - કર્મહીન જ્ઞાનને શુકની ઉપમા છે.
જ્ઞાન અને કર્મ બન્ને સાપેક્ષ બને તો ઉપયોગી છે,
કિન્તુ બન્ને નિરપેક્ષપણે સાવ નિરુપયોગી છે.
જ્ઞાન - કર્મયોગમાં ભક્તિઅનુસ્યૂત છે, તે પૃથક્ કશી નથી.
ભક્તિશૂન્ય જ્ઞાન મિથ્યા - ભક્તિશૂન્ય કર્મ અફળ છે.
તેથી જ્ઞાન અને કર્મની સાથે ભક્તિ જોડાયેલી જ છે.

નિષ્કામ કર્મયોગ એ કુમારી અવસ્થા,
ભક્તિયોગ નવોઢા અવસ્થા અને રાજયોગ પ્રૌઢાવસ્થા છે.

જીવરૂપી કન્યાને પ્રભુરૂપી વરનો યોગ થાય,
તે માટે યોગ્યતા મેળવવાની સાધના તે 'કર્મયોગ.'
આમ સર્વાત્મભાવની આરાધના એ કર્મયોગ છે,
તેનાથી ચિત્તનો મળ દૂર થાય છે.
યોગ્યતા મળ્યાં બાદ પ્રભુયોગે રસાવેશની
વિવિધ અનુભૂતિઓ તે 'ભક્તિયોગ.'
ચિરકાળ પ્રભુયોગ વડે રસાવેશની સ્થિરાવસ્થાપૂર્વકની
જે મહિમામય સ્થિતિ તે 'રાજયોગ.'

કર્મયોગ તિતિક્ષાનો, રાજયોગ ઉદાસીનતાનો અને
ભક્તિયોગ સમર્પણ-શરણાગતિનો માર્ગ સ્વીકાર કરે છે.

કર્મમાર્ગમાં જગતચિંતન, રાજમાર્ગમાં સ્વરૂપચિંતન અને
ભક્તિમાર્ગમાં જગદીશ્વરનું ચિંતન પ્રધાનપણે રહે છે.
કર્મયોગનું સમત્વ એટલે નિષ્કામપણે સ્વધર્મનું આચરણ
તથા સિદ્ધિ - અસિદ્ધિમાં સર્વત્ર સમભાવ રાખવો તે.

## પાંચ પ્રકારે કર્મયોગ

પ્રભુ માટે જીવવું, પ્રભુનાં જ કામ કરવા,
પ્રભુ સિવાય જગતમાં કાંઈ જોવું નથી,
પ્રભુની અવ્યભિચારિણી ભક્તિ કરવી અને
પ્રભુને એકનિષ્ઠ સ્નેહ કરવો.
કર્મયોગનું વિઘ્ન કામના - સકામ કર્મ બંધનું કારણ છે.

## કર્મ કઈ રીતે નિષ્કામ હોય ?

કામના વિના કર્મનો બંધ ન જ હોય.
'નિર્ગતા વિષયકામના યસ્માત્ ।' અર્થાત્ કુટુંબ મોક્ષ યા
ઈશ્વરપ્રાપ્તિની કામનાથી થતાં કર્મ જ નિષ્કામ કર્મ છે.
શાસ્ત્રવિહિત કર્મ દ્વારા અનેક જન્મો પછી ભગવત્
પ્રેમ ઉત્પન્ન થઈ, ભગવાનને મળવાની ઈચ્છા થાય છે.
રાગ એ ભક્તિને ઉત્પન્ન કરનાર કર્મ છે.
રાજયોગમાં સર્વમાં સમબુદ્ધિ,
કર્મયોગમાં સિદ્ધિ - અસિદ્ધિમાં સમભાવ રહે,
ભક્તિયોગમાં સૌ સાથે મિત્રભાવ, દયાભાવ, અદ્વેષભાવ.

# કર્મયોગ એટલે શું ?

ઘાણાના બળદની જેમ કર્મમાં લાગી રહેવું, તે કર્મયોગ નથી.

શરીર, ઇંદ્રિયો, ધન, સંપત્તિ આદિ બધાં સાધનો,
તેનાથી થવાવાળાં કર્તવ્ય કર્મો અને તેનાં ફળોને
ઈશ્વરને સમર્પણ કરી અનાસક્ત ભાવથી સાધવા
નિષ્કામ ભાવથી વ્યવહાર કરવાનું નામ 'કર્મયોગ' છે.

કર્મયોગમાં નિષ્કામતા અને કર્તૃત્વબુદ્ધિનો અભાવ છે,
માત્ર ફળ અર્થે કર્મ નહીં, આજ્ઞાપાલનનો અધ્યવસાય છે.
સ્વધર્મપાલન પણ પરમાત્મઆજ્ઞાને આરાધવા માટે છે.
કર્મનું આવરણ ટળી જવાથી ચેતના પરિશુદ્ધરૂપમાં પ્રગટે છે.
કર્મથી છૂટવાનો ઉપાય જ્ઞાન - ક્રિયાનો સમુચ્ચય છે.

દર્શન એ જ્ઞાનમાં સમાઈ જાય છે અને
ચારિત્ર એ ક્રિયામાં સમાવેશ પામે છે.
આમ કર્મમાર્ગ અને યોગમાર્ગનું સંમિશ્રણ, તે ચારિત્ર છે.

કર્મ અને ભક્તિ પોતાની અંતિમ સીમા ઉપર
પહોંચીને જ્ઞાનનું રૂપ ધારણ કરી લે છે.

'કર્મયોગ' એટલે કર્મ દ્વારા ઈશ્વરપ્રાપ્તિનો સાક્ષાત્કાર.
વિચારની ભૂમિકા ઉપર જેઓ એકાગ્રતા ન સાધી શકે,
તેમણે ઈંદ્રિયો અને મનથી પ્રત્યક્ષ કરી શકાય તેમ હોય,
તેવા નક્કર કર્મથી એકાગ્રતા સાધવી.

કર્મયોગનું રહસ્ય આસક્તિરહિત કર્મ કરવું, તે છે.
જ્યારે જ્યારે દુઃખનો અનુભવ થાય છે, ત્યારે ત્યારે
તે કાંઈક મેળવવાની વૃત્તિના પ્રત્યાઘાત રૂપે જ હોય છે.

સાચો કર્મયોગ એટલે...

કંઈ પણ બદલો મેળવવાની આશા વિનાનું સત્કર્મ. એથી
કર્મ શુદ્ધ બની શક્તિનો વધુમાં વધુ સદુપયોગ થાય છે.
ફળની ઈચ્છાપૂર્વક ઘણું કર્મ શક્તિને વેડફી નાંખે છે.
મનુષ્ય કોઈને કોઈ કામમાં રોકાયેલો તો હોય જ છે પણ
કર્મનું રહસ્ય ન જાણવાથી શક્તિને વેડફી નાંખતો હોય છે.

જ્યારે કર્મમાંથી ફળાસક્તિ દૂર કરવામાં આવે,
ત્યારે તે કર્મ પ્રસન્નતા પેદા કરે છે, નવું બંધન ઘડતું
નહિ અને એ કર્મ જુનાં બંધનોને દૂર કરી આપે છે.

કર્મયોગ એ કર્તવ્યબુદ્ધિથી કરાતું અનુષ્ઠાન છે.
કર્મથી શક્તિ, પ્રેમથી ભક્તિ, પ્રકાશથી જ્ઞાન જણાય.
આમ એ ત્રણેની પ્રવૃત્તિ દ્વારા જ મુક્તિ સધાય છે,
આપણે ગમે તે કર્મ કરીએ, તે સારું હોય કે ખોટું હોય,
તેને પરમાત્માની સ્વાભાવિક વિશ્વક્રિયાની સાથે યુક્ત
કરીએ, પછી તે કર્મ આપણને બાંધી શકતું નથી
અને પછી તે કર્મ મંગલ - આનંદનું કર્મ બની જશે.
સાચો કર્મયોગ નિમિત્તમાત્ર બનવામાં નથી,
કિન્તુ અનેકમાંના એક કરણરૂપે રહેવામાં છે.
સાચો કર્મયોગ કર્તૃત્વની જવાબદારી ટાળવામાં નહિ પણ
ઉપાદાન કર્તૃત્વની સાથે નિમિત્ત કર્તૃત્વને પણ
પ્રેમે અપનાવવામાં છે, તેથી મિથ્યા અહંકાર ટળે છે.
આત્માનું પરમાત્મામાં નિવેદન કરવું, એ કર્મ - ભક્તિ
અને જ્ઞાન - એ ત્રણે માર્ગનું અંતિમ ધ્યેય છે.
આત્મસત્તા પ્રકટ થાય છે જ્ઞાન મારફતે અને
આત્મશક્તિ પ્રગટ થાય છે કર્મ મારફતે.

છ આવશ્યકમાં જ્ઞાન - ભક્તિ - કર્મયોગ

સામાયિક એ જ્ઞાન છે.

ચતુર્વિંશતિસ્તવ અને ગુરુવંદન એ ભક્તિ છે.
પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન એ કર્મ છે.
ટૂંકમાં સર્વ જીવોને આત્મતુલ્ય જાણવા એ જ્ઞાન,
ભાવવા એ ભક્તિ અને વર્તવા એ કર્મ છે.
સાધક દશામાં કર્મયોગ મોટો છે તથા સિદ્ધ દશામાં
કર્મયોગ અને કર્મસંન્યાસ એક જ બની જાય છે.
કર્મયોગ તથા કર્મસંન્યાસ - બન્ને નિષ્કામ કર્મમાં જ છે.
મતિવંત તો ભક્તિને પ્રબોધ કરવામાં કર્મો પણ કરે.
'સર્વ કર્મ જ્ઞાનમાં જઈને સમાપ્ત થાય છે' તેનો અર્થ છે:
કર્મોથી જ્ઞાન ઉત્પન્ન - પ્રજ્વલિત થાય છે.
કર્મમાત્ર જ્ઞાનને સ્થિર રહેવામાં સહાયક બને છે.
જ્ઞાનાગ્નિને પ્રજ્વલિત રાખવા માટે કર્મ ચાલુ રહેવા જોઈએ.
કર્મમાં નહીં, પરંતુ તેને કરવાની ભાવના અને વિધિમાં
મહત્તા છે, તેથી તેને વિધિપૂર્વક સારી પેઠે કરવા.

કર્મ તે દુષ્કૃતગર્હા રૂપ - ભક્તિ તે સુકૃતાનુમોદન રૂપ
અને જ્ઞાન તે શરણાગમનાદિ રૂપ છે.

દુષ્કૃતગર્હાથી ઋણમુક્તિ - કૃતજ્ઞતાગુણનું પાલન થાય છે,
સુકૃતાનુમોદનથી પરાર્થવૃત્તિ અને શક્યપ્રવૃત્તિ થાય છે,
શરણાગમન વડે આત્મજ્ઞાનની ભૂમિકા પ્રાપ્ત થાય છે.

ચિત્તશુદ્ધિ થયાં પછી જ્ઞાનમાર્ગનો અધિકાર છે.
ચિત્તશુદ્ધિ માટે કર્મ અને ભક્તિ છે.
જ્ઞાનનું કાર્ય અજ્ઞાનને હઠાવવું તે છે,
પરન્તુ કર્મ અને ભક્તિને નહીં.

કર્મ તથા ભક્તિ એ હાથ - પગ - ધડના સ્થાને છે,
જ્યારે જ્ઞાન એ મસ્તકના સ્થાને છે.

'સર્વં કર્માખિલં પાર્થ જ્ઞાને પરિસમાપ્યતે |'

કર્મ જ્ઞાનમાં પરિપૂર્ણ થાય, કર્મથી જ્ઞાન પ્રજ્વલિત થાય.
જ્ઞાનને સ્થિર રહેવામાં કર્મ સહાયક છે.
જ્ઞાનને પ્રજ્વલિત રાખનાર કર્મ કરવા જોઈએ.
અવિદ્યા કર્મબંધનું અને જ્ઞાન એ મોક્ષનું કારણ છે.

## જ્ઞાન - ભક્તિ - કર્મયોગ

પ્રભુના અસ્તિત્વનું જ્ઞાન અને પ્રભુ પ્રત્યેનો ઉત્કટ પ્રેમ, એ રીતે જ્ઞાન અને ભક્તિના આધાર ઉપર રહીને કરેલું કાર્ય તે કર્મયોગ બને છે, એનો અર્થ એ છે કે પ્રભુ ખાતર - પ્રભુને લક્ષ્યે કરેલું કાર્ય જ યોગદૃષ્ટિએ 'કર્મ' છે. કરેલાં કાર્યનો આધાર પ્રભુપ્રીતિમાં રહેલો ન હોય,

તો તે કર્મ નહિ પણ માત્ર ચેષ્ટા છે.

જ્ઞાન અને ભક્તિનો સુભગ સમન્વય = કર્મયોગ.

જ્ઞાન, ભક્તિ, કર્મનો ત્રિવેણી સંગમ = પ્રભુમિલન.

કીડી કે વાનર પોતાના સમૂહ માટે કાર્ય કરતાં હોય, તેને તે કર્મયોગ ન કહેવાય, એ પ્રમાણે માનવને ય લાગુ પડે.

પશુચેતનામાં રહીને કરેલું કાર્ય

ગમે તેટલું મોટું હોય, તો પણ તે ચેષ્ટા છે.

કર્મ અને ચેષ્ટા વચ્ચેની આ ભેદરેખા મહત્વની છે. દિવ્ય ચેતનામાં સ્થિર થઈને કરેલું કાર્ય ગમે તેટલું નાનું હોય, તો યે કર્મયોગની પરિભાષામાં તે 'કર્મ' છે.

## ઈશ્વરદર્શનાર્થે મુખ્ય ત્રણ માર્ગો કયા ?

રાજમાર્ગ, ભક્તિમાર્ગ અને કર્મમાર્ગ.

કર્મયોગ એ જીવન, અકર્મણ્યતા એ મરણ.

પ્રથમ કર્મયોગ, પછી રાજયોગ અને છેલ્લે રાજયોગ.

અશુભ કર્મમાંથી છૂટવા માટે શુભ કર્મ,
શુભ કર્મના ફળમાંથી છૂટવા માટે ઈશ્વરાર્પણ - આજ્ઞાપાલન
અને આજ્ઞાપાલનના અભિમાનમાંથી મુક્ત થવા માટે
નિર્વિકલ્પ બ્રહ્મની પ્રાપ્તિ - એ જ અનુક્રમે
કર્મ-ભક્તિ-રાજયોગનો ક્રમ થઈ મુક્તિમાર્ગ બને છે.

ખરો કર્મમાર્ગ એટલે...

'નાનાં-મોટાં કર્મ સૌ કરે છે, હું એકલો કરતો નથી' એમ તટસ્થ ભાવથી ગમતાં કાર્યો ઉપર રાગ અને અણગમતાં કાર્યો ઉપર દ્વેષ કર્યા વિના તથા ફળની આશંસા રાખ્યા વિના સ્વાભાવિક રીતે કરતાં થવું અને છેવટે એ બધાં જ કર્મો ઈશ્વરને અર્પણ કરવા જેટલી સમતા લાવવી, તે ખરો કર્મમાર્ગ છે.

૪ રીતે બંધ: પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ, રસબંધ.

યોગથી પ્રથમ બે તથા કષાયથી અંતિમ બે થાય છે.

પ્રકૃતિબંધ = દર્શનાવરણ, જ્ઞાનાવરણાદિ.

સ્થિતિબંધ = જીવની પ્રદેશોની સાથે રહેવાની શક્તિ.

રસબંધ = કર્મની તીવ્ર અને મંદ ફળ આપવાની શક્તિ.

પ્રદેશબંધ = કર્મના પરમાણુઓનો સમૂહ.

જીવનની ક્રિયાઓનો આદિ સ્રોત જીવની મનોવૃત્તિ છે.

ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ સંક્લેશરૂપ પરિણામોથી થાય છે,

જઘન્ય સ્થિતિ બંધ ઉત્કૃષ્ટ વિશુદ્ધિની અવસ્થામાં થાય છે.

કર્મની ઉત્કૃષ્ટતા - જઘન્યતા કોને આધીન ?

કર્મની સ્થિતિ બંધની ઉત્કૃષ્ટતા સંક્લેશને આધીન છે.

રસબંધની ઉત્કૃષ્ટતા વિશુદ્ધિને આધીન છે.

સ્થિતિબંધની જઘન્યતા વિશુદ્ધિને આધીન છે.

રસબંધની જઘન્યતા સંક્લેશને આધીન છે.

દેશઘાતી તથા સર્વઘાતી રસબંધ અનુક્રમે

લતા, કાષ્ઠ, અસ્થિ તથા પાષાણ સમાન છે.

પ્રશસ્ત અઘાતી રસબંધ ગુડ, ખાંડ, સાકર, અમૃત સમ છે, અપ્રશસ્ત અઘાતી રસબંધ લીમડો, હલાહલ વિષ સમાન છે.

પ્રદેશબંધ: આયુનો ભાગ અલ્પતમ, નામ - ગોત્રનો એથી અધિક પરસ્પર સમાન, એથી અધિક જ્ઞાન - દર્શનાવરણ અને અંતરાય - પરસ્પર સમાન, એથી અધિક મોહનીય અને એથી બહુ અધિક ભાગ વેદનીયને મળે છે.

તાત્કાલિક દ્રવ્યાત્મક - ભાવાત્મક પરિસ્થિતિઓ કર્મફલદાયિની શક્તિમાં હાનિ - વૃદ્ધિ - સંક્રમાદિ કરે છે, તો પણ સામાન્ય રૂપે કર્મફલભોગની ધારા અવિચ્છિન્નરૂપથી ચાલ્યા જ કરે છે, તેથી જીવની વિભિન્ન દશાઓનું મૂળ અથવા પ્રધાન કારણ પૂર્વોપાર્જિત કર્મબંધ કહેવાય છે.

મન, વચન તથા કાયાની ક્રિયાઓ

રાગ-દ્વેષ આદિ આત્મિક ભાવના દ્વારા જીવ પોતાની અંદર એવી શક્તિઓ ઉત્પન્ન કરે છે કે જેના પરિણામે તેને નાના પ્રકારના સુખ-દુ:ખોનો અનુભવ તથા સંસારચક્રમાં પરિભ્રમણ કરવું પડે છે.

# કર્તૃત્વ કોનું?

દ્વન્દ્વાત્મક ભૌતિકવાદને પ્રાધાન્ય મળ્યું છે એ ખોટું,
પરન્તુ દ્વન્દ્વાત્મક ગતિની વિચારણા જરૂર ઉપયોગી છે.
ભૂતકાળના કર્મો અને જીવનો સંબંધ
દ્વન્દ્વાત્મક ગતિની રીતે જોવો જોઈએ.
ભૂતકર્મોનું કર્તૃત્વ એ વર્તમાનનું ઉપાદાન જરૂર છે,
પરન્તુ એ તો માટીનો પીંડો માત્ર. એને વર્તમાન અને
ભાવકર્મનું વિશિષ્ટ રૂપ આપવાનું સામર્થ્ય તે કર્તૃત્વ,
ભૂતકાળમાં નહીં પણ વર્તમાનમાં છે.
જીવ એને પોતાના સ્વભાવાનુસાર વિશિષ્ટ ઘાટ આપે,
એ રીતે એ કર્તૃત્વ જીવનાં વર્તમાન કાળે રહેલું છે.
એની જવાબદારીમાંથી એ છૂટી શકે એમ નથી.
જીવનું કર્તૃત્વ ભૂતકર્મો પર છોડવામાં આવે, તો અશુભ
કર્મોનો ખટકો અને શુભ કર્મો માટેનો પ્રયત્ન નહીં રહે.
સંપૂર્ણ કર્મક્ષય ન થાય, ત્યાં સુધી શુભ-પુણ્ય કર્મો
માટેના પ્રયત્નની આવશ્યકતા તો સૌ કોઈ સ્વીકારે છે.

ઈશ્વરાર્પણ બુદ્ધિથી થતું પ્રત્યેક કર્મ જીવને બંધનથી
મુક્ત કરે છે, તેમાં સ્ખલનનો કે પતનનો ભય નથી.

કર્મનો કરનાર પોતે નથી, પરન્તુ
અંતરાત્માનો પ્રેર્યો અને કોઈ અદૃશ્ય સંયોગોને
વશ થઈને કરે છે, એ જ જીવનું અકર્તૃત્વ છે.

કર્મનું કર્તૃત્વ જીવમાં છે, પરંતુ
એના instruments વિશ્વમાં છે.

જે કર્મનો પ્રવાહ બાહ્ય છે, તે કર્મ છે અને
જે કર્મનો પ્રવાહ અંદર છે, તે તપ છે.

કર્મ તો પ્રત્યેક જીવને થયાં જ કરતું હોય છે, માત્ર
તેમાં કર્તૃત્વ + કર્મફલભોક્તૃત્વબુદ્ધિનો નાશ કરવાનો છે.
કર્તૃત્વ અને ભોક્તૃત્વ ઈશ્વરને સમર્પણ કરવાનું છે.

કર્મનો બન્ધ, ઉદય, ઉદીરણા અને સત્તા

સયોગી કેવલીને કર્મનો બંધ શાતાવેદનીયનો અને
કર્મનો ઉદય ૪૨ પ્રકૃતિનો : તેમાં
૨ વેદનીય, ૧ આયુષ્ય, ૧ ગોત્ર, ૩૮ નામકર્મની હોય છે.

## નામકર્મની ૩૮ પ્રકૃતિ

અસ્થિરદ્વિક ૨, ખગતિદ્વિક ૨, અગુરુ - લઘુ ચતુષ્ક ૪, સંસ્થાન ષટ્ક ૬, પ્રત્યેકત્રિક ૩, ઔદારિકદ્વિક ૨, વર્ણ ચતુષ્ક ૪, સુસ્વર - દુઃસ્વર ૨, નિર્માણ ૧, તૈજસ ૧, કાર્મણ ૧, પ્રથમ સંઘયણ ૧ અને ૯ અયોગી ગુણઠાણાની.

## અયોગી ગુણસ્થાનકે ૧૨ પ્રકૃતિઓનો ઉદય

(૧) સૌભાગ્ય (૨) આદેય (૩) યશ (૪) શાતા કે અશાતા (૫ - ૬ - ૭) ત્રસત્રિક (૮) પંચેન્દ્રિય જાતિ (૯) મનુષ્યાયુ (૧૦) મનુષ્ય ગતિ (૧૧) જિનનામ (૧૨) ઉચ્ચ ગોત્ર.

## સયોગી કેવલી સત્તા (૮૫)

વેદનીયની ૨, આયુષ્યની ૧, ગોત્રની ૨, નામકર્મની ૮૦.

## નામકર્મની ૮૦ પ્રકૃતિ

દેવદ્વિક ૨, ખગતિદ્વિક ૨, ગંધદ્વિક ૨, સંઘાતનપંચક ૫, સ્પર્શ ૮, વર્ણ ૫, શરીરપંચક ૫, બંધનપંચક ૫, રસ ૫, નિર્માણ નામ ૧, સંઘયણષટ્ક ૬, સુસ્વર ૧, અપર્યાપ્ત ૧, પ્રત્યેકત્રિક ૩ (પ્રત્યેક, સ્થિર, શુભ),

અસ્થિરષટ્ક ૬

(અસ્થિર, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અશુભ, અપયશ),

સંસ્થાનષટ્ક ૬, અગુરુ-લઘુચતુષ્ક ૪,

ઉપાંગત્રિક ૩ : અહીં ૭૦ ઉપરાંત ૨૦ નીચેની ઉમેરતાં

નામકર્મની કુલ પ્રકૃતિ ૯૦ થાય છે : મનુષ્યદ્વિક ૨,

ત્રસ-બાદર-પર્યાપ્ત ૩, યશ-આદેય ૨, સુભગ-જિન ૨,

પંચેન્દ્રિય જાતિ ૧ : અહીં કુલ ૯૦ + ૧ મનુષ્યનું આયુ.

શ્રી પાર્શ્વનાથ ભગવાનના ૧૦૦૮ નામ

આદેય નામકર્મ અને યશનામ કર્મના ઉદયથી જ છે.

૮ કર્મની કુલ મળીને ૧૫૮ પ્રકૃતિ તો સ્થૂલ છે, કિન્તુ

તેના અવાંતર પ્રકૃતિ તો અસંખ્યાત છે. દાખલા તરીકે:

ગણધર નામકર્મ તીર્થંકર નામકર્મની અવાંતર પ્રકૃતિ છે.

બંધ = વિશિષ્ટ સંયોગ, સંયોગ = અપ્રાપ્તની પ્રાપ્તિ.

જે પોતાના આત્માને મન-વચન-કાયા અને તેની

ક્રિયાઓથી ભિન્ન સમજતો હશે, તે જ

કર્મ કરવા છતાં કર્મ અને ફળથી અલિપ્ત રહી શકશે.

કર્મના શુભાશુભ ફળ પ્રત્યક્ષ છે.

૧૨૦ પ્રકૃતિમાંથી ૧૧૭ પ્રકૃતિ ઉપર કર્મનો અધિકાર છે,
બાકીની ૩ પ્રકૃતિ ઉપર ધર્મનો અધિકાર છે.

કર્મરૂપ હોવા છતાં કાર્ય કર્મનું નહીં, પરંતુ
ધર્મનું કરતી હોય, એવી પ્રકૃતિઓ તો માત્ર ૩ જ છે,
તેથી તેના ઉપર સત્તા ધર્મની જ છે.

કાર્મણવર્ગણા અને આત્માના સંબંધ વખતે...

(૧) યોગસ્થાનક અને અધ્યવસાયસ્થાનક હોય.
(૨) કાર્મણવર્ગણા આત્મા સાથે ખેંચાઈ આવે.
(૩) જુના કર્મ સાથે નવા કર્મ ચોંટે.
(૪) દરેકના ભાગ પડી જાય (પ્રદેશબંધ) અને
દરેક ભાગના સ્વભાવ નક્કી થઈ જાય.
(૫) દરેક પ્રકૃતિનો રસ, સ્વભાવનો વખત નક્કી થાય.
(૬) દરેક પ્રકૃતિનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ નક્કી થાય.

આ બધું જ એક - બે સમયમાં બને તથા
યોગસ્થાનક અને અધ્યવસાયસ્થાનક કરે.

'कर्मण्यकर्म अकर्म |' અકર્મ - વિકર્મ - સત્કર્મ

કર્મ = જીવન જીવવા માટેની ક્રિયા.

સત્કર્મ = પરોપકારાર્થે થતી શુભની ક્રિયા.

અકર્મ = ફળેચ્છાના અંશ વિનાની સર્વ માટે થતી ક્રિયા.

શુભ કર્મ = શાસ્ત્રોક્ત કર્મ. અકર્મ = નિરાશંસ કર્મ.

વિકર્મ = શાસ્ત્રનિષિદ્ધ કર્મ.

કર્મમાં અકર્મ જોવું - અકર્મમાં કર્મ જોવું, એ બુદ્ધિમત્તા છે.
નિષ્કામકર્મમાં અકર્મ અને સકામ અકર્મમાં કર્મ રહેલું છે,
તેથી નિષ્કામ કર્મને 'વિકર્મ' કહેવાય છે.
'વિકર્મ' એટલે વિશિષ્ટ કર્મ અને વિશિષ્ટ એટલે જે કર્મ
કરવાથી બંધ ન થાય પણ કર્મના બંધનમાંથી મુક્તિ મળે.
કાષ્ઠને ચેતાવવાથી અગ્નિની ક્રિયા થાય છે અને
અગ્નિની ક્રિયા અંતે કાષ્ઠમાંથી ભસ્મ નિપજાવે છે.
આ જીવે પોતાની આત્મભ્રાન્તિના વખતમાં
આત્મભાન ભૂલીને કર્મ બાંધેલાં છે, પરંતુ
બાંધેલ કર્મો પોતે જાતે જ ભોગવવા પડે છે.

## લૌકિક તથા આસ્તિક મત

જે જે જીવો જે જે કર્મોને બાંધે છે, તે તે જીવોને તે તે કર્મો અવશ્ય ભોગવવા જ પડે છે. લૌકિક મતે:

(a) કેટલાક લોકો ઈશ્વરને કર્મનો કર્તા માનતાં નહિ પરંતુ જીવોએ બાંધેલાં કર્મોના ફળ તરીકે ઈશ્વરને શરીર ધારણ કરવાનું માને છે અર્થાત્ કર્મ જગતના જીવો કરે અને ફળ ઈશ્વરને ભોગવવું પડે, જે સદંતર રીતે અસત્ય છે.

(b) કેટલાક પુત્ર-પૌત્રાદિની ક્રિયાથી ઉપાર્જિત કર્મોનું ફળ મરણ પામેલા પિતા-પ્રપિતામહાદિને મળે, એમ માને છે.

(c) કેટલાક સુખ-દુઃખ દેનાર તરીકે ઈશ્વરને માને છે, તેઓ ઈશ્વરને કલંકિત કરે છે.

જેઓ 'ગર્ભનાં ભયંકર દુઃખો, જન્મની અસહનીય વેદનાઓ અને મરણની અનિષ્ટતમ પીડાઓ ભગવાન આપે છે' એમ કહે છે, તેઓનું કથન આસ્તિકને ન છાજે તેવું છે.

આસ્તિક તો એમ જ માને કે

કર્મોનો ભોગવટો સ્વતંત્ર રીતે જીવને કરવો જ પડે છે.

કર્મના કર્તા તરીકે ઈશ્વરને માનનાર કરતાં
કર્મનો નાશ કરી પોતાના સ્વરૂપમાં રહેનાર પરમાત્માને
ઈશ્વર, પરમેશ્વર માનનાર જૈનો શ્રેષ્ઠ છે.

આત્મા એ કર્મ વડે જગતનો કર્તા, ઈશ્વર છે અને
જ્ઞાન-દર્શન વડે ઈશ્વર નહીં પણ પરમેશ્વર, દેવાધિદેવ છે.

એક ભવિતવ્યતાનો નિયમ માત્ર આયુઃકર્મમાં છે, અર્થાત્
પ્રારબ્ધતાનો અટલ વિપાકવેદિતાનો નિયમ
કેવળ આયુષ્ય કર્મમાં જ છે,
બાકી કર્મ વિપાક તથા પ્રદેશોદયથી પણ ભોગવી શકાય છે.

મરણ ઉપરાંત દ્રવ્ય - ક્ષેત્ર - કાળ વગેરે
નિમિત્તો પણ કર્મના ઉદ્બોધક છે. જીવોના મરણ સમયે
અવશ્ય ઉદયમાં આવવાવાળું કર્મ માત્ર આયુષ્યકર્મ છે.
બાકી કર્મ માટે નિયમ નથી.

સારાં કર્મની જેમ સારાં વિચારો પણ ઉપયોગી છે.
જે કર્મની પાછળ સારાં વિચારનું બળ ન હોય,
તે કર્મ મનુષ્યને ખોટી દિશામાં ધકેલી જાય છે.

મનુષ્યમાં બે પ્રધાન અંશો: સમજણ તથા કર્તવ્યનો અંશ.

જ્ઞાનાંશ અને કર્માંશ મળીને 'માનવ' થાય છે.

'મત્વા કર્માણિ સીવ્યતીતિ મનુષ્યઃ।'

અર્થાત્: જે સમજીને કર્મ કરે, તે 'મનુષ્ય.'

વિશ્વની આંતરવ્યવસ્થા, મંગળમયી, શાશ્વત, ન્યાયી છે.

નિઃશંક બુદ્ધિ અને હાર્દિકતાથી કરેલું કર્મ સિદ્ધ થાય જ.

'કર્મનો સંબંધ પરદ્રવ્યમાં નહિ, ધર્મનો સંબંધ સ્વદ્રવ્ય છે'

એ જાતિની શ્રદ્ધા એ સત્શ્રદ્ધા છે.

વિનયગુણ કે નમ્રવૃત્તિમાં અષ્ટકર્મ વિનાશનશક્તિ હોવાથી

અષ્ટકર્મનાં કારણભૂત અષ્ટમદને મૂળમાંથી નાશ કરે છે.

'મારો આત્મા કર્મના કારણે સર્વથી નીચો છે' આ ભાવ

જિનવચનથી થાય, તેથી તેનું જાતિ-કુળાદિ કર્મકૃત ભાવોનું

અભિમાન ગળી જાય અને તે સાચો નમ્ર બને છે.

કર્મપરિણામ સંસારી જીવને સહાયતા કરવા ઈચ્છે છે,

ત્યારે તેના હૃદયમાં ભાવનાઓની વૃદ્ધિ કરે છે,

તેથી સદ્બોધ સાથે આવેલું સૈન્ય બળવાન બને છે.

# શુભાશુભ કર્મ

જગતમાં દુઃખ દેનાર વસ્તુ માનવીનું અશુભ કર્મ છે.
શુભ કર્મની વ્યાખ્યા સત્શાસ્ત્રને અનુસરીને લેવી જોઈએ.

શુભ કર્મનું ફળ પણ જગતમાં વિનશ્વર છે,
તે આત્મભિન્ન રોચક આત્મશાંતિનું ઘાતક છે.

અશુભ કર્મના ફળની ઇચ્છાની જેમ જ શુભ કર્મના ફળની ઇચ્છાને પણ છોડવા જેવી જ છે, કેમકે શુભ કર્મનું ફળ પણ અશુભ કર્મની જેમ બંધનકારક છે.

દ્વેષનો પરિણામ અશુભ કર્મની પ્રવૃત્તિને બંધાવે છે,
સ્નેહનો પરિણામ શુભ કર્મની પ્રવૃત્તિને આકર્ષે છે.

વિચાર અને કર્મમાં કોઈ ભેદ નથી.
વિચાર એ બીજ છે અને કર્મ એ વૃક્ષ છે.
સુખ-દુઃખ તેનાં જ મીઠાં-કડવાં ફળ છે.
સંસાર એક સાધનાભૂમિ છે, કર્મભૂમિ છે.
જે વ્યક્તિ જેવા કર્મ કરે છે, તેને તેવાં જ ફળ મળે છે.
મુખ્ય મહત્ત્વ કર્મનું છે. કર્મ વગર ફળ મળે જ નહીં.

કર્મના અનુબંધ એટલે કર્મમાં રહેલી પોતાના
ઉદય વખતે નવા કર્મબંધની પરંપરા ચલાવવાની શક્તિ.

ચઉશરણગમનાદિથી અશુભ પ્રકૃતિઓ નિરનુબંધ બને
અને તીવ્ર અશુભ અનુબંધવાળી પ્રકૃતિઓ
મંદ અશુભ અનુબંધવાળી બને છે.

શુભ તથા અશુભ આશયવિશિષ્ટ થતી ક્રિયા
શુભ તથા અશુભ કર્મબંધનો હેતુ બને છે.

શુભ તથા અશુભ અનુબંધવાળી પ્રકૃતિ

ચઉશરણગમન આદિથી શુભ પરિણામ વધે છે, તેથી
શુભ પ્રકૃતિઓનો નવો બંધ થાય છે,
પૂર્વબદ્ધ પ્રકૃતિઓનો શુભાનુબંધ થાય છે અને
મંદ અનુબંધવાળી પ્રકૃતિઓનો તીવ્ર અનુબંધ થાય છે.

અહો! માયાની ગાંઠ કેવી દૃઢ છે?

શુભ તથા અશુભ કર્મ એ બેડી છે.

તેથી દોષ પોતાની વિપરીત માન્યતા, અસદ્વર્તન અને
અજ્ઞાન અને તેથી જન્મેલ અશુભ કર્મના ઉદયનો છે.

અનુબંધ = અશુભ કે શુભ ભાવોની પરંપરાવાળા કર્મો
અથવા અનુબંધ કર્મ એટલે ભાવશક્તિવાળાં કર્મ.

એ કર્મો જ્યારે ઉદયમાં આવે, ત્યારે એનાં કટુ ફળ તો
ભોગવવાં પડે, પરંતુ સાથે એવા દુર્બુદ્ધિ આદિ ભાવ કે
જેથી એવાં પાપોની પરંપરા ચાલ્યા જ કરે.

દુષ્કૃતગર્હાથી અશુભનો અનુબંધ તૂટે છે,
સુકૃત અનુમોદનાથી શુભનો અનુબંધ પડે છે અને
શરણાગમનથી શુદ્ધિમાં પરિણમન થાય છે.

કર્મની ગતિ કે વિધિનું વિધાન જ એવું છે કે
ઉપદેશથી મનુષ્ય કષાયો ઉપર જો કાબુ ન મેળવે, તો
મનુષ્યના શિરે દુઃખના પ્રહારો કરીને
તેના પ્રબળ કષાય ભાવોનો બળાત્કારે ત્યાગ કરાવે છે.

કશું જ બાહ્ય કર્મ કરતાં ન દેખાય, તો પણ પવિત્ર
આત્માઓની પવિત્રતા અનંત કર્મોને કરતી જ રહેય છે,
તેથી જ પવિત્ર મહાત્માઓને
કર્મસંન્યાસીની સાથે 'કર્મયોગી' પણ કહ્યાં છે.

## 'અશુભ કર્મ' એટલે...

અઢાર પાપસ્થાનક, ક્રોધ - માન - માયા - લોભ, ઈર્ષા, અસૂયા, દ્વેષ, માત્સર્ય, હિંસા, ક્રૂરતા, કઠણતા, સ્વાર્થપરાયણતા અને રાગાદિ દુષ્ટ ભાવોથી બંધાતા કર્મ.

## 'અશુભ કર્મોના અનુબંધો' એટલે

અશુભ કર્મની પરંપરાઓ અથવા અનુભાવો કે વિપાકદાયક રસો મંદ પડે છે તથા સર્વ અશુભ કર્મોની સ્થિતિ, પ્રદેશ, રસ, દલિક આદિ ઘણે ઓછાં થાય છે.

## આત્મા - કર્મબંધન - કર્મફળ

લોકો કર્મ સાથે નહીં પણ કર્મફળ સાથે લડી રહ્યાં છે. દરેક જણને અશુભ કર્મનું ફળ ન મળે અને શુભ કર્મનું જ ફળ મળે, એ માટે લોકો સતત પ્રયત્ન કરી રહ્યાં છે. અશુભ ફળનું કારણ અશુભ કર્મ છે, તેને કાપવા જો પ્રયાસ કરાય, તો આપોઆપ અશુભ ફળથી મુક્ત થવાય.

કોઈ એમ વિચારે કે હું ઉદયાગત કર્મના ફળનો ભોગવ્યાં વિના ત્યાગ કરી દઉં, તો તે અશક્ય છે.

જીવ એ દ્રવ્ય અહીં ભિખારી છે.
એની સાથે રહી ભીખ માંગવાનું સાધનપાત્ર - ઠીકરું છે,
અહીં વિષયોરૂપી એંઠવાડ માંગીને ખાય છે.

એંઠવાડની બે ખાસિયત

એક તો કોઈનાં ખાધેલાં પછી એઠું - જૂઠું હોય અને
બીજું એનાથી કર્મનું આગમન અને રાગાદિના રોગો થાય.
અશુભ કર્મનો સંચય થાને બાંધી. એથી વિકારો જાગે છે,
જે જન્મ ઉપરાંત મરણની પીડાઓ ઉત્પન્ન કરે છે.

જ્ઞાન કે તપનું અભિમાન -

એ પણ વિષયરૂપ બનીને જીવને કર્મથી બાંધે છે.

‘आस्रवा ते परिस्सवा, परिस्सवा ते आस्रवा।’

કર્મબંધનાં કારણ પણ જ્ઞાનીને કર્મનિર્જરાનાં કારણ
અને કર્મક્ષયનાં કારણ પણ અજ્ઞાનીને કર્મબંધનાં
કારણ બને છે. ‘પરિસ્રવ’ એટલે સંવર તથા નિર્જરા.
તૃષ્ણાની મૂર્છાથી પરિગ્રહ રૂપી આસ્રવનું કારણ અને
વૈરાગ્ય દ્વારા સદુપયોગથી સંવર - નિર્જરાનું કારણ.

શુભાશુભ કર્મ તેનું ફળ આપે, પરન્તુ
શુભ કર્મનું નિયાણું કરાય, તો તે કર્મ નિકાચિત થાય.
તેનું ફળ અવશ્ય ભોગવવું પડે, પરન્તુ નિરાશંસ ભાવે
અહોનિ કર્તવ્યબુદ્ધિ કરાય, તો પરિણામે નિર્જરા થાય.
અશુભ કર્મના ઉદય વખતે પંચ પરમેષ્ઠિનું શરણું ગ્રહીને
દુઃખ વખતે દુષ્કૃતગર્હા અને સુખ વખતે
સુકૃતાનુમોદના કરનાર સમાધિ જાળવી શકે છે.
શ્રી વિપાકસૂત્રમાં ચિત્ર - સંભૂતિનો સંવાદ છે:
સંભૂતિમુનિ નિદાન કરવાથી ચૂલની રાણીના પુત્ર
બ્રહ્મદત્ત ચક્રવર્તી રૂપે થયાં.
પાપકર્મમાં નિદાન - નિયાણું સંભવે નહીં, પરન્તુ
પુણ્યકર્મમાં નિદાન - નિયાણું સંભવે છે.
જીવ જે વખતે જેવા ભાવને ઇચ્છા કરે છે, તે વખતે
શુભાશુભ કર્મ બાંધવામાં જીવ સ્વતંત્ર, ફળ ભોગવવા
પરતંત્ર છે. જીવ ઝાડ ઉપર ચઢવામાં સ્વતંત્ર, ચઢ્યાં
પછી પ્રમાદના કારણે પડતી વખતે પરવશ બને છે.

અરિહંત - સિદ્ધ - સાધુ તથા ધર્મ, એ ચારને
શરણો જવાથી નીચેના શુભ કર્મોમાં કાર્ય ફેરવાય:
(૧) દેવપૂજા, ગુરૂસેવા, પાત્રદાન (૨) સરાગ સંયમ, ગૃહસ્થ યોગ્ય વ્રત-નિયમો (૩) સ્વાભાવિક નમ્રતા, સરળતા તથા સંતોષ (૪) સજ્જનોને સન્માન, ઉત્તમની સોબત (૫) ધર્મ શ્રવણ, ભવભય, અપ્રમાદ (૬) પરોપકાર, દીન-અનાથને મદદ (૭) મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવના (૮) ભૂખ્યાંને ભોજન, તરસ્યાંને જળ (૯) વસ્ત્રહીનને વસ્ત્ર, રોગીને ઔષધ (૧૦) નિરાધારને આધાર, સ્થાનહીનને સ્થાન (૧૧) નામસ્મરણ, નમસ્કાર, સેવા, સત્સંલાપણા (૧૨) હિતોપદેશ, શુભ વિચારો, વાસ સ્થાનકોનું આરાધન.

અરિહંત = ઘાતીકર્મરહિત સિદ્ધ = અષ્ટકર્મરહિત અવસ્થા.
આચાર્ય - ઉપાધ્યાય - સાધુ = સંવર - નિર્જરાયુક્ત અવસ્થા.
ધર્મ = ક્ષયોપશમ - ક્ષાયિક દર્શન, જ્ઞાન, ચારિત્ર અવસ્થા.

એ ચારે અવસ્થાઓના શરણો જવાથી
બધી બધી ઇચ્છાઓ - વાસનાઓ શાંત થઈ જાય છે.

સંવર - નિર્જરાનો પ્રેરક શુદ્ધ ભાવ, પાપ બંધાવનાર
અશુભ ભાવ અને પુણ્ય બંધાવનાર શુભ ભાવ હોય છે.
એક જ અધ્યવસાય ચિત્રવિચિત્ર - અનુગ્રાહક હોય છે.
કર્મગ્રન્થ જૈન પદાર્થો માપવા માટેનું માપ - કોષ્ટક છે.
માને શુદ્ધ ઘટતે કે ઓછે - વધતે અંશે શુભ - અશુભ
અને અશુભ ઘટતે કે ઓછે - વધતે અંશે શુદ્ધ હોય છે.

સારાં - નરસાં જે કોઈ બનાવો બને છે,
તેની પાછળ કર્મનો અને ધર્મનો અવિચળ નિયમ
કાર્ય કરી રહ્યો છે, એ રીતે જોનાર સમ્યગ્દૃષ્ટિ છે.
શુભાશુભતાનો આધાર અધ્યવસાયની શુદ્ધિ - અશુદ્ધિ છે.
કર્મગત વિવિધતાનું કારણ અધ્યવસાયગત વિવિધતા છે.
સંક્લેશની માત્રા તીવ્ર હોય, ત્યારે સર્વ અશુભ કર્મમાં
તીવ્ર અશુભતા અને સર્વ શુભ કર્મમાં મંદ શુભતા હોય.

વિશુદ્ધિની માત્રા વધવાથી તેનાથી શુભ કર્મમાં
શુભતા તીવ્ર અને અશુભમાં અશુભતા મંદ બને છે.
રાગ-દ્વેષાદિની તીવ્રતા-મંદતાનુસાર રસની તીવ્રતા-મંદતા.

ભલાં કામો કરતાં થાકવું ન જોઈએ.

જો ઈર્ષ્યા વિના તે માર્ગે આગળ વધાશે, તો યથાકાળે
તે શુભ કર્મના મધુરાં ફળ અવશ્ય મળશે.

અદૃશ્ય અસ્તિત્વની શ્રદ્ધા અનુકંપાદિ શુભ ભાવો પ્રેરે,
સ્વરૂપએકત્વનો વિશ્વાસ વૈરાગ્યાદિ ઉત્તમ ભાવો જગાડે.
જેનો પાયો દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ, જેનું ફળ છે:
અનુકંપાદિ વડે ક્રોધાદિનો ઉપશમ અને
ભવનિર્વેદાદિ વડે વિષય - તૃષ્ણાદિનો પ્રશમ.

કોઈપણ ધર્મક્રિયા કરીએ છીએ, ત્યારે
ક્રિયા કરનારમાં નીચેની છ વસ્તુઓ ઉત્પન્ન થાય:
અશુભનો સંવર, શુભનો આસ્રવ, પૂર્વકૃત કર્મની નિર્જરા
તથા આરાધના થવાથી પ્રભુનું ધ્યાન થાય છે, એ
ધ્યાન જ સમકીત, જ્ઞાન અને ચારિત્રરૂપ બને છે.
આ છ વસ્તુમાં શંકા કે સંશય ઊભા કરવો,
તે સમકીતના અતિચારરૂપ કહેલ છે, માટે ત્યાજ્ય છે.
આ factual છે, scientific truth છે.

અનુમોદના અહીં લોકના - અહીં કાળના શુભ કાર્યોની
થઈ શકે અને ખરેખર કર્મનો ભાર તે રીતે જ ઉતરે.

શુભની અનુમોદનાથી પુણ્યબંધ થાય - પાપાનુબંધ તૂટે.

શરીર સઘળાં દુઃખોનું કારણ છે,
શરીરનું કારણ કર્મ છે, કર્મનું કારણ રાગ-દ્વેષ છે.

સુખનો રાગ અને દુઃખનો દ્વેષ - એ જ કર્મબંધનાં
મુખ્ય કારણો છે, તેમાંથી કષાયાદિ રૂપ મોહનીય અને
અંતરાયાદિ રૂપ ઘાતી કર્મોનો બંધ થાય છે.

'રચના રચું શુભ ભાવથી, કરું કર્મનો છેદ...'
એનો અર્થ એ કે : શુભાશ્રવ, પુણ્યનો અનુબંધ અને
નિર્જરાની ત્રિવેણી રૂપ જળમાં
અશુભાશ્રવ, પાપનો અનુબંધ અને કર્મબંધ રૂપી
હરણીયાઓને મૂંઝવણ થાય, તેમાંથી છૂટવા પ્રયત્ન કરે,
તેમ રચનાથી શુભમાં પ્રવૃત્તિ અને
અશુભથી નિવૃત્તિરૂપ ભાવો દ્વારા
કઠિન કર્મની જંજાળમાં જીવ ક્રમે કરી મુક્ત થાય છે.

શુદ્ધ લાભથી ઉપાર્જન કરેલ કર્મ અબંધ્ય હોય અને
ઉત્તરોત્તર શુદ્ધ લાભનું કારણ બને છે.
પ્રશસ્ત ધ્યેય થકી તેના ફળ રૂપે શુભ લાભ જાગે છે.
શુભ લાભ એટલે વૈરાગ્યપૂર્ણ ભક્તિલાભ,
જેનું ફળ મોક્ષમાર્ગે પ્રયાણ છે.
કર્મને હણ્યાં સિવાય સિદ્ધસ્વરૂપ ન બની શકાય.
સાધક આત્મસાધનામાં પ્રવૃત્ત થાય ત્યારે સાધુ,
ઉપાધિ દૂર કરી આત્મઅધ્યયન કરે ત્યારે ઉપાધ્યાય,
જ્ઞાનાદિ આચરણમાં પ્રવર્તે ત્યારે આચાર્ય,
ઘાતી કર્મને હણે, ત્યારે અરિહંત અને અંતે
અઘાતી કર્મને પણ હણે, ત્યારે સિદ્ધસ્વરૂપ બને છે.
અરિહંત, સિદ્ધ, સાધુનું શરણ શા માટે લેવું?
તેઓ આત્મધનરૂપી ધર્મ બતાવનારા, પામનારા, પામવા
માટેનો પુરુષાર્થ કરનારા છે, તેથી દૃઢ આલંબનરૂપ છે.
આલંબનોના આદરથી શુભ કર્મ ઉપાર્જન થાય અને
પ્રતિબંધક કર્મ નાશ પામે છે.

જિનવચન કહે છે કે સંસારમાં સારું - નરસું થવામાં કારણ ફક્ત જીવના પોતાના જ શુભ - અશુભ કર્મ છે.

સમગ્ર સંસારમાં કોઈપણ મનુષ્યની સહાનુભૂતિ પાપ, અપવિત્રતા અથવા અશુભની સાથે હોતી નથી, કેમકે પ્રત્યેક સ્ત્રી - પુરુષ પોતાને માટે બધા તરફથી શુભને જ ચાહે છે, પુણ્યકર્મને જ ઈચ્છે છે, ઉપરાંત પવિત્ર કર્મ તથા વ્યવહારની જ પ્રતિજ્ઞા કરે છે.

પોતાનું અનિષ્ટ ચિંતવનાર અથવા પ્રતિકૂળ વર્તનાર જીવો પ્રત્યે પણ શુભ ભાવ ટકાવી રાખવા માટે એ વિચાર કરવો જોઈએ કે:

'આ જીવ મારા જ પૂર્વે બાંધેલા કર્મનો ભાર હળવો કરવાનો પ્રયાસ કરે છે અને તે માત્ર નિમિત્ત છે. મારા જ પૂર્વબદ્ધ કર્મનું દેવું ચુકતે કરવા માટે જ આ જીવ નિમિત્ત બની મને મારા પોતાના દેવામાંથી મુક્ત કરવામાં સહાયક બની રહ્યો છે, તેથી એક દૃષ્ટિએ તે જીવ તો મારો ઉપકારી છે.'

## 'કર્મ' એટલે મંગળ કાર્યનું અનુષ્ઠાન.

કર્મનું કાર્ય સારાનો સ્વીકાર અને ખોટાંનો ત્યાગ છે.
આઠે કર્મમાં સૌથી બળવાન મોહનીય કર્મ છે.
મિથ્યાભિમાન વગેરે તેના જ સૈનિકો છે.
મનાદિ ઇંદ્રિયોને સંયમમાં રાખી
સ્વધર્માનુસાર કર્મમાં પ્રવૃત્ત રહે, તે સાધક જ શ્રેષ્ઠ છે.
બાહ્ય ક્રિયાઓનું આચરણ અહર્નિશ કરવા છતાં મનમાંથી
હિંસા, સ્વાર્થ, અહંતા, મમતા વગેરે જો નાબૂદ ન થાય,
તો તેને ધર્મપરાયણતાની સંજ્ઞા આપી શકાય નહીં.

## કમળ અને સ્વસ્તિક

કમળ એ સાધનાસૂચક અને સ્વસ્તિક એ કર્મયોગપ્રેરક છે.
કર્મ રૂપી કીચડમાં ઉત્પન્ન થઈ ભોગ રૂપી જળથી વૃદ્ધિ
પામી બંનેથી અલિપ્ત રહેવું, તે કમળની વિશેષતા છે.
સ્વસ્તિકના ૪ પાંખડામાં ચારે દિશામાં
દિવ્ય વિચારો અને કર્મોનો પ્રકાશ વિશ્વના ખૂણે-ખૂણે
પ્રસારવાની ભાવના સ્વસ્તિકના પ્રતીકમાં રહેલી છે.

આત્મા કર્મનો કર્તા છે, તેમ ભોક્તા પણ છે.

રાગ-દ્વેષ નાશ પામવાથી કર્મનું કર્તૃત્વ નાશ પામ્યાં પછી
પણ કર્મફળ ભોક્તૃત્વ તો ઉભું જ રહે છે.

ગુણસ્થાનક જેમ - જેમ ઊંચું આવતું જાય છે,
તેમ તેમ કષાયભાવની મંદતા થતી જાય છે તથા
રસ અને સ્થિતિ ઘટતાં જાય છે.

દશમા ગુણસ્થાનકે કષાયાંશ એટલો મંદતમ થઈ જાય છે કે
તેમાં નવીન કષાય- કર્મ બાંધવાની શક્તિ જ રહેતી નથી.

વીતરાગ ગુણસ્થાન ઉપર રાગ-દ્વેષ સર્વથા ચાલ્યા જાય,
ત્યારે કર્મબીજ બળીને ભસ્મ થયું ગણાય છે.

કર્મનું આંતરિક કારણ - કષાય નાશ પામે કર્મ કરવા
છતાં અકર્મ દશા રહે છે. પ્રાચીન ભોગ અવશેષ રહે છે,
તે સમાપ્ત થતાં બાદ જ પૂર્ણ મુક્તાવસ્થા પ્રાપ્ત થાય.

વિશ્વનો ક્રમ = સુખ - દુઃખ, તડકો - છાંયડો, ભરતી - ઓટ
કર્મના નિયમને વશવર્તી જીવાત્માઓનો એ સ્વભાવ છે,
જીવાત્માનું એ સનાતન સ્વરૂપ છે.

## શેની ઉપરનો વિચાર ભાવવંદના લાવે?

કર્મનું સાન્નિધ્ય સામીપ્ય અને તેના ઉપર ભગવાને મેળવેલો વિજય - એ બેનો વિચાર ભાવવંદના લાવે છે. ભગવાનના મહાભાગ્યનું, નિરતિશય ઐશ્વર્યનું, અનન્ય કરુણાનું, અનુપમ દયાનું - અનુકંપાનું, કર્મના સાન્નિધ્ય સામીપ્યનું, જગદ્દર્શનના સૌંદર્યનું, કર્મના નિયમની અટલતાનું અને ન્યાયીપણાનું સાક્ષાત્ ભાન થાય, ત્યારે ભાવવંદના લાધે છે.

## 'આત્મા' એટલે ચૈતન્યશક્તિ.

આત્માની પ્રેરણા ન હોય, તો કર્મ કોણ ગ્રહણ કરે? જડ પદાર્થમાં કોઈપણ પ્રકારની સ્વતઃ પ્રેરણાશક્તિ નથી. કર્મ ઘટે છે, વધે છે. જેમાં વધ - ઘટ થતી હોય, તે પૂર્ણ કારણ મળે, તો સંપૂર્ણ નાશ પણ થાય. આત્મા જ્યારે પોતાના સ્વભાવમાં વર્તે, ત્યારે કર્તા નથી, આત્મભાન ભૂલી પરભાવમાં પ્રવૃત્ત થાય, ત્યારે જ જીવ કર્મનો કર્તા થાય છે.

વિશ્વ ઉપર સામ્રાજ્ય કર્મનું છે,

કર્મ ઉપર ધર્મનું અને ધર્મ ઉપર શુભ ભાવનું છે,

તેથી શુભ ભાવનાં સ્થાપક એ સાચા જીવનના સ્થાપક છે.

તીર્થંકરોની ત્રિભુવનપૂજ્યતા એ ભાવમાં છૂપાયેલી છે.

સર્વ જીવોના હિતની ચિંતા જેઓના અંતઃકરણમાં

રહેલી છે, તેઓ પ્રત્યેનો ભક્તિભાવ આવ્યા વિના

'ધર્મ' થતો નથી કે 'કર્મનો ક્ષય' થતો નથી.

ઈશ્વર પ્રણિધાન = કર્મોનું અને કર્મફળોનું સમર્પણ.

મન-વચન-કાયાથી થતી ક્રિયાઓનું પ્રભુચરણે સમર્પણ.

કર્મનું કર્તૃત્વ પ્રભુનું, તેથી

'કર્મના ફળનું ભોક્તૃત્વ પણ પ્રભુનું છે' એવી સમજણ.

સંતોષ = કર્મફળની પ્રાપ્તિમાં પ્રસન્નતા અને

પ્રાપ્ત સાધનોથી વધારેની ઇચ્છાનો અભાવ.

દરેક કર્મ પ્રભુ આજ્ઞાપાલનાર્થે જ કરવું, તેથી

અંતરાત્મા તુષ્ટ-મન પ્રસન્ન બનશે, ક્લેશ ઊભો નહીં રહે,

'દરેક કર્મનો સાક્ષી પ્રભુ છે' એ ન ભૂલવું.

## શુભ અધ્યવસાયથી થતાં લાભો

(૧) પરાવર્તમાન પ્રકૃતિમાં શુભનો બંધ, અશુભનો નિરોધ,
ધ્રુવબંધી પ્રકૃતિમાં અશુભસ્થિતિરસ અલ્પ-શુભના અધિક.

(૨) સંક્રમમાં બંધાતી શુભ પ્રકૃતિઓમાં પ્રબળપણે અશુભ
પ્રકૃતિઓના દલિકો સંક્રમે અર્થાત્ અશુભ શુભ બને.

(૩) સત્તાગત દલિકોમાં સદા અપવર્તના વધારે થાય છે.

(૪) ઉદીરણામાં શુભનો રસ વધારી અને
અશુભનો રસ ઘટાડી ભોગવાવે.

(૫) શુભનો રસ નિધત્ત-નિકાચિત થાય.

(૬) સત્તામાં સંક્રમણાદિથી સ્થિતિરસ ઓછાં થાય અને
કર્મદલિકોની નિર્જરા થાય.

(૭) ક્ષયોપશમમાં તીવ્રતા આવે આત્મગુણોની નિર્મળતા વધે.

(૮) આત્મામાં સંસ્કારો શુભ પડે, અશુભ સંસ્કારો ઘસાય.

(૯) વારંવાર અને કપરા સંયોગોમાં પણ શુભ પરિણામ
ટકી રહે, તો સુસંસ્કારો સુદ્રઢ થાય, અનુબંધ પડે.

(૧૦) અશુભ આશ્રવ અને બંધ અટકે.

(૨૧) અશુભ શુભમાં સંક્રમ થવાથી નુકસાન અટકી લાભ થાય.
(૨૨) શુભમાં પણ કષાયનો સદ્ભાવ હોવાથી તન્નિમિત્તક અશુભ ધ્રુવબંધીનો બંધ થાય, તો પણ તેમાં રસ અલ્પ પડે તથા અશુભનો અનુબંધ અટકે, કુસંસ્કાર ન પડે.
(૨૩) જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય, મોહનીયનો ક્ષયોપશમ. ઉપશમ માત્ર મોહનીયનો અને ક્ષય બધાં કર્મોનો થાય.
(૨૪) કેવળ જ્ઞાનાવરણ આદિનો ક્ષયોપશમ થતો નથી, કેમકે ૧૨ ગુણઠાણાના ચરમ સમય સુધી તેનો ઉદય હોય જ છે.

ક્ષયોપશમ અનુદયાવસ્થામાં જ હોય.

(૨૫) આયુષ્ય કર્મ સિવાય બાકી કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ શુભ નથી, પરન્તુ ઉત્કૃષ્ટ રસ શુભ છે. વળી ઉત્કૃષ્ટ સંક્લેશે ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય પણ રસ જઘન્ય બંધાય.
(૨૬) ક્રોધાદિ કષાયો નિષેક પ્રમાણે એકસાથે ઉદય પામે પણ એકના ઉદય વખતે તથાસ્વભાવે સ્તિબુક સંક્રમથી મુખ્ય ઉદિત રૂપે ભોગવાય. ઉપદેશાદિથી કષાયનો રસ મંદ અને અનંત ગુણહીન થઈને અનુભવમાં આવે છે.

## કર્મનો 'સ્તિબુક સંક્રમ' એટલે શું ?

પ્રદેશોદયથી કર્મ ભોગવી લેવાં, તે 'સ્તિબુક સંક્રમ' છે. તેમાં રસોદય હોય નહીં અને અન્ય કર્મપ્રકૃતિના રસોદય સાથે ભોગવાઈ જાય, પોતાનો રસ ઉદયમાં આવે નહીં, જાણ ટળવાં કર્મમાં સંક્રમિત થઈને ઉદયમાં આવે, સંક્રમથી રસ સ્થગિત થઈ જાય, કર્માણુ કે કર્મપ્રદેશ કોરા ઉદયમાં આવીને રસ દેખાડ્યા વિના જ આત્મા પરથી ખરી જાય. રસોદયના અભાવને 'પ્રદેશોદય' કે 'ક્ષયોપશમ' કહેવાય છે.

(૭૭) કર્મઉદયાદિમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવની અસર:

દ્રવ્ય - નિરોગીને કુપથ્ય ભોજનરૂપી દ્રવ્યથી અશાતાનો ઉદય, રોગીને પથ્ય ભોજનથી શાતાનો ઉદય.

ક્ષેત્ર - નરકી આદિના ક્ષેત્રોમાં અશાતાનો ઉદય અને હવા ખાવાના સ્થળે થતો પરમ શાતાનો ઉદય.

કાળ - ચોમાસાની શરદીમાં થતો અશાતાનો ઉદય તથા ઠંડી ઉપરાંત ગરમામાં શાતા - અશાતાનો અને વસંતની મધ્યમ ઋતુમાં થતો શાતાનો ઉદય.

ભાવ - કામ - ક્રોધાદિના ભાવથી અશાતાનો ઉદય અને
શુભ ભાવોથી શાતાનો ઉદય.

ભવ - નરકાદિ ભવોમાં બહુલતાએ અશાતાનો ઉદય તથા
દેવાદિ ભવોમાં બહુલતાએ શાતાનો ઉદય.

એ જ રીતે:

(૧) જ્ઞાનાવરણ કર્મના ઉદયે તેના ક્ષયોપશમમાં સુરાપાન,
બ્રાહ્મી આદિ દ્રવ્યોનું સેવન કરવું તે.

(૨) દર્શનાવરણના ઉદયમાં દધિનું ભોજન, કોમળ શય્યા,
ચશ્માના કાચથી ચક્ષુદર્શનાવરણનો ક્ષયોપશમ.

(3) મોહનીય કર્મના ઉદયમાં બીભત્સ ચિત્રાદિથી ઉદય,
પ્રતિમાના દર્શન આદિ ક્ષયોપશમ વગેરે.

(૪) અંતરાય કર્મના ઉદયમાં અશુભ નજરવાળા
વસ્ત્ર આદિના ઉપભોગથી લાભાંતરાય કર્મનો ઉદય,
વિશિષ્ટ રત્નાદિની પ્રાપ્તિથી દાનાંતરાય કર્મનો ઉદય,
બહુ મૂલ્યવાન વસ્તુથી ભોગાંતરાય કર્મનો ઉદય તથા
લાઠીના પ્રહારાદિથી વીર્યાંતરાય કર્મનો ઉદય થવો તે.

## કર્મવિજ્ઞાનના ૮ કરણ

### કર્મના બંધ પછી સત્તા વખતે

ઉદય, ઉદીરણા, ઉદ્વર્તન, અપવર્તન, સંક્રમણ, ઉપશમન, નિધત્તિ અને નિકાચન એમ આઠ કરણ લાગુ પડે છે:

ઉદય - સ્થિતિ પૂરી થયાં પછી ફળ આપવા લાગે ત્યારે.

ઉદીરણા - ભાવોની તીવ્રતા દ્વારા કર્મોની સ્થિતિ પૂરી થયાં પહેલાં જ કર્મનું ફળ આપવાની સન્મુખ થાય, તે કરણ.

ઉદ્વર્તન - શુભાશુભભાવોથી કર્મસ્થિતિ-રસમાં વૃદ્ધિ કરવી તે.

અપવર્તન - ભાવો દ્વારા સ્થિતિ અને રસ ઘટાડવાની ક્રિયા.

સંક્રમણ - કર્મની પેટા પ્રકૃતિમાં એકનું બીજારૂપે પરિવર્તન.

ઉપશમ - કર્મોને ઉદયમાં આવતાં પૂર્વે જ રોકી દેવા તે.

નિધત્તિ - કર્મોના ઉદય અને સંક્રમણને આવતાં રોકવા તે.

નિકાચન - કર્મોના ઉદય, ઉદીરણા, સંક્રમણ, ઉદ્વર્તન, અપવર્તન - આ બધાંને આવતાં રોકી દેવા, તે ૮મું કરણ છે.

ભગવાનની ભક્તિ માટે જ વર્તમાનની ક્ષણમાં ઉપસ્થિત થયેલું કર્મ કરનાર ખરેખરી અનાસક્ત રહી શકે છે.

'કર્મ એ કરણીનું ફળ છે' અર્થ જાણવાથી જે ફળો મળે:
ચિદાકાશરૂપ આત્માની અસંગતા અને સદાચારમાં રક્તતા.
કર્મોના મૂળ રૂપ રાગ-દ્વેષાદિ જ કર્મના કારક - પ્રેરક છે.
આસક્તિની ચીકાશ એટલે ચીકાશ જાણે એવું પણ નહિ.

યતનાપૂર્વક કર્મ કરવા એટલે કર્મ કરવા છતાં
કર્મનો બંધ ન થાય, તેવી કાળજીપૂર્વક કર્મ કરવા.
કાળજી = જ્ઞાન તથા દર્શનપૂર્વક કર્મ.

'સર્વ જીવ આત્મસમાન છે'
અર્થ એવા - જાણપણાપૂર્વક કર્મ કરવાથી
આસક્તિ અને અનુચિતતા શીઘ્રપણે છૂટી જાય,
પછી તે કર્મ બંધનકારક થતાં નહિ.

વિષયોમાં ઈષ્ટાનિષ્ટપણાંની કલ્પના આત્માને રાગ-દ્વેષનો
હેતુ બનીને કર્મબંધ કરાવે છે, તેથી તેને નિગ્રહ વડે અને
પ્રારબ્ધ કર્મના સમતાપૂર્વકના ઉપભોગ વડે નિવારવા.
કર્મકૃત પર્યાયોને ટાળવા સર્વ જીવોને સમાનપણે જોવાથી
જીવો પ્રત્યે વૈષમ્યબુદ્ધિ નિવારી શકાય.

ધર્મસત્તા એમ સમગ્ર વિશ્વના હિતમાં છે, તેમ તેને
આધિન રહીને કામ કરતી કર્મસત્તા પણ વિશ્વહિતમાં છે.

એમ કર્મની સત્તા અને બંધ એકાંતે હેય છે, તેમ
કર્મનો ઉદય એકાંતે હેય નહિ પણ ચિત્તસમાધિ માટે
તેનો ઉપાદેય માનવાની આવશ્યકતા પણ ઉભી થાય છે.

એ દૃષ્ટિએ શુભાશુભ કર્મનાં કારણભૂત
પ્રભુની આજ્ઞા ઉપાદેય બને છે.

શાસ્ત્રોમાં કર્મને જે શત્રુ અને ભયાનક કહ્યાં છે, તે
બંધ અને સત્તામાં રહે, ત્યાં સુધી જ સમજવાનાં છે.
બંધ અને સત્તામાં રહે, ત્યાં સુધી કર્મની ભયાનકતા
સમજવામાં આવે, તો નવા કર્મના બંધ ન કરવા અને
સત્તામાં રહેલાનો ક્ષય કરવા માટે ઉત્સાહ જાગે અને
ઉદ્યમ કરવાની પ્રેરણા મળે. ઉદયમાં આવ્યા પછી તો
એને સમભાવથી સહન કરવા વડે ધર્મધ્યાન કહ્યું છે.

કર્મના સંબંધમાં આવવાની જીવની યોગ્યતા
ભાવની અશુદ્ધિ વડે વધે છે, વિશુદ્ધિ વડે ઘટે છે.

કર્મસત્તા - બંધ સમયે ભેદ, ઉદય સમયે ભેદ નહિ.

ઉદયગત કર્મ ઉપકારી છે, કેમકે
આત્માની નિર્મળતા કરવામાં સહાયક છે. દરેક કર્મને
અબાધાકાળ છે, તે પણ ઉદયમાં આવતાં પહેલાં જ તેને
વિવિધ કરણો દ્વારા કર્મનો છેદ કરવાની તક આપે છે.
દવા - દૂધ બંને શરીર ટકાવવા જરૂરી છે. અશુભ કર્મોનો
ઉદય દવાના અને શુભ કર્મોનો ઉદય દૂધના સ્થાને છે.

આત્માના હિત માટે શુભાશુભ - બંને પ્રકારના
કર્મોનો ઉદય ઉપકારક નિવડે છે, તેથી ઉપાદેય છે.

કર્મનો ઉદય એ ચોપાટનો ખેલ છે.

ચોપાટનો ખેલાડી બુદ્ધિનો ઉપયોગ કરીને ખેલે છે.

સત્ય ધર્મને પામવા માટે
કર્મની સત્તા, ઉદય અને તેના સંબંધને જાણવો જોઈએ.
એ રાજ સત્સંગના પ્રભાવથી જ દૃઢ થાય છે.
અશુભ કર્મોનો ઉદય બહિર્ભાવના નાશ માટે અને શુભ
કર્મોનો ઉદય આત્મગુણોના વિકાસ માટે કારણ બની શકે.

શાતા વેદનીય કર્મને બંધન, પરિણામને વિશુદ્ધિ અને
અશાતાવેદનીય કર્મ - યોગ્ય પરિણામને સંક્લેશ કરે છે.
વિશુદ્ધ પરિણામોથી પુણ્યપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ અને
પાપપ્રકૃતિઓનો મંદ રસ બંધાય છે.

વળી સંક્લિષ્ટ પરિણામોથી એથી વિરુદ્ધ થાય છે.
બધાં દુઃખ - દર્દ, આસક્તિ યા ક્લેશભાવમાંથી ઉત્પન્ન થાય છે.
કર્મયોગીને તે રોતાં નથી. કર્મયોગીનું સ્થાન દાતાનું છે,
તેથી પ્રત્યેક કર્મને તે સારી રીતે નિર્ભયપણે કરી શકે છે.

V. [signature] જ્ઞાનશૂન્ય કર્મ = રાગ - દ્વેષયુક્ત કર્મ.
જ્ઞાનયુક્ત કર્મ = નિષ્કામ કર્મ.

જ્ઞાન અને કર્મનું મૂળ પરસ્પર ભિન્ન છતાં એકબીજાને
ઉપકારક છે. જન્તુ દેહને લઈને છે, દેહ કર્મને લઈને,
કર્મનું બંધન રાગ-દ્વેષને લઈને અને રાગ-દ્વેષ અજ્ઞાનને
લઈને છે. આ રીતે સમજો તો મરણ એટલે અજ્ઞાન.
જ્ઞાનપૂર્વક કરેલાં કર્મથી અજ્ઞાન મરે છે.
કર્મ એટલે દેહ અને જ્ઞાન એટલે આત્મા.

કર્મથી જુદો જુદા - ઉપયોગ લક્ષણથી સૌ જુદો એક છે.

મસ્તક અને ચરણની જેમ જ્ઞાન અને ક્રિયા જ્યારે એકત્ર થાય છે, ત્યારે તેના અંદર પાપનાશ અને કર્મના નાશની અપૂર્વ વિદ્યુતશક્તિ પેદા થાય છે.

નમ્રતા એ પ્રકાશક જ્ઞાન છે.

તેમાંથી ફલિભૂત થતો સંયમ નવા કર્મને આવતાં રોકે છે અને તેમાંથી ફલિભૂત થતો તપ જુના કર્મોને કાઢે છે. પ્રકાશક જ્ઞાન વિના કર્મકચરાને કાઢવા - રોકવાની વૃત્તિ થતી નથી. કર્મસ્વરૂપનું જ્ઞાન થતાંની સાથે જ જીવ નમ્ર બની જાય. કર્મથી સર્વથા મુક્ત ન થાય, ત્યાં સુધી એ નમ્રતા ટકી રહે અને મુક્તિ મળે આપોઆપ ચાલી જાય. મુક્તિપર્યન્ત નમ્ર કરનાર તત્ત્વજ્ઞાન ન મળે, તે આત્મા કર્મનો છેદ કરનાર તાત્ત્વિક ધર્મને પામી શકતો નથી.

નીતિ વિનાનું સામ્રાજ્ય, ધર્મરહિત ધન અને ઈશ્વરાર્પણ વિનાનું શુભ કર્મ લાંબો સમય ટકતું નથી. અશુભ કર્મ વિરાધનાના - શુભ આરાધનાના ફલરૂપે છે.

## <u>કુશલ કર્મો</u>

કુશલ કર્મો 'आसन्नकलीक्रियन्ते' એટલે સાક્રોપાય છે.
કુશલ કર્મો 'परिपोष्यन्ते' એટલે ભાવોપચય થાય છે.
કુશલ કર્મો 'निर्माप्यन्ते' એટલે પરિસમાપ્તિ પામે છે.
શુભ પ્રવર્તક - પરમ શુભસાધક અનુબંધ દ્વારા
કુશલ કર્મો પરંપરાએ નિર્વાણપ્રાપક બને છે.
'કુશલ કર્મ સાનુબંધ બને' એટલે સુપ્રયુક્ત
ઔષધની જેમ સાત્યન્તિક અનુબંધવાળુ બને તે.
<u>અનાસક્તિનું જ બીજું નામ 'કર્મની કુશળતા' છે.</u>
પ્રભુસ્તુતિ સ્તોતાના શુભ પરિણામનું કારણ બને છે.
તે કુશલ પરિણામથી અથવા તજ્જન્ય શુભ કર્મ હોઈ
શ્રેય અને પુણ્ય ફલદાયક બને છે.
ભગવાનને ભરોસે ભૂત અને ભાવિ સોંપી દઈને અને
વળી વર્તમાનની જવાબદારી પોતાને માથે લેનાર
યોગી જ સાચો કર્મયોગી બની શકે છે.
તે ફળ માટે નહીં, કિન્તુ ભગવાનને માટે કર્મ કરે છે.

વીતરાગમાં થતો રાગ નિષ્કામ હોય. જૈન સિદ્ધાંતમાં
જિનેન્દ્ર ભગવાનમાં નિમિત્તપણાની સ્વીકૃતિ માનેલું છે.
પ્રભુનાં ગુણોના સ્મરણથી ભક્તનું ચિત્ત પવિત્ર બની
પાપમળ દૂર થાય છે, તેથી તેના કર્તા ભગવાન કહેવાય.

ભગવાનમાં અનુરાગ એ શુભ ક્રિયા હોવાથી
પાપ કર્મોનો નાશ અને શુભ કર્મોનો ઉદય થાય છે.

પરમાં અનુરાગ કરવો, તે કર્મના બંધનો હેતુ છે, કિન્તુ
વીતરાગ પરમાત્મા પર નથી, તે તો સ્વ આત્મા જ છે.

કર્મ કરતાં કર્મની ભાવનાનું મહત્ત્વ - વજન વધુ છે.

કર્મ આત્માને બાંધે છે, એ એક બાજુ છે તથા
કર્મની બીજી બાજુ એ છે કે આત્મા કર્મને બાંધે છે.
પહેલી બાજુમાં કર્મ-બંધમાં આત્મા અપરાધી બને છે.
કર્મહીન ઉપાસના લાચારી અને નિરાશા નીપજાવે છે.

કર્મયુક્ત ઉપાસના અને
ઉપાસનાયુક્ત કર્મ - એ બંને સાર્થક બનશે.
પ્રભુના કામ કરનારને જ પ્રભુની ભક્તિનો અધિકાર છે.

પ્રત્યેક કાર્યોત્પત્તિમાં પાંચ કારણોનો સમવાય રહેલ છે:

(૧) કાળ: જેમ દૂધમાં દહીં, બાગમાં ફૂલ અને ફૂલ-ફળ આદિમાં ઋતુઓ સમાયેલા છે, તેમ દેહમાં ગર્ભ-બાલ્ય-યુવા-પ્રૌઢ-વૃદ્ધાદિ કાળાધીન અવસ્થાઓ રહેલી છે.

(૨) સ્વભાવ: અગ્નિમાં દાહકતા, પૃથ્વીમાં સ્થિરતા, જળમાં શીતળતા, વાયુમાં ચંચળતા, આકાશમાં અમૂર્તતા, માટીમાં ઘટ, તંતુમાં પટ, ફળની ચિત્રતામાં બાગનો ભેદ અને ભવ્ય-અભવ્ય જાતિભવ્યાદિ લક્ષણો તત્ત્વના સ્વભાવાધીન છે.

(૩) નિયતિ: પ્રત્યેકના ભોજ્યમાં ભિન્ન ભિન્ન દાણા, કેટલાંક વૃક્ષોના ફળ મીઠાં-કેટલાંકના ખાટાં, શિકારી પુરુષ દ્વારા પક્ષીની હિંસા અને સર્પ-કબુતરની શત્રુતા નિયતિ છે.

(૪) કર્મ: રામને વનવાસ, સીતાને કલંક, પંડિતને દારિદ્ર્ય, સાધુને ઉપસર્ગ, શેતાનને સમૃદ્ધિ કર્મોના કારણે મળે છે.

(૫) પુરુષકાર: શિલ્પીનું મૂર્તિનિર્માણ, રામને વિજય અને રત્નત્રયી આદિથી આત્માને મળતો મોક્ષ એ પુરુષકાર છે.

All the five together bring the result.

## ભોજનમાં પાંચ સમવાય

કાળ = 32 કોળીયાનો ક્રમ, સ્વભાવ = અન્નનો ગુણ,
નિયતિ = ભોજનના દાણાનો નિયમ,
કર્મ = શુભ કર્મ-પાચનશક્તિ તથા પુરુષકાર = પ્રયત્ન.

## ભજનમાં પાંચ સમવાય

કાળ = ચોથો-પાંચમો આરો, સ્વભાવ = મુક્તિગમન યોગ્ય,
નિયતિ = કુદરતની અનુકૂળતા, કર્મ = પૂર્વકૃત શુભ કર્મ
અને પુરુષકાર = પ્રયત્ન, આદર.

કાળાદિ પંચસમવાયથી પ્રેરાઈને જીવ કર્મોને ગ્રહણ કરે છે:

કાળ - જે કાળે જે થવાનું હોય તે.
સ્વભાવ - જીવનો કર્મ ગ્રહણ કરવાનો સ્વભાવ.
નિયતિ - ભવિતવ્યતા. પૂર્વકૃત - જીવે પહેલાં કરેલાં કર્મ.
પુરુષકાર - જીવનો ઉદ્યમ - વીર્ય.

એ પાંચની પ્રેરણાથી જીવ લોહચુંબકની જેમ સમીપમાં રહેલાં શુભ-અશુભ કર્મને જાણતાં - અજાણતાં ગ્રહે છે. રાગાદિના કર્મોને ય ગ્રહણ કરવાનો જીવનો સ્વભાવ છે.

# કર્મનું રહસ્ય શું છે?

સર્વના આત્મા રૂપ પરમ પિતાનું
સર્વભાવથી તર્પણ કરવું, એ જ કર્મનું રહસ્ય છે.
કર્મ પ્રધાન નથી, તેની પાછળનું પ્રયોજન પ્રધાન છે.
પ્રયોજન પ્રભુપ્રસન્નતાનું તથા આત્મશોધનું હોવું જોઈએ.
દરેક કર્મને ફળવા દેશ, કાળ, નિમિત્ત નિયત હોય છે.

એ વિચાર ઘણો જ અગત્યનો છે કે:

'મારા કર્મ ખપાવવા માટે ઈશ્વર જ દુશ્મનોમાં પ્રવેશીને મારા જ કોઈ પૂર્વે બંધાયેલા કર્મના દોષને ધોવાને માટે જ એમને હાથે મારો વિરોધ કરાવે છે. આપણે જ ઉશ્કેર્યા તેઓ આપણો દ્વેષ કરે છે' આવો વિચારવાથી તેઓ જવાબદારીથી મુક્ત અને આપણે જવાબદાર થયાં.

કર્મ - સ્વધર્માચરણ - કર્તવ્ય - સહજપ્રાપ્ત કર્મ.

સાધકે શિશુવત્ સાધના કરવાની છે,
તે સાધના સંતાનને મા ઉપર રહેલ શ્રદ્ધા જેવી છે.
પ્રશસ્ત કષાયના સેવનથી જ કષાયમુક્તિ પ્રાપ્ત થાય છે.

## કર્મનાં પાંચ આવશ્યક અંગો

કર્તા - કર્મ કરનારો.

અધિષ્ઠાન - શરીર જે કર્મનું આલંબન છે.

કરણ - જ્ઞાનનાં સાધનભૂત ઇંદ્રિયો તથા મન.

ચેષ્ટા - વિભિન્ન વ્યાપારો. દૈવ - દૈવશક્તિ, ભાગ્ય.

## આત્મા કર્મનો કર્તા - અકર્તા

શબ્દાદિ નયોની અપેક્ષાએ આત્મા
સ્વભાવાદિ ભાવોનો કર્તા છે પણ રાગાદિ વિભાવોનો નહિ.

ઋજુસૂત્ર નયની દૃષ્ટિએ આત્મા
રાગાદિ વિભાવોનો કર્તા છે પણ પૌદ્ગલિક કર્મોનો નહિ.

નૈગમ અને વ્યવહાર નયથી આત્મા
પૌદ્ગલિક કર્મોનો કર્તા છે, કિન્તુ કેવળ સાક્ષીરૂપ નહિ.

કર્મના કર્તાને તેમ કર્મના હર્તાને પણ જોતાં શીખવું જોઈએ.

આત્મા કેસરી સિંહ અને કર્મ હરિણ છે.

આત્મા ભાવકર્મનો કર્તા, તેનું ફળ દ્રવ્યકર્મનો કર્તા છે.
આત્માનો વ્યાપાર ફળપર્યન્ત હોય તે દ્રવ્યકર્મનો કર્તા છે.

કર્મનો વિપાક કાર્યના છેડા સુધી રહે છે.

જ્ઞાન બધી જ સામગ્રી, કારણ-યોજના પાકેલાની પેઠે રહે છે પણ કાર્ય કરવાને માટે જરા જ ઉતાવળ થતી નથી.

છેલ્લું કારણ એટલે કર્મવિપાક એ જ
વિશ્વવૈચિત્ર્યનું પ્રધાન કારણ છે.

'ખોટું કેમ સહન થાય ?' એમ બોલનાર
કર્મનું ફૂટેલું જ ખોટું કેમ સહન કરે છે ?

સંસારી જીવન એટલે જ કર્મવશ જીવન.

કર્મને જીવ પરાધીન છે પણ કર્મ જીવને પરાધીન નથી.

આપણી ઇચ્છાઓ તે નહીં, પરન્તુ
આપણા જ પૂર્વબદ્ધે કર્મ કરે, તે જ થાય છે.

સંસારી અવસ્થામાં કર્મને નભાવી લીધે જ છૂટકો છે.

'દગ્ધે બીજે યથાઽત્યન્તં પ્રાદુર્ભવતિ નાંકુરઃ ।
કર્મબીજે તથા દગ્ધે ન રોહતિ ભવાંકુરઃ ॥' અર્થાત્ઃ
જેમ બીજ બળી જાય, તો અંકુરો ન પ્રગટે, તેમ
કર્મબીજ બળી ગયે સંસારનો અંકુરો ઉગતો નથી.

કર્મને સ્વાર્થની દિશામાંથી પરમાર્થની દિશામાં લઈ જવું,
એનું નામ જ 'મુક્તિ' છે, કર્મનો ત્યાગ એ મુક્તિ નથી.

કર્મમાત્રને મુક્તિના ઉદ્દેશ યાને અકર્મના હેતુથી કરવાના છે.

મુક્તિ કેવળ કર્મથી નહીં, કિન્તુ જ્ઞાનથી છે.

કર્મ ચિત્તશુદ્ધિનું કારણ છે. નિષ્કામ કર્મ વડે ચિત્ત શુદ્ધિ થાય છે, યોગ દ્વારા ચિત્તસ્થૈર્ય થાય છે અને આખરે જ્ઞાન દ્વારા મોક્ષનો લાભ થાય છે.

કર્મનો ઉદ્દેશ વાસનામાત્રને બળહીન કરવાનો હોવો ઘટે, કેમકે વાસનામાત્ર જ મુક્તિની વિરોધી છે.

કર્મથી મુક્તિ મેળવવાનું સાધન એવા કર્મને જ બળવાન બનાવવું, એ સાધનાનો ઉદ્દેશ છે.

'હું કર્મબદ્ધ છું, તેથી કર્મના સંબંધથી ઉત્પન્ન થયેલું સ્વરૂપ તે મારું સ્વરૂપ નથી, કર્મના સંબંધ વડે મળેલ દેહાદિ મારાં નથી. હું તેનાથી ભિન્ન આત્મસ્વરૂપ છું' એવું બતાવનાર અરિહંતાદિને નમું છું.

# કર્મ શું ? કર્મયોગ શું ?

સુખપ્રાપ્તિ માટેનું કર્મ એ કર્મ અને
ઈશ્વરપ્રાપ્તિ-આત્મસાક્ષાત્કારાર્થે કરેલ કર્મ એ કર્મયોગ છે.
કર્મ એ ક્રિયા છે, તેની પાછળ રહેલો પ્રેમ એ સાધના છે.

કોને ધિક્કારવું ? પાપને ધિક્કારીએ, પાપીને નહીં જ.

જો ઈશ્વર પણ સંસારી જીવના અંતઃકરણમાં
અરિહંત - સિદ્ધ વસી જાય, તો
આચાર્ય - ઉપાધ્યાય, સાધુ - સાધ્વી, શ્રાવક - શ્રાવિકાદિ
સમ્યગ્દૃષ્ટિ જીવસમૂહનો પ્રવેશ થવાથી અજ્ઞાન-પ્રમાદ
-અવિરતિ-કષાય વગેરે સર્વ દોષોનો વિલોપ થઈને
મુક્તિ-મુક્તિમાર્ગ તથા મુક્તિમાર્ગસાધક સાથે ભાવસંબંધ
બંધાય કે જે સંબંધ અંતે જીવોની મુક્તિમાં પરિણમે.

કર્મમુક્તિનો ઉપાય એ છે કે:

હૃદયમાં ધ્યાન નિશ્ચયનું અને જીવનમાં પાલન વ્યવહારનું.

'જીવ કર્મદ્રવ્યના બંધનમાં છે' સાથે 'સર્વ જીવોની
કર્મનિરપેક્ષ અવસ્થા શુદ્ધ છે' એ પણ સત્ય છે.

## કર્મથી દુઃખ અને દુઃખથી કર્મનાશ.

પોતાના અશુભ કર્મના ઉદય વિના દુઃખ કે આપત્તિ ન આવે, એ જેટલું સાચું છે, તેટલું જ એ સાચું છે કે એકેક પળની આપત્તિ આવ્યાં પછી કર્મ ઊભું રહે નહીં.

જેટલાં દુઃખ ભોગવો, એટલાં અશુભ કર્મનો છેદ.
જેટલું સુખ ભોગવો, તેટલાં શુભ કર્મનો અંત.

કર્મના છેદ ઉપર જેની દૃષ્ટિ છે,
એને દુઃખ છે પણ ખેદ નથી, દુઃખ છે પણ દુઃખી નથી.
સુખ-દુઃખ આપનાર બીજું નથી પણ સ્વકર્મ જ છે.
'આનાથી સુખ-દુઃખ થાય' એ અજ્ઞાન છે, તેથી જ શુભ કર્મ કરવા બુદ્ધિપ્રયત્નની અત્યંત આવશ્યકતા છે.

સુખ-દુઃખ એ કર્મના વિપાક છે, તેથી
બંને પ્રત્યે સમાન ભાવ તે સમ્યગ્દર્શનનું ફળ છે.

પૂર્વ કર્મના ઉદયથી જે સુખ-દુઃખ આવે,
તેને અનાસક્ત ભાવે સમતાથી વેદવાં જોઈએ, તેથી
જૂનાં કર્મ ભોગવાઈ જાય અને નવાંનો બંધ થતો નથી.

કર્મ એ ઈશ્વરની જ માયા છે' એનો અર્થ એ છે કે:
કર્મમાં જે સુખ-દુઃખ આપવાની અચિન્ત્ય શક્તિ છે,
તે મનુષ્યના મનની શક્તિ નહિ, કિન્તુ
મનથી અધિક - મનથી પર એવા જીવની શક્તિ છે.

સુખ એ કર્મની ચોરી છે, જ્યારે દુઃખ એ કર્મનું ઋણ છે.

ચોરી કરીને મોજ માણનાર વધારે ગુનેગાર બને છે.

ઋણ કરેલું ન ચૂકવનાર માણસ વધુ દુઃખી જ થાય છે.

કર્મ રૂપી વનમાં દુઃખનાં અને ક્લેશનાં ફૂલો નીપજે છે.

શુદ્ધ ધર્મરૂપી અગ્નિ કર્મવનને બાળીને ભસ્મીભૂત કરે છે.

સુકૃતની અનુમોદના હોવાથી શુભનો અનુબંધ પડે છે.

કર્મનાં પ્રેરક સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષાદિ છે અને
પ્રેરણા એ કર્મ છે.

સ્વભાવથી ઉત્પન્ન થયેલા કર્મ ગુણાનુસાર હોય છે.

સુખ અને દુઃખ એક જ ઈચ્છિત વસ્તુના બે છેડા છે.

દુઃખ એ કલંક નહિ, કેમકે દુઃખ તો કર્મનો વિપાક છે.

દીનતા એ કલંક છે, કેમકે તેમાં મોહનો ઉદય છે.

## સુખ-દુઃખનું કારણ શુભાશુભ કર્મ

જ્ઞાનવંતે સતત પોતાનું મનોમંથન કરવું જોઈએ અને પૂછવું જોઈએ કે પોતે પવિત્ર અને નિર્વિકારી બન્યો? ભક્તિ વખતે પણ આ જ દૃષ્ટિકોણ રાખવો જોઈએ.

આપણે સ્વચ્છ અને પવિત્ર કર્મો બનાવશો.

સાચા જ્ઞાની કે ભક્તો આ રીતે પોતાના કર્મોને શુદ્ધ અને વિકારરહિત બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. જ્ઞાની કે ભક્તનો જ જીવનવ્યવહાર વિકારથી મુક્ત નહીં બન્યો હોય, ત્યાં સુધી દુઃખનો સંપૂર્ણ નાશ થવાનો નથી.

## પવિત્રતા એ સાચા સુખનું કારણ અર્થ

શુદ્ધ કર્મ એ સાચા અર્થ સારા જીવનનો પાયો છે.

આ પાયો જ નહીં હોય, તો તેના ઉપરની જ્ઞાન, ભક્તિ, દાન કે તપ વગેરેની ભવ્ય ઈમારત ટકી શકશે જ નહીં. શરીરમાં જેમ થોડી પણ તકલીફ હોય, તો દૂર કરવી પડે,

તેમ કર્મની અંદર થોડી પણ વિકૃતિ હશે,

તો તેને દૂર કરવા સતત મહેનત કરવી પડશે.

સુખમાં સેવા અને દુઃખમાં પ્રભુસ્મરણ કર્તવ્ય છે.

દુઃખ દુશ્મન કોઈપણ જીવ નથી, પરંતુ
પૂર્વે બાંધેલું પોતાનું જ કર્મ છે અર્થાત્
કર્મ બાંધનાર પોતાનો અશુભ અધ્યવસાય જ દુશ્મન છે.

કર્મના ઉદયથી પમાતો વૈરાગ્ય દુઃખગર્ભિત છે.

કર્માધીન જ સુખ-દુઃખનું ચક્ર ચાલે છે.
સુખ = સત્કર્મનું ફળ, તેથી સુખ વખતે ધર્મ વધારવો.
દુઃખ = પાપકર્મનું ફળ, મુક્ત થવાને ધૈર્યથી સહન કરવું.
સુખ - દુઃખ કર્મજનિત છે, તેમાં
રતિ - અરતિ, રાગદ્વેષ અને અવિરતિને પુષ્ટ કરનાર છે.
સુખ-દુઃખમાં રતિ - અરતિ થવાં, એ જ સંક્લેશ છે.
તે સંક્લેશનું નિવારણ તે જીવો પર ઉપકારી
અરિહંતાદિનું સ્મરણ અને શરણ છે.
રતિ - અરતિ, રાગદ્વેષ, અવિરતિ - કષાય એ સૌ રોગ છે.
તેમાં આરોગ્યબુદ્ધિ ધારણ કરવી, તે મિથ્યાત્વ છે અને
તેમાં રોગબુદ્ધિ ધારણ કરવી, તે તેનો પ્રતિકાર છે.

દુ:ખ ઉપર દ્વેષ = મૂઢતા. કર્મ ઉપર દ્વેષ = ડહાપણ.

સુખ ઉપર રાગ = મહામૂઢતા. ધર્મ ઉપર રાગ = મહાડહાપણ.

ધર્મનો પાયો કર્મ છે અને તેનું કારણ
સુખરાગ અને દુ:ખદ્વેષને ટાળવાનો ઉદ્યમ કરવો તે છે.
દેવોનાં સુખોની જેમ નારકીનાં દુ:ખો ય શાશ્વત નથી.
નારકી મરીને નારકી થતો નથી. કર્મ શુભ હો યા અશુભ,
તે આત્માને ભવમાં ભટકાવનારું હોઈ પાપરૂપ જ છે.

ભવદુ:ખ ટાળવાના ઉપાયો

(૧) કર્મને આકસ્મિક બાબત બનાવી લેતાં શીખો.
(૨) જીવનની અનેકવિધ આરાધનાઓમાં સદ્ગુરુ અને
સદ્વિચારને વિકસાવવાની સર્વ ક્રિયાઓને મુખ્ય માનો.
(૩) કર્મે દીધેલાં દુ:ખ એ દુ:ખ નથી, પરન્તુ
એનાં ઉપર થતાં કષાયો, સંકલ્પ - વિકલ્પો,
દુર્ધ્યાન વગેરે સર્વે મહાદુ:ખ છે, એમ માનો.
આ સાચી વાત હૃદયમાં રહે, તો ભવદુ:ખ મટી જાય
અશુદ્ધ વિચાર, વાણી અને વર્તન અટકી જાય.

'કર્મે આપેલું દુઃખ ભોગવી લેવું' એટલે

કર્મે આપેલાં દુઃખને શાંતભાવે વધાવી લેવું.

કર્મનાં ફળ સહર્ષ - ઉદાર દિલે વધાવી લઈએ કે
ભોગવી લઈએ, તો દ્રવ્યદુઃખ વખતે પણ ભાવદુઃખ ટળે.

કર્મની સાથે કચવાટ કરવામાં આપણે
આપણી જાતે જ દુઃખ વધારીએ છીએ.

કર્મનું આવેલું એક દુઃખ અને એમાં ય મનના સંતાપ -
કચવાટનું પણ બીજું દુઃખ ઉમેરવું, એ ગાંડપણ છે.

કર્મનાં નિશ્ચિત પરિણામ ભોગવી લેતાં શીખીએ,
તો મનને કશું દુઃખ નથી.

જો મનને દુઃખ નથી, તો કર્મનું દુઃખ દુઃખ નથી લાગતું.

'દુક્ખક્ખઓ'ની ગાથા - પ્રાર્થના વખતે
મનના દુઃખોનો યે ઈલાજ માંગવાનો છે.

કર્મકૃત આપત્તિ વખતે મનનું દુઃખ નિવારવાના સાધનમાં
દેવદર્શન, ગુરુવંદન, નમસ્કાર મંત્રનું સ્મરણ ઉપરાંત
વ્રત - નિયમ, તપ - ત્યાગ વગેરેનો અભ્યાસ છે.

## સુખદાયી કે દુઃખદાયી પરિસ્થિતિમાં માધ્યસ્થ્ય

ભોગ જ્યાં ઉપર, તેમ રોગ ઉપર, શોક ઉપર, દારિદ્ર્ય, દુઃખ અને દૌર્ભાગ્યના ઉદય વખતે પણ કર્મનો વિચાર કેળવવો, એ જ વિવેકનું ફળ છે. સુખદાયી કે દુઃખદાયી પદાર્થોના સંગ અને સમાગમ સમયે કર્મનું ફળ નહિ, બળ વિચારી જેઓ મધ્યસ્થ રહે, તેઓ જ સમતાભાવનાં સુખને અનુભવી પરમ આનંદરસના ભોક્તા બને છે.

## આત્મા ઉપર કર્મ એ એક પ્રકારનું ઋણ જ છે.

બાળ જીવો પારસ્પરિક મનાગમનું સુખ લેવું પણ બાળને સુખ આપવું નહીં અથવા બાળને દુઃખ દેવું અને તેના ક્ષમા માંગવા નહીં, એનું નામ જ કર્મના બંધનમાં આવવું. આજ સુધી જીવે લેવાનું કામ કર્યું છે, આપવાનું નહીં. કર્મના બંધ અને ઉદયનો ક્રમ એકસરખો નહિ. ગૌણકર્મનું પ્રધાનકર્મમાં આવાગમન- સંક્રમણ વિધિને પુરુષાર્થીઓ બાહુબળથી જ સમજી શકાય છે.

કર્મિક જન્મ અને જન્મિક કર્મ થયાં જ કરે છે.

કર્મિક સુખદુઃખાનુભવ અને તેના સંસ્કારો ઈત્યાદિની
પરંપરા લંબાતી જ જાય છે.

જેમ એક સંસ્કારદુઃખો અનેક સ્કંધથી અન્ય સ્કંધે
ભાર બદલાય છે, પરન્તુ તે ભાર નિવૃત્ત થતો નથી,
તેમ તે ઇંદ્રિયોના આહ્લાદમાં
દુઃખનો સંસ્કાર કરે છે પણ દુઃખ નિવૃત્ત થતું નથી.

સુખ, દુઃખ કે મોહ - એ ત્રણે ત્રણ વૃત્તિઓ પરસ્પર
વિરુદ્ધ હોવા છતાં દુઃખત્વ - જાતિથી એક જ છે.

સુખના અનુભવથી ચિત્ત ઉપર સંસ્કાર પડે છે,
જેથી સુખનું સ્મરણ થાય છે અને
સુખમાં ફરી રાગ જન્મતાં વશ બની તેને
પ્રાપ્ત કરવા સાધનો આત્મા શુભ - અશુભ કર્મ કરે છે.

જે અધ્યવસાયથી મિથ્યાત્વાદિ થયો હોય,
તેના કરતાં તીવ્રતર અધ્યવસાયથી મિથ્યાદુષ્કૃતનું દાન
મિથ્યા આચરણજનિત દરેક કર્મનો ક્ષય કરે છે.

જે પ્રાપ્ત નથી - સ્પર્શ ભિન્ન છે, તે ચિંતનમાત્રથી નથી
મળતું, તેના સંયોગ માટે કર્મ કરવાની જરૂર પડે છે.

કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલ વર્તમાન દુઃખને દૂર કરવું,
એ જીવના હાથની વાત નથી, પરંતુ
તેની ઉપરનો દ્વેષ દૂર કરવાની વાત જીવના હાથમાં છે.
સુખ-દુઃખ અથવા રાગ-દ્વેષ એ કર્મનું ફળ નથી, પરંતુ
જે પરિસ્થિતિ પ્રાપ્ત થાય છે, તે કર્મોનું ફળ છે,
તેમાં ભાવાનુસાર રાગ-દ્વેષ થાય છે.
‘पुण्यस्यकार्पणाः दूरात् गंधो वाति ।’
અર્થાત્: પુણ્યકર્મની સુગંધ દૂરથી જ પમાય છે.
કર્મબંધનમાં રાચવું, એ મિથ્યાત્વમોહનીયનો ઉદય છે,
તેથી ૮ પ્રકારે કર્મ બંધાતા જીવનું ભવભ્રમણ વધે છે.
પરિણામે સુખ ઉપરનો રાગ ત્યાજ્ય છે અને
એ જ રીતે દુઃખ ઉપરનો દ્વેષ પણ અશાતાજનિત છે,
કેમકે દુઃખ પણ અશુભ કર્મના ઉદયથી જ આવે છે.
સુખ-દુઃખને સમભાવે ભોગવી લેતાં જીવ કર્મમુક્ત બને.

## ઈશ્વરની શક્તિ સમજાવે છે કે...

યાદ કરવાની ઉત્તમ વસ્તુઓ તો પવિત્ર વિચારો અને
સ્વાર્થરહિત ઉત્તમ કર્મો છે, કર્મને કારણે પડતાં દુઃખો નહીં.
કર્મફળને સહન કરવાની શક્તિ માટે એનો આધાર
લેવાથી મનુષ્ય શોકસાગરમાં ડૂબવામાંથી બચી જાય છે.

સુખ અને દુઃખ વિશે...

કર્મના ગણિત પ્રમાણે બનતાં બનાવો.
દુઃખ અને સુખમાં સમત્વ કરાવવાની તાકાત નહિ,
એ કરાવે છે મોહનીય કર્મ.

કર્મ એ પત્ર છે, જ્ઞાન એ પુષ્પ છે, ભક્તિ એ ફળ છે.

જે કર્મનો કર્તા છે, તે જ કર્મફળનો ભોક્તા છે.

આત્મપરિણામની ચપળ પરિણતિ થવી, તે કર્મ છે.

કર્મથી છૂટવાનો ઉપાય સમભાવ ઉપરાંત
સત્કર્મ અને આત્માને જોવો તે છે.

કર્મથી સંસ્કાર, સંસ્કારથી સ્વભાવ અને
સ્વભાવ અનુસાર કર્મ - એ રીતે ચક્ર ચાલે છે.

કર્મનો વિપાક માત્ર ૩ પ્રકારે જ નહીં, પરન્તુ
નીચે પ્રમાણે ઓછામાં ઓછા ૮ પ્રકારે છે:
જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય,
આયુકર્મ, નામકર્મ, ગોત્રકર્મ તથા અંતરાય કર્મ.
પ્રવચન સારોદ્ધાર-દ્વાર ૨૭૬ પ્રમાણે સિદ્ધના ૩૧ ગુણો
૫ જ્ઞાનાવરણીય કર્મ, ૯ દર્શનાવરણીય કર્મ,
૨ વેદનીય કર્મ (શાતા-અશાતા),
૨ મોહનીય કર્મ (દર્શન-ચારિત્ર),
૪ આયુકર્મ, ૨ નામકર્મ (શુભ-અશુભ),
૨ ગોત્રકર્મ (ઊંચ-નીચ) તથા ૫ અંતરાય કર્મથી રહિત.
સમગ્ર વિશ્વ એ ત્રિગુણની રમત છે અથવા આઠ કર્મનો
પ્રપંચ-વિસ્તાર છે, એમાં રાગ-દ્વેષ, હર્ષ-શોક નિરર્થક છે.
જૈન મત જેને જ્ઞાનાવરણીય કર્મ કહે છે,
તેને બૌદ્ધ મત અવિદ્યા કે જ્ઞેયાવરણ કહે છે,
સાંખ્ય યોગના મતે તે અવિદ્યા કે પ્રકાશાવરણ છે,
ન્યાય તથા વૈશેષિક મતે તે અવિદ્યા કે અજ્ઞાન છે.

કર્મ - આત્મા અને કર્મનો સંયોગ - કર્મબંધની પરંપરા
વગેરેને અન્ય દર્શનો તરફથી મળેલ નામ.

આત્માથી અન્ય વસ્તુ - તેને જૈનો 'કર્મ' કહે છે,
બૌદ્ધો અને વેદાંતીઓ તેને 'અવિદ્યા' કહે છે અને
સાંખ્યો તેને 'પ્રકૃતિ' કહે છે.

આત્મા અને કર્મના સંયોગને જૈનો 'બંધ' કહે છે,
બૌદ્ધો અને વેદાંતીઓ તેને 'ભ્રાંતિ' કહે છે તથા
સાંખ્યો તેને 'પ્રવૃત્તિ' કહે છે.

કર્મનો બંધ, અવિદ્યાની ભ્રાંતિ અને પ્રકૃતિની પ્રવૃત્તિ.

કર્મબંધની પરંપરાને જૈનો 'ભવભ્રમણ - સંસારભ્રમણ' કહે છે,
સાંખ્યો તેને પ્રકૃતિના વિકારોને ભોગવવાની ઇચ્છા યા
'દિદૃક્ષા' કહે છે, શૈવો તેને 'ભવબંધન' કહે છે,
વળી વેદાંતીઓ તેને 'અનાદિ ભ્રાંતિ' અને
બૌદ્ધો તેને અનાદિ ક્લેશ રૂપ 'વાસના' કહે છે.

કર્મમળથી ભિન્ન આત્મા ધ્યાનાદિ પ્રક્રિયા દ્વારા
કર્મમળનો નાશ કરી સ્વયં શુદ્ધ બની શકે છે.

જ્ઞાનાવરણ કર્મને બૌદ્ધો જ્ઞેયાવરણ કે ક્લેશાવરણ પણ કહે છે અને તે સંસ્કાર રૂપ છે, દ્રવ્યસ્વરૂપ નહીં.

ન્યાયદર્શન મુજબ જ્ઞાનાવરણ કર્મ જ્ઞાનગુણના પ્રાગભાવરૂપ હોવાથી અભાવરૂપ છે, દ્રવ્યસ્વરૂપ નહીં, સાંખ્ય અને વેદાન્તાનુસાર તે જડ દ્રવ્યરૂપ છે.

સાંખ્ય મુજબ બુદ્ધિસત્ત્વને આવારક તમોગુણ છે, તે સૂક્ષ્મ અને જડ દ્રવ્યાંશ છે.

## આત્મા તદ્રૂપ કઈ રીતે બને?

અમૂર્તતા, અગુરુલઘુપણું, અવ્યાબાધતા અને અક્ષયસ્થિતિતાના વિઘ્નરૂપ નામ, ગોત્ર, વેદનીય અને આયુષ્યકર્મના ઉદયરૂપી પરધિ અને ઘાતી કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલ અનન્ત જ્ઞાન-વીર્યાદિ ગુણ જેમાં છે, એ આત્મદ્રવ્યને નમવાથી નમસ્કાર કરનારનો આત્મા તદ્રૂપ બને છે.

પ્રથમ ઉપયોગરૂપે અને પછી ઉપયોગથી અભિન્નતાના ધ્યાન વડે ધ્યાતા પોતે ઉપયોગરૂપ અરિહંત બને છે.

સ્વાર્થનો વિચાર કર્યા વિના કરેલું કર્મ, તે યજ્ઞ.

'યજ્ઞશિષ્ટ' એટલે નિઃસ્વાર્થ ભાવે કર્મ કરવાથી
પ્રાપ્ત થયેલ હૃદયની શુદ્ધિ અને પવિત્રતા.

કર્મ જ્યારે 'સર્વવિશ્વહિતાય' એટલે કે પરાર્થ માટે -
સર્વ જીવના હિત માટે થાય, ત્યારે તે 'યજ્ઞ' કહેવાય છે.

'સર્વં કર્માખિલં પાર્થ ! જ્ઞાને પરિસમાપ્યતે |'

સર્વ પ્રકારના કર્મ જ્ઞાનથી યજ્ઞરૂપમાં બદલી શકાય છે.
દ્રવ્યમય યજ્ઞોમાં દ્રવ્યોનો અને જ્ઞાનમય યજ્ઞમાં જ્ઞાનનો
સર્વના હિત માટે ઉપયોગ કરવાનું કહ્યું છે.

જ્ઞાનથી કર્મોનો ત્યાગ થતો નથી પણ ફળકામના નષ્ટ
થાય છે, તેથી કર્મને યજ્ઞનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

કર્મ જ્યારે જ્ઞાનથી યજ્ઞરૂપમાં બદલાઈ જાય છે,
ત્યારે સર્વ કર્મ - શુભાશુભ કર્મનું ફળ નષ્ટ થઈ જાય છે,
'યોગસંન્યસ્તકર્માણં |' કર્મોનો નહીં, કર્મોમાં કામનાઓનો
સંન્યાસ સમજવાનો છે. કર્મ જ્યારે યજ્ઞરૂપમાં ફેરાય છે,
ત્યારે તે અકર્મ સમાન ફળહીન બની જાય છે.

## જીવ કર્મનો કર્તા છે.

(૧) અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી
જીવ પુદ્ગલ કર્મનો કર્તા છે.

(૨) ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી
જીવ ગ્રામ, નગર, ઘર, પટ આદિનો કર્તા છે.

(૩) અશુદ્ધ નિશ્ચયનયથી જીવ રાગ-દ્વેષાદિનો કર્તા છે.

(૪) શુદ્ધ નિશ્ચયનયથી જીવ જ્ઞાનાદિ ગુણોનો કર્તા છે.

(૫) પરમ શુદ્ધ નિશ્ચયનયથી જીવ અકર્તા છે.

## જીવ કર્મફળનો ભોક્તા છે.

(૧) ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયે વિષયોનો ભોક્તા છે.

(૨) અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયે સુખ-દુઃખનો ભોક્તા છે.

(૩) અશુદ્ધ નિશ્ચયનયથી જીવ હર્ષ-શોકનો ભોક્તા છે.

(૪) શુદ્ધ નિશ્ચયનયથી જીવ જ્ઞાનદર્શનાદિનો ભોક્તા છે.

(૫) પરમ શુદ્ધ નિશ્ચયનયથી જીવ અભોક્તા છે.

To improve, to accept is divine - godly.
To be proud is hellish - is demonic.

કર્મનો સ્વીકાર બધા જ આત્મવાદી અને
પુનર્જન્મવાદી દર્શનો એક યા બીજે નામે કરે જ છે.

જાગ્રત, સ્વપ્ન કે સુષુપ્તિ - કોઈ અવસ્થાએ
જીવોને રહેલો આત્માનો પ્રકાશ કદી બુઝાતો નથી.

કર્મ ઈશ્વરાધીન નથી પરંતુ ઈશ્વર કર્માધીન છે.

દ્રવ્ય વિના કર્મ નથી અને કર્મ વિના દ્રવ્ય નથી.

બાંધેલા કર્મ ભોગવ્યાં સિવાય મુક્તિ નથી.

દુઃખ કર્મનું છે, દુઃખ સમજનું નથી.

માનસિક હલનચલન ઉપર કર્મના બંધનો આધાર છે.

કર્મ દ્વારા મેળવેલું રાજ નશ્વર યા અધૂરું હોય છે.

બધાં ય કર્મો વિશ્વાત્માની પૂજાના અર્થમાં,
પોતાની સંશુદ્ધિના અર્થમાં અને
જનતાની સત્કર્મ સંગતિના અર્થમાં થવા જોઈએ.

ભવાભિનંદી સ્વાર્થને અર્થે કરે કર્મ.

પ્રભુને અર્થે જે વર્તે, તેને કર્મ કદી સતાવે નથી.
જે સતાવે છે, તે સ્વાર્થને અર્થે કરેલાં કર્મ જ છે.

ગત જન્મમાં કરેલ અશુદ્ધ અશુભ કર્મોનું ફળ

આ જન્મના કેટલાંક શુભ કર્મોથી નષ્ટ થઈ જાય છે.

કર્મ જડ છે, આત્મા ચેતન છે, અનંત શક્તિસંપન્ન છે.
કર્મનો નિમિત્ત આત્મા છે, આત્માનો નિમિત્ત કર્મ નહિ.

'अप्पा कत्ता विकत्ता य ।'

આત્મા કર્મનો કર્તા પણ છે અને તોડનાર પણ છે.
સૂર્યાદિ ગ્રહો, સ્વામ્યાદિ સેવક તથા ચેતનાદિ જડ
કદી અધિક બની શકતાં નહિ.

કર્મને જ્યારે અહીંતે ભગવાન માનવા; તે તો પોતાની
અજ્ઞાનતા, કાયરતા, દુર્બળતાને ઢાંકપિછોડો કરવાની ક્રિયા છે.

અન્ય કોઈ દર્શન કહેતું નહિ કે:

કર્મ યા માયા, પ્રકૃતિ યા અવિદ્યા - વગેરે ભગવાન છે,
આત્મા, ચેતન યા પુરુષને જ ભગવાન માન્યો છે.

જૈનદર્શન પણ એમ કહે છે કે:

કર્મનું કર્તૃત્વ, ભોક્તૃત્વ અને હર્તૃત્વ -
એ ત્રણે આત્માને જ આધીન છે.

કર્મ મિથ્યાત્વાદિ હેતુઓથી બન્ધ છે.

અમૂર્ત જીવને મૂર્ત કર્મ વડે અનુગ્રહ - ઉપઘાત થાય છે,
તેના દૃષ્ટાંત રૂપે બ્રાહ્મી અને મદિરાપાનાદિ પ્રત્યક્ષ છે.
દર્પિકા અને પ્રતિબિંબની જેમ આત્મા અને કર્મનો
અનાદિ સંબંધ છે પણ ઉપાયથી જુદા પડી શકે છે,
એટલું માનવાથી જીવોને નિરૂપચરિત
બંધ - મોક્ષ અને સુખ - દુઃખ ઘટી શકે છે.

મોક્ષની આશા છૂટે, ત્યારે મોક્ષ આપોઆપ આવી મળે છે.
મોક્ષની વાત મનમાંથી અળગી કાઢી નાંખી સાધનામાં સતત
મંડ્યા રહેવું, એ જ મોક્ષને પાસે લાવવાનો ઈલાજ છે.

જ્ઞાનદૃષ્ટિએ અકર્તૃત્વ, ભાવદૃષ્ટિએ ઐક્ય અને
ક્રિયાદૃષ્ટિએ ભિન્નત્વનો સ્વીકાર કરીને થતું કર્મ
એ જ શાસ્ત્રોક્ત કર્મ છે, મુક્તિદાયક કર્મ છે.

સંસારી જીવ કર્મ રૂપ ઈંધનથી સદા બળતો રહેય છે.
તે આગને ઠારવા માટે તે ચારે બાજુ ભટકે છે, તોય
તેની આગ શમતી નથી પણ વધે છે.

દેહરૂપી વાસણમાં આત્મારૂપી જળ
કર્મરૂપી ઈંધણથી બળી રહ્યું છે.

તે આગને ઠારવા અન્ય ઉપાયો નિષ્ફળ નીવડે છે.
જ્યારે તે ભાજનને દૂર કરવામાં આવે,
અર્થાત્ દેહાત્મબુદ્ધિનો ત્યાગ કરીને આત્મામાં
આત્મબુદ્ધિ કેળવવામાં આવે, ત્યારે જ તે આગ શમે છે.
આત્મારૂપી જળ કર્મઈંધણને શમાવવાની તાકાત રાખે છે,
તે વિકલ્પના સાધનો તો કર્માગ્નિને વધુ પ્રદીપ્ત કરે છે.
આવી સમજ જ્યારે જીવને આવે છે,
ત્યારે તે તપ, જપ, દાન, ધ્યાનાદિ સઘળાં ઉપાયો વડે
જેમ જેમ દેહાત્મબુદ્ધિથી મુક્ત થતો જાય છે,
તેમ તેમ કર્મની આગ ઠરતી જાય છે અને એક વખત
જ્યારે દેહબુદ્ધિ સર્વથા નાશ પામે છે, ત્યારે આત્મારૂપી
જળ સીધું જ કર્મઈંધણની આગને સમૂળ ઠારી દે છે.
દેહબુદ્ધિ એ કર્મરૂપી અગ્નિને પ્રદીપ્ત કરે છે, જ્યારે
આત્મબુદ્ધિ તે અગ્નિને શાંત કરે છે.

જીવને ત્રિવિધ તાપમાંથી ત્યારે જ મુક્તિ મળે, જ્યારે
દેહબુદ્ધિ વધારનાર સઘળાં કાર્યો છૂટી જાય અને
આત્મબુદ્ધિ પ્રગટાવનાર સઘળાં કાર્યો એકત્ર થાય છે.

આમ તાત્પર્ય એ છે કે:

અર્થ અને કામની વાસના કર્મરૂપી આગને વધારે છે,
ધર્મ અને મોક્ષની ભાવના કર્મની આગને શમાવે છે.

આત્મજ્ઞાનમાં સર્વ કર્મો પર્યવસાન પામે છે.

પાપીમાં પાપી જીવ પણ જ્ઞાનબળ વડે
પાપરૂપી સમુદ્રને તરી જાય છે.

જ્ઞાનાગ્નિ સર્વ કર્મબંધનને બાળી નાખે છે.

અજ્ઞાનનું કારણ મન છે.

તે મનને નમન વડે ઉન્નમન કરવું, તે મોક્ષનો માર્ગ છે.
કર્મપરિણામ રાજા નિષ્પક્ષપાતી ન્યાયાધીશ જેવા છે.
આત્મરાજના રાજ્યમાં કોઈ યથાર્થ વ્યવસ્થા, રાખનાર હોય,
તો તે કર્મ છે. તે આદિલ ઇન્સાફી ન્યાયાધીશના સ્થાને છે,
કર્મરાજ self-governmentના governor છે.

દર્શનમોહનીય કર્મ કોને કહેવાય ?

જે કર્મ આત્મસ્વરૂપને આવરણ કરે, તે દર્શનમોહનીય.

ચારિત્રમોહનીય કર્મ કોને કહેવાય ?

જે કર્મ આત્મસ્થિરતાને આવરણ કરે, તે ચારિત્રમોહનીય.

કર્મો દ્વારા જીવના ભેદો કરાયેલા છે.

કર્મ એ શુદ્ધ આત્માનું લક્ષણ નથી,

કર્મોથી આત્મા અલગ થઈ શકે છે.

જીવોનો સ્થૂલ વ્યવહારે કર્મ કરતો દેખાય છે, પરન્તુ

નિશ્ચયનયે શક્તિરૂપે પરબ્રહ્મસ્વરૂપ છે.

કર્મક્ષયના હેતુથી થતી આરાધના દ્વારા શું મળે ?

જ્ઞાનાવરણ કર્મના ક્ષયથી આત્મજ્ઞાન,

દર્શનાવરણ કર્મના ક્ષયથી આત્મદર્શન,

મોહનીય કર્મના ક્ષયથી આત્મરમણતા અને

વીર્યાન્તરાય કર્મના ક્ષયથી આત્મશક્તિ થાય છે.

સર્વ કર્મોમાં શિરોમણિભૂત મોહનીય કર્મ છે,

તેનો ક્ષય કરવાનું અસાધારણ કારણ નમસ્કારમંત્ર છે.

## મોહનીય કર્મ કઈ રીતે દૂર થાય?

મોહનીય કર્મ પરપુદ્ગલ પ્રત્યે મિથ્યા અનુરાગસ્વરૂપ છે.
મોહનીય કર્મના વિવિધ સંસ્કારોના
પ્રતિપક્ષી સંસ્કાર પાડવાને માટે
ગુણાનુરાગ અને આરાધક ભાવ - સમર્થ સાધનો છે.

## કર્મનો નિરનુબંધ ક્ષય

ચિત્તમાં અરતિ - ઉદ્વેગ - કંટાળો જણાય, ત્યારે જાણવું કે
મોહનીય કર્મના ઉદય સાથે અશુભ કર્મનો વિપાક જાગ્યો છે.
તેને ટાળવાનો ઉપાય શાસ્ત્રકારોએ પંચમંગલને કહ્યો છે.
એકાગ્રતાપૂર્વક તથા શાંત ચિત્તે પંચમંગલનો જાપ કરવાથી
અશુભ કર્મ ટળી જઈ શુભ બની જાય છે. તેનો અર્થ
છે કે ઉદયમાં આવેલું કર્મ અવશ્ય ભોગવવું પડે છે,
તેને જ્ઞાની જ્ઞાનથી - સમતાથી વેદે છે અને
અજ્ઞાની અજ્ઞાનથી - આર્તરૌદ્ર ધ્યાનથી વેદે છે.

કર્મોમાં મોહનીય કર્મ, ઇંદ્રિયોમાં રસનેન્દ્રિય, વ્રતોમાં
બ્રહ્મચર્ય વ્રત અને ગુપ્તિઓમાં મનોગુપ્તિ બળવાન છે.

પુરુષાર્થ એટલે મન - વચન - કાયાનો શુભ વ્યાપાર,
તે કર્મની દશા ઉપર નહીં, ધર્મના બળ ઉપર ટકે છે.

સારા વિચારો કરાવવાનું બળ કર્મમાં નથી, પરન્તુ
પુરુષાર્થમાં છે. મિથ્યાત્વ મોહનીય કર્મના પુદ્ગલો પણ
શુભ વિચારો વડે શુદ્ધ કરી શકાય છે અને
એને જ 'સમકીત મોહનીય' કહેવાય છે.

સ્વતંત્ર શક્તિ કર્મની નહીં પણ આત્માની છે.

દૃષ્ટાંત મુજબ 'અજ્ઞાન' નામનું આવરણ વસ્તુતઃ જડ
દ્રવ્યરૂપ છે, તેને પ્રકૃતિ યા અંતઃકરણ ચતુષ્ટય કહે છે.
મૂળાવિદ્યા (મૂળ અજ્ઞાન) તથા તુલાવિદ્યા (અવસ્થા અજ્ઞાન)
રૂપી આવરણોની કલ્પના છે, તે જડ દ્રવ્ય રૂપ છે.

'આત્માને સદ્બુદ્ધિ મળો અને પાપથી પાછા હઠો'
એવી પ્રાર્થના કરવાથી જે શુભ કર્મ ઊભું થાય,
એનાથી આપણને તો શુભ ફળ મળે જ છે અને
જો તેને નિકાચિત કર્મનો ઉદય ન હોય,
તો તેના અસર આત્મા ઉપર પણ અવશ્ય થાય છે.

શરીર એ કાર્ય છે, માટે તેનો કર્તા અને કારણ જોઈએ.
જીવ એ તેનો કર્તા છે અને કર્મ એ કારણ છે.
ક્રિયા દ્વારા કર્તાને જે અભિપ્રેત હોય, તે 'કર્મ' છે.
મનુષ્યના કર્મમાત્રનું છેલ્લું લક્ષ્ય કર્મબંધ મુક્તિ છે
અર્થાત્ મુક્તિના ઉદ્દેશથી કર્મ કરવું, એનું નામ ધર્મ છે.
વાસનામાત્ર મુક્તિની વિરોધી છે.
કર્મનો ઉદ્દેશ વાસનાને બળહીન કરવાનો હોવો જોઈએ.
કર્મને જ કર્મબંધ મુક્તિ મેળવવાનું સાધન બનાવવું,
એ જ સાધનાનો ઉદ્દેશ છે અને તે વડે જ દેહ અને
આત્માના સંયોગમાંથી ચરમ મુક્તિ મેળવવાનો ઉપાય છે.
ભારતીય દર્શનમાં વિચારની જેટલી ભિન્નતા છે,
તેટલી જ આચારની એકતા છે, જે બીજું કાંઈ નહીં,
પરંતુ કર્મમાત્રને નિવૃત્તિ તરફ વાળવાની છે.
કર્મશક્તિ ઈશ્વરાભિમુખ થાય, તે આધ્યાત્મિકતા.
સ્થૂલ ક્રિયા જેટલી ઘટે, તેટલી સૂક્ષ્મ ક્રિયા વધે છે તથા
જેમ ક્રિયા ઘટે, તેમ કર્મ બળવાન બને છે.

'મમ' = મમત્વ દ્વારા જીવ કર્મથી બંધાય છે.

'ન મમ' = મમત્વ છોડવાથી જીવ મુક્ત થાય છે.

## કોને કાઢવું - દુઃખને કે કર્મને ?

'શરીરનો રોગ એ શરીરનો નહીં પણ કર્મનો છે'
એમ માને, તે સમ્યગ્દ્રષ્ટિ - સમકિતી જીવ
દુઃખને કાઢવા કરતાં કર્મને કાઢવાનો પ્રયત્ન કરે છે.

ધર્મ કરવો એટલે કર્મ તથા વાસનાઓ સાથે યુદ્ધ કરવું.
મુખ્ય વાસના સુખનો રાગ અને દુઃખનો દ્વેષ,
તે છૂટે તો કર્મના પંજામાંથી છૂટાય.

આ વિશ્વનું સંચાલન જે કર્મના નિયમથી થઈ રહ્યું છે,
તે કર્મનો નિયમ પણ જીવના ધર્મને જ અનુસરે છે.

## પંચ પરમેષ્ઠિ ઉપકારાદિ ત્રણ ભાવોથી યુક્ત છે:

(૧) જીવત્વના વિચારથી મધુર પરિણામ પ્રગટે.
(૨) કર્મના વિચારથી શુભ પરિણામ પ્રગટે અને
(૩) ધર્મના વિચારથી અખંડયુક્ત મધુરતર પરિણામ પ્રગટે.
એ ત્રણના વિચારમાં સમગ્ર તત્ત્વજ્ઞાન સમાઈ જાય છે.

# કર્મયોગ અને કર્મવાદ

ગીતાનો કર્મયોગ અને જૈનોનો કર્મવાદ એક જ વસ્તુને
કહે છે કે કર્મફળ મેળવવા માટે નહીં, કિન્તુ કર્મબંધનથી
મુક્ત થવા માટે કર્મ કરો, એ જ સાચો પુરુષાર્થ છે.

'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।'

નવું બંધન ન થાય, તે રીતે કર્મ કરવું, એ કર્મયોગ છે.

કર્મપરિણામ રાજા એ નિષ્પક્ષ ન્યાયાધીશ છે.

કર્મથી મુક્ત થવા માટે કર્મવાદ ઉપર શ્રદ્ધા કરો,
જેથી કર્મના બંધનથી બચી જવાય.

કર્મબળનો વિચાર નમ્રતા - જીવબળનો નિર્ભયતા લાવે છે.
જીવબળ અહિંસા, ક્ષમા, મૈત્રી, ઔદાર્યની ઉપાસનામાં છે.
ઉપાસના તો જ થાય કે કર્મબંધના હેતુઓનો લય જાગે.
કષાયની મંદતા સાધવા માટે કર્મનો વિચાર આવશ્યક છે.

ધર્મ એ મંગળ છે, કર્મ એ વિઘ્ન છે.

ધર્મમંગળ વડે કર્મવિઘ્ન ક્ષય પામે છે.

કર્મ = જીવતત્ત્વનો વિરોધ, ધર્મ = જીવતત્ત્વનો આદર.

## આત્મા કર્મબંધન ક્યારે કરે ?

કોઈપણ જીવ સાથે સાંયોગિક સંબંધ અને
સાંયોગિક વ્યવહાર કરવાથી આત્મા કર્મબંધન કરે છે.
તે તો જ અટકે કે જીવોની સાથે એવો ઘટે, તેવો
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થયુક્ત વ્યવહાર થાય.
આ ચાર ભાવો સિવાયનો કોઈ ભાવ ઉત્પન્ન થાય,
તો આત્મા ઉપર કર્મબંધ થાય છે.

## શ્રેષ્ઠ કોણ ?

વિદ્વાનોમાં બુદ્ધિ અનુસાર નિશ્ચય કરનાર શ્રેષ્ઠ છે.
નિશ્ચય કરનારાઓમાં પણ કર્મ કરનાર અને
કર્મ કરનારાઓમાં પણ બ્રહ્મને જાણનારા શ્રેષ્ઠ છે.
કર્મના વિપાક જીવની સત્તામાં નહિ, પરન્તુ
સમાધિ એ જીવના કાબૂની વાત છે.
બ્રહ્મને જાણનારા સમાધિવંત હોવાથી શ્રેષ્ઠ હોય છે.
જેમ પગથિયાં પાર કરવાનો ઉપાય પગથિયું જ છે,
તેમ કર્મની પાર જવાનો ઉપાય પણ કર્મ જ છે.

## શેનાથી કર્મબંધ અટકે ?

કર્મબંધનનો હેતુ સ્વ ઉપર રાગ અને પર ઉપર દ્વેષ છે.
રાગ-દ્વેષની આ લાગણી જ કર્મબંધ કરાવે છે,
તેથી તેને પલટવા જોઈએ અને તો જ કર્મબંધ અટકે.
સ્વના સ્થાને સર્વ ઉપર રાગ કેળવાય અને પરના સ્થાને
દ્વેષ ઉપર દ્વેષ કેળવાય, તો કર્મબંધ અટકી જાય છે.
આ ઉપરાંત આત્મભાવ, ત્યાગભાવ, જાગૃતભાવ,
ક્ષમાભાવ તથા સ્થિરભાવ -
એ પાંચ કર્મબંધનને રોકવાના ૫ ઉપાયો છે.
તે ભાવવાના ઉપાય તરીકે 'આત્મસમદર્શિત્વ' પાયો છે.
કર્મોનો ક્ષય એટલે દેહનો વિલય અને આત્માનો ઉદય.
તેનો ઉપાય ત્રણનો સમન્વય:
નવકારનો જપ, આયંબિલનો તપ તથા [illegible] જાપ.
વ્રત - નિયમ - તપ - જપને પાંચ આલંબન આપી
આસક્તિના વિષય બનાવવામાં આવે,
તો તે કર્મબંધનાં કારણ બને છે.

કોરા શરીરસુખાકારિતાના વિચારો જ આત્માને
ઘોર અશાતાવેદનીય કર્મ બંધાવે છે.

અંતરાયકર્મ અને પુણ્યવૃદ્ધિ થતાં બધું શુભ બને છે.
કાયાના હિત-સુખશાતા વિચારી આત્માનાં હિત જોવાં,
એમાં જ બુદ્ધિમત્તા છે. ધન્ના-શાલિભદ્રાદિ મહામુનિઓ
અને આનંદ-કામદેવાદિ મહાશ્રાવકો એનાં ઉદાહરણ છે.
કષ્ટમય પણ ધર્મજીવન જીવવામાં ગુણવૈભવ મળે છે,
તપસમૃદ્ધિ વધે છે, સંયમસામ્રાજ્ય અને
મોક્ષ પદનું ફળ મળે છે.
શરીરસુખાકારિતાના વિચારે તો બધું ગુમાવવાનું થાય છે,
વળી મોહદૃષ્ટિ, રાગાંધતા, સત્ત્વહીનતા અને
પુદ્ગલની ગુલામી પુષ્ટ થાય છે,
આત્મસુખાકારિતાના વિચારમાં તત્ત્વદૃષ્ટિ ઊભી રહે છે,
રાગદશા દબાય છે, મનનું સત્ત્વ વધે છે,
પરલોકદૃષ્ટિ કાયમ રહે છે અને
વિષયોની ગુલામીના ભોગ પણ બનવું પડતું નથી.

## આઠ કર્મ ઉપર વિજય મેળવવાની પ્રક્રિયા

સમ્યગ્જ્ઞાનનું મૂળ નમ્રતા છે.

નમ્રતાનું મૂળ વિનય - વિનયનું મૂળ ૮ કર્મનું વિજ્ઞાન છે.
વિનયથી નમ્રતા, નમ્રતાથી જ્ઞાન, જ્ઞાનથી વિજ્ઞાન અને
વિજ્ઞાનથી વિરતા, વિરતાથી સંવિરતા, કર્મ ઉપર વિજય.

સમ્યગ્જ્ઞાન એ જ્ઞાનવાદનો પર્યાય છે,
સમ્યગ્દર્શન એ આત્મવાદનો પર્યાય છે અને
સમ્યક્ચારિત્ર એ કર્મવાદનો પર્યાય છે.

આત્મા, કર્મ અને તે બેના પરસ્પર સંયોગ - વિયોગનું
યથાર્થ જ્ઞાન સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રમાં
પરિણમાને મુક્તિનો માર્ગ બને છે, માટે જ કહ્યું છે કે:
'સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રાણિ મોક્ષમાર્ગ: |'
પ્રભુજીના - દર્શનનો સાચો ઉદ્દેશ ભવવૈરાગ્યની વૃદ્ધિ
અને સર્વવિરતિ ચારિત્રની તમન્ના છે.
ચારિત્રગુણનું પાલન એ મોક્ષનો માર્ગ બને છે તથા
સકલ કર્મનો ક્ષય કરાવી પરમ પદની પ્રાપ્તિ કરાવે છે.

આજની પ્રાર્થના : 'હે ભગવાન !

સત્ય તે છે કે હું આઠ કર્મથી બદ્ધ છું.

અનંતકાળથી અસહાયપણે સંસારની ૪ ગતિમાં ભટકું છું.

કર્મકૃત ભાવોથી મુજ જીવ ઉચ્ચ-નીચ ગતિમાં જાય છે,

તે મારી શોભા નથી, કિન્તુ વિડંબના છે.'

કર્મ એ જગતનો કુદરતી ન્યાયાધીશ છે.

ભોગવે તેની ભૂલ, તેથી જીવનમાં જે કાંઈ આવે,

તે ભોગવી લેવો, એટલે કર્મનો હિસાબ ચૂકતે થશે.

જ્ઞાન-દર્શનમાં રહે, તે આત્માની ક્રિયા છે.

કારણ વિના કાર્ય ન હોય.

પૂર્વભવના કારણોને લીધે આ ભવનો દેહ કાર્યસ્વરૂપ છે.

કારણ બંધ થાય, તો કાર્ય બંધ થાય.

સ્વરૂપનો બોધ થાય, તો કારણો બંધ થાય.

રાગ-દ્વેષ ન થાય, તો નવાં બંધન પડે નહીં.

જેટલાં વિકલ્પ, તેટલાં પ્રકૃતિમાં આવે જ.

વિકલ્પ થયાં ન હોય, તે પ્રકૃતિમાં ન આવે.

## ધર્મ વિશે સજાગ રહેવા માટે થોડાં પ્રશ્નોત્તર

(૧) કઈ કઈ વસ્તુઓ દુર્લભ છે?
બ્રહ્મનો વિચાર, અનિત્ય પદાર્થનો ત્યાગ અને આત્માનું દૃઢ અપરોક્ષ જ્ઞાન.

(૨) આ જગતમાં પશુથી પણ પશુ કોણ?
જે વ્યક્તિ શાસ્ત્રોના અધ્યયનમાં પૂર્ણ રહેલ અને તે છતાં પણ જે સ્વધર્મનું પાલન કરતી નથી તે.

(૩) ચંચળમાં ચંચળ વસ્તુઓ કઈ? ધન, યૌવન, આયુષ્ય.

(૪) કરવા યોગ્ય શું? પરમાત્માનું પૂજન.

(૫) રાત - દિવસ ચિન્તન કરવા યોગ્ય શું?
સંસારનું મિથ્યાપણું અને બ્રહ્મનું સત્યપણું.

(૬) સર્વશ્રેષ્ઠ કર્મ કયું? પ્રભુપ્રીત્યર્થે કરેલું કર્મ.

(૭) સર્વ પ્રકારે આનંદ ક્યાં છે? મુક્તિમાં.

(૮) જીવ કોનો અન્યપણે દાસ છે? કર્મનો.
સૌનો જીવ કર્મપરવશ - દાસ થઈને જ ઉત્પન્ન થાય. વિષયો ટળી જાય, પછીથી તે અન્ય તત્ત્વનો દાસ છે.

## દેહની ખાતર અનંત કાળથી

## કર્મપીડિત આત્માને ભૂલવો, એ કેવી બુદ્ધિમત્તા?

અનંત કાળથી દુઃખે રીબાતાં આત્માની ચિંતા કરનાર
દેહ-ગૃહ વિરક્ત અન્ય કોઈક છે?

જીવ સમકીત પામે, ત્યારે અનાદિ ભવચક્રમાં કદી પ્રાપ્ત ન થયો હોય, એવો અવર્ણનીય આનંદ અનુભવે છે.

અનંત આત્મશક્તિનો વ્યય હિંસાદિ કાર્યોમાં થતો હોવાથી અશુભ કર્મોનું સર્જન - બંધન ઘણું કરે છે.

જગતના પદાર્થોને આપણે ફેરવી શકતાં નથી પણ મન - વચન - કાયાના વ્યાપારને ફેરવવા સમર્થ છીએ.

હિંસા અને વિષય - કષાયાદિ અશુભ પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મોમાં જો આપણે તત્પર બનીએ, તો મોક્ષ હથેળીમાં છે.

વિષયાભિલાષ એ રાગ-દ્વેષનું - કર્મબંધનું કારણ છે.

વિષયો વધે, તેમ આરંભ - સમારંભની સાથે કષાયની પણ વૃદ્ધિ થાય છે, તેથી વિષયોનો સંગ ત્યાજ્ય છે.

Dt. 31-12-74, Mehsana

કેવો વિચાર - ચિંતવન કરવાથી

કર્મોનું બળ ઘટે અને આત્મબળ વધે ?

'આઠ કર્મોથી મારો આત્મા જુદો છે.
કર્મો અનિત્ય છે, મારો આત્મા નિત્ય છે.
કર્મો જડ છે, મારો આત્મા ચેતન છે.
કર્મો અધોગામી છે, મારો જીવ (હું) ઉર્ધ્વગામી છે.
કર્મ એ કલંક છે, આત્મા નિષ્કલંક - આનંદથી પૂર્ણ છે'

એક અંતર્મુહૂર્તે ય આત્મસ્વરૂપનું આમ ચિંતવન થાય,
તો સર્વ કર્મનો નાશ મરુદેવા માતાના દ્રષ્ટાંતથી થાય.

આ જગતમાં જે કંઈ બનાવો બને છે,
તે કર્મ અને ધર્મના નિયમ મુજબ જ બની રહ્યાં છે,
તેથી તેની અસર મન ઉપર ન થવી જોઈએ.

બધા જીવો પ્રત્યે સમવ્યવહાર કરવો તથા
સૌની સાથે આત્મૌપમ્યનો - પ્રેમનો વ્યવહાર કરવો.

ધર્મ = Love of God, કર્મ = Love for God.

## જડ સાથે કર્મનો અનાદિ સંબંધ

જડમાત્ર પ્રત્યે આત્મૌપમ્યભાવ તે સામ છે,
કર્મકૃત ભાવમાત્ર પ્રત્યે તુચ્છતાનો ભાવ તે સમ છે, જિનોક્ત
ધર્મના પ્રત્યેક અંગ પ્રત્યે આદરનો ભાવ તે સમ્મ છે.
જડ અનાદિ છે, તેની સાથે કર્મનો સંબંધ અનાદિ છે.
તે કર્મ સંબંધનો અંત આણનાર ધર્મ પણ અનાદિ છે.
ષડ્ દ્રવ્યો પ્રત્યે યથાર્થ ભાવ તે ન્યાય છે અને
ન્યાય એ જ મોક્ષમાર્ગનો અપર પર્યાય છે.
જડના જડત્વને ગૌણ ન માનવું,
કર્મના સંબંધથી થતી અવસ્થાઓને ભિન્ન ન માનવી
અને કર્મરહિત અવસ્થાને પ્રકૃતિ સ્વરૂપ ન માનવું,
તે અસત્ય છે, અન્યાય છે, તેથી ભવનો માર્ગ છે.
'બુદ્ધિ સત્યની પક્ષપાતિની છે'
એનો અર્થ તે શ્રેષ્ઠતરને જ ઇચ્છે છે.
જે મળ્યું છે, તેથી ચઢીઆતી અવસ્થા જ્યાં સુધી બાકી છે,
ત્યાં સુધી બુદ્ધિ તેનો પક્ષપાત કર્યા સિવાય રહી શકતી નથી.

# મોહનું અંતિમ કારણ સ્વપુરુષાર્થ છે.

અનાદિ ભવભ્રમણમાં આ જીવને શુભ સામગ્રી સાથે અશુભ સામગ્રી પણ અનંત વાર મળી. શુભ સામગ્રીના સદુપયોગથી અનંત વાર ગ્રૈવેયકમાં અને દુરુપયોગથી અનંત વાર નરક - નિગોદમાં જીવ જઈ આવ્યો છે પણ શુદ્ધોપયોગ થયો નહિ, કેમકે જીવનું તત્ત્વવિષયક અજ્ઞાન છે. જીવતત્ત્વનું માહાત્મ્ય તેની શ્રદ્ધામાં અવતર્યું છે, અન્યથા અનંતાનંત જીવો સાથે પોતાનો સંબંધ સુધાર્યા વિના રહી શકે નહીં. ઉપયોગલક્ષણ જીવને જાણ્યાં પછી એ જીવના પરસ્પર સંબંધને ન જાણે અને તે સંબંધ મુજબ પોતાના ભાવને સુધારવાની કોશિષ ન કરે, તો સર્વ ક્લેશ ટળે, કર્મથી તેની મુક્તિ થવા અશક્ય છે. કર્મબંધ થવાનું મુખ્ય કારણ અજ્ઞાન અને મિથ્યાત્વ છે. જીવત્વના તે સર્વ જીવો સાથે એકતાનો સંબંધ હોવા છતાં દર્શનમોહનો ઉદય તે સંબંધની શ્રદ્ધામાં સ્વીકાર થવા દેતો નહિ.

## કઈ માન્યતાથી મોક્ષનો સંપૂર્ણ લાભ થાય?

'અનાદિકાલીન મોહનીય કર્મના સંસ્કારોની ગુલામીમાંથી
આત્મા જેમ જેમ છૂટતો જાય, તેમ તેમ
આંશિક મોક્ષ પામતો જાય છે' એમ માનીને વર્તવાથી
એવું સમજે મોક્ષનો સંપૂર્ણ લાભ થાય છે.

જીવ, જીવની નિત્યતા, કર્મનું કર્તૃત્વ અને
કર્મફળનું ભોક્તૃત્વ બુદ્ધિથી પણ સમજી શકાય છે.

જૈનદર્શન કર્મયુક્ત જીવોનું શુદ્ધ સ્વરૂપ અને
કર્મબદ્ધ જીવોના કષ્ટપૂર્ણ સ્વરૂપનો વિચાર સમજાવે છે,
તેમાંથી ભવનિર્વેદ અને મોક્ષાભિલાષ ઉત્પન્ન થાય છે.

'વાસનાક્ષય એવ મોક્ષઃ ।' વાસનાનો ક્ષય જ મોક્ષ છે.
આસક્તિ રહે, તો જ વાસના, નહીં તો તે ઇચ્છા છે.
પ્રારબ્ધભોગ માટેની કેવળ ઇચ્છા બંધનકારક નથી,
એમાં આસક્તિ ભળે, તો જ કર્મનું બંધન છે.
કર્મનું ઋણ છે, તેથી છૂટવા માટે જે ક્રિયા થાય, તે
સર્વ ક્રિયા નમસ્કારમય છે.

કર્મરોગની ચિકિત્સા ધ્યાનયોગથી છે.

કર્મનો તાપ, શોષ અને ભેદ ધ્યાનથી થાય છે.

કર્મજન્ય ભાવોની અસરમાં ન આવતાં
કર્મની ઉપર અધિકાર જમાવવો, તે ઉદાસીનતા છે.
તે ક્યાંય ન અટકે તેવો મોક્ષમાર્ગ છે.
સૌને પોતાનાં કર્મનું ફળ મળે છે, એવો વિશ્વાસ રાખવો.
જે દૃષ્ટિ કર્મબંધથી બચાવે, તે સમ્યગ્દૃષ્ટિ અને
જે દૃષ્ટિ કર્મબંધ કરાવે, તે કુદૃષ્ટિ - મિથ્યાદૃષ્ટિ છે.
વિશ્વ એ ઈશ્વરની લીલાવિભૂતિ છે, જેમાં
કર્મથી બદ્ધ જીવાત્માઓનું જ્ઞાન સંકુચિત થઈ જાય છે.

ભક્તિ પણ મોક્ષનું એક સાધન

'રામાનુજ'ના મતે મોક્ષનું એક માત્ર સાધન ભક્તિ છે,
ભક્તિથી જ પ્રભુના કૃપાપાત્ર બની શકાય.
કર્મ અને જ્ઞાનનું પ્રયોજન પણ ભક્તિ જ છે.
કર્મ એ પરદ્રવ્ય છે. તેનું કર્તૃત્વ જીવમાં છે, તેથી
જીવ એ કર્મજન્ય સંસાર અને મોક્ષનો ય સર્જક છે.

શુદ્ધ ભાવથી ઉપાર્જિત કર્મ સાવદ્ય હોયતો
એના વિપાક કાળે ફરી શુદ્ધ ભાવરૂપ ફળને આપે છે.
સુવર્ણ ઘટની જેમ અથવા સુવર્ણ ઘટ ફૂટી જાય,
તો પણ પરિણામમાં સુવર્ણ જ આપે છે, તેમ
શુદ્ધ ભાવથી ઉપાર્જિત પુણ્યાનુબંધી પુણ્યકર્મ
જ્યારે વિપાકોદયમાં આવે છે, ત્યારે પણ શુદ્ધ ભાવના
જાગૃત કરે છે, વિવેકની ઉત્પત્તિ કાયમ કરે છે તથા
કાર્ય-કારણને અનુરૂપ હોય છે.

ક્રિયાથી કર્મ, પરિણામથી બંધ, ભાવનાથી મોક્ષ.

શ્રદ્ધા = કર્મબદ્ધ આત્મા. વિશ્વાસ = કર્મમુક્ત પરમાત્મા.

કર્મના નિયમ ઉપરની અટલ શ્રદ્ધા
જીવને કુકર્મ કરતાં રોકે તથા સત્કર્મ કરવા પ્રેરે છે.

કુકર્મ = હૃદય સંકુચિત કરે. સુકર્મ = હૃદય વિકસિત કરે.

પરમેષ્ઠિ ભગવંતો ઉપર સદા વિશ્વાસ બનાવવો કે:
કર્મબદ્ધ આત્મા સ્વપ્રયત્ન કર્મમુક્ત ન થઈ શકે, પરંતુ
છૂટેલાં હોય, તેઓ જ બાળને બંધનથી છોડાવી શકે.

ઇચ્છા, જ્ઞાન અને ક્રિયા એ મનુષ્યની ત્રિવિધ પ્રવૃત્તિ છે.

ઇચ્છા એટલે કર્મ કરવાની અપેક્ષા - લાગણી,
જ્ઞાન એટલે કાર્ય કેમ કરવું તેની સમજણ અને
ક્રિયા એટલે આચરણ. આ ત્રણ દ્વારા કર્મ થાય છે.
કર્મની પાછળ ઇચ્છા અને વિચાર રહેલાં છે.

ઇચ્છાથી જ કર્મની ઉત્પત્તિ છે.

પ્રથમ મનમાં વસ્તુની ઇચ્છા ઉત્પન્ન થાય છે,
એને કેમ મેળવવી, તેનો વિચાર આવે છે અને
પછીથી તેના સ્વામી બનવાનો તે પ્રયત્ન કરે છે.
આ ત્રણે સૂત્રોને સાથે વણવાથી કર્મરજ્જુ તૈયાર થાય.
ઇચ્છા કરેલ પદાર્થની પ્રાપ્તિ માટે જ
કાર્ય અને શ્રમ કરવામાં આવે છે અને
એનાથી જ સુખ - દુઃખરૂપ કર્મના ફળો બને છે.
એ ફળો ભોગવવા માટે જન્મ-જન્માંતર ધારણ કરવા પડે છે.

ઇચ્છા રૂપી રોગનું રસાયણ આત્મા છે. કર્મરોગનું મૂળ
ઇચ્છા છે, તેને જીતવાનું એકનું એક સાધન આત્મા છે.

## બહેરાં - આંધળા - મૂંગા - લંગડાપણું શાથી ?

શ્રોત્રેન્દ્રિયના વિષયમાં આસક્ત જીવ જન્માંતરમાં બહેરાં,
ચક્ષુ ઇંદ્રિયમાં આસક્ત જીવ જન્માંતરે આંધળા,
રસનેન્દ્રિયમાં આસક્ત જીવ મૂંગા તથા બોબડાં,
સ્પર્શનેન્દ્રિયમાં આસક્ત જીવ ઠુંઠા, લંગડા તથા
ઘ્રાણેન્દ્રિયમાં આસક્ત નાસુરાદિના ભયંકર રોગી બને છે.

એવી ભાવના એજ પ્રકારનું આભ્યંતર તપ જ છે કે:

શરીર રોગી બને, મારી પાંચે ઇંદ્રિયોનું સામર્થ્ય ઘટે,
પ્રિય પદાર્થનો વિયોગ થાય,
અનિષ્ટ પ્રાણી - પદાર્થનો સંયોગ થાય અને મારા
મૃત્યુનું આવાગમન થાય, ત્યારે તે મારા અશુભ કર્મના
ક્ષય માટે તથા ચઢતી સ્થિતિ થવાના સાધન રૂપ છે.

માંદગીમાં આત્માના ગુણોમાં રમણતા

વેદનીય કર્મના ઉદય મુજબ રોગાદિ આવે પરંતુ એ
આત્માની સ્વભાવ દશા નથી, તો પછી જે જ્ઞાનાદિ
ગુણ આત્માના છે, તેમાં જ રમણતા કેમ ન કરવી ?

'નિયત કર્મ' એટલે... ભગવાને સોંપેલાં - કરેલાં કર્મ.

તેવા કર્મો નિયત હોવાથી સહજ હોય છે.

પ્રભુનું શરણું નથી લે, તેને માયાનું શરણું લેવું પડે છે.

સ્ત્રી, પુત્ર, ધન, કુટુંબ, મિત્ર વગેરે અનિત્ય, અસારની

એને અશરણ એટલે કે અસમર્થ છે.

નિત્ય, સત્ય, સર્વસમર્થનું શરણું જ નિશ્ચિંત બનાવે.

કર્મબંધમાં રાગની મુખ્યતા છે, કર્મક્ષયમાં વિરાગની.

વિષયોના ભાન માત્રથી જીવ બંધાતો નથી.

જો બાહ્યથી માત્રથી કર્મબંધ થતો હોય, તો

ઉપવનવાળાની ત્રણે લોકને ભોગી છે પણ બંધાતા નથી.

જેનામાં વિષયોનું ભાન છે, પરન્તુ આત્માનું ભાન નથી,

તેવા રાગી જીવો જ કર્મથી બંધાય છે.

જે થવાનું છે, તે જ થશે, વ્યર્થ ચિંતા કરવી નથી.

નિત્ય પ્રેમ રહેવું, આત્મામાં જ પ્રેમ રહેતાં શીખવું.

આગ્રહમાં આપણા ભાનનો અહંકાર છે.

'હું કર્તા છું, હું કરી શકું છું' એ અહંકારનું સ્વરૂપ છે.

સમ્યગ્દર્શનને રોકનાર મિથ્યાત્વમોહનીય કર્મ જ નહીં,
પરંતુ જ્ઞાનાવરણીયાદિ છે, કર્મોની દીર્ઘ સ્થિતિ પણ છે.

દર્શન વિશુદ્ધિકારક છે, જ્ઞાન પ્રકાશકારક છે,
તપ નિર્જરાકારક છે તથા ચારિત્ર આવરોધકારક છે.
દર્શન-જ્ઞાન નિર્જરાના કારણ નહીં, કાર્ય છે (સંવર).
સ્વચ્છ દીપક પુષ્પમાળાને પ્રકાશે, બાળતો નહિ (આશ્રવ),
કંટકાદિને દૂર કરતો નહિ, જણાવવા પૂરતો જ ઉપયોગી છે,
હેયપણું અથવા ઉપાદેયપણું જણાવવા પૂરતો જ છે,
કર્મોને તોડવા કે રોકવાનું સામર્થ્ય તેમાં નહિ, તે તો
૧૨ પ્રકારની તપશ્ચર્યા જ છે - નિર્જરાના ભેદ તરીકે.

જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં કર્મ ખપાવે,
તેમાં કારણ જ્ઞાન નહીં પણ ગુપ્તિ છે.
અહીં યોગોથી થતાં પ્રાણાતિપાત આદિ આશ્રવમય
અશુભ વ્યાપારને રોકે, તો જ સંયમ-સંવર.
કર્મના ક્ષયમાં પ્રબળ નિમિત્ત છે...
ગુપ્તિરૂપ સંયમનું સામર્થ્ય.

## નિયતિવાદ કહે છે કે...

'સર્વ વસ્તુ તે તે નિયતિરૂપે હતી હોવાથી
નિયતિ એ જ કારણ છે.' તે માટે કહ્યું છે કે:
'નિયતિના બળથી જે અર્થ શુભ કે અશુભ થવાનો હોય,
તે જીવોને થાય જ છે. ઘણો પ્રયત્ન કરવામાં આવે,
તો પણ જે નહિ જ થવાનું, તે થતું નહિ તથા
જે થવાનું છે, તેનો નાશ થતો નહિ!

જો કે આ વાદ પણ બરોબર નહિ,
કેમકે તેમ માનવાથી
શાસ્ત્રોપદેશોની વ્યર્થતા સિદ્ધ થાય, ઉપરાંત ઉપદેશ
વિના જ નિયત થનારાં અર્થો થવાના જ અને શાસ્ત્ર
પ્રતિપાદિત શુભાશુભ ક્રિયાના શુભાશુભ કે ઈષ્ટાઈષ્ટ ફળનું
નિરૂપણ અસત્ય ઠરે, કર્મના નિયમનો અભાવ થાય.

## કર્મવાદ કહે છે કે...

'જગતવૈચિત્ર્યનું કારણ જન્માંતરમાં ઉપાર્જન કરેલ
ઇષ્ટાનિષ્ટ ફળને આપનાર કર્મ જ છે.'

કર્મ માટે કહ્યું છે કે: 'પ્રકૃતિ કર્મવિધાનની જેમ જે જે કર્મ ફળ આપવા તૈયાર હોય, ત્યારે ત્યારે તેને પ્રતિપાદન કરવાને ઉદ્યમ શ્રમશીલ મતિ ટાઢમાં રહેલાં દીપકની જેમ પ્રવૃત્તિ કરે છે, કર્માનુસારી મતિ જન્મતે હોય છે' પણ આ વાત બરાબર નથી.

જગતની વિચિત્રતામાં કર્મ કારણ છે, પરન્તુ સ્વતંત્રપણે નહિ, કારણકે તે પણ કર્તાને આધીન છે. કર્મને એક સ્વભાવવાળું માનો તો વિચિત્રતા નહીં ઘટે, અનેક સ્વભાવવાળું માનો તો વિવાદ રહેતો નથી, કેમકે કાળ-પુરુષ-સ્વભાવાદિને પણ જગતની વિચિત્રતાના કારણ તરીકે સ્વીકાર્યાં. અનેકતા ભાવનાર હેતુઓ પોતા વિરુદ્ધ અન્યનો સ્વીકાર કર્યો, તેથી જ કર્મ એકાંતવાદ પણ યુક્ત - વિચારને સહી શકતો નથી. મનુષ્યોએ જે ફળ મેળવવાનું છે, તે કાળ વડે પકાવાય છે.

સુકૃત તે કર્મ છે, વ્યવસાય તે ઉદ્યમ છે, સાથે કાળ, સ્વભાવ અને ભવિતવ્યતા પણ રહેલાં છે.

આંબાની માંજરીને વિજળીના પ્રકાશનો સ્પર્શ ફૂલરહિત
બનાવે, એવો એમ તેનો સ્વભાવ છે, તેમ પરિશુદ્ધ
આરાધના અતિ રૌદ્ર કર્મને પણ નિષ્ફળ બનાવે છે.

શુદ્ધ આરાધના જ ખરેખર !

કર્મને નિષ્ફળ બનાવનારો પુરુષાર્થ છે. બાકી કોદાળી
ખોદવા - કૂદવા વગેરે રૂપ પુરુષાર્થ કારણભૂત નથી.
કર્મને 'દૈવ' કહે છે અને આત્મવીર્યને 'પુરુષકાર' કહે છે.

દૈવ અને પુરુષકાર - ઉભયનો સ્વભાવ
પરસ્પર અનુવર્તન દ્વારા કાર્ય કરનારો છે.

ઉત્કટ રસથી ઉપાર્જન કરેલ કર્મ અલ્પ પ્રયાસે
રાજસેવાદિ વડે ફળીભૂત ઘણું દેખાય છે, તે દૈવકૃત છે.
જે બહુ પ્રયાસે ફળીભૂત થાય, તે પુરુષકારકૃત કહેવાય
અથવા જ્યાં કાર્યસિદ્ધિ અલ્પ હોય અર્થાત્
કર્મનો ભાગ અલ્પ હોય અને પુરુષકારનો અધિક હોય,
ત્યાં પુરુષકાર સાધ્ય કહેવાય.
જ્યાં એથી વિપરીત હોય, ત્યાં કર્મકૃત કહેવાય છે.

## ક્ષયોપશમ પદાર્થ શું છે?

જ્યારે તીવ્રતમ વિપાકી કર્માંશનો નિર્મૂલ નાશ,
મંદ વિપાકી કર્માંશનો અનુભવ અને કેટલાક કર્માંશની
વ્યાપ્તિ છતાં તેની અકિંચિત્કરતા, એનું નામ ક્ષયોપશમ છે.

## કુંડલિની જાગરણ અને કર્મસમાપ્તિ

કુંડલિની જાગરણથી જ્યારે નાદ અનુભૂત થાય છે,
તે વખતે સર્વ કર્મ સમાપ્ત થાય છે અને
સહજાવસ્થા આપોઆપ ઉત્પન્ન થાય છે.

શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે કે:

'મત્કર્મકૃત્ મત્પરમો મદ્ભક્તઃ સંગવર્જિતઃ ।
નિર્વૈરઃ સર્વભૂતેષુ યઃ સ મામેતિ પાણ્ડવ !' ॥૧॥
- અ૦ ૧૧, શ્લો૦ ૫૫ અર્થાત્:

હે પાંડવ ! જે મારા કર્મને કરનારો, મારો ભક્ત, સંગથી
રહિત, સર્વ જીવોને વિષે વેર વિનાનો છે, તે મને પામે છે.
'સ્વકર્મણા તમભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દન્તિ માનવાઃ ।' અર્થાત્:
માનવો પોતાના કર્મ વડે તેને પૂજીને સિદ્ધિને પામે છે.

જો ક્યારેય દેહ ન ધારણ કરવો હોય,
તો દેહભાવ છોડી અને આત્મભાવ ધારણ કરો.
કર્મરૂપી પરપુદ્ગલનો સંબંધ ન જોઈતો હોય,
તો પરપદાર્થનો સંગ્રહ - મૂર્છા છોડો.

દેહ - જે હું નથી, તેને હું માનવાથી ભૂલોની જ પરંપરા ચાલે છે, એટલે કર્મો આત્માને ચોંટે છે. તે કર્મોને દૂર કરવા માટે આત્મામાં હુંપણું સ્થાપિત કરવું જોઈએ. આત્મભાવમાં રહેવાથી કર્મો નિરાધાર બની જાય છે અને આત્માનું મુક્તપણું મળે છે.

જેઓ સર્વ ધર્મમાં અપ્રધાન છે, તેવા માર્ગાનુસારી, ક્ષયોપશમ સમકિતી માટે પોતે ધર્મની સાધના ન કરી શકવાથી પંચ પરમેષ્ઠિના શરણા વડે તેમના ઉપર હાર્દિક બહુમાનની વૃદ્ધિ કરી શકે છે કે જે ક્લિષ્ટ કર્મનો ક્ષય કરીને સાધનાને નિર્વિઘ્નપણે વેગવાળી બનાવે છે. દોષોની વિષમતા થવામાં કર્મ ઉપરાંત વસ્તુ, દર્શન, સ્પર્શન, દિશા, કાળ અને ખોરાક કારણરૂપ બને છે.

આ જીવ અનાદિ કાળથી સમકીત પામ્યો નથી,
વીતરાગતા પામ્યો નથી, તેમાં પ્રબળ કર્મનો છે.
કર્મ બલિષ્ઠ છે, કર્મને પરવશ જીવ નિર્બળ છે.
કર્મવિવર ન આપે, તો જિનેશ્વરોનો સંગ પણ ફળતો નથી.
'કર્મવિવર' એટલે રાગ - દ્વેષની તીવ્ર ગાંઠનું ભેદાવું.
એનાથી જે મિથ્યાત્વ મોહનીય આદિ કર્મનો
ક્ષયોપશમ આદિ થાય, તે કર્મવિવર ગણાય.
કર્મમાં ગાબડું પડ્યું એટલે સમ્યગ્દર્શન થાય.
(વિવર = ગાબડું, બાકોરું.)
આ વિચાર પરપરિવાદ આદિ મહાપાપોથી બચાવે છે.
કર્મની પ્રબળતાથી જ્યારે કોઈ ઉપાય ન રહે, ત્યારે
સમકીતદ્રષ્ટિ ભરતચક્રીએ મરીચિ ઉપર અને
મહાવીરપ્રભુ જમાલિ ઉપર માધ્યસ્થ ભાવે રહ્યાં હતાં,
તે કર્મની બળવત્તરતાના ઉત્તમ દ્રષ્ટાંત છે.
એક શુદ્ધ આત્મતત્ત્વ જ ઉપાદેય છે,
કર્મોની ઉપાધિથી થવાવાળા બાકીનાં બધાં તત્ત્વો હેય છે.

'कमठे धरणेन्द्रे च स्वोचितं कर्म कुर्वति ।
प्रभुस्तुल्यमनोवृत्तिः पार्श्वनाथः श्रियेऽस्तु वः ॥'

સ્વોચિત કર્મ કરનારા કમઠ અને ધરણેન્દ્ર પ્રત્યે પણ તુલ્ય મનોવૃત્તિવાળા પ્રભુ પાર્શ્વ કલ્યાણ કરનારા થાઓ.

ધર્મસ્મરણ એ રામબાણ ઈલાજ છે.

વિચિત્ર પ્રકારના કર્મોદયથી વિચિત્ર પ્રકૃતિવાળા જીવોની સાથે રહીને સમતાથી રહેવાનું શિક્ષણ મેળવવાનું છે. રાગ-દ્વેષ, ક્લેશ-ઉદ્વેગ, શોક-સંતાપને વશ થવું નહીં. શાતા-ઈર્ષ્યા જેવા બધા પ્રસંગોમાંથી બોધ લેવાનો રહે છે. શાસ્ત્રમાં એકલા દુષ્કૃતની નિંદા કરવાનું કહ્યું નથી પણ દુષ્કૃતનિંદાની સાથે સુકૃતઅનુમોદના પણ કરવા કહ્યું છે. એ દિશા ભૂલી માત્ર શોક કરવો, તે કર્મબંધનું કારણ છે. સંકટમાં કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં ખૂબ ધીરજ કેળવવી. જીવને કર્મબંધ તથા કર્મક્ષયમાં સામગ્રી નિમિત્તભૂત છે.

જીવ પોતાની યોગ્યતા મુજબ તે સામગ્રીને પોતાના હિતાહિતનું નિમિત્ત બનાવે છે.

પ્રતિકૂળતા એ તો માત્ર કર્મવિપાકનું - ઉદયમાં આવેલાં કર્મનું ફળ હોય છે, તેને સહન કરવામાં ઇચ્છાનિરોધરૂપ ઉત્કૃષ્ટ તપનું ફળ મળે છે, પરમ નિર્જરા થાય છે. એ જ આરાધનાનો પ્રકાર છે, એમ સમજી પ્રસન્ન રહેવું.

જીવન જીવતાં આવડે તો રોગમાં કે આરોગ્યમાં,
અનુકૂળતા અથવા પ્રતિકૂળતા - બન્નેમાં
એકાંતે આરાધના છે અને નિર્જરા સાધી શકાય છે.

ઉત્સાહ અને ઉમંગ વિનાનું ધર્માચરણ મિથ્યા છે. જ્યાં ધર્મનું પાલન નિષ્ઠા - પ્રેમથી થાય, ત્યાં પ્રકાશ-તેજ - ઓજ પથરાય, બ્રહ્મ - બળ પ્રાપ્ત થાય છે અને તેનાથી બળવાન એવા યમ પણ પરાજિત થાય છે. તેથી ધૈર્ય વધે, મહાનમાં મહાન કષ્ટ પણ અલ્પ લાગે છે. કર્મના વિપાક આપણા ટાળ્યાં નહીં ટળે, ભોગવવાથી ટળશે. જેવી વાસના તેવી ગતિ થાય છે, માટે મોક્ષની ઇચ્છા રાખી કર્મ, ઉપાસના વગેરે તમામ શુભ કર્મો નિષ્કામભાવે કરવાથી ચિત્તશુદ્ધિ થઈ મોક્ષલાભ થાય છે.

નવકારમાં કર્મ તથા આત્મવિજ્ઞાનનો સાર સમાવિષ્ટ છે.
'નમો' શબ્દની ઉત્પત્તિની પાછળ
કર્મના પ્રાબલ્યનો વિચાર છે અને
'અરિહંતાણં!'ના ઉચ્ચારની પાછળ આત્મશક્તિ અને
આત્માના અચિંત્ય સામર્થ્યનો સ્વીકાર છે.
કર્મનો વિચાર રૌદ્રધ્યાનનું નિવારણ કરે છે અને
આત્મવિજ્ઞાન દ્વારા આત્મવિચારથી આર્તધ્યાન ટળે છે.
નવકાર જેને મળ્યો, તે કર્મના બોજથી હળવો બને છે.
'કર્મબોજો ઉતારવાનો સહેલો - સુંદર ઉપાય નવકાર છે'
આ વિચારથી સંસારનો ઘણો બોજો ઉતરી જાય.
ધર્મક્રિયા વડે જે પુણ્યનો બંધ - પાપનો ક્ષય થાય છે,
તેમાં પ્રભાવ પંચ પરમેષ્ઠિઓનો છે.
સંસ્કારી જૈન કુળમાં જન્મ અને નવકારમંત્રની પ્રાપ્તિ-
એ અસાધારણ પુણ્યોદય અને કર્મલઘુતાની સૂચક છે.
અરિહંતોનું શાસન એ બિંદુ, આચાર્ય - ઉપાધ્યાય તથા
સાધુપદ એ નાદ અને અરિહંત - સિદ્ધપદ કલાસ્વરૂપ છે.

# અતિચારોનું પ્રાયશ્ચિત

જિનકલ્પી વિચ્છેદના મુનિઓ જે શ્રાવકોને માત્ર મનથી લાગેલાં અતિચારોનું પ્રાયશ્ચિત ફક્ત મિચ્છામિ દુક્કડં છે, તેઓને કાયાથી લાગેલાં વ્રતોના અતિચારનાં ૬૮ ઉપવાસ કરવાનું પ્રાયશ્ચિત છે. ગઈકાલનું ભાન ન હોય, તેને ધર્મનું ભાન જ ક્યાં છે, એમ કેમ કહેવાય? અધમતમ દશાનું યથાસ્થિત વર્ણન તો કેવળજ્ઞાની પણ ન કરી શકે. ક્રોધાદિ અને સૂક્ષ્મ વેદાદિના ઉદયે તે કર્મ ખપે છે, કિન્તુ નવા - ચીકણાં કર્મ બંધાય છે અને નરકાદિમાં જવું પડે છે, માટે તેનો રોધ કરવો રહ્યો. તીર્થંકર નામકર્મ અને આહારક નામકર્મ વિચ્છેદના કર્મનો ઉદય અશુભ છે. નિર્જરા કરતાં બંધ સંખ્યાત, અસંખ્યાત, અનંતગણો અધિક કરાવે છે.

કર્મની અકામ નિર્જરાથી પણ સમ્યગ્દર્શન ભોગવટો વધારે અને કર્મબંધ અલ્પ થાય છે. સમ્યગ્દર્શન વિના દીર્ઘ સ્થિતિ ખપી, તો તે વિના બાકીની કેમ ખપે નહીં?

સંસારમુક્ત થવા આત્માથી સંચિત કર્મોને દૂર કરવા
ભાવનિર્જરા તથા દ્રવ્યનિર્જરા કરવી જરૂરી છે.

**કર્મની અકામ નિર્જરા એટલે શું ?**

વૃક્ષની જેમ અજ્ઞાન સહન મૂઢ દશામાં ટાઢ - તડકા
જેવા અપાર દુઃખોને સહન કરવાથી જે નિર્જરા થાય,
તેને કર્મની અકામ નિર્જરા કહેવાય છે.
કર્મની નિર્જરા કરવા માટે તપના ગુણ જેવા ભજવું.
સ્વસ્વરૂપમાં સ્થિર થવું,
એજ કર્મ ઉદય વિજય મેળવવાની ચાવી છે.
ગમે તેવા સંજોગોમાં સમાધિ અખંડ રાખવી,
એજ કર્મની અખંડ નિર્જરાનો માર્ગ છે.

**જીવહિંસા છતાં ક્ષણે ક્ષણે કર્મનિર્જરા ? જી હા.**

અપ્રમત્ત મુનિને રોમે રોમ કરૂણાભાવ રહેલ છે,
તેથી જો જીવહિંસા થઈ જાય, તો પણ
કર્મનો બંધ નહિ પણ ક્ષણે ક્ષણે નિર્જરા થાય છે.
ચારિત્રથી પૂર્ણ કર્મની નિર્જરા તથા કર્મનો ક્ષય થાય.

# કર્મની નિર્જરા શેનાથી થાય ?

જ્ઞાન = શુદ્ધ ચારિત્ર, સ્વભાવરમણતા.

દમ = વિભાવભાવનું દમન.

રાગાદિરહિત આત્મસ્વરૂપના જ્ઞાનની જ્યોતિ જગાડી, સ્વરૂપરુચિ વધારી, પરમ સમતાપૂર્વક શુદ્ધ ચારિત્ર પ્રગટાવ, પરમ પુરુષાર્થના કારણે કર્મનિર્જરા થાય છે.

કર્મ કે કર્મજનિત જે ગાંઠ બાંધી હોય,
તેમાં 'હું' રૂપ ચીકાશ છે, તે કાઢી નાખીને
આત્મભાવમાં જ હુંપણું રાખવાથી નિજસ્વરૂપમાં રમાય.
પરમાંથી આસક્તિભાવ રૂપી ચીકાશ જાય,
તો કર્મરૂપી દિવાલ તૂટી પડવાથી
તો ખરેખરી નિર્જરા થાય અને મોક્ષસુખ પમાય.

વ્યવહાર સહકારી કારણ છે, નિશ્ચય ઉપકારી કારણ છે.
સહકારી = નિમિત્ત કારણ. ઉપકારી = ઉપાદાન કારણ.
સમ્યગ્દૃષ્ટિ થયાં પછી પરદ્રવ્યના સ્વામીત્વનો અભાવ છે.
તેને જે આસ્રવ તથા બંધ થાય, તે અભિપ્રાયપૂર્વક નથી.

<u>કર્મનિર્જરાનો હેતુ શું ?</u>

યોગ રોકાય, તો અયોગતા પ્રગટે.
તે પ્રગટવાથી પૂર્વકૃત કર્મ સમતાભાવે નિર્જરા થાય છે.
નિર્જરાનો હેતુ સમત્વભાવ છે.
જેમ સમત્વભાવ વધે, તેમ કર્મક્ષય થતો જાય છે.
સમ્યક્ત્વથી અધિક વિરતિ અને
તેથી અધિક અપ્રમત્ત સમત્વભાવ રૂપ છે.
ઉત્તરોત્તર નિર્વિષયતા, અકષાયતા તથા અયોગતા
અધિક અધિક સમત્વભાવ રૂપ હોવાથી
તે અધિક અધિક રીતે નિર્જરાના હેતુ છે.
કર્મનો બંધ અસમત્વભાવથી - ક્ષય સમત્વભાવથી છે.
અસમત્વભાવ એટલે બીજાઓને પોતાથી જુદા જાણવા.
<u>જીવમાં કર્મગ્રહણ કરવાની શક્તિ છે,</u>
<u>ભગવાનમાં કર્મથી છોડાવવાની શક્તિ છે.</u>
જેમ કર્મગ્રહણ કરવાની શક્તિ દ્રવ્યાદિને અનુરૂપ છે,
તેમ કર્મને છોડાવવાની શક્તિ પણ દ્રવ્યાદિને અનુરૂપ છે.

## કર્મની નિર્જરા એટલે...

## પ્રતિકૂળ સંયોગોનો પ્રેમપૂર્વક સ્વીકાર.

નિર્જરા, ક્ષપણ, નાશ, અભાવ વગેરે સમાર્થક છે.
મનુષ્ય જીવનમાં કર્મનો ભાર વધારવો કે ઘટાડવો,
તે આપણા પોતાના જ હાથમાં છે.
ધર્મ કરતી વખતે વિશિષ્ટ ભાવનાથી કર્મની નિર્જરા
અને સામાન્ય ભાવનાથી પુણ્યકર્મનો બંધ થાય.

## ઘનઘાતી કર્મોની ગાંઠ કઈ રીતે છેદાય?

અસંયમથી કર્મનો આસ્રવ અને સંયમથી સંવર થાય છે.
મન-ઈંદ્રિયોના સંયમથી જ વાસ્તવિક ધર્મની સિદ્ધિ છે.
તે વડે ઘનઘાતી કર્મોની ગાંઠ છેદાય છે.
અંતરંગ શત્રુઓને જીતવા એજ પરાક્રમ છે.

## વીર્યાંતરાય કર્મ કઈ રીતે બંધાય?

સશક્ત મજૂર પોતાનું કામ બાળ પાસે કરાવે,
તો તે વીર્યાંતરાય કર્મ બાંધે છે. પોતાના દેહની સેવા
કરાવનારને વીર્યાંતરાય કર્મનો ક્ષયોપશમ થતો નથી.

શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર પ્રમાણે કેટલાંક કર્મને વીર્ય કહે છે,
તો કેટલાંક સુવ્રત મુનિઓ અકર્મને વીર્ય કહે છે.

બે પ્રકારનું વીર્ય : બાલવીર્ય અને પંડિતવીર્ય.

અજ્ઞાની જીવો વિષય-કષાયાદિમાં જે શક્તિ વાપરે છે,
તે કર્મબંધનો હેતુ હોવાથી બાલવીર્ય યા કર્મવીર્ય છે.
પંડિત પુરુષો અપ્રમત્ત દશા કેળવવા
જે શક્તિનો ઉપયોગ કરે અને તેથી કર્મક્ષય થાય,
તેને પંડિતવીર્ય અથવા અકર્મવીર્ય કહે છે.

કઈ પ્રવૃત્તિઓ ત્યાજ્ય ? કઈ કરવા યોગ્ય ?

પ્રમાદ એ કર્મ છે અને અપ્રમાદ એ અકર્મ છે.
જે જે પ્રવૃત્તિઓ પ્રમાદયુક્ત યાને સત્યધર્મથી વિમુખ છે,
તે બધી પ્રવૃત્તિઓ કર્મરૂપ છે, તેથી ત્યાજ્ય છે.
જે જે પ્રવૃત્તિઓ પ્રમાદરહિત યાને સદ્ધર્મ અનુસાર છે,
તે અકર્મ છે અને તે કરવા યોગ્ય છે.
પ્રમાદ એ કર્મબંધનો હેતુ હોવાથી કર્મ છે અને
અપ્રમાદ કર્મબંધ ન કરવાનો ઉપાય હોવાથી અકર્મ છે.

# કર્મવાન અને અકર્મવાન કોણ ?

વિષયોની આસક્તિ અને કષાયોની તીવ્રતા વડે પાપી મનુષ્યો ચાર ગતિમાં ભ્રમણ કરતાં કરતાં રાગ-દ્વેષ-અજ્ઞાનથી ઘણું પાપ બાંધે છે, તેને કર્મવાન કહેવાય છે. આ બધું અજ્ઞાની જીવોનું બાલવીર્ય - સકર્મવીર્ય છે.

જેઓ રાગ-દ્વેષથી રહિત છે અને જેમણે હિંસાદિ પાપકર્મોને તોડી નાંખ્યા છે, તેઓ અકર્મવાન છે. તેઓ અપ્રમાદ વડે કર્મશત્રુને મૂળમાંથી કાપી નાંખે છે.

રોગ જેમ આકરો, તેમ દવા પણ આકરી.

નારકીના જીવો ઉપવાસ કરે, પશુના ભવોમાં ભૂખ્યું જાય, ભૂંડના ભવમાં નિર્દોષ ભિક્ષા કરે, તોય કર્મ ના છૂટે.

'કેવી રીતે આહારમાંથી મુક્ત થાઉં અને ક્યારે અણાહારી પદને પામું' એ ભાવનાપૂર્વકના ઉપવાસ, આયંબિલ વગેરે કર્મરોગનાં ઔષધ બને.

'જેટલું શરીરનું સુખ - તેટલું આત્માનું બંધન' એમ માને, તેનો જ તપ નિશ્ચયથી તપ ગણાય.

## યુંજનકરણ - ગુણકરણ

ક્ષાયિક ભાવે પ્રગટેલ અનંત વીર્યના બે ભાગ છે:

(૧) સકરણ વીર્ય - ૧૩મે ગુણસ્થાનકે.

(૨) અકરણ વીર્ય - ૧૪મે ગુણસ્થાનકે અને સિદ્ધ દશામાં.

લબ્ધિવીર્ય અને ઉપયોગવીર્યની અપેક્ષાએ
૧૩મે તથા ૧૪મે ગુણસ્થાનકે અને સિદ્ધમાં સમાનતા છે.

લબ્ધિવીર્ય ક્ષયોપશમાનુસાર હોય છે, પરંતુ
જેટલાં પ્રમાણમાં વ્યાપાર, તેનું નામ છે ઉપયોગવીર્ય
તથા મન, વચન અને કાયા સાથે તે વીર્યનું જોડાણ,
તેટલાં પ્રમાણમાં તે કરણવીર્ય ગણાય છે.

લબ્ધિવીર્ય કર્મબંધનું કારણ નહિ.

ઉપયોગવીર્ય જો શુદ્ધ હોય, તો કર્મબંધનું કારણ નહિ,

કરણવીર્ય તો અવશ્ય કર્મબંધનું કારણ છે.

જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગમાં મોહનીયના ઉદયનો
અભાવ છે, તે શુદ્ધ છે અને અલ્પ અથવા તો અધિક
મોહનીય કર્મનો ઉદય છે, તે અશુદ્ધ છે.

૭-૮-૯-૧૦મે ગુણસ્થાને કષાયોદયજન્ય અશુદ્ધિ હોવા છતાં પણ તે અશુદ્ધિને દૂર કરવાનો પુરુષાર્થ સતત ચાલુ હોવાથી ઘણું કર્મબંધન સંસારનું કારણ થતું નથી. ૧૧-૧૨-૧૩ અહીં તો સર્વથા શુદ્ધિ છે. અહીં છઠ્ઠા શુદ્ધ ઉપયોગ અને સરાગભાવે સંસારનું કારણ હોવાથી તે 'બંધનસ્થાન' છે અને તેના ઉપર ઉપયોગભાવે અને સરાગભાવે કેવળજ્ઞાનાદિ ગુણોને પ્રગટ કરવામાં સહાયક હોવાથી તે 'ગુણસ્થાન' છે.

પ્રત્યેક અધ્યવસાય વડે પાંચ પ્રકારના કાર્યો થાય:

(૧) પાપપ્રકૃતિનો બંધ (૨) પુણ્યપ્રકૃતિનો બંધ (3) સંવર પ્રકૃતિનો બંધ (૪) અકામ નિર્જરા (૫) સકામ નિર્જરા.

જેમ કે ૧૦મે ગુણઠાણે ૧૭ પ્રકારે કર્મબંધ થાય છે, તેમાં ૧૪ અશુભ નથી, 3 શુભ છે. વળી ૧૦3નો સંવર, ઉદયાનુગતનો ક્ષય અને માત્ર સંજ્વલન લોભ સિવાય તમામ મોહનીય કર્મનો પૂર્ણ અભાવ હોવાથી પ્રગટેલાં જ્ઞાનાદિ સર્વ ગુણોના પ્રભાવે સત્તાગત અનેક કર્મોની

ઉદીરણા, ઉપશામના, અપવર્તના, સંક્રમણ આદિ
તીવ્ર રૂપે થવાં જ કરે. રસઘાત અને સ્થિતિઘાત વગેરે
જે જે પરિવર્તનો થવાં જ કરે છે, તે સકામ નિર્જરા છે.
તેમ પહેલે ગુણઠાણે પણ પાંચે વસ્તુ થવાં જ કરે છે.
ફરક એટલો જ છે કે ૧૦મે ગુણસ્થાને નિર્જરા વધુ
અને પહેલે ગુણસ્થાને કર્મબંધ વધુ થાય છે.
પહેલાં ત્રણ ગુણસ્થાને અશુભ કર્મબંધની મુખ્યતા છે,
છતાં શુભ અને શુદ્ધ હોય જ. ૪ થી ૭ ગુણસ્થાને શુભ
કર્મબંધની મુખ્યતા છતાં અશુભ - શુદ્ધ પણ હોય જ.
૮ થી ૧૪ ગુણસ્થાને શુદ્ધની મુખ્યતા છતાં દસમા ગુણ-
સ્થાન સુધી શુભ - અશુભ બંને અને તે પછી અંશતઃ
શુભનો બંધ જ હોય છે. પહેલે ગુણસ્થાને શુદ્ધ અલ્પ
અને દસમે અશુભ અલ્પ, તેથી તેની ગણત્રી કરી નથી,
તે વસ્તુ ધ્યાનમાં લીધી નથી. ક્રિયમાણ અધ્યવસાય ઉપર
પ્રમાણે પંચસંગ્રહે લિખિત છે. એટલે જ અધ્યવસાયથી
પુણ્યબંધ, પાપબંધ, સંવર, સકામ, અકામ નિર્જરા થાય.

કર્મથી જાતિ નિર્માણ થાય છે, જાતિથી કર્મ નહીં.

બ્રાહ્મણ એટલે જે સદાચરણને પાળે, સંયમપૂર્વક વર્તે
તથા દાન, દયા અને પરોપકારનાં કાર્યો કરે તે અને
તેથી વિરુદ્ધ રીતે વર્તે, તે શુદ્ર જાતિનો સમજવો.

ઉચ્ચ જાતિમાં જન્મી અને ક્ષુદ્ર કાર્ય કરે,
તો અન્ય જન્મમાં શુદ્ર બને અને
નીચ જાતિવાળો પણ ઉચ્ચ કર્મ કરે,
તો અન્ય જન્મમાં ઉચ્ચ જન્મને પામે છે.

વર્તમાન જન્મની કરણી હવે પછીના જન્મનું કારણ છે,
સર્વ સમાજને ઔચિત્યપૂર્ણ વર્તન હોવું જરૂરી છે.

વિશ્વપ્રેમ જ દરેક સમસ્યાઓનો ઉકેલ છે.

મનુષ્ય કર્મનો નેતા છે, કર્મ મનુષ્યનો ગુલામ છે.

સામાન્ય સ્થિતિમાં મન કરતાં કર્મનું બળ વધારે છે,
ઉચ્ચ અવસ્થામાં કર્મ કરતાં મનનું બળ વધારે છે.

દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ અને ભવના આધારે
જીવ કર્મ બાંધે છે, ભોગવે છે અને ખપાવે છે.

કર્મના કારણે આવેલું જડત્વ ઉતાર્યું છે.

મોહનીયાદિ કાર્મિક દ્રવ્યોના બંધનમાં જીવ જ્યાં સુધી છે,
ત્યાં સુધી તે જગતના બધા ભાવોની અસર નીચે છે.
આ બધા ભાવોની અસર એટલે
કર્મના અણુઓમાંથી જાગતાં નિરંતર સ્પંદનો.
પ્રત્યેક જીવની કાર્મિક પ્રકૃતિમાંથી જ
સમગ્ર સંસાર બન્યો છે અને સંસ્કૃત બન્યો છે.
'યોગઃ કર્મસુ કૌશલમ્ ।'
અર્થાત્ઃ જ્ઞાનપૂર્વક કર્મ કરવું, તે યોગ છે.
'યોગસ્થઃ કુરુ કર્માણિ ।' અર્થાત્ઃ યોગમાં રહેલો કર્મ કર.
ઇચ્છાપૂર્વક, જ્ઞાનપૂર્વક, શ્રદ્ધા ઉપરાંત સત્કારપૂર્વક
જે કર્મ કરાય, તે સર્વ શુભ અને ઉત્કૃષ્ટ ફલપ્રદ છે.
કર્મનો નિયમ જેટલો ગહન છે, એટલો જ સરળ છે.
એ બહારથી લાદવામાં આવ્યો નથી.
આપણે જ કરોળિયાની જેમ
એની જાળ વણીએ છીએ અને પછી ફસાઈએ છીએ.

Cosmic Order એટલે ધર્મમહાસત્તા.
તેની વ્યવસ્થા ચલાવવાનું કાર્ય તે કર્મમહાસત્તા.

કર્મસત્તા જીવોને સુધારવાનું કાર્ય કરે છે,
તેથી તે ધર્મસત્તાને આધીન છે. જીવોને સુખી કરવાનું
ધ્યેય ધર્મસત્તાનું છે અને એ ધ્યેયને પાર લાવવાને માટે
જ કર્મનો નિયમ આકારકપણે પોતાનું કાર્ય કર્યા કરે છે.

સઘળા જીવો કર્મસત્તાને આધીન છે.

કર્મનો નિયમ વ્યક્તિને નહીં, ધર્મના નિયમને આધીન છે.
કર્મમહાસત્તા પોતાના નિયમોના પાલકને સહાયક છે.
જે વ્યક્તિ Lawને અનુરૂપ વર્તે, તેને સર્વ સહાયક છે.
કર્મના બંધ - ઉદય - ઉદીરણા - સત્તા પાછળ Law છે.
સારી ય વિશ્વવ્યવસ્થા Law કે નિયમને આધીન છે.
Law is the unchanging fact of excistence. ધર્મ એ મહાસત્તા - Law છે, એટલે cosmos છે, નહીં તો chaos હોત! તે Law છે, એટલે જ ષડ્દ્રવ્યોનું balanced working છે.

અખિલ જગતનું એકાંત કલ્યાણ વિચારનારની
અંતિમ ભાવના તીર્થંકર નામકર્મ બંધાવે છે કે:
'વિકલ્પના કરનાર વિષયાદિ અને કર્મના કરનાર સર્વ
કષાયાદિ છોડાવીને સર્વ જીવોને શાશ્વત પદ પમાડું!'

કોણે કોણે તીર્થંકર નામકર્મનો બંધ કર્યો?
રાજા શ્રેણિક અને કૃષ્ણ તથા
સુલસા અને રેવતી શ્રાવિકાએ ગૃહસ્થપણામાં જિનનામ
કર્મ ઉપાર્જન કર્યું છે અને નિકાચિત પણ કર્યું છે.

આવતી ચોવીસીમાં શ્રી શ્રેણિક મહારાજા
શ્રી 'પદ્મનાભ' નામે પ્રથમ તીર્થંકર થશે,
શ્રી કૃષ્ણ 'અમમ' નામના ૧૨મા તીર્થંકર થશે;
રેવતી શ્રી 'નિર્મમ' નામના ૧૫મા તીર્થંકર થશે અને
સુલસા એ 'સમાધિ' નામના ૧૬મા તીર્થંકર થશે.
તેઓ સર્વે શાસનરસી - સંયમરસી - ત્યાગરસી હતાં.
ભાવ સમ્યક્ત્વના ધરણી, ૧૨ ભાવના વૈરાગ્યના ધરણી.
વિશિષ્ટ ભાવથી કર્મનિર્જરા, સામાન્ય ભાવથી પુણ્યબંધ.

વધુમાં વધુ ૭ દિવસ બાદ ૧ જીવ સમકીત પામે જ,
૧૨ થી ૧૪ દિવસે એક જીવ દેશવિરતિ પામે જ,
૧૫ દિવસે ૧ જીવ સર્વવિરતિ પામે જ અને
વધુમાં વધુ છ મહીને ૧ જીવ મોક્ષે જાય જ.

શીલાદિ નરકનિવારણ, સરળતાદિ તિર્યંચગતિનિવારણ,
સત્યાદિ માનવજન્મ તથા વિનયાદિ મોક્ષસુખની પ્રાપ્તિ.

આ સંસારે વાસ્તવમાં બધા કર્મની જ લેણા - દેણા છે.
'મેં બીજાનું ભલું કર્યું, તેણે મારું ભૂંડું કર્યું'
એવું વિચારવું સુદ્ધાં પણ પોતાનું અજ્ઞાન સૂચવે છે.
ઉપકાર કરનાર દરેક વ્યક્તિ માત્ર નિમિત્ત છે.
કોઈ કોઈનું ભાગ્ય બદલી ન શકે, કિન્તુ
આપણને ખબર નથી કે કોણ કોનું ઋણ ચૂકવે છે?
અથવા તો કોણ કોનાં પાપ ધુવે છે?

આત્મદર્શનમાં નિમગ્ન આત્મા કર્મબંધથી લેપાતો નથી.
કર્મમલથી અપવિત્ર થયેલ દેહાધ્યાસી આત્મા પણ પછી
શુભ કર્મથી નિર્મળ થઈ, શ્રેણિ આરોહી ભવપાર પામે છે.

આરાધનાનાં ધર્મગુણાનુપ્રેક્ષ અહો! જીવ માટે કર્મની
નિર્જરાર્થે સમતાસમાધિ એ જીવનનો સાર ગણાય.
પીડાનું સહન કરવું, તે કર્મની નિર્જરા માટે ધર્મ છે.
સમતાસમાધિ છેવટે તે જીવને મળે, તે તરી ગયાં ગણાય.
એવા આરાધના ભાવવાળો જીવ જ્યાં જાય, ત્યાં સદા
એવો જ રહે. વૈમાનિક દેવપણામાં સમકીતને શુદ્ધ કરે,
શાશ્વત ચૈત્યોની ભક્તિ-જિનકલ્યાણકોની ઉજવણી કરે,
કલ્યાણકાદિ તીર્થભૂમિઓની સ્પર્શના કરે, મુનિવરોની
શુદ્ધ સેવા કરે, નંદીશ્વર આદિ દ્વીપમાં રહીને ભાવથી
અષ્ટાહ્નિકા મહોત્સવો ઉજવે, શાસનના કાર્યોમાં આગેવાની
લઈને ખૂબ ભક્તિથી સમકીતની અધિક નિર્મળતા કરી
દેવજીવનને શોભાવે. ત્યાંથી ચવીને પછી આર્યક્ષેત્ર,
આર્યજાતિ અને આર્યકુળમાં માનવજન્મ પામે.
જન્મથી જ ધર્મના સંસ્કારી, ત્યાગી, વિનયી, પ્રસન્ન
ઉપરાંત ગંભીર બને, સંસારથી વિરક્ત ભાવ કેળવે,
સદ્ગુરુના સહવાસથી વૈરાગ્યના બળને વધારે,

સુવિહિત ગુરુ પાસે સંયમ ગ્રહે, વિનયપૂર્વક શુદ્ધ ભણે
પાળી સંયમશ્રેણીમાં આગળ વધે, ક્ષાયિકસમકીત પામે,
અપ્રમત્તભાવમાં આગળ વધી ક્ષપકશ્રેણીએ ચઢે,
શુક્લધ્યાનમાં આવે, અવેદી બને, અકષાયી વીતરાગ
બને, ક્ષીણમોહ થઈને સર્વ ઘાતી ખપાવે, ધ્યાનાંતર દશા
પામે, કેવળજ્ઞાની બને, જગતને ધર્મોપદેશ દઈને તારે,
છેવટે આવર્જીકરણ - આયોજીકાકરણ, કેવળી સમુદ્ઘાત,
યોગનિરોધ કરી અયોગી દશામાં સર્વસંવર ચારિત્ર પામી
ચારે અઘાતી કર્મનો સર્વથા, વિનાશ કરી,
અનંત શાશ્વત સુખ પામે. મૂળ કર્મને ખપાવવા માટે
આ કર્મ આત્મા ચઢી જાય, એવા ભાવના ભાવશો,
આપણે પોતે શાસ્ત્રાજ્ઞા પ્રમાણે
સંયમમાં સ્થિર બનતાં મોક્ષમાર્ગમાં આગળ વધશો.
આરાધનાને જ જીવનમંત્ર બનાવ
તેના જ સાધનામાં વીર્યોલ્લાસવાળા બની
મુક્તિપંથના સાચા પ્રચારક બનીશો, એજ અભિલાષા.

## તીર્થંકરની માતા જે ૧૪ મહાસ્વપ્નો જૂએ છે,
## તેમાં... નવમું સ્વપ્ન કળશ.



કમલાવલિથી પરિવેષ્ટિત અને
જળથી પૂર્ણ સ્વર્ણ કળશ
આ સ્વપ્નના ફળરૂપે એમ સૂચવે છે કેઃ

આ બાળક નવે નિધિના સ્વામી બનીને
વિશ્વના સર્વ જીવોને મહામંગલકારી બનશે.



: કરજ આપો અને હસીને આપો :

હજારો ગાયોમાં વાછરડો પોતાની માતા પાસે જ જાય,
તે રીતે કર્મ હંમેશા પોતાના કર્તાને અનુસરે છે.
પૂર્વકૃત કર્મ જે માંગે, તે હસતાં હસતાં આપીને છૂટા થાઓ.
ના ન પાડો, ના પાડવાથી તો ઋણ વધે છે.
કર્મના કરજમાંથી મુકત થવાનો પ્રયત્ન જ 'ધર્મ' છે.
કર્મથી છૂટવાનો ઉપાય જ્ઞાન-ક્રિયાનો સમુચ્ચય છે.

www.fiestadesigns.in